
# માનવસેવાના ભેખધારી

## શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ





# માનવસેવાના ભેખધારી

# શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

KADI SARVA VISHWAVIDYALAYA
CENTRAL LIBRARY
GANDHINAGAR, Sec-15
GANDHINAGAR

**સલાહકાર મંડળ**

શ્રી સુરેન્દ્ર પટેલ (સંસદ સભ્ય, રાજ્યસભા)

શ્રી અંબુભાઈ પટેલ (ચેરમેન, કાળુપુર બેંક)

શ્રી ભરત ગરીવાલા (અર્થશાસ્ત્રી)

**સંપાદક**

શ્રી જયંતિભાઈ નાયક

**શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ પરિવાર સ્મૃતિગ્રંથ સમિતિ**

૯મો માળ, બી. ડી. પટેલ હાઉસ, મધુસૂદન ઓઝા રોડ, નારણપુરા,


અમદાવાદ - ૩૮૦ ૦૧૪

**Manav Sevana Bhekhadhari:**
**Shri Baldevbhai Dosabhai Patel**
**'SMRUTI GRANTH'**
**A Collection of Memories on Baldevbhai Dosabhai Patel**

**પ્રકાશન :**
ફેબ્રુઆરી-૨૦૦૮

**પ્રકાશક :**
બળદેવભાઈ ડોસાભાઈ પટેલ પરિવાર સ્મૃતિગ્રંથ સમિતિ
૯મો માળ, બી. ડી. પટેલ હાઉસ, મધુસૂદન ઓઝા રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૪
ટે.નં. : +૯૧-૭૯-૨૭૬૮ ૨૬૭૧, ૨૭૬૮ ૨૬૭૨
ફેક્સ : +૯૧-૭૯-૩૦૦૨ ૦૨૨૭

**મુદ્રક :**
સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૨૫૪૬ ૯૧૦૧-૦૨



**શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ**

જન્મ : તા. ૦૮-૦૨-૧૯૧૭ (સાણંદ)  મોક્ષ : તા. ૧૨-૦૭-૧૯૯૭ (અમદાવાદ)

# પ્રસ્તાવના

## એમનું જીવન જ એમનો સંદેશ છે

ગુજરાતના સર્વોત્તમ મહાજન શ્રેષ્ઠીઓમાંના અગ્રણી શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ તેમના આઠ દાયકાના દીર્ઘ જીવનમાં નિઃસ્વાર્થ સેવાકાર્યોની પ્રેરણાદાયક સુવાસ મૂકતા ગયા છે. મહાજનની પરિભાષા શ્રેષ્ઠી શ્રી કસ્તુરભાઈ લાલભાઈ પછી કોઈએ સમજાવી હોય તો તે છે શ્રી બળદેવભાઈ, જેમનું જીવન જ એમનો સંદેશ છે.

જાહેર જીવનમાં મૂલ્યોનો અમૂલ્ય વારસો મૂકી જનારા આ સંસારી સંતે સામાજિક, આરોગ્ય તેમજ શિક્ષણ ક્ષેત્રે અનેક સંસ્થાઓનું નિર્માણ કરી ગુજરાતની હાલની તેમજ ભાવિ પેઢીઓ માટે પોતાના સમસ્ત જીવનની ભેખ ધરી દીધી હતી. તેમની સાથે ચાલવાનો લ્હાવો તથા આ સંસ્કારોનું પાન કરવાનો લાભ અમને ત્રણેને મળ્યો છે.

દાદાના હુલામણા નામે લોકપ્રિય એવા શ્રી બળદેવભાઈના જીવનના અનેક પ્રેરણાદાયક અનુપમ પ્રસંગોના સાક્ષી ગુજરાતના અનેક મહાનુભાવો છે. તે સૌના અનુભવનો લાભ ગુજરાત સમક્ષ મૂકવાનો આ નાનકડો પ્રયાસ છે, જે દ્વારા દાદાના જીવનના વિવિધ પાસાઓ વિશે વિસ્તૃત જાણકારી સંચિત થાય તથા ભાવિ પેઢીને પ્રેરણા આપે એ ઉમદા હેતુ સૌના હૃદયમાં છે.

સાચો વેપારી કોને કહેવાય, સહકારી સંસ્થાનું સંચાલન કેવું હોય, બેંકિંગ કેટલું સ્વચ્છ હોય, ગરીબો માટે શું કરી શકાય, આફતોમાં પીડિતોના આંસુ કેવી રીતે લૂછી શકાય, અબોલ પશુઓની કેવી રીતે કાળજી લેવાય, ધર્મમાં આસ્થા કેવી હોય, કૌટુંબિક પ્રેમ કેટલો પ્રસન્ન હોય, પારકાને પોતાના કેવી રીતે બનાવી શકાય, એવી અનેક પરંપરાઓને જીવી જનારા આ અજાતશત્રુ મહાપુરુષના આ સ્મૃતિગ્રંથમાં અમને સહયોગ કરવાનો લાભ મળ્યો એ યાદગાર ક્ષણ છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીઓ દાદાના બોલને ઊથાપતા નહીં તથા મહાજન શ્રેષ્ઠીઓ તેમના સાદે ધનની પોટલીઓ ખોલી નાખતા એ જ તેમના પારદર્શક અને નિઃસ્વાર્થ જીવનની પારાશીશી છે.

ગુજરાતના સૌ પ્રજાજનો આ વાંચે તથા પ્રેરણા લે એ જ દાદાની સ્મૃતિ સદૈવ તાજી રાખશે.

**તા. ૦૮-૦૨-૨૦૦૭**
**માગશર વદ છઠ, વિક્રમ સંવત ૨૦૬૩**
**અમદાવાદ**

**સુરેન્દ્ર પટેલ**
**અંબુભાઈ પટેલ**
**ભરત ગરીવાલા**

# શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
## પરિવારના બે શબ્દો

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું તા. ૧૨-૭-૧૯૯૭ના રોજ સ્ટાન્ડર્ડ કો-ઓપરેટિવ બેંકના ઉદ્‌ઘાટન સમારોહમાં સ્વામી સચ્ચિદાનંદજીના સાંનિધ્યમાં ઉદ્‌ઘાટક પ્રવચન પૂરું કરી પોતાની ખુરશીમાં સ્થાન લીધા બાદ જાણે સમાધી લીધી હોય એમ દેહાવસાન થયું. આ પ્રસંગ સમગ્ર પરિવાર માટે એક આઘાત આપી ગયો. અમને એ શોકમગ્ન દિવસો દરમિયાન દાદાના અનેક સ્નેહી, મિત્રો, શુભેચ્છકો, અનેક સંસ્થાઓ તરફથી હૂંફ અને આશ્વાસનના સંદેશાઓ મળ્યા. અસંખ્ય લોકો રૂબરૂ દાદા પ્રત્યેનો અને સમગ્ર પરિવાર પ્રત્યેનો પ્રેમ અને લાગણી વ્યક્ત કરવા ઉમટી પડ્યા હતા. સાણંદમાં સ્મશાનયાત્રામાં મોટી માનવમેદની ઉમટી પડી હૃદયપૂર્વકના શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં.

લોકોનો દાદા પ્રત્યે અભૂતપૂર્વ પ્રેમ અને લાગણી હતા તે અમે ઘટના દરમિયાન અનુભવ્યું. અમારો સમગ્ર પરિવાર આ માટે સમગ્ર જનતાનો હંમેશાં ઋણી રહેશે. દિવસો પસાર થતા ગયા અને એમની સેવાકીય પ્રવૃત્તિઓ અમે એમની ઈચ્છા મુજબ ચાલુ રાખી તે દરમિયાન અમને હરપળે એમની ખોટ લાગી છે. અમારા પરિવારના શુભેચ્છક મિત્રો, દાદાના સહકાર્યકરો જ્યારે જ્યારે પ્રસંગોપાત મળે ત્યારે દાદાના કાર્યની વાતો આદરપૂર્વક કરતા જોવા મળ્યા છે. એમાંથી એક વિચાર ઉદ્‌ભવ્યો કે દાદાનું જીવનચરિત્ર પુસ્તકરૂપે પ્રગટ કરવું જેથી ભવિષ્યની પેઢી તેમાંથી પ્રેરણા મેળવી શકે.

અમારા ઉપરોક્ત પૂર્વભૂમિકાના અનુસંધાનમાં પરિવારે દાદાની જીવનઝરમર પ્રગટ કરતું પુસ્તક પ્રગટ કરવાનું નક્કી કર્યું. જેનો મુખ્ય ઉદ્દેશ છે ઉજળું વ્યક્તિત્વ ધરાવતા દાદાના જીવનમાં જોવા મળતા ગુણો અને સત્કર્મોમાંથી યુવા પેઢીને પ્રેરણા મળે. દાયકાઓને અજવાળતો એમનો જીવનપંથ લોકસમુદાયની સામે પ્રગટ કરવાનો આ અમારો નમ્ર પ્રયાસ છે.

આ ભગીરથ કાર્યમાં અમે એમના સહકાર્યકરો, સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સહકારી આગેવાનો, વેપારી આલમના એમના સાથીદારો વગેરે સૌને દાદાના જીવનકાર્ય સાથે સહયોગી બન્યા હોય તે પ્રસંગો આવરી લેતો લેખ લખવા વિનંતી કરી. અમને જણાવતાં આનંદ થાય છે કે સૌએ ખૂબ સુંદર પ્રતિભાવ આપ્યા અને આ અગ્રણીઓની વાતો અમે આ પુસ્તકમાં આવરી લીધી છે. અમારો ઉદ્દેશ આ પુસ્તકને શક્ય એટલું લોક ભોગ્ય બનાવવાનો રહ્યો છે.

અમારે દાદા વિશે કશું કહેવાનું નથી, પરંતુ લોકોએ જ કહ્યું છે તે અમે પ્રગટ કર્યું છે. એમનું કાર્યક્ષેત્ર એટલું બધું વિશાળ અને વૈવિધ્યપૂર્ણ હતું કે એને સંપૂર્ણ ન્યાય આપી શકાય જ નહીં પરંતુ અમારો તે તરફનો

આ સંનિષ્ઠ પ્રયાસ છે. દાદાના પ્રવચન, લેખો, એમના વિષે અન્ય પુસ્તકોમાં લખેલા લખાણો, વિવિધ પ્રસંગના ફોટોગ્રાફનો પણ અહીં ઉપયોગ કર્યો છે. જેથી પુસ્તક વધુ વાસ્તવિક અને રુચિકર બને.

અમારા પરિવારના શુભેચ્છક મિત્રો સાંસદ માનનીય સુરેન્દ્રભાઈ પટેલ, કાલુપુર બેંકના ચેરમેન શ્રી અંબુભાઈ પટેલ અને અર્થશાસ્ત્રી ડૉ. ભરત ગરીવાલાએ ખૂબ જ રસ લઈ આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં સલાહસૂચન કરી દાદાના કાર્યોના વિશાળ ફલકને આવરી લેવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે, તેમના અમે ઋણી છીએ. એમના સંનિષ્ઠ પ્રયત્નો સિવાય આ શક્ય બન્યું ન હોત. વિશેષ ઉલ્લેખનીય કાર્ય ડૉ. ભરત ગરીવાલાએ આ તમામ લેખોનું એડીટિંગ કર્યું તેમજ ફોટોગ્રાફની પસંદગીનું કાર્ય પણ અંગત રસ લઈને કર્યું. સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ પંડ્યાએ ખૂબ જહેમત લઈ આ પુસ્તકની ડિઝાઈનથી માંડી અન્ય નાની-નાની વિગતોમાં ઊંડો રસ લઈ સુંદર પુસ્તક આપની સમક્ષ મૂક્યું છે. આ પુસ્તકને સુંદર લોકભોગ્ય બનાવવામાં અમને ડૉ. મંગુભાઈ પટેલ જેઓ જાણીતા પાટીદાર આગેવાન, ઇતિહાસવિધ અને લેખક છે તેમનો સહકાર મળ્યો છે. આ ઉપરાંત આ કાર્યમાં શ્રી જગદીશભાઈ મુલાણી, જોરાવરસિંહ જાદવ અને અનિતાબેન જતકર જેમણે પણ કેટલાક મહાનુભાવોનો ઈન્ટરવ્યૂ લઈ પુસ્તક માટે ઉપયોગી સામગ્રી પૂરી પાડી છે.

આ પુસ્તકનું સંપાદન કાર્ય સ્ટેટ બેંકના નિવૃત્ત અધિકારી શ્રી જયંતિભાઈ નાયકે ખૂબ સુંદર રીતે નિભાવ્યું તથા તેમાં પ્રસંગોપાત સ્વ. શ્રી વિરેન્દ્ર પંડિત તેમજ શ્રી બંકિમ મહેતા મદદરૂપ બન્યા છે અને કુ. નીશા કદમ સુંદર રીતે ટાઈપિંગ કામ કરી અમને મદદરૂપ થયા છે. તે સૌનું ઋણ સ્વીકાર કરીએ છીએ.

આ સ્મૃતિગ્રંથ માટે લેખો દ્વારા, ફોટા આપીને કે પોતાની લાગણી દર્શાવનારા તમામ મહાનુભાવોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આશા રાખીએ કે આ પુસ્તક ભવિષ્યની પેઢીને પ્રેરણા આપવામાં સફળ થાય.

**તા. ૦૮-૦૨-૨૦૦૭**
**માગશર વદ છઠ્ઠ, વિક્રમ સંવત ૨૦૬૩**
**અમદાવાદ**

**બચુભાઈ પટેલ**
**બકાભાઈ પટેલ**
**તથા**
**બળદેવભાઈ ડોસાભાઈ પરિવાર**

# સ્મૃતિગ્રંથ પ્રસંગે
# મહાનુભાવોના સંદેશાઓ



## સંદેશ

એક સાધારણ કુટુંબમાં જન્મેલી વ્યક્તિ પણ સખત પરિશ્રમ, સાચી લગન અને સાચી નિષ્ઠાથી કાર્યરત રહીને અસાધારણ પ્રતિભા હાંસલ કરી શકે છે અને સમાજમાં તેનાં સદ્કાર્યોની સુવાસ સદૈવ પ્રસરાવી જાય છે.

**સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ** પણ આવું જ એક વિરલ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓએ પણ સમસ્યાઓ સામે સંઘર્ષ કરીને શૂન્યમાંથી સર્જન કર્યું છે અને વ્યાપારી ક્ષેત્ર ઉપરાંત અનેક સામાજિક તથા સેવાકીય ક્ષેત્રોમાં તેઓએ યશસ્વી યોગદાન આપ્યું છે.

આવા આજીવન કર્મયોગીની જીવનઝરમરને પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવી રહી છે તેથી હર્ષ અનુભવું છું. આ પુસ્તક ભાવિ પેઢી માટે પ્રેરણારૂપ બનશે તેવી અભ્યર્થના સાથે પુસ્તકના પ્રકાશન પ્રસંગે શુભ કામનાઓ પાઠવું છું.

સૌનો

(નરેન્દ્ર મોદી)

**નરેન્દ્ર મોદી**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



# પ્રેરણાદાયક જીવન

શ્રી બળદેવભાઈનું જીવન સમાજ માટે સમર્પિત હતું. વ્યવસાયની સાથે સાથે સેવા કરવાની એમની ધગશ જુદીજુદી સંસ્થાઓ રૂપે વિસ્તરી હતી. વ્યાપાર ક્ષેત્રે, સહકારી ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, ધર્મ ક્ષેત્રે, જીવદયા તેમજ કુદરતી આપત્તિઓના પ્રસંગોમાં તેમણે આપેલી સેવાઓ અવિસ્મરણીય છે. સંઘર્ષમય જીવનમાંથી ઉપર આવીને તેમણે નવી પેઢી માટે એક પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાતમાં વેપારીઓ માટે પણ તેમનું ઉમદા નેતૃત્વ છત્રરૂપ હતું.

સેવાથી સદા સુવાસિત શ્રી બળદેવભાઈના પ્રેરણાદાયક જીવન પર આપ સૌ ગ્રંથ તૈયાર કરી રહ્યા છો તે જાણી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અત્યંત પ્રસન્ન થયા છે. શ્રી બળદેવભાઈએ અનેક વખત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સત્સંગનો લાભ લઈને વિવિધ સેવાપ્રવૃત્તિઓ માટે આશીર્વાદ અને માર્ગદર્શન પ્રાપ્ત કર્યા હતા. તેમની સેવામય વૃત્તિને પરમ પૂજ્ય સ્વામીશ્રી હંમેશાં બિરદાવતા રહ્યા છે.

શ્રી બળદેવભાઈના જીવન પરનો ગ્રંથ સુંદરતાથી સંપન્ન થાય તે માટે તેઓશ્રીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં પ્રાર્થના કરીને અંતઃકરણપૂર્વક આશીર્વાદ પાઠવ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજ
સ્વામીનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

(સાધુ અક્ષરવત્સલદાસ તરફથી પ્રમુખસ્વામી મહારાજશ્રીનો મળેલ સંદેશ)



# સામાજિક અગ્રણી

ઉદ્યમેન સિધ્યન્તિ કાર્યાણિ ન મનોરથૈ: આ ઉક્તિને જેમણે ચરિતાર્થ કરી સ્વબળે આગળ વધીને, સમાજના વિવિધ ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપનારા વિરલ પુરુષોમાં જેમનું નામ અગ્રપંક્તિમાં ગણી શકાય તેવા સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના જીવન અને કાર્યથી સહુ કોઈ પરિચિત છે.

તેઓએ આપકર્મી બનીને પોતાની આગવી ઓળખાણ ઊભી કરી હતી. રાજનગરના વ્યાપારી જગતમાં જેમનું નામ અને કામ બંનેથી લોકો તેમને આજેય યાદ કરી રહ્યા છે એ તેઓના જીવનની સાફલ્યતાનું સંભારણું છે.


તેઓ જૈન ધર્મના ઉપાસક હતા. સાથે સાથે અન્ય ધર્મો પ્રત્યે સદ્ભાવના ધરાવતા હતા. માનવસેવા અને સમાજ-કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓમાં તેમને ઊંડી આસ્થા હતી. દુષ્કાળ જેવા કુદરતી સંકટોમાં તેમનું યોગદાન હંમેશાં રહ્યું હતું. તેમના જીવનમાંથી આજના યુવાનો પ્રેરણા લઈ શકે તેવું સામર્થ્ય હતું. ઘણાં સંઘર્ષોને ઝીલીને પોતે શૂન્યમાંથી સર્જન કરી શક્યા હતા તે એમની કાર્યકુશળતાને જણાવે છે. શિક્ષણક્ષેત્રે તેમની પ્રવૃત્તિ બીજાઓને માર્ગદર્શક બની રહે તેવી ઉમદા હતી.

અમારી સાથે પણ તેમને ઘણા પ્રસંગોએ અવારનવાર મળવાનું થતું હતું. તેથી તેમના ઉદાત્ત સ્વભાવનો અમને પણ પરિચય છે. સૌજન્યશીલ વ્યવહાર અને શાંત પ્રકૃતિના કારણે તેઓ જીવનના ઉચ્ચ સોપાનો સર કરી ગયા હતા. ધર્મભાવના પણ તેમની બીજાઓને પ્રભાવિત કરે તેવી ઉમદા પ્રકારની હતી. સફળ વ્યાપારી તરીકેની જેવી તેમની છાપ હતી તેવી રીતે જીવદયાના સત્કાર્યોમાં પણ તેઓનું આગવું કાર્યક્ષેત્ર હતું.

શ્રી બળદેવભાઈની સ્મૃતિમાં તેમના જીવનને આલેખતા પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે તે જાણી આનંદ અનુભવું છું. તેમની જીવનપોથી સમા આ પુસ્તકના માધ્યમથી વાચકોને વ્યક્તિત્વ વિકાસની કળા શીખવા મળશે અને એક પ્રતિભાશાળી વ્યક્તિના પરિજનો પણ સત્કાર્યો કરવાની પ્રેરણા લેશે તેવી શુભ કામના કરું છું.

આચાર્ય પદ્મસાગરસૂરિશ્વરજી,
કોબાતીર્થ-ગાંધીનગર

| વર્ષ | વિગત |
|---|---|
| ૧૯૭૩ | ગુજરાત અનાજ વેપારી સંઘના પ્રમુખ તરીકે. |
| ૧૯૭૫ | અખિલ ભારતીય શાસ્ત્રો ઉદ્ધાર સમિતિ, અમદાવાદના પ્રમુખ બન્યા. |
| ૧૯૭૬ | ન્યુ ગ્રેઈન માર્કેટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ<br>ટ્રસ્ટી : બળદેવભાઈ ડોસાભાઈ પટેલ<br>૧૦-૦૯-૧૯૭૬ - સાર્વજનિક ધર્માદા હેતુ - જેમાં ગરીબોને રાહત, કેળવણી, વૈદકીય રાહત - જાહેર ધર્માદા હેતુ. |
| ૧૯૭૭ | આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ - શાસ્ત્ર પ્રવૃત્તિ સંશોધન કાર્ય કરતી સંસ્થાના પ્રમુખ બન્યા. |
| ૧૯૭૮ | ગુજરાત કેન્સર સોસાયટીના કોષાધ્યક્ષ બન્યા. |
| ૧૯૭૯ | સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, કડવા પાટીદાર વાડીની સ્થાપના. |
| ૧૯૮૧ | ગુજરાત વેપારી મહામંડળના ઉપપ્રમુખ. |
| ૧૯૮૧ | નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટની સ્થાપના. |
| ૧૯૮૨ | ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખપદે વરણી - એશિયાના મિડલ ઈસ્ટ દેશોના અભ્યાસ પ્રવાસે પ્રતિનિધિમંડળની આગેવાની - ચેમ્બર્સ દ્વારા આ પ્રથમ ડેલિગેશન વિદેશ ગયું. |
| ૧૯૮૩ | નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટના ચેરમેન બન્યા અને આજીવન ચેરમેન પદ શોભાવ્યું. |
| ૧૯૮૩-૮૪ | સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના - આજીવન પ્રમુખ<br>ભગીની સમાજમાં જડીબહેન કન્યા શાળાની સ્થાપના. |
| ૧૯૮૫ | અર્બન સિટી કો-ઓપ. બેંક ઍસોસિયેશનના ઉપપ્રમુખ બન્યા અને આજીવન પદ શોભાવ્યું. |
| ૧૯૮૬ થી ૮૮ | ગુજરાત ત્રણ વર્ષના સળંગ દુષ્કાળ સમયે સંકટ નિવારણ સોસાયટીના ઉપક્રમે દુષ્કાળગ્રસ્તોની મદદમાં નોંધપાત્ર યોગદાન.<br>- ડોંગરેજી મહારાજની કથા યોજી ફંડ ઉઘરાવ્યું.<br>- ઢોરવાડા અનેક ગામોમાં શરૂ કરી લાખો મૂંગા પશુઓને બચાવી લીધા. |
| ૧૯૮૭ | મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદના પ્રમુખ બન્યા. |
| ૧૯૮૮ | કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકને દેશની પ્રથમ શિડ્યુલ અર્બન બેંક તરીકે રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાએ માન્યતા આપી. |
| ૧૯૮૮ | ગુજરાતી વિશ્વકોષ, અમદાવાદ ટ્રસ્ટી તરીકે નિમણૂંક |
| ૧૯૮૯-૯૦ | સાબરકાંઠા આરોગ્ય મંડળ સંચાલિત જનરલ હૉસ્પિટલ વાત્રકના ચેરમેન બન્યા. |
| ૧૯૯૧ | ધર્મપત્ની શ્રીમતી રૂક્ષ્મણીબેનનું અવસાન - અમદાવાદ, તા. ૩૦-૧૦-૧૯૯૧ |
| ૧૯૯૪ | કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકની રજતજયંતી ઉજવણી. |
| ૧૯૯૪ | સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડીના ચેરમેન બન્યા. |
| ૧૯૯૭ | મોક્ષ - અમદાવાદ તા. ૧૨-૦૭-૧૯૯૭, અંતિમ સમાધિ - સાણંદ |
| ૧૯૯૯ | પ્રતિમા અનાવરણ વિધિ - સાણંદ, શ્રી લાલકૃષ્ણ અડવાણીજીના હસ્તે (૨૭-૦૬-૧૯૯૯) |



ભારતનાં વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી સાથે હળવી પળોમાં શ્રી બળદેવભાઈ



રિઝર્વ બૅંકના પૂર્વ ગવર્નર અને હાલના ભારતના વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહનું સ્વાગત કરતા શ્રી બળદેવભાઈ



ભારતના તે સમયના નાણામંત્રી અને પૂર્વ પ્રધાનમંત્રી શ્રી વી.પી. સિંહને કાલુપુર બૅંકની ચાંદીની પ્રતિકૃતિ અર્પણ કરતા શ્રી બળદેવભાઈ



પૂ. રવિશંકર મહારાજ સાથે બનાસકાંઠાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારના પ્રવાસે ગયેલ - તા. ૦૨-૧૨-૧૯૬૯.



▲ રિઝર્વ બૅંકના ગવર્નર અને ભારતના પૂર્વ નાણામંત્રી ડૉ. આઈ. જી. પટેલ સાથે શ્રી બળદેવભાઈ, શ્રી હિરાલાલ ભગવતી અને શ્રી અંબુભાઈ પટેલ

▼ ભારતના ખ્યાતનામ સૉલિસિટર શ્રી નાની પાલખીવાળાનું અભિવાદન કરતા શ્રી બળદેવભાઈ



# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | લેખક | પાના નં. |
|---|---|---|---|
| • | પ્રસ્તાવના | સુરેન્દ્ર પટેલ, અંબુભાઈ પટેલ, ભરત ગરીવાલા | v |
| • | પરિવારના બે શબ્દો | બચુભાઈ, બકાભાઈ તથા પરિવાર | vi |
| • | સ્મૃતિગ્રંથ પ્રસંગે મહાનુભાવોના સંદેશાઓ | | |
| | ૧. આજીવન કર્મયોગી | નરેન્દ્ર મોદી, મુખ્ય મંત્રીશ્રી (ગુ.રા.) | ix |
| | ૨. પ્રેરણાદાયક જીવન | પૂજ્ય પ્રમુખ સ્વામીજી | x |
| | ૩. સામાજિક અગ્રણી | પૂજ્ય આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી | xi |
| | ૪. એક વિરલ સંત | પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજી | xii |
| | ૫. પ્રકાશસ્તંભ | પૂજ્ય સ્વામી સત્યમિત્રાનંદગીરીજી | xiv |
| • | બળદેવભાઈની જીવન સફર - મહત્ત્વનાં પ્રસંગોની તવારીખ | | xv |


## • મહાનુભાવોના લેખ સંપુટ

### વિભાગ-૧ : કૌટુંબિક અને ધાર્મિક


| | | | |
|---|---|---|---|
| • | બળદેવભાઈ પટેલ પરિવારની વંશાવલિ | | ૩ |
| ૧. | શૈશવની સ્મૃતિના દાદાજી | પરેશ બચુભાઈ પટેલ | ૧૩ |
| ૨. | બળદેવભાઈ એટલે લોકકલ્યાણની ગંગોત્રી | અંબુભાઈ એમ. પટેલ | ૧૭ |
| ૩. | જાહેરજીવનમાં પ્રેરણાદાયક વ્યક્તિત્વ | સુરેન્દ્ર પટેલ | ૨૨ |
| ૪. | જીવન સૌરભ (દાદાનું જીવનચિત્ર) | જયંતિભાઈ નાયક | ૨૪ |
| ૫. | ચાર દીકરીઓના પિતા બળદેવભાઈ | અરૂણાબહેન | ૩૫ |
| ૬. | કુટુંબના વ્હાલા-બાપુજી વડલાની છાયા સમા બાપુજી | ભાનુબહેન પટેલ | ૩૬ |
| ૭. | પારકી દીકરીને પોતાની દીકરી બનાવીને રાખવી એવી સમજણ વર્ષો પહેલાં પણ બાપુજીમાં હતી | રમીલાબહેન પટેલ | ૩૮ |
| ૮. | કરેલું ક્યાંય જતું નથી, મફત કશું મળતું નથી, સંતાનોના મિત્ર થઈને રહેવું જોઈએ | ઉર્વશીબહેન પટેલ | ૪૦ |
| ૯. | પટેલ કુટુંબને ધન્ય બનાવ્યું | પૂ. કમળાબાઈ મહાસતીજી | ૪૩ |
| ૧૦. | આદર્શ-પ્રેરણાત્મક જીવન-કવન | વસુબાઈ મહાસતીજી | ૪૪ |
| ૧૧. | એક વિલક્ષણ પુરુષ | ઉ.પ્ર.વિનયમુનિ મહારાજ સાહેબ "વાગીશ" | ૪૫ |
| ૧૨. | ૨૦મી સદીના મહાજન શ્રેષ્ઠી | અશોક ભટ્ટ | ૪૬ |
| ૧૩. | આદર્શ દર્દી | ડૉ. સૂર્યપ્રસાદ મહેતા | ૪૭ |
| ૧૪. | જૈન ધર્મના ઉપાસક | નવનીતભાઈ પટેલ (પાર્શ્વનાથ કોર્પોરેશન) | ૪૮ |

| ક્રમ | વિગત | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧૫. | મૂઠી ઊંચેરા માનવી | જયંતીભાઈ સંઘવી | ૫૦ |
| ૧૬. | સૂર્યદેવતા રજા પાડે છે ? | વિરેન્દ્ર પંડિત | ૫૩ |
| ૧૭. | નિષ્કામ કર્મયોગી | સૂર્યદેવી જોષી | ૫૪ |
| ૧૮. | સામાજિક અને માનવતાલક્ષી કાર્યોના ઉપાસક | પ્રિ. વાડીભાઈ પટેલ | ૫૫ |
| ૧૯. | ગુજરાતના શ્રેષ્ઠી | કે. વી. પટેલ | ૫૭ |
| **વિભાગ-૨ : મહાજન સેવા** | | | |
| ૧. | જીવનશિલ્પીની કરુણા : પૂ. પ્રમુખસ્વામીના આશીર્વાદથી અબોલ પ્રાણીની સેવા | બળદેવભાઈ ડોસાભાઈ પટેલ બ્રહ્મઉપનિષદ - અક્ષરધામ, ગાંધીનગરમાં પ્રગટ થયેલો દાદાનો લેખ | ૬૩ |
| ૨. | ઘસાઈને ઉજળા થવાની પરંપરાને આત્મસાત કરનાર લોકસેવક | અરવિંદ લાલભાઈ | ૬૫ |
| ૩. | તેમનું સમાજને સમર્પિત જીવન મારા માટે એક આદર્શ દૃષ્ટાંતરૂપ બની ગયું છે. | શ્રેણિક કસ્તુરભાઈ | ૬૭ |
| ૪. | ઘસાઈને ઉજળા થાઓ | પ્રકાશ ભગવતી | ૬૯ |
| ૫. | "મારું જીવન અંજલિ થાજો" | પ્રશાંત કિનારીવાલા | ૭૦ |
| ૬. | નોખી માટીનો માનવી ! | ડૉ. ભરત ગરીવાલા | ૭૪ |
| ૭. | વાત્સલ્યમૂર્તિ બળદેવકાકા | ડૉ. પંકજ એમ. શાહ | ૭૭ |
| ૮. | સંકટ નિવારણના સાથી | રમણભાઈ પટેલ | ૭૮ |
| ૯. | એક સંનિષ્ઠ સામાજિક કાર્યકર | હરિન ચોકસી | ૮૨ |
| **વિભાગ-૩ : શિક્ષણક્ષેત્રે યોગદાન** | | | |
| ૧. | લોકસંગ્રહાર્થે કેળવણીના રાહબર | માણેકલાલ મા. પટેલ | ૮૭ |
| ૨. | સાત્વિક વ્યક્તિત્વ | ડૉ. સોમાભાઈ સી. પટેલ | ૯૦ |
| ૩. | મૂઠી ઊંચેરા માનવી | પ્રભુભાઈ પી. પટેલ | ૯૩ |
| ૪. | માનવતાવાદી મહાજન | જનુભાઈ રાવલ | ૯૫ |
| **વિભાગ-૪ : સહકારી બેંકિંગ** | | | |
| ૧. | કાલુપુર બેંકની રજત જયંતી પ્રસંગે શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલે આપેલ પ્રવચન | | ૧૦૩ |
| ૨. | જાહેર જીવનના અગ્રણી | જયરામભાઈ પટેલ | ૧૦૬ |
| ૩. | કુશળ વહીવટકર્તા | પટેલ જયંતીલાલ બેચરદાસ | ૧૦૭ |
| ૪. | મારાં સંસ્મરણો | રમણભાઈ આર. પટેલ | ૧૦૯ |
| ૫. | આદરણીય પૂ. શ્રી બળદેવભાઈ | અશ્વિનભાઈ એમ. પ્રજાપતિ | ૧૧૦ |

| ક્રમ | વિગત | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૬. | એક અનોખા જીવ | વસંતભાઈ એસ. શાહ | ૧૧૧ |
| ૭. | દાદા - વિરલ વિભૂતી | અરવિંદ જી. સુહાગીયા | ૧૧૨ |
| ૮. | શ્રી બળદેવભાઈના સ્મરણો | આર. એસ. પટેલ | ૧૧૩ |


## વિભાગ-૫ : વેપારક્ષેત્ર


| ક્રમ | વિગત | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | મહાજન પરંપરાના વિરલ પ્રતિનિધિ | સનત મહેતા | ૧૧૯ |
| ૨. | સહકારી ભાવના અને માનવસેવાના ભેખધારી | નીતિન પટેલ | ૧૨૨ |
| ૩. | સમાજનો 'ભાવતો માણસ' | શંકરલાલ ગુરુ | ૧૨૫ |
| ૪. | સંસારી સાધુ | રજનીકાંત રસિકલાલ નગરી | ૧૨૭ |
| ૫. | પારદર્શક વહીવટનો પર્યાય | બાબુભાઈ મણિલાલ મોદી | ૧૩૦ |
| ૬. | સારા પાડોશી | ઠાકોરભાઈ અમીન | ૧૩૨ |
| ૭. | સ્વ. શ્રી બળદેવભાઈના સદ્કાર્યોની સુગંધ | ઈશ્વરલાલ કણીઆ | ૧૩૪ |
| ૮. | હું ને બળદેવભાઈ | અરવિંદભાઈ જીવણલાલ સાહેબા | ૧૩૬ |
| ૯. | મને સેવાનો સ્વાદ ચખાડ્યો | પિયુષભાઈ દેસાઈ | ૧૩૮ |
| ૧૦. | શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલની નાણાવટી સમિતિ સમક્ષ રજૂઆત | ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સપ્ટેમ્બર, ૧૯૮૨ના બુલેટિનમાં પ્રકાશિત થયેલ લેખ | ૧૪૦ |


## વિભાગ-૬ : સન્માનપત્રો અને સંસ્થાઓની માહિતી


- વિવિધ સંસ્થાઓએ દાદાને અર્પણ કરેલા સન્માનપત્રો અને એવોર્ડ ૧૪૪
- બળદેવભાઈ ડોસાભાઈ પટેલે સ્થાપેલ તેમજ અન્ય સંસ્થાઓની માહિતી ૧૫૯


## વિભાગ-૭ : શ્રદ્ધાંજલિ


| ક્રમ | વિગત | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | સ્વ. બળદેવભાઈ પટેલના અવસાન નિમિત્તે આવેલા શોક-સંદેશાઓ | | ૧૭૩ |
| ૨. | સ્વ. રૂક્ષ્મણીબેન બળદેવભાઈ પટેલને આપેલ શ્રદ્ધાંજલિ | સ્થા. જૈન સંઘ, નારણપુરા | ૧૭૮ |
| ૩. | સંદેશ દૈનિકમાં બળદેવભાઈ ડોસાભાઈ પટેલના અવસાન અંગે પ્રસિદ્ધ થયેલા સમાચાર | | ૧૭૯ |
| ૪. | સ્વ. બળદેવભાઈ પટેલની પ્રતિમા અનાવરણ કાર્યક્રમમાં અગ્રણીઓએ કરેલ પ્રવચનોના અંશ | | ૧૮૦ |

# વિભાગ-૧

# કૌટુંબિક અને ધાર્મિક


રૂક્ષ્મણીબહેન


બળદેવભાઈ



રમીલાબહેન


બચુભાઈ


ઉર્વશીબહેન


બકાભાઈ


અરૂણાબહેન


મહેન્દ્રભાઈ


ભાનુબહેન


સુરેન્દ્રભાઈ


છાયા


રાકેશભાઈ


શર્મિલી


પરેશભાઈ


રન્નાબહેન


અનય



ધૃતિ


સાહિલ


સનેમી


હરિશ્રી


હર્ષ


ડોસાભાઈ ગોપાલદાસ
મહાસુખભાઈ
બળદેવભાઈ
રૂક્ષ્મણીબહેન (પત્ની)
ચીમનભાઈ
માલીબહેન
બચુભાઈ
રમીલાબહેન (પત્ની)
બકાભાઈ
ઉર્વશીબહેન (પત્ની)
અરૂણાબહેન
મહેન્દ્રભાઈ (પતિ)
ભાનુબહેન
સુરેન્દ્રભાઈ (પતિ)
રાકેશભાઈ
છાયા (પત્ની)
પરેશભાઈ
શર્મિલી (પત્ની)
રન્નાબહેન
અકુબહેન
મનનભાઈ બ્રોકર
(પતિ)
અનય
ધૃતિ
રાહિલ (પતિ)
હરિશ્રી
હર્ષ
સાહિલ
સનેમી




બળદેવભાઈના માતૃશ્રી પ. પૂ. શ્રીમતી જડીબહેન ડોસાભાઈ પટેલ




બળદેવભાઈના પિતાશ્રી પ. પૂ. શ્રી ડોસાભાઈ ગોપાલદાસ પટેલ



રૂક્ષ્મણીબહેન બળદેવભાઈ પટેલ (બળદેવભાઈના ધર્મપત્ની)



શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ




શ્રીમતી રૂક્ષ્મણિબહેન બળદેવભાઈ પટેલ પૌત્રીઓ દિવ્યબાળા, રન્નાબહેન અને ધૃતિબહેન સાથે



ઉપાધ્યાય ગુરુ ભગવંત પૂ. કમલમુનીમ સા. બા.બ્ર. પૂ. ગૌતમમુનીમ સા.ના સાંનિધ્યમાં દાદા, સાથે છે શ્રી અશોક ભટ્ટ (આરોગ્યમંત્રીશ્રી) તથા શ્રી બચુભાઈ બળદેવભાઈ

પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજના સાંનિધ્યમાં આરતી ઉતારતો બળદેવભાઈ ડોસાભાઈ પટેલનો પુત્ર-પરિવાર





▲ માતાજીને વંદન કરતા દાદા

▼ રૂક્ષ્મણિબાનું અભિવાદન






શ્રી બળદેવભાઈએ આયોજિત કરેલ મહોત્સવમાં પૂજ્ય કનકેશ્વરી દેવી તથા જગન્નાથ મંદિરના મહંત શ્રી રામહર્ષદાસજી

# ૧ શૈશવની સ્મૃતિના દાદાજી

– પરેશ બચુભાઈ પટેલ

હું ત્રણેક વર્ષનો હોઈશ ત્યારથી સતત દાદા સાથે રહેવાનું મને મળ્યું હતું. 'દાદા' શબ્દ બોલીએ એટલે આજે પણ મને એટલો જ રોમાંચ થાય છે. તો હું વિચારું છું કે હું નાનો હોઈશ અને દાદા મને વહાલ કરતા હશે ત્યારે મને કેવો રોમાંચ થતો હશે ! મને યાદ છે દાદા રોજ મને વાર્તા કહેતા. તે સોફા પર બેસતા અને એમની સામે મને બેસાડીને વાર્તા કહેતા. અરે ઘણી વાર તો મને ગમતી વાર્તા કંઈ કેટલીય વાર કંટાળ્યા વગર કહેતા. આજે એ બધું યાદ આવે છે ત્યારે થાય છે કે, હું ખરેખર ખૂબ જ ભાગ્યશાળી હતો કે મને 'બળદેવભાઈ' દાદા જ મળ્યા હતા બીજા કોઈ નહીં !

પાંચ વર્ષનો થયો એટલે શાળાએ જવા લાગ્યો. મારા મોટાભાઈ મારાથી બે વર્ષ મોટા હતા. અમે બંને સાથે સ્કૂલમાં જતા. શાળાના એ દિવસોમાં દાદા અમને બંને ભાઈઓને નગરશેઠના વંડામાં આવેલ અપાસરામાં લઈ જતા હતા. એ વખતે દાદા અમને રોજ સવારે 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' ભજન ગવડાવતા હતા. એક દિવસ દાદા અમને અપાસરામાં લઈ ગયા, ત્યાં અમે બંને ભાઈઓ પાસેથી 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' ભજન ગવડાવ્યું. બધાના આશ્ચર્ય વચ્ચે અમે ભજન એટલું સારી રીતે ગાયું હતું કે અમને ઇનામ પણ મળ્યું હતું. આજે આ વાત એટલા માટે તાજી થાય છે કે મારા બાળપણમાં દાદાએ આપેલા આ ભજનના સંસ્કાર મેં મારા જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કર્યો છે. મૈત્રીભાવનું ભજનના સાચા ભાવ સાથે દાદાને સાથે રાખીને હું મારું દરેક કાર્ય કરી રહ્યો છું.

મારા શૈશવમાં મારી કાલીઘેલી ભાષામાં મેં મારા દાદાને લાડ કર્યા હશે એની સામે દાદાએ મને અઢળક પ્રેમ આપ્યો હતો. એમના પ્રેમ, લાગણી અને હૂંફની મૂડી આજે મારી પાસે અકબંધ છે. મારું બાળપણ તો દાદાની વાતો, વાર્તા, ભજન, સત્સંગથી સમૃદ્ધ હતું. જાણે લીલીછમ વનરાઈ સમા દાદાજીના ખોળે હું ઉછર્યો છું. એ લીલીછમ ભીનાશ હૃદયના ખૂણામાં ધરબાયેલી છે, જેમાં આજે હું મારી દીકરીને ભીંજવવાનો પ્રયત્ન કરું છું.

### દાદાના સ્મૃતિગ્રંથનું વિચારબીજ

હું નાનો હતો ત્યારે દાદા મને રોજ વાર્તા કહેતા, સાથે સામયિક કરાવતા, ભજન ગવડાવતા અને મને એ રીતે એમની સાથે જ રાખતા હતા. જેમ જેમ હું મોટો થતો ગયો તેમ મારી પ્રવૃત્તિઓ બદલાઈ પણ દાદા તો એવા જ રહ્યા. સતત પ્રેમથી ભરપૂર, આનંદથી છલકાતા. મને પણ એમણે છલોછલ કર્યો એમના પ્રેમથી. એ હતા ત્યાં સુધી તો સતત એમનું સાંનિધ્ય લાધ્યું હતું. હું મુંબઈ રહેવા ગયો છતાં ફોન પર વાત થાય. જરૂર પડે રૂબરૂ આવી જવું, આમ એમનો સંગાથ છેવટ સુધી રહ્યો.

એમના ગયા પછી મારા જીવનમાં ન પૂરાય એવી ખોટ પડી જે આજે પણ સાલે છે. દાદાના અવસાન બાદ મારી દીકરીના જન્મ પછી મારા જીવનમાં વળાંક આવ્યો. એ સુખદ હતો. મારી દીકરી સમજણી થઈ ત્યારથી મેં એને પરીકથા કે બીજી વાર્તા કહેવાને બદલે મારા દાદાજી સાથેના સ્મરણો વાર્તાસ્વરૂપે કહેવાના શરૂ કર્યા. દાદાજીની વાર્તામાં મારી દીકરીને એટલો રસ પડવા માંડ્યો કે રોજ એ મને સામેથી પૂછતી કે પપ્પા આજે દાદાની કઈ વાર્તા કહશો ? મેં તો એને અત્યાર સુધી દાદાજીની કંઈ કેટલીય વાતો કહી છે. પરંતુ મને એવી લાલચ થઈ કે મારા દાદા ભલે મારા જ હતા પણ એમની વાતો એવી હતી કે એ બધાને ગમે. એમાંથી બાળકો, કિશોરો, યુવાનો, મોટેરાઓ બધાને મનગમતું ભાથુ મળી રહે અને બસ એજ ક્ષણે મને દાદાના સ્મૃતિગ્રંથના પ્રકાશનનો વિચાર આવ્યો. આ વિચારબીજના અંકુરણ માટે પછી મારા આખાય પરિવારે દાદાના સ્વજનો અને પરિચિતોએ ખૂબ જ સાથ-સહકાર આપ્યો. એના કારણે જ આજે આ વિચાર અમલી બનીને પુસ્તકના રૂપમાં આકાર પામ્યો છે એનો મને ખૂબ જ આનંદ છે. બીજો આનંદ એ વાતનો છે કે આ પુસ્તક પ્રગટ થશે એટલે દાદાની જીવનની સુગંધનો દરિયો સમાજમાં પ્રસરશે અને સમાજ ફરી પાછો સદ્‌ગુણોથી મઘમઘતો થઈ જશે.

**જીવદયાના સંસ્કાર**

હું નાનો હતો ત્યારે મને કબૂતર પાળવાનો શોખ થયો હતો. હું કબૂતર ઘરે લઈને આવ્યો. પછી દાદાને ખબર પડી. એણમે મને કહ્યું, મૂંગા પશુ-પંખીઓને પીંજરામાં ન પૂરાય. કબૂતરને તું છોડી દે. પછી તો મેં કબૂતરને છોડી દીધું. પણ એ પછી કોઈ પક્ષીને વાગ્યું હોય, પડી ગયું હોય તો એને ઊંચકીને મારા ઘરે લઈ આવતો, એની સારવાર કરતો. એ સંસ્કારનો વારસો મેં આજે પણ જાળવી રાખ્યો છે. મુંબઈમાં કોઈ બિલ્ડિંગમાં તમને પક્ષીઓ જોવા ના મળે, પરંતુ મારા બિલ્ડિંગમાં ઢગલાબંધ પક્ષીઓ ચણતા તમને જોવા મળશે, કારણ કે હું મુંબઈમાં રહેવા આવ્યો ત્યારથી પક્ષીઓ માટે દાણા નાખતો હતો. શરૂમાં એક-બે-પાંચ પક્ષીઓ આવતા. મારું જોઈને મારા પાડોશીઓ પણ પક્ષીઓને ચણ નાખવા લાગ્યા છે. આજે અમારું બિલ્ડિંગ સવારે પક્ષીઓના કિલકિલાટથી ગૂંજી ઊઠે છે. એ કિલકિલાટ મારા દાદા સાંભળીને અવશ્ય રાજી થતા હશે એવું મને લાગે છે. દાદા હંમેશાં કહેતા હું ચુસ્ત જૈન ધર્મનો ઉપાસક છું, મારે મૂલ્યોને ભોગે કરોડપતિ નથી થવું. અમને એ વાતનો ગર્વ છે કે દાદા એમના સાંસારિક, ધાર્મિક, વ્યાપારિક, સેવાકીય પ્રવૃત્તિઓમાં ક્યારેય તેમણે સ્થાપેલાં ઉચ્ચ નૈતિક મૂલ્યોમાંથી ચલિત થયા નથી.

**મારા દાદા - ફ્રેન્ડ અને ફિલોસોફર**

મારા જેવા દાદા કાંઈ બધાને મળતા નથી. હું તો ભગવાનનો એટલો પાડ માનું છું કે મને બળદેવભાઈ દાદા રૂપે મળ્યા. મારા માટે તો મારા દાદા મારી ઉંમર મુજબ મારી સાથે વર્તતા હતા. હું કિશોર હતો ત્યારે દાદા મારા મિત્ર બન્યા હતા. તો યુવાન થયો ત્યારે ધંધા માટે સાચા માર્ગદર્શક બન્યા હતા. મને યાદ છે હું ત્યારે સોળ-સત્તર વર્ષનો હતો. મને એક વસ્તુ માટે અભિમાન હતું. એ વસ્તુ માટે જીદ હતી. થોડા દિવસ એમણે મારી જીદ જોઈ પછી એક દિવસ મને એમની પાસે બેસાડ્યો અને સમજાવ્યું કે દીકરા જીવનમાં જીદ કે અભિમાન કરવું સારું નહીં. અભિમાન કરીએ તો આપણે સરળ ન બની શકીએ. બોલ તારે શું બનવું છે ? જીદ્દી કે સરળ ? બસ એજ ઘડીએ મેં જીદ છોડી. દાદાના એ શબ્દો મારા હૃદયમાં કોતરાઈ ગયા જે આજે પણ મને સતત ટકોરતા રહે છે. હું ધંધા માટે મુંબઈ સ્થાયી થયો ત્યારે શરૂમાં મને ખૂબ જ એકલું એકલવાયું લાગતું હતું. સતત દાદાની યાદ આવે. ત્યારે દાદા ફોન પર મારી સાથે વાત કરી મને દિલાસો આપતા હતા. ધંધામાં દાદાએ બતાવેલા રસ્તે જ આજે પણ હું ચાલી રહ્યો છું. તેથી જ જીવનમાં હું વ્યાપાર-ધંધામાં સફળ થઈ શક્યો છું. દાદાએ ક્યારેક મિત્રભાવે અને ક્યારેક વડીલ તરીકે મને સમજાવ્યો છે. એમાંથી બે-ત્રણ વાતો તો મારા માટે જીવનમંત્ર સમી બની ગઈ છે. એને હું સતત અનુસરવાનો પ્રયત્ન કરતો રહું છું.

૧. નસીબથી વધારે મળવાનું નથી.

૨. લોકોને મદદ કરજે.

૩. દયાળુ બનવું સહેલું છે, સરળ બનવું અઘરું છે.

**ધાર્મિક છતાં રૂઢિચુસ્ત નહીં**

મારા દાદા મારા માટે ભગવાન હતા. ભગવાન કરતા પણ અધિક હતા. મારા માટે તો એક તરફ આદિશ્વર ભગવાન (દાદા) અને બીજી તરફ બળદેવ દાદા. દાદા ધર્મમાં એકદમ ચુસ્ત છતાં જડ વલણવાળા નહોતા. મારામાં ધર્મના સંસ્કાર, ધર્મમાં આસ્થા જગાડનારા મારા દાદા જ હતા. હું નાનો હતો ત્યારથી મને અપાસરે લઈ જતા. એમની સાથે સામયિક કરાવે. દાદાએ એવો નિયમ કર્યો હતો કે પર્યુષણના દિવસોમાં રોજ સાંજે ઘરમાં જ બધાએ સામયિક કરવાના. જેથી બધા એક સાથે ધર્મ કરી શકે અને બાળકોમાં પણ એ સંસ્કારનું સિંચન થાય. દાદાએ આપેલો એ નિયમ અમારા ઘરમાં આજે પણ ચાલુ જ છે. પર્યુષણના દિવસોમાં અમે અમારા ઘરમાં જ બધા સાથે સામયિક કરીને ભગવાનને યાદ કરીએ છીએ. દાદાએ ધર્મ કરવામાં અમને કોઈનેય ક્યારેય જબરદસ્તી કરી નથી. અમે તો એમના વ્યવહાર અને વર્તનમાંથી જ બધું શીખ્યા છીએ. પોતે ધાર્મિક છતાં અમારા માટે ક્યારેય કશું ફરજિયાત નહોતું. તેઓ હંમેશાં કહેતા કે, ''ગમે તે ધર્મ પાળો,'' ગમે તે ભગવાનને ભજો પણ શ્રદ્ધાથી કરો. શ્રદ્ધાથી કરેલો ધર્મ ક્યારેય એળે જતો નથી.''

દાદા ધર્મમાં એટલા બધા ઊંડા ઊતરેલા હતા કે જીવનની કડવી વાસ્તવિકતામાં પણ તે સ્થિતપ્રજ્ઞ રહી શકતા હતા. મને એક ઘટના બરાબર યાદ છે. મારી બહેન મારાથી દસ વર્ષ મોટી હતી. ઘણા વર્ષે તેને દીકરો આવ્યો. હું અને મારો ભાઈ

એ વખતે મુંબઈ હતા. સમાચાર સાંભળી અમે રાજી થયા. પેંડા વહેંચ્યા અને અમદાવાદ આવવા નીકળ્યા. અમદાવાદ પહોંચ્યા ત્યાં સુધીમાં આખો પ્રસંગ બદલાઈ ગયો હતો. મારી લાડકી બહેનનું મૃત્યુ થયું હતું. ઘરે પહોંચ્યા અને વાતાવરણ જોઈને હું ભાંગી પડ્યો. મને અને મારા ભાઈને દાદા પાસે લઈ જવામાં આવ્યા. દાદાએ અમને પાસે બેસાડીને મૃત્યુ અને તેના સ્વીકારની વાત એટલી સરળતા અને સહજતાથી સમજાવી કે થોડી વારમાં અમે સ્વસ્થ થઈ ગયા હતા. એટલે દાદાનું સ્તર તો ખૂબ જ ઊંચું હતું. એમને જીવનના કોઈ પણ પ્રસંગો હલબલાવી શકતા નહીં. તેઓ દરેક પરિસ્થિતિમાં એકદમ સ્થિતપ્રજ્ઞ રહી શકતા અને અમને બધાને એમ કરવા માટે સમજાવતા હતા.

મારી દીકરીનો જન્મ થયો ત્યારે દાદા એને રમાડવા માટે આવ્યા હતા. દીકરીને જોઈને રાજી થયા. એમણે એને પોતાના ખોળામાં લીધી અને કાનમાં નવકાર મંત્ર ભણ્યો, પછી બોલ્યા બેટા ધરમ કરજે. આ બંને પ્રસંગોમાં દાદાની ધાર્મિકતા જ મને સ્પર્શી ગઈ હતી. આજે મારી સાથે કોઈ ઘટના એવી બને એટલે તરત જ દાદાની વાતો. દાદાને યાદ કરું ને મને શાતા મળે છે.

### અતિ વ્યસ્ત છતાં સંપૂર્ણ મોકળાશવાળા

મારા દાદા દિવસ દરમિયાન અતિ વ્યસ્ત રહેતા હતા. સવારે વહેલા ઊઠે અને રાત્રે સૂઈ જાય ત્યાં સુધી મેં એમને કંઈને કંઈ પ્રવૃત્તિ કરતા જ જોયા છે. મેં તો આજ સુધી દાદાને જ એવા જોયા કે જે બેંકનું કામ કરે, બપોરે વાંચણીમાં જાય, સાંજે પાછા વેપારી મહામંડળ કે સંકટનિવારણ સમિતિમાં ગયા હોય, ઘરે આવ્યા પછી ધર્મ કરે અને તોય ક્યારેય થાકેલા, કંટાળેલા મેં એમને જોયા નથી. દાદા ઘરમાં આવે એટલે પૂરતી મોકળાશ હોય એમને અમારા માટે. જો કે દાદા તો ચોવીયાર કરે એટલે સૂર્યાસ્ત પહેલા જમી લેતા હતા. પણ પછી અમે નાના હતા ત્યારે અમને વાર્તા કહેતા, મોટાઓને ધંધામાં કાંઈ માર્ગદર્શન આપે. ઘરની મહિલાઓ પણ દાદા સાથે વાતો કરવા આતુર હોય એટલે એમની વાતો પણ દાદા સાંભળે. જાહેરજીવનમાં અતિ વ્યસ્ત રહેતા મારા દાદા ઘરના દરેક સભ્યની ખૂબ જ કાળજી રાખતા. ઘરમાં બનતા નાનાંમોટાં પ્રસંગોમાં તે હરખથી



પૌત્ર પરેશને ત્યાં પુત્રીનાં પધારમણાં વધાવતાં દાદા શ્રી બળદેવભાઈ પટેલ

ભાગ લેતા હતા. દરેક જણની અંગત રીતે દેખભાળ રાખતા એ મને યાદ છે. મારી બેનના લગ્નમાં બધાના કપડાં બધાએ પોતાની પસંદગીના કરાવ્યા હતા જ્યારે **મારા માટે મારા દાદાએ ખાસ નવી ડિઝાઈનનો ડ્રેસ બનાવડાવ્યો હતો. મારો ડ્રેસ પરંપરાગત ઢબનો હતો. ધોતી, ઝભ્ભો, માથે સરસ પાઘડીવાળો ડ્રેસ દાદાએ મને પહેરાવ્યો હતો. ત્યારે અત્યારની જેમ ધોતી-ઝભ્ભો કોઈ પહેરતું નહીં. મારો ડ્રેસ જોઈને બધા જ મહેમાનોએ પૂછ્યું હતું કે આ ડ્રેસ ક્યાં કરાવ્યો ?** એટલે કેટલાક પ્રસંગોમાં તો દાદાના હકનો હું ખાસ ભાગીદાર રહ્યો છું. દાદા પાસેથી મેં જે અમૂલ્ય મેળવ્યું છે તેને હવે હું સમાજમાં વહેંચવા માગું છું. મને થાય કે મારા જેવા દાદા બધાને મળે એ શક્ય નથી, પરંતુ મારા દાદાની વાતો તો બધા સુધી પહોંચી શકે એ તો શક્ય છે ને ?

મારા માટે મારા દાદા સંપૂર્ણ વ્યક્તિ હતા. મારી દૃષ્ટિએ તેઓ ઓલરાઉન્ડર હતા. પૂજ્ય દાદાનું જ્યારે જ્યારે સ્મરણ થાય છે ત્યારે એમની સાથે કરેલી અનેક વાતો યાદ આવી જાય છે. તેમના જીવનની ફિલસૂફી નીચેના કથનોમાં જોવા મળે છે.

-'સદગૃહસ્થ તરીકે જન્મવું એક અકસ્માત છે, પરંતુ સદગૃહસ્થ તરીકે મરવું તે એક સિદ્ધિ છે.'

- બીજાનું બૂરું ઇચ્છવું તે વિકૃતિ છે, પોતાનું ભલું કરવું તે પ્રકૃતિ છે, અન્યનું ભલું કરવું તે સંસ્કૃતિ છે.

- પ્રેમ એટલે આચરણમાં મૂકેલી શ્રદ્ધા, સેવા એટલે આચરણમાં મૂકેલો પ્રેમ.

- જે મનુષ્યો ઓછું વિચારે છે તે ઘણું બોલે છે, પણ જેઓ બરાબર વિચારે છે તે ઓછું બોલે છે.

**સમાજસેવાનો વારસો**

દાદાએ મને ધર્મ, નિષ્ઠા, પરોપકાર નિતીમત્તા વગેરે ગુણો વારસામાં આપ્યા છે. દાદા બહુ મોટા શ્રેષ્ઠી હતા. એમના જમાનાના તેઓ બહુ મોટા સમાજસેવક, સામાજિક નેતા હતા. એમની સમાજ પ્રત્યેની ઋણ ચૂકવવાની જે ઉદાત્ત ભાવના હતી તે ભાવના અમારા કુટુંબમાં આજે પણ સચવાઈ છે.

અમારો પરિવાર પૂજ્ય દાદાએ ચીંધેલા માર્ગે નમ્રભાવે ચાલવાનો પ્રયાસ કરે છે. એમના જેટલું ભગીરથ યોગદાન સેવાયજ્ઞમાં ન આપી શકીએ, પરંતુ કુદરતી આફતો જેવી કે ભૂકંપ, પૂર, વાવાઝોડું વગેરેમાં થતી પાયમાલી, માનવ અને પશુની જાનહાનિ, રોગચાળો - વિનાશ વગેરેથી અમારી સંવેદના સળવળી ઊઠે છે. અમારા હૃદયમાં કરુણાના ભાવ ઉત્પન્ન થાય છે અને અમારો પરિવાર સેવાકાર્યમાં શક્ય એટલું યોગદાન પ્રસંગોપાત આપી રહ્યો છે એ અમો માનીએ છીએ કે આ દાદાના સીંચેલા સંસ્કારનું જ પરિણામ છે.

જ્યાં પણ, જ્યારે પણ મૂંઝાઉ તો દાદાને યાદ કરું છું. આજે પણ દાદા મારો સાદ સાંભળીને આવે છે અને મને માર્ગ બતાવે છે. લેખ પૂરો કરતાં પહેલાં એટલું કહીશ **"જિંદગીનો એ જ સાચો પડઘો છે, હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે."**

❖ ❖ ❖

ગુજરાતના બધા જ મુખ્ય મંત્રીઓ તથા ઉદ્યોગપતિઓ કોઇ તેમનો બોલ ઉથાપતા નહીં તથા પૂરા આદરથી તેમની વાતને-વિચારને સ્વીકારતા મેં જોયા છે.

**– ડો. ભરત ગરીવાલા**

# ૨ બળદેવભાઈ એટલે લોકકલ્યાણની ગંગોત્રી

– અંબુભાઈ એમ. પટેલ
ચેરમેન, ધી કાલુપુર કોમર્શિયલ કો. ઓ. બેંક લિ.

**શ્રી બળદેવભાઈની ઓળખ**

મુ. શ્રી બળદેવભાઈ એટલે લોકકલ્યાણની ગંગોત્રી, સૂઝ, સમજ અને સેવાનો સમન્વય, સંપૂર્ણ પ્રેમમૂર્તિ, સેવામૂર્તિ, સંનિષ્ઠ, આદર્શ સહકારી નેતા, (લીડર) સાચા કર્મયોગી, અનેક સામાજિક સંસ્થાઓના રાહબર, સાદગી, નિરાભિમાની અને નમ્રતાની મૂર્તિ, સૌના હિતચિંતક, સન્મિત્ર, લાગણીશીલ સમર્પિત નેતા, કાલુપુર બેંકના પાયાના પથ્થર, સેવાની સુવાસ અને સ્નેહની સુગંધ.

મુ. શ્રી બળદેવભાઈ સાથેના સંસ્મરણો લખવા એ મારા માટે એક સદ્‌ભાગ્ય, એક લહાવો છે. કાલુપુર બેંકના એકાઉન્ટન્ટ અને મેનેજર અને બાદ સલાહકાર તરીકે લગભગ ત્રણ દાયકા સુધી તેમની સાથે કામ કરવાની તક મળી તે દરમિયાન મારા જીવનનું ઘડતર થયું. બેંકના સંચાલનની ખૂબીઓ અને ખામીઓ જાણવાની, અનુભવવાની તક મળી અને તેમાંથી બેંકની વિવિધ પ્રવૃત્તિઓ વિકસાવી. આજે તેમના આશીર્વાદ, સાથી કાર્યકરોનો સંનિષ્ઠ સહયોગ અને અધિકારીઓ - કર્મચારીઓના અથાગ પરિશ્રમને કારણે કાલુપુર બેંક એક સંગીન, સમર્થ અને સફળ બેંક બની છે. જેના ખરા યશભાગી મુ. શ્રી બળદેવભાઈ છે અને આજે આ બેંકના ચેરમેન બનવાનું મને સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તે બદલ ગૌરવની લાગણી અનુભવું છું અને વિવિધ તબક્કે મુ. શ્રી બળદેવભાઈને યાદ કરી વિવિધ પ્રકારના અનુભવોનું સ્મરણ કરું છું અને તેમ કરતાં તેમને મારું મસ્તક નમી જાય છે.

બેંકની નીતિ ઘડવામાં સહકારી કાયદો, રિઝર્વ બેંકની ગાઇડ લાઇન્સ અને સહકારી ખાતાના આદેશો કેન્દ્રમાં રાખી, સહકારનાં મૂલ્યોનું જતન કરી નીતિ ઘડવાનું અને તેનો અમલ કરવાનું ઘણું જ કઠિન હોવા છતાં તે સરળતાપૂર્વક સંચાલન કરતા, જે પ્રશંસનીય ગણાય. તેમની સાથેના ત્રણ દાયકાના કામગીરીના સમય દરમિયાન ક્યારેય મારી સાથે, ડાયરેક્ટરો સાથે, બેંકના અન્ય કોઈ કર્મચારી કે બેંકના ગ્રાહક સાથે ગુસ્સે થતા કે ઊંચા અવાજે વાતો કરતાં મેં જોયા કે સાંભળ્યા નથી. સર્વ પ્રત્યે સમભાવથી, મિત્રભાવે, સ્વજન તરીકે તેમની વાત સમજાવવા હંમેશાં પ્રયત્નશીલ રહેતા. તેમના મતે મોટો થાપણદાર કે નાના મોટા કરજદાર બધા સરખા ગણાતા. કર્મચારી પ્રત્યે પણ ભેદભાવની નીતિ-રીતિ રાખી નથી જેનો હરહંમેશ હું સાક્ષી રહ્યો છું. તેવી જ રીતે સમાજ સેવાની વિવિધ સંસ્થાઓમાં તેઓ હોદ્દેદાર કે કમિટી સભ્ય તરીકે કામગીરી બજાવતા તેમાં પણ આવો જ સેવાભાવી, માનવીય અભિગમ અપનાવી જનહિતના અનેક કાર્યો કરતા.

ત્રણ દાયકાની કાલુપુર બેંકની કામગીરી દરમિયાન મારા અંગત અનુભવો જે મારા માટે જીવન પાર્થેય અને બોધપાઠરૂપ ગણાય તેનું નિરૂપણ કરવાની તક લઉં છું.

**સ્વયં શિસ્ત અભિગમ**

જાહેર જીવનની તેમની સફળતામાં સ્વયં શિસ્તનો સિદ્ધાંત (પ્રાયોરિટી) અગ્રતાક્રમે ગણાય. સંસ્થાની વસ્તુઓનો અંગત કામ માટે ઉપયોગ ન કરવો જોઈએ. આ સિદ્ધાંતની અસરો અન્ય ડિરેક્ટરો અને કર્મચારીઓ ઉપર પણ જોવા મળતી. જાહેર સંસ્થાના વહીવટમાં નાણાંનો અને સાધનોનો ઉપયોગ ચીવટપૂર્વક, કરકસરયુક્ત અને પ્રામાણિક હેતુ માટે જ થવો જોઈએ તેના પોતે આગ્રહી હતા. કાલુપુર બેંકના વહીવટમાં જે નિર્ણયો લેવાય તે એક અનુભવી, સમજદાર પીઢ નેતાગીરીની પ્રતીતિ કરાવે તેવા રહેતા. શરૂઆતમાં મારે (૧૯૭૦-૭૧) બેંકની નોકરીમાં જોડાવા નિર્ણય લેવાનો આવ્યો ત્યારે આવી મોટી બેંકની જવાબદારી હું કેવી રીતે નિભાવી શકીશ તેવા અનેક તર્ક-વિતર્ક અને શંકા-કુશંકાઓથી હું ઘેરાયેલો હતો. તે વખતે હું માત્ર ૨૭ વર્ષની ઉંમરનો, પરંતુ ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંકના મારા સાથી મિત્રો, અધિકારીઓએ મને સમજાવ્યો કે કાલુપુર બેંકમાં મુ. શ્રી બળદેવભાઈની રાહબરી અને માર્ગદર્શન હેઠળ મારું જીવન ઘડતર થશે. જીવનમાં આગળ મોટી સંસ્થાઓનો વહીવટ કરવાની ક્ષમતા આવશે. વિવિધ ક્ષેત્રના મહાનુભવોના સંપર્કમાં આવી તેમના પાસેથી જીવન જીવવાની કળા અને વહીવટી ક્ષમતા આવશે તેવી પાકી સમજ પછી જ હું મુ. શ્રી બળદેવબાઈની ઊપસેલી પ્રતિભા જોઈને બેંકમાં નોકરી સ્વીકારવા સંમત

થયો. સદ્‌ભાગ્યે તે બાબતમાં આજ સુધીમાં ક્યારેય પસ્તાવાનો સમય આવ્યો નથી. આવો સાચો નિર્ણય હું લઈ શક્યો તેમાં માત્ર ઈશ્વરની કૃપા જ સમજું છું. અલબત્ત, મિત્રોની સાચી સમજાવટ પણ કારણભૂત ખરી. આજે હું જે હોદ્દા કે સ્થિતિ પર પહોંચી શક્યો છું, તેમાં મુ. શ્રી બળદેવભાઈની સૂઝ, સમજ, કુનેહ અને બોધપાઠ છે. મારા જીવન ઘડતરમાં, જીવનનાં મૂલ્યો સમજવામાં તેમનો ફાળો અમૂલ્ય રહ્યો છે તેનો પ્રામાણિકપણે સ્વીકાર કરતાં આનંદ થાય છે તેવી જ રીતે તેમણે મારા જેવી વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓનાં જીવન ઘડતર કર્યા છે જેનો સાક્ષી ભાવે ઉલ્લેખ કરવાની મારી ફરજ સમજું છું. એકવાર મારે અંગત કામે મારા વતન જવાનું થયું. બેંકની ગાડી લઈ જવા મેં પરવાનગી માંગી. તેમણે જણાવ્યું કે, બેંકની ગાડી ન લઈ જશો, પરંતુ મારી પાસે ત્રણ ગાડી છે તે પૈકી ગમે તે એક લઈ તમો બહારગામ જાવ. જેથી ભવિષ્યમાં બીજા કોઈ બેંકની ગાડી માગે તો તેમને મુશ્કેલી ન પડે. આવા હતા કડક શિસ્તના આગ્રહી.



બેંકમાં અમેરિકાથી સારવાર લઈ પરત આવ્યા બાદ

કોઈ કર્મચારીને બેંકમાં નોકરીએ રાખવાના હોય તો કહેતા કે મારે ફક્ત ભલામણ જ કરવાની. તેમને રાખવા કે કેમ તે તમારી મરજી અને ક્યારેય કોઈને નોકરી માટે કે ગ્રાહકને લોન માટે ભલામણ કરી નથી.

**વિશ્વાસ દૃઢ કરાવવો, નૈતિક હિંમત પૂરી પાડવી**

કર્મચારીનું નૈતિક સ્તર ઊંચું રહે, વિશ્વાસપૂર્વક વફાદારીથી કામ કરે તેમજ તેનું દૃઢ મનોબળ અને નૈતિક હિંમત પૂરી પાડવાની જવાબદારી ચેરમેનની રહે છે તેને જાહેરમાં ઠપકો ન અપાય, પરંતુ "ખાનગીમાં અપાય અને તેની કામગીરીના જાહેરમાં વખાણ થાય" તે સિદ્ધાંત અમલમાં મૂકવાનો હોય છે. આ સિદ્ધાંત મુ. શ્રી બળદેવભાઈએ ખરેખર પચાવેલ હતો.

બેંકની સ્થાપના થઈ તેના પ્રથમ અઠવાડિયામાં જ એક વ્યક્તિએ કાલુપુર બેંકમાં બોગસ (બેનામી) ખાતું ખોલાવી રૂપિયા ૩૯,૭૫૦/- જેટલી (તે વખતે મોટી ગણાતી) રકમ ખોટા નામે ઉપાડી લીધી. તેની જાણ થતાં પોલીસ ફરિયાદ કરી તે સમયે મુ. શ્રી બળદેવભાઈ ઑફિસમાં આવ્યાં. મને પૂછ્યું, અંબુભાઈ શું ચાલે છે ? આ ખાતાની લેવડદેવડ મારા હસ્તક થયેલી, એટલે મારી જ જવાબદારી. હું જરા ગળગળો થયો. ધ્રુસકે ધ્રુસકે તેમની સમક્ષ (હું તેમને પિતાતુલ્ય ગણતો તેઓ મારા પ્રત્યે દીકરા જેવો જ વર્તાવ - સંબંધ રાખતા) રડી પડ્યો. તેઓ એકદમ ખુરશીમાંથી ઊભા થઈ ગયા, બરડો થાબડી સાંત્વન આપી સમજાવવા લાગ્યા. "આ તમારી ભૂલ છે, તમે જાણી જોઈને નથી કર્યું તે હું સમજી શકું છું. તમારી અંગત ભૂલ ન ગણાય. બેંકની ભૂલ થઈ છે. જે કંઈ રકમ ચુકવવાની થશે તે બેંક ચૂકવશે. બેંકની જ જવાબદારી છે. તમારી અંગત જવાબદારી ન ગણાય. ભવિષ્યમાં પણ આવો વિચાર મગજમાં ન રાખશો." મને સધિયારો આપ્યો, નૈતિક જુસ્સો ઊંચો લાવ્યા, મારામાં પૂર્ણ વિશ્વાસ મૂક્યો. મને જવાબદારીમાંથી મુક્ત કરી પ્રોત્સાહન આપ્યું. એક સહકારી નેતા તરીકે કેટલી ઉદારતા, મહાનતા, સમજદારી અને સહિષ્ણુતા. આ બધું મને સ્પર્શી ગયું, મને હૂંફ મળી, મને મુક્ત મને કામ કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ. તેમના ઉપરોક્ત ઉદ્‌ગારો આજે પણ સ્મૃતિપટ ઉપર અંકાયેલા છે.

આવો જ એક બીજો સુખદ અનુભવ વાચકોની પ્રેરણા માટે ટાંકું છું. સને ૧૯૭૨માં કાલુપુર બેંકમાં 'મેનેજર'ની જગ્યા ખાલી પડી. જાહેરખબર આપી અરજીઓ મંગાવી. મેં તો અરજી પણ કરી ન હતી. નિવૃત્ત થતા મેનેજર શ્રી શાંતિભાઈ પંડ્યાએ મને આ હોદ્દો સ્વીકારવા ખૂબ સમજાવ્યો. મેં જણાવ્યું કે આવી મોટી બેંકની સંચાલનની જવાબદારી નિભાવી શકવાની મારી ક્ષમતા નથી. મારે વધુ અનુભવ લેવાની જરૂર છે. ત્યાર બાદ મુ. શ્રી બળદેવભાઈએ મને બોલાવ્યો અને મેનેજર તરીકે રહેવા ખૂબ સમજાવ્યો. મેં સ્પષ્ટ જણાવ્યું કે આ બેંકમાં મોટા ધિરાણ કરવાની નૈતિક હિંમત હું ધરાવતો નથી. તેમણે કહ્યું "તમે પટેલના દીકરા છો કે વાણિયાના ?" પટેલ તરીકે છાતી મજબૂત રાખો. સભ્યોને આપેલ ધિરાણ ડૂબવાનું નથી. ડૂબશે તો જવાબદારી બેંકની છે - તમારી અંગત નહીં. અહીંથી મારું ઘડતર શરૂ થયું. પરિણામે મેનેજર તરીકે કામ કરવાનો મારો

ઉત્સાહ વધ્યો. હિંમત આવી, વિશ્વાસ બેઠો. મારા માટે આ **પ્રોફેશનલ ટ્રેનિંગ હતી,** જે આજે પણ મને ઉપયોગી પુરવાર થઈ છે.

**નિષ્ઠા, પ્રામાણિકતા, સ્વજવાબદારી**

બેંકની શરૂઆતમાં બેંક માટે યોગ્ય મકાન મેળવવાનો પ્રશ્ન હતો. કાલુપુર વિસ્તારમાં તેમનું પોતાની માલિકીનું મકાન હતું. તે મકાન સાથી કાર્યકરોએ ભાડેથી બેંકને આપવા માગણી કરી. તેમણે જણાવ્યું "તમે મને બેંકનો ચેરમેન બનાવ્યો છે. સીધી યા આડકતરી રીતે બેંકમાંથી લાભ મેળવી શકું નહીં એવી મારી સ્વયંશિસ્ત છે. તેમની અંગત સ્વૈચ્છાએ સ્વીકારેલી શિસ્ત અને પ્રામાણિકતા તથા નિષ્ઠાનો આથી વધુ શું પુરાવો હોઈ શકે ?"

**સ્વમાનભેર કામ કરો**

એક વાર એક થાપણદાર અને અમારા ડિરેક્ટર બેંકમાં આવ્યા. પટાવાળાની ગેરહાજરી, મેં ઊભા થઈ પાણી આપ્યું. અમારા ડિરેક્ટરશ્રીએ આ બનાવની નોંધ પણ ન લીધી. બીજા દિવસે ચેરમેન મુ. શ્રી બળદેવભાઈ ઑફિસે આવ્યા. પટાવાળાની ગેરહાજરી. મેં ખુરશીમાંથી ઊભા થઈ પાણી આપ્યું, વાત્સલ્યભાવે તેઓ ખુરશીમાંથી ઊભા થઈ ગયા. તેમણે તુરત જ જણાવ્યું તમે 'મેનેજર' છો. પટાવાળાની સંખ્યા ઓછી હોય તો બે વધુ રાખો પણ તમારે આવું કામ ન કરવું. હું થોડો શરમાઈ ગયો. જીવન જીવવાની કળા શીખવા માટે આ એક અગત્યનો મુદ્દો છે.

સને ૧૯૭૪માં કાલુપુર બેંક માટે પ્રથમવાર ગાડી ખરીદી. ગાડી લીધી તે દિવસે હું ગાડી મૂકવા રાત્રે તેમના ઘેર ગયો. તેમણે મને જણાવ્યું કે, "આ ગાડી બેંકની છે અને તમે બેંકના મેનેજર છો. એટલે ગાડી તમારી પાસે રાખવાની અને બેંકના કામકાજ માટે તમારે તેનો ઉપયોગ કરવાનો." સંસ્થાની મિલકતનો - સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા આડકતરી સલાહ આપી. મેનેજરનો મોભો જાળવવો, તેને અનુરૂપ તેમની સાથેનો વર્તાવ, વાતચીત, વ્યવહાર થાય તો તેમની નીચેનો સ્ટાફ ઉપર પ્રભાવ પાડી તેમની પાસેથી સફળતાપૂર્વક કામ કરાવી શકાય અને બોર્ડના સભ્યો પણ તેમની સાથે આદરપૂર્વક વર્તાવ કરે તેવી ભાવના આ બનાવ પાછળ રહેલી હતી.

અમદાવાદની એક મિલને કાલુપુર બેંકે મોટી રકમનું ધિરાણ કર્યું. આ જ મિલને મુ. શ્રી બળદેવભાઈની પેઢી તરફથી મોટી રકમના માલનું (કોટન વેચાણનું) વેચાણ કરેલું અને રકમ લેવાની બાકી હતી. એક દિવસે તે મિલના માલિકો મુ. શ્રી બળદેવભાઈને મળવા ગયા અને જણાવ્યું કે, અમોને મિલમાં ઘણું મોટું નુકસાન થયું છે અને હવે અમો મિલ ચલાવી શકીએ તેમ નથી. અમારે તમારી પેઢીની બાકી રકમ ચૂકવવાની છે તેની સગવડ અમે કરી શક્યા છીએ, પરંતુ બેંકની બાકી રકમ અમો ચૂકવી શકીએ તેમ નથી. તો આપની બાકી રકમ આપ સ્વીકારી અમોને આભારી કરશો. તુરત જ મુ. શ્રી બળદેવભાઈ બોલી ઊઠ્યા કે, "આવું કદાપિ ન ચાલે. તમે બેંકની રકમ પહેલા ભરપાઈ કરી દો અને ત્યાર બાદ જે રકમ વધે તે અમારી પેઢીને ચૂકવો." સંસ્થા પ્રત્યે કેટલો ભાવ. સંસ્થાનું અહિત ન થાય તે માટે કેટલા સજાગ અને સતર્ક ? સ્વજવાબદારીનું આથી મોટું કેવું ઉદાહરણ ?

મને ચોક્કસ જાણ છે કે, એ મિલ બંધ પડી, બેંકની રકમ વસૂલ આવી, પરંતુ તેમની પેઢીની બાકી રકમ ન આવી અને પેઢીને મોટું નુકસાન થયું. પરંતુ તેમની ઉદારતા ગણો કે મહાનતા ગણો સંસ્થાના હિત આગળ વ્યક્તિનું પોતાનું હિત ગૌણ બની જાય છે, એવો સંદેશ આપી ગયા.

મોરબીમાં પૂર હોનારત વખતે મોરબીના ભાંગી પડેલા વેપારીઓને બેંક ધિરાણ કરવા તેમણે નિર્ણય લીધો. મેં જણાવ્યું કે મોરબી આપણા કાર્યક્ષેત્રમાં નથી, વસૂલાતનું જોખમ પણ છે, માટે ધિરાણ કરી શકીએ નહીં. તેમણે જણાવ્યું "કેમ ન થાય ? આપણે ધિરાણ નહીં કરીએ તો કોણ કરશે ? વસૂલાત નહીં આવે તો ધર્માદા - ડોનેશન કર્યું તેમ માનીશું પણ મોરબીના વેપારીઓને નૈતિક હિંમત આપી, ધિરાણ આપવાનું નક્કી કર્યું. જો કે મોરબીના સ્થાનિક વેપારીઓને ત્યાંથી જ રાહત વ્યાજના દરે ધિરાણ મળી ગયું, માટે તેઓએ અમારી બેંક પાસેથી ધિરાણ ન લીધું, તે વાત જુદી છે.

કાલુપુર બેંકમાં નોકરીમાં હતો તે દરમિયાન "નિરમા ઇન્ડસ્ટ્રીઝ"માં જોડાવા મને ઓફર થઈ. મુ. શ્રી બળદેવભાઈની મંજૂરીની અપેક્ષાએ તેમને જણાવ્યા સિવાય મેં જોડાવા સંમતિ આપી. મને તો ખાતરી હતી જ કે તેઓશ્રી મને મંજૂરી આપશે જ. હું તેમને વિગતે વાત કરવા રૂબરૂ મળવા ગયો. કોઈ પણ જાતના વિલંબ કે આનાકાની વગર તેઓ સંમત થયા અને મને "નિરમા"માં જોડાવા રાજીખુશીથી મંજૂરી આપી. તેઓશ્રીએ એમ પણ જણાવ્યું કે, હાલમાં બેંકને તમારી સેવાઓની વધુ જરૂર છે. પણ બેંક કરતાં નિરમામાં તમારું ભાવિ વધુ ઉજ્જવળ છે તે પણ હું સમજું છું. ભારે હૈયે તેમણે મને રજા આપી.

એટલું નહીં પરંતુ બેંકમાંથી મારી વિદાય (આ વિદાય મારા માટે જો કે ઘણી જ વસમી હતી) વેળાએ તેઓશ્રીએ મોટો સમારંભ ગોઠવ્યો, સ્મૃતિચિન્હ અને ભેટ આપી, શુભેચ્છા પુષ્પ અર્પણ કર્યા, સુંદર અને યાદગાર પ્રવચન કરી મારી સેવાઓ મુક્તમને બિરદાવી - કદરપૂર્વક નોંધ લીધી. આ પ્રસંગે રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના તે વખતના ડેપ્યુટી ગવર્નર ડૉ. એમ. વી. હાટેને સમારોહના મુખ્ય મહેમાન તરીકે નિમંત્રી અને ગુજરાત રાજ્યના પૂર્વ નાણામંત્રી શ્રી સનતભાઈ મહેતાની પણ અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિતિ હતી.

**પારિવારિક સંબંધ**

જાહેર સંસ્થામાં કામકાજનો ખાસ અનુભવ પણ નહોતો, પરંતુ મારે તો હવે જવાબદારીપૂર્વક બેંકનું સંચાલન કરવાનું હતું અને દરરોજ તેમની સાથે બેસી બેંકના પ્રશ્નોનો નિકાલ કરવાનો, ફાઇલો અંગે ચર્ચા કરવાની એટલે તે કારણે હું દરરોજ તેમના ઘેર સવારે અગર તો સાંજે તેમના અનુકૂળ ટાઇમે મળવા જતો. જેના કારણે તેમની સાથે તથા તેમના ઘરના બીજા સભ્યો સાથે મારા સંબંધો ખૂબ વધ્યા. આમ થવાથી અમારામાં પરસ્પર સમજણ વધતી ગઈ. મને તેમનામાં મારા પિતાશ્રીના વાત્સલ્ય ભાવના દર્શન થતાં. તેઓ મારા પ્રત્યે પુત્ર તરીકેનો વર્તાવ કરતા. પૂ.બા. (પૂ. રૂક્ષ્મણી બા) તો એમ જ કહેતા કે, ભાઈ અંબુભાઈ તો મારા ત્રીજા પુત્ર છે, એટલું જ નહીં, પણ મારા કુટુંબ સાથે એવો જ વ્યવહાર કરતા. ઘણાં ઓછા લોકોને આવા વ્યવહારની જાણ હશે. તેમના બન્ને પુત્રો શ્રી બચુભાઈ અને શ્રી બકાભાઈ પણ મારી સાથે ભાઈ તથા બન્ને બહેનો પણ ભાઈ તરીકેના જ કૌટુંબિક સંબંધો રાખતા (જે સંબંધો આજે પણ ટકી રહ્યા છે) અને બેંકના વિકાસ માટેના કાર્યોમાં મને સહાયરૂપ બની પૂરક બની રહેતા. શ્રી બચુભાઈ તો મારા મોટા ભાઈ જેવા રહ્યા છે. બેંકની કામગીરીમાં તેમણે મને કરેલી મદદ ઘણી જ ઉપયોગી બની રહી છે, આવા સંબંધોએ મારામાં હૂંફ અને બળ પૂરું પાડ્યું. પરિણામે મારો આત્મવિશ્વાસ વધી રહ્યો.

આ સંદર્ભમાં નાનકડા પ્રસંગો યાદ કરવાનું મન થાય છે. મુ. શ્રી રૂક્ષ્મણી બા છેલ્લે સાધારણ બીમારીમાં હતા. ક્યારેક શ્વાસની તકલીફથી પીડાતા હતા. બેંકમાંથી આવ્યા બાદ રાત્રે મારે મુ.શ્રી બળદેવભાઈનું કામ હોવાથી તેમને ઘેર જવાનું હતું. મેં મારા પત્ની મધુબેનને સાથે આવવા જણાવ્યું. તે પણ મારી સાથે આવ્યા. મારું કામ પતાવ્યા બાદ અમે બન્ને તેમની પાસે જ બેઠા હતા. તેમને તે વખતે જ શ્વાસનો હુમલો આવ્યો. મધુબેને તેમને ખોળામાં લીધા, સધીયારો આપતા હતા, પરંતુ તે હુમલો જીવલેણ નીવડ્યો. મધુબેનના ખોળામાં જ તેમણે દેહ છોડ્યો. આ અણધાર્યા બનાવને અમારું સદ્‌ભાગ્ય સમજીએ છીએ. મૃત્યુ પણ અમારા કૌટુંબિક સંબંધોને યાદ કરાવી ગયું.

**સહકારી જીવ**

સ્ટાન્ડર્ડ કો-ઓપરેટિવ બેંકની સ્થાપના ૧૯૯૭માં થઈ. તેનું ઉદ્‌ઘાટન સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના સાંનિધ્યમાં મુ.શ્રી બળદેવભાઈના હસ્તે રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં હું પણ હાજર રહેલો. મને સ્ટેજ ઉપર બેસવા આયોજકોએ ખૂબ જ આગ્રહ કર્યો, પરંતુ મારા સ્વભાવ મુજબ મને તે ન ગમ્યું અને હું નીચે અન્ય આમંત્રિતો સાથે જ બેઠો.

મુ.શ્રી બળદેવભાઈએ સમારંભ ચાલુ થતાં પહેલાં મને સ્ટેજ ઉપર આગ્રહ કરી બેસાડ્યો અને મુ.શ્રી બળદેવભાઈએ ઉદ્‌ઘાટન પ્રવચન લગભગ અડધો કલાક જેટલા સમય માટે અર્થગંભીર વક્તવ્ય આપ્યું અને પ્રવચન પૂરું કરી પાછા ખુરશીમાં બેસતાં તેમની આંખો ઢળી પડી. મારી નજર જ પ્રથમ તેમના ઉપર પડી અને મને લાગ્યું કે, તેમની તબિયતમાં કંઈક બેચેની લાગે છે. અમે તાત્કાલિક તેમને ગાડીમાં સુશ્રુષા હૉસ્પિટલમાં લઈ ગયા, પરંતુ હૉસ્પિટલ જતાં તેમણે દેહ મૂકી દીધો. વાચકોને આ બનાવ પ્રથમ નજરે બહુ જ સામાન્ય લાગે. પરંતુ એમ કહેવાય કે યોગાનુયોગ હું પણ તે કાર્યક્રમમાં હાજર રહ્યો. (સામાન્ય રીતે હું બહુ જ ઓછા કાર્યક્રમમાં હાજરી આપું છું) જે કંઈ તાત્કાલિક ઉપચાર કરવા જોઈએ તે કરવાનું સદ્‌ભાગ્ય તેમના આત્મીય તરીકે શ્રી બચુભાઈ સાથે મને જ પ્રાપ્ત થયું. આ બધામાં માત્ર હું ભગવાનની કૃપા જ સમજું છું. તેમનું મૃત્યુ સહકારી બેંકના સમારંભમાં અને સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના સાંનિધ્યમાં થયું તે પણ તેમની સેવાનું સૂચક છે અને તેથી જ તેઓ "સહકારી જીવ" હતા તેમ કહેવું યથાર્થ અને અનુરૂપ છે.

સહકારી ક્ષેત્રે સેવા કરતાં નબળી બેંકોને મદદ કરી, ટેકો આપી, બચાવવી એ ધ્યેય હોવાથી વિક્રમ કો.ઓ.બેંક નબળી પડતાં તેનું કાલુપુર બેંકમાં મર્જર કર્યું. અમદાવાદમાં જ્યારે પણ કોઈ કો.ઓ. બેંકને તકલીફ થતી ત્યારે તેને મદદ કરવા હંમેશાં આગળ રહેતા. કો.ઓ. બેંકનું રાજ્ય ધોરણે ફેડરેશન હોવા છતાં અમદાવાદ શહેરની બેંકના પ્રશ્નો અલગ લાગતાં તેમણે શહેરની કો.ઓ. બેંકના સિટી કો.ઓ. બેંક ઍસોસિયેશનની સ્થાપના કરી અને તેના નેજા હેઠળ જુદીજુદી બેંકોને બેંક

મારફત મદદ, માર્ગદર્શન તથા તેમના પ્રશ્નો ઉકેલવા માટે મદદ કરતા. જે વિસ્તારમાં નવી બેંકો ઊભી થવાની શક્યતાઓ હોય તો નવી બેંકોની રચનામાં મદદરૂપ થવું એવો તેમનો સિદ્ધાંત હતો.

જીવનના છેલ્લા શ્વાસ સુધી સહકારી ક્ષેત્રની જ સેવા કરતા રહ્યા, મારા જેવા અનેકના પ્રેરણામૂર્તિ બની રહ્યા. તેઓ આદર્શ સહકારી નેતા બની સંખ્યાબંધ સહકારી કાર્યકરોને સાથે રાખી સહકારી સંસ્થાઓનું સફળ હેતુલક્ષી સંચાલનના પદાર્થપાઠ આપી ગયા.

આ પ્રસંગોનું અત્રે નિરૂપણ કરવાનું પ્રયોજન મુ.શ્રી બળદેવભાઈ સાથેના અમારા કૌટુંબિક સંબંધો, તેમના કુટુંબીજન જેવા જ અમારી સાથેના તમામ સામાજિક વ્યવહારો અને સંપૂર્ણ સદ્‌ભાવ, પ્રેમ અને લાગણીસભર સંબંધો બેંકના કામકાજના કારણે જ બંધાયા. અમે ચેરમેન - મેનેજર તરીકે નહીં પરંતુ પિતા-પુત્ર તરીકે જ કામ કર્યું છે. એકબીજાને સમજ્યા છે અને કુદરતી રીતે જ (કૃત્રિમ નહીં) આવા સંબંધો બંધાયા, વિકસ્યા અને છેલ્લે સુધી ટકી રહ્યા અને આજે પણ તે સંબંધો ટકી રહ્યા છે. આ સંબંધો મારી જિંદગીની મોટી કમાણી છે, મોટી મૂડી છે અસ્કયામત છે અને આજેય તે મૂડીનું વ્યાજ મારા હાલના જીવન વ્યવહારમાં ઉપયોગી પુરવાર થયું છે.

**સદ્‌ગુણના ભંડાર**

મુ.શ્રી બળદેવભાઈ પોતે જ અનેકવિધ સદ્‌ગુણના ભંડાર સમા હતા. સૌમ્ય, શાંત, ધીર-ગંભીર, નિરાળુ વ્યક્તિત્વ, તેમને મળતાં જ પૂજ્યભાવ થાય. સાદગીપૂર્ણ સુઘડ પહેરવેશ, ધર્મપરાયણતા, નિરાભિમાની, મિલનસાર સ્વભાવ, નિઃસ્વાર્થ - નિષ્ઠાપૂર્વકનો સેવાભાવ, સેવામૂર્તિ, નિર્વ્યાજ પ્રેમ - પ્રેમમૂર્તિ, અનેક વ્યક્તિના પ્રેરણાસ્રોત, અજાતશત્રુ, કોઈ સાથે કોઈ પણ પ્રકારનો રાગ કે દ્વેષ નહીં. સમભાવપૂર્વક વર્તન, પરગજુ - દરિદ્ર નારાયણને જોઈ દિલ દ્રવી જાય, સમાજસેવાને પ્રાથમિકતા - અગ્રતા, રેલ સંકટ, પૂર હોનારત, ધરતીકંપ, વાવાઝોડું આવી કુદરતી આફતો આવે ત્યારે રાહતકાર્યો શરૂ કરવા, શિક્ષણ અને આરોગ્ય સંસ્થાઓ ઊભી કરવા, ચલાવવા હંમેશાં તૈયાર રહે. આથી કાર્યકરોને કામ કરવા જોડાવા પ્રેરણા આપે. જે કોઈ સંસ્થામાં હોદ્દો સ્વીકારે તેને પૂરો ન્યાય, સમય આપવાની તૈયારી. જ્ઞાતિવાદ કે પક્ષીય દૃષ્ટિએ કોઈ દિવસ વિચારવાનું નહીં. હોદ્દો મેળવવા કોઈ જાતની હરીફાઈ કે હુંસાતુંસી નહિ. ઑફિસની રોજિંદી વહીવટી કામગીરીમાં કોઈ પ્રકારની દખલગીરી નહિ. સદાય મિતભાષી, શાંત સ્વભાવ, માનવતાના ભોમિયા, સાધનો, સ્ટેશનરીનો કરકસરપૂર્વક ઉપયોગ, નૈતિક ધોરણોનું પાલન અને પ્રતિબદ્ધતા, સેવા અને સહકાર તેમના જીવનમાં વણાઈ ગયેલા સદ્‌ગુણ હતા. બેંકના બોર્ડના નિર્ણયો - ઠરાવો સમજપૂર્વક, સભ્યોના હિતમાં સર્વાનુમતે થાય તેના હંમેશાં આગ્રહી. તેવી જ રીતે બોર્ડની ચૂંટણીઓમાં સભ્યો વચ્ચે વેર-વૈમનસ્ય, મતભેદ ન થાય તે માટે બિનહરીફ ચૂંટણી થાય તેના આગ્રહી અને સતત એકધારા ૨૭ વર્ષ સુધી બિનહરીફ કાલુપુર બેંકના ચેરમેન ચૂંટાયા તે તેમની નેતાગીરીનું જમા પાસું - તેમના સદ્‌ગુણના પુરાવા, તેમના સ્વભાવની નમ્રતા, વાણીની મીઠાશ, ખુલ્લા મને સાંભળવાની તૈયારી, ધીરજ, નાનો કર્મચારી, નાનો ડિપોઝિટર, ધિરાણ લેનાર કે ખાતેદાર પણ તેમને મળી રજૂઆત કરી શકે, તેને ઘટતો જવાબ આપે, હૈયાધારણ આપે. આવા સૌજન્યથી આપણી નૈતિક હિંમત વધે તે સહજ છે. કોઈક વાર કડવી વાત પણ નમ્રતાથી કહી શકે, ગળે ઉતારી શકે.

આવી વિરલ વિભૂતિના સંપર્કમાં આવવું, તેમની સાથે કામ કરવું, તેમને સમજવા, તેમની વિચારસરણી સમજી તેમની સાથે સૂર પૂરાવી એક મનના, એક મતના થઈ કામ કરવાની અને મૂલવવાની તક મળી તેનાથી મારું જીવન ધન્ય બન્યું છે. હું કૃતકૃત્ય થયો છું. તેમના સદ્‌ગુણોને યાદ કરી વિનમ્રભાવે વંદન કરું છું.

અંતમાં એટલું જ કહેવું છે કે, ગુજરાતની - ભારતની સહકારી પ્રવૃત્તિનો ઇતિહાસ લખાય ત્યારે જર્મનીના સહકારી નેતા, સહકારી ધિરાણ મંડળીઓના પ્રણેતા "રૅફીઝન" જેવા જ નિષ્ઠાવાન, પ્રતિબદ્ધ, પરગજુ, નિઃસ્વાર્થ નેતાની કામગીરી, વહીવટી કુશળતા અને સમર્પણભાવ સુવર્ણ અક્ષરે અંકિત થાય તો ભાવિ પેઢી તેમાંથી પ્રેરણા મેળવી પ્રતિબદ્ધ બની તેમણે કંડારેલ કેડીએ ચાલી પ્રવૃત્તિના વિકાસમાં તેમના પ્રાણ પૂરવા ઉત્સાહિત બની ધન્યતા અનુભવશે.

સામાન્ય રીતે દરેક વ્યક્તિના જીવન ઘડતરમાં તેના જીવનકાળ દરમિયાન બે, ત્રણ વ્યક્તિઓનો મૂલ્યવાન ફાળો હોય છે. તેઓ સાચા મિત્ર અને માર્ગદર્શક હોય છે. મારા સદ્‌ભાગ્યે અકસ્માતે મને મુ.શ્રી બળદેવભાઈ મળી ગયા, તેમની પાસેથી મેં ઘણું મેળવ્યું જેનો હું આ પ્રસંગે ઋણ સ્વીકાર કરું છું. તેમનું ઋણ ચૂકવવાની મારી કોઈ હેસિયત નથી.

❖ ❖ ❖

# ૩ જાહેર જીવનમાં પ્રેરણાદાયક વ્યક્તિત્વ

**સુરેન્દ્ર પટેલ**
સંસદ સભ્ય (રાજ્યસભા)

મુરબ્બી શ્રી બળદેવભાઈના કુટુંબ સાથે મારા કુટુંબના દાયકાઓ જૂના ઘનિષ્ઠ સંબંધો છે. મારા પિતાશ્રી, કાકા એ બધા સાથેના તેમના આત્મીય સંબંધો મારા જીવનમાં પણ પ્રેરણાદાયક બન્યા. અમદાવાદના પાલડી વિસ્તારમાં અમારા બન્નેના કુટુંબો સાથે રહેતા હતા - પાડોશી હતા અને એ નાતે બન્ને કુટુંબો એકરૂપ લાગતા હતા.

**મારા મુરબ્બી હતા**

મારો તેમની સાથેનો સંબંધ જ્યારે તેમનો વસુધા સોસાયટીમાં બંગલો મેં બાંધ્યો ત્યારથી ખૂબ ઘનિષ્ઠ અને આત્મીય બન્યો. ત્યાર બાદ તો તે સંકળાયેલા હોય તેવી અનેક સંસ્થાઓના મકાનો બાંધ્યા પણ આ બધા કામો એક કોન્ટ્રાક્ટર તરીકે નહીં, પરંતુ તેમના કુટુંબના એક સભ્ય તરીકે નિઃસ્વાર્થભાવે કર્યા. મારામાં તેમણે સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો અને હું જે કોઈ સૂચન કરું તે બધામાં તેઓ સહર્ષ સંમતિ આપતા અને અક્ષરસઃ સ્વીકારતા. આમ, આત્મીયતાની સાથેસાથે તેમણે એક મુરબ્બી તરીકે મારામાં વિશ્વાસ પણ પ્રેર્યો અને સામાજિક કામોમાં મને લઈ જઈ જાહેર જીવનની નવી દિશા ખોલી આપી. ઉઘાડી કિતાબ જેવા શ્રી બળદેવભાઈના જીવનની સુવાસ મારા સમસ્ત કુટુંબમાં ફેલાયેલી છે.

**જાહેર જીવનની પ્રેરણા આપી**

જાહેર જીવનમાં કામ કરવાની તેમણે પ્રેરણા આપી તથા સામાજિક સંસ્થાઓમાં કેવી રીતે પારદર્શીપણે કામ કરવું તેનું માર્ગદર્શન પણ તેમની પાસેથી મળ્યું. જાહેર જીવનમાં જે કાંઈ શીખ્યો છું તે શ્રી બળદેવભાઈના સહવાસથી તથા પ્રેરણાથી



બૅંક દ્વારા આયોજિત "વેપાર-ઉદ્યોગ પ્રદર્શન-૯૫"ની મુલાકાતે પધારેલા અમદાવાદ શહેરના માનનીય મેયર શ્રીમતી ભાવનાબેન દવે, શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, શ્રી અંબુભાઈ પટેલ, ચેરમેન શ્રી બળદેવભાઈ સાહેબ સાથે બેઠેલા છે.

જ શીખ્યો છું, તે ઋણ આજે સ્વીકારું છું. બધાની સાથે રહીને કેવી રીતે કામ કરવું, કોઈ પૂર્વગ્રહ કે અભિમાન રાખવું નહીં, વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા રાખવી નહીં, પારદર્શક રીતે જાહેર નાણાંનો વહીવટ કરવો, ખુલ્લા મને બધા સાથે ચર્ચા-વિચારણા કરવી, તજજ્ઞોનો અભિપ્રાય/માર્ગદર્શન મેળવવા જેવા અનેક પાસાઓની તેમના જીવનવ્યવહારમાંથી જ પ્રેરણા મળી રહેતી હતી.

**જાહેર જીવનની નીતિ સંહિતા**

સંસ્થાના માલિક તરીકે નહીં, પરંતુ તેના સેવક તરીકે કામ કરી સંસ્થાને આગળ લાવવા તમામ પ્રયાસો કરવા, પોતાનું નામ આગળ કરવાને બદલે સંસ્થાના નામને પ્રતિષ્ઠા મળે તે જ લક્ષ્ય રાખવું. સંસ્થાને ચલાવવા જરૂરી નાણાં ઊભા કરવા પણ મોટા ફંડ ભેગાં કરવાની લાલચમાં ના પડવું. તેમની આ ફિલોસોફીની પાછળનું તેમનું લોજિક હતું કે તેથી સાચા માણસો જ સંસ્થાની સાથે રહેશે. સંસ્થાના સૌ હોદ્દેદારો તથા કાર્યકરો તમામ સાથે માન સન્માનજનક સૌમ્ય વ્યવહાર કરવો તથા સંબંધ જાળવવો. કોઈનું પણ મનદુઃખ થાય તેવું આચરણ કરવું નહીં કે તેવા શબ્દો ઉચ્ચારવા નહીં. સાથેસાથે સૌમ્યતાપૂર્વક સાચી વાત કહેવાની હિંમત પણ રાખવી. જાહેર જીવનની આ નીતિસંહિતા એ તેમની આગવી સૂઝબૂઝ સાથેની હતી.

**અનેક સંસ્થાઓના સ્થાપક**

ગુજરાતના એક શ્રેષ્ઠી મહાજન તરીકે શ્રી બળદેવભાઈએ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની સમકક્ષ સ્થાન સમાજમાં મેળવ્યું હતું. કુદરતી આફતોમાં મહાજન તરીકે તેમનું નામ અગ્રેસર હતું. કાલુપુર બેંકની સ્થાપના, કડી-ગાંધીનગરમાં શૈક્ષણિક સંકુલ, કન્યા-કેળવણી તથા તેમના જન્મસ્થળ સાણંદમાં તેમણે સ્થાપેલી અનેકવિધ આરોગ્ય, શૈક્ષણિક, ગરીબલક્ષી તથા રોજગારલક્ષી સંસ્થાઓ જેવી અનેક સંસ્થાઓ એ શ્રી બળદેવભાઈની સમાજને નિઃસ્વાર્થ ભેટ છે.

મારા જાહેર જીવનનું ઘડતર શ્રી બળદેવભાઈની પ્રેરણાથી તથા તેમનો વ્યવહાર જોઈને જ થયું છે. તેમના આ નીતિસૂત્રોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરી રહ્યો છું અને જાહેર જીવનની દરેક અગત્યની પળે મને તેમની યાદ આવે છે.

આવા મારા મુરબ્બી પ્રેરણામૂર્તિ સ્વ. બળદેવભાઈને સાદર શ્રદ્ધાંજલિ તથા પ્રણામ.

❖ ❖ ❖

સમાજમાં સજ્જન પુરુષોની ખૂબ જ આવશ્યકતા છે. મહાત્મા ગાંધી અને સ્વતંત્રતા પછી સજ્જન પુરુષોનો અભાવ થતો જાય છે. વર્તમાન પરિસ્થિતિમાં આદરણીય શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ પ્રકાશસ્તંભ જેવા લાગે છે.

**– સ્વામી સત્યમિત્રાનંદગીરી**

# ૪

# જીવન સૌરભ

## સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

૧૯૧૭ - ૧૯૯૭

**– જયંતિભાઈ નાયક**

---

ગુજરાતના માનવરત્ન સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ પટેલના જીવનના મહત્ત્વપૂર્ણ અંશના લેખાં-જોખાં આપવાનો અહીં પ્રયાસ કર્યો છે. જે ઇતિહાસમાં જીવ્યા નથી, પરંતુ ઇતિહાસ સર્જ્યો છે, તેવા મૂઠી ઊંચેરા મનેખ શ્રી બળદેવભાઈ પટેલના જીવનમાંથી એકાદ ખોબો ભરી અહીં છાંટ્યો છે. તેના થકી સહકાર, અહિંસા, જીવદયા, માનવતા જેવા તેમના જીવનમૂલ્યોના ઉઘાડ સાથે ઉજાગર થશે.

અમદાવાદ જિલ્લાના સાણંદ ગામે કૃષિ-ઋષિ સંસ્કૃતિને વરેલા પ્રાગજીભાઈ માધવજી પટેલની આઠમી પેઢીએ ડોસાભાઈ ગોપાળદાસ અને તેમના પત્ની જડીબહેનના ઘરે તા. ૦૮-૦૨-૧૯૧૭ના રોજ બળદેવભાઈનો જન્મ થયો.

બાળઉછેર સંસ્કાર સંપન્ન કુટુંબમાં થયો. નાનપણથી ધીર-ગંભીર અને નિયમિત બાળરમત રમતા બાળગોપાળોમાં દૂર એક ખૂણામાં અલગારી બની ઊભેલા બળદેવભાઈ પર પૂ. ભક્ત તારાબાની નજર પડી અને બોલી ઊઠ્યા. "આ કોઈ વિચક્ષણ અને કુશાગ્ર બુદ્ધિ ધરાવતું બાળક છે તે પોતાના કાર્યો થકી પોતાનું અને પરિવારનું નામ ઉજાળશે." હૃદયમાંથી સાહજિક રીતે નીકળેલા સંતના વચનો અક્ષરસહ સાચા પડ્યા.

કુળમાં પ્રતિભાશાળી પુરુષ થયેલો હોય તો પેઢીઓ સુધી એના ગુણગાન ગવાતા હોય છે. જે ચરિત્રો લખાયા છે એ પણ પૂર્વજોના ખમીર, ખુમારીને ખાનદાનીની ખુશ્બોની જીવનકથની હોય છે. જેના કારણે આજે આપણા બળદેવભાઈને યાદ કરીએ છીએ. આમ, પૂર્વજ એ ગૌરવ વધારવાનું સમાજનું જમા પાસું છે. ઋગ્વેદમાં કહ્યું છે કે, 'આપણા પૂર્વજો એટલે કે પહેલાના માર્ગનો ઉપદેશ આપનારા અને જીવનનો નવો રાહ ચિંધનારા એમને આપણે વંદન કરીએ.' જીવનનું વહેણ કઈ દિશામાં કેવી રીતે લઈ જવું એની સાચી સમજ આપનારા આપણા પથદર્શક બળદેવભાઈને કઈ રીતે ભૂલીએ ?

એમનાં જીવનમૂલ્યોનો આદર્શ અમને મળેલા તેમના સહકાર્યકરો, મહાજનો, મહાનુભાવો, શિક્ષણકારોના પત્રો અને લેખોમાં જોવા મળે છે તેમજ જાહેરજીવનના ફોટોગ્રાફ તેમની જીવનશૈલીની પારાશીશી છે.

લોકોપયોગી કાર્યો કરવામાં તેમણે એક ક્ષણ પણ બગાડી નથી. મોટા ભાગે તેઓ 'હા' કે 'ના' માં જ જવાબ આપતા. કોઈની સાથે વાદ-વિવાદ કરતાં ભાગ્યે જ જોવા મળે, પરંતુ 'હા' કે 'ના' પાડતા હજાર વાર વિચાર કરતા. સાચું મનુષ્યત્વ ધરાવતા માનવી હતા. તેઓ ઉદ્યોગપતિ અને ધનપતિ હતા, પણ ચારિત્ર્યનો અણમોલ ખજાનો તેમની પાસે હતો.

આપણે જેને સાચું સત્ય જ માનતા હોઈએ, એને વળગી રહેવાનો મક્કમ નિશ્ચય તે આપણો પણ અતિ મહત્ત્વનો આત્મવિજય છે અને આત્મવિજયને બળદેવભાઈ ડોસાભાઈ પટેલે જાહેર જીવનમાં ડગલેને પગલે સાર્થક કર્યો છે. આવા સત્યના ઉપાસક નિષ્ઠાવાન સમાજ સેવકના નામ ભલે ઇતિહાસને પાના પર ન નોંધાયા હોય પણ માનવ હૈયામાં કોતરાયા છે તેની પ્રતિતી તેમના અવસાન વખતે ઉમટેલી અઢારે વરણ 'દાદાજી'ના દર્શન કરી ધન્યતા અનુભવતી હતી, એટલું જ નહીં પણ છાનાછપના ડૂસકાં પણ ભરી લેતાં. હજારોની સંખ્યામાં ઉમટેલી માનવમેદની સાણંદના રસ્તા ઉપર સમાતી ન હતી અને મકાનને છાપરે-ધાબે ચઢી બળદેવભાઈના અંતિમ દર્શન કરવા કલાકો સુધી પ્રતિક્ષા કરતી રહી. આંખમાં આંસુ હતાં. બહેનોના હાથમાં ચોખાના દાણા હતા. એમના લાડીલા - માનીતા બળદેવભાઈને અંતિમ વધામણાં કંકુ-ચોખા-પુષ્પોથી વધાવી શ્રદ્ધાસુમન આપતા હતા. એમને તે વેળાએ શ્રદ્ધાંજલિ અર્પતા ઉદ્યોગપતિ નિરમા ગ્રૂપના ચેરમેન શ્રી કરશનભાઈ પટેલે ખૂબ નમ્રભાવે કહ્યું હતું કે, 'આજે હું કાંઈ છું તે માત્ર એક પૂ. દાદાને કારણે જ છું. તેમનો આજીવન ઋણી છું.' આવી અનેક લોકોએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. આવો હતો લોકોનો એમના પ્રત્યે પ્રેમ - આદર.

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ 'પાણીદાર પાટીદાર' હતા. જૈન ધર્મના આદર્શોને વરેલા તેઓ કુળદેવી ઉમિયા માતાના ભક્ત હતા. પોતાની માતૃસંસ્થા ગોધાવી શાળા અને સર્વ વિદ્યાલયને ભૂલ્યા નહોતા. તેમને વિદ્યાર્થી અવસ્થામાં પાણીદાર

બનાવવામાં સર્વ વિદ્યાલય કડી, જે ઉત્તર ગુજરાતનું 'કાશી' ગણાતું તેનું પ્રદાન ઘણું રહ્યું છે. પૂ. છગનભા, પૂ. બાપુભાઈ, પૂ. ઉમેદભાઈ, પૂ. પોપટભાઈના આદર્શો તેમણે ઝીલ્યા અને પચાવ્યા, વ્યવહારમાં અમલીકરણ કર્યું.

. સ્વ. બળદેવભાઈને જ્ઞાતિ માટે ગૌરવ હતું, પણ જ્ઞાતિવાદથી દૂર હતા. 'માનવતા' એ એમની જ્ઞાતિ હતી. સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત બળદેવભાઈ ડોસાભાઈ પટેલ કડવા પાટીદાર વાડી જે સામાજિક પ્રવૃત્તિનું કેન્દ્રસ્થાન બન્યું છે. આ રીતે તેમણે જ્ઞાતિ પ્રત્યેનું ઋણ અદા કર્યું છે. કોઈને ખબર ન પડે તે રીતે દાન કરે છે. અતિથિ આંગણે આવે તો સરભરા કરવામાં કેટલાંય વાના કરે છે. કોઈનું ભલું કરીને મૂંગા રહે છે. બીજાએ ઉપકાર કર્યો હોય તો ભરી સભામાં કહી બતાવે છે. લક્ષ્મી આવે તો જે છકી જતા નથી, અન્ય લોકોની વાતમાં નિંદા કરતા નથી. તલવારની ધાર ઉપર ચાલવા જેવું આવું કઠિન વ્રત બળદેવભાઈને કોણે બતાવ્યું હશે ? આ વ્રતને તેઓએ જીવનપર્યન્ત પાળ્યું.

આ વેપારી હોવાને નાતે કદાચ આ સરવૈયું કાઢતા બળદેવભાઈને આવડ્યું હશે ! વર્ષને અંતે સ્વ. બળદેવભાઈ જેવા વેપારીઓ સરવૈયા કાઢે છે. સરવૈયું જોયા પછી કયો વેપાર લાભમાં થયો અને કયો ખોટમાં ચાલ્યો એ જાણી વેપારી ચાલ બદલે છે. આપણે સમયનું સરવૈયું કાઢ્યું નથી અને હિસાબના ચોપડા બરાબર રાખ્યા નથી પણ બળદેવભાઈએ બન્નેના ચોપડા રાખ્યા છે. આ દરિયા દિલના માણસે નાણાંનો હિસાબ રાખ્યો છે પણ પ્રજાકીય કાર્યોનો હિસાબ રાખ્યો નથી. સરળતાથી મળે તેનું માનવજાતને મૂલ્ય હોતું નથી. પાણી-વાયુ-દેહ-સમય પણ શ્રી બળદેવભાઈને આ વસ્તુઓની કિંમત હતી. અંતે સમયની ઘડીઓ સુધી કાર્ય કર્યું અને મૃત્યુ મરી ગયું રે લોલ !

**બાળપણ અને શિક્ષણ**

ધીરજ અને હિંમતથી ધ્યેયને હાંસલ કરવા એમણે મક્કમ પગલે જીવનયાત્રા શરૂ કરેલ. સાણંદમાં શાળાની સગવડનો અભાવ હોવાથી ૬ કિ.મી. દૂર ગોધાવી ગામની શાળામાં અભ્યાસ કર્યો. દરરોજ ૬ કિ.મી. ચાલતા જવાનું અને આવવાનું. એટલે શ્રમનું મહત્ત્વ એમણે બાળપણમાં જ શીખેલું સાથે સાથે ઘરે પણ અભ્યાસ સિવાયનું કામકાજ કરવું પડતું. રમત-ગમતમાં ધ્યાન ઓછું પરંતુ ધર્મમાં ધ્યાન નાનપણથી જ. તોફાની ન ગણાય એવું ધીર-ગંભીર બાળપણ એમનું હતું.

ગોધાવી શાળામાં અભ્યાસ પૂરો કર્યા બાદ તેમણે મહેસાણા જિલ્લાના કડી ગામે સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો. છાત્રાલયમાં રહી એમનામાં રહેલા જન્મજાત સંસ્કારોને વધુ મજબૂત કર્યા. શ્રમનો મહિમા, શિસ્ત, સાદગી વગેરે ગુણોનું ચુસ્ત પાલન કરી જીવનનું શિક્ષણ સાથે ઘડતર કર્યું. રાષ્ટ્રીય રંગે રંગાયેલી શાળામાં રાષ્ટ્રભાવનાના સંસ્કારોનું સિંચન કર્યું. કડીની શાળામાં અભ્યાસ પૂરો કરી તેઓ અમદાવાદ શહેરમાં ભણવા આવ્યા. મોટા શહેરમાં ભણી-ગણીને આગળ વધવાની ધગશ લઈને આવ્યા. પટેલ બોર્ડિંગમાં રહી ટ્યૂટિરિયલ હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. સને ૧૯૩૪માં મેટ્રિકની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. એ સમયમાં મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ વર્ગ લાવનાર વિદ્યાર્થી સ્કોલર ગણાતા.

**વ્યવસાયિક જીવનયાત્રા**

મેટ્રિકની પરીક્ષા પાસ થયા બાદ એમણે તરત જ સાણંદ પોપટીયા વાડની સ્કૂલમાં અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે નોકરીથી વ્યવસાયિક કારકિર્દીના શ્રીગણેશ કર્યા. એમણે શિક્ષકની નોકરી એટલા માટે સ્વીકારી કે સારા શિક્ષકના અભાવે એમને મુશ્કેલી સહન કરવી પડેલી તેથી જ સાણંદ ગામના વિદ્યાર્થીઓને તકલીફ ન પડે અને સાણંદની શાળામાં સારા શિક્ષકની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પોતે આ ફરજ બજાવશે એમનો એવો સંકલ્પ હતો. એમણે એમના પિતાજીને પણ કહ્યું હતું કે યોગ્ય શિક્ષકની વ્યવસ્થા થશે એટલે હું ધંધામાં જોડાઈશ. ત્રણ મહિના પછી શિક્ષકની વ્યવસ્થા થતાં એમણે નોકરી છોડી દીધી. એમના પિતાશ્રી ડોસાભાઈ પટેલ સાણંદમાં અનાજ-ઘી-કપાસીયાનો ધંધો કરે અને એમની પ્રતિષ્ઠા વેપાર બજારમાં ઊંચી હતી. નીતિ અને ધર્મના આગ્રહી પિતાશ્રી પુત્રના લક્ષણ સમજી ગયા અને બળદેવભાઈને પોતાના વ્યવસાયમાં લઈ લીધા. અહીં તેઓ પિતાશ્રી પાસેથી વ્યાપારિક કુનેહ, વ્યવહારુ આવડત, નીતિ ધર્મના પાઠ શીખ્યા અને ધંધાનું જ્ઞાન મેળવ્યું. સાણંદના ધંધામાં એમના વડીલબંધુ મહાસુખભાઈ પણ એમની સાથે હતા.

બળદેવભાઈ સાણંદના પિતાશ્રીના ધંધામાં જોડાયા અને સ્થાયી થયા એટલે એમના લગ્ન માતાપિતાએ સાણંદના જ વતની ડાહ્યાભાઈ શંકરભાઈ પટેલની સુપુત્રી સંસ્કારમૂર્તિ રૂક્ષ્મણીબેન સાથે ૧૯૩૪ના મહા મહિનામાં કરાવ્યા અને પ્રભુતામાં પગલા પાડ્યા. રૂક્ષ્મણીબેને બળદેવભાઈનો સાથ છેલ્લા શ્વાસ સુધી નિભાવ્યો અને સાચા અર્થમાં એમના અર્ધાંગિની બની જીવન સાર્થક કર્યું. એમનું દામ્પત્ય જીવન પણ આનંદથી ભર્યું ભર્યું હતું. રૂક્ષ્મણીબેને જીવનભર તેમના કાર્યોને ઉમંગથી વધાવ્યા. તેમના પરગજુ અને સાલસ સ્વભાવે દાદાને ધાર્મિક અને સામાજિક કાર્યો કરવા માટે પ્રેરણા આપી.

બળદેવભાઈનું લક્ષ્ય ખૂબ ઊંચું હતું. સાણંદ ગામનું કાર્યક્ષેત્ર એમને માટે નાનું હતું તેથી તેઓએ ૧૯૩૭-૩૮ની સાલમાં અમદાવાદમાં પાલડી વિસ્તારમાં અનાજ - કરિયાણાની દુકાન શરૂ કરી. અનાજ - કરિયાણાની દુકાનમાં કામ કરતા કરતા મધ્યમ વર્ગની મુશ્કેલી પણ જોઈ અને પોતે પણ શરૂઆતમાં અમદાવાદમાં ભાડાનાં મકાનમાં એક સામાન્ય વર્ગના માણસ તરીકે રહેતા હતા.

વિવિધ વ્યવસાયિક પ્રવૃત્તિની શોધમાં તેઓની બારીક નજર હંમેશાં ફરતી રહેતી. તેમણે અનાજ-કરિયાણાની દુકાન કરી - વિકસાવી ધન પણ કમાયા. એમણે એમના જીવનમાં માતાપિતાના ધાર્મિક અને નીતિપરાયણતાના સિદ્ધાંતોને કારણે ધન સાથે કિર્તી પણ કમાયા અને અનેકવિધ નવા સાહસો વ્યાપારક્ષેત્રે કરતા રહ્યા. સમયાંતરે એમણે કાલા, કપાસ તથા રૂના ધંધામાં પણ પ્રવેશ કર્યો. પોતાના ભાઈઓ શ્રી મહાસુખભાઈ તથા ચીમનભાઈ સાથે તેમણે પોતાની પેઢી ૧૯૫૦માં કાલુપુર ચોખા બજારમાં સ્થાપી. કાલુપુર અનાજ બજારમાં પેઢીની શરૂઆત કર્યા પછી ધંધાની જમાવટ સાથે એમની પ્રતિષ્ઠા પણ અનેક રીતે ઉપસતી જોવા મળે છે. એમણે માત્ર ધંધો જ નથી કર્યો બલ્કે, અનાજ બજારમાં બેઠા બેઠા લોકોને પડતી હાડમારી, ધંધાની ગૂંચ, માનવીય સંબંધોની સમસ્યાઓ વગેરેમાં પણ સચોટ માર્ગદર્શન આપી તેમની મુશ્કેલીઓ હલ કરી. આમ, નિઃસ્વાર્થ અને પ્રમાણિક ભાવનાને કારણે દિનપ્રતિદિન બળદેવભાઈનું નામ મોટું થતું ગયું.

**મહાજન**

સન ૧૯૬૨માં અનાજ બજારમાં વેપારીઓના સંગઠનની સ્થાપના થઈ અને તે મારફતે વેપારીઓના પ્રશ્નો, તેમને પડતી મુશ્કેલીઓ દૂર કરવાના સફળ પ્રયાસ કર્યા. પરિણામ સ્વરૂપ અમદાવાદ અનાજ બજારના ગ્રેઈન મર્ચન્ટ ઍસોસિયેશનના ૧૯૭૩ થી તેઓ પ્રમુખસ્થાને રહી વેપારીઓના અનેક પ્રશ્નોને વાચા આપી. લાયસન્સ પદ્ધતિ દાખલ કરવાના મુદ્દે સમગ્ર દેશના વેપારીઓના એક ફેડરેશનની રચના થઈ અને તેમાં ઉપપ્રમુખ તરીકે રહીને યશસ્વી કામગીરી બજાવી. ૧૯૭૩ થી ગુજરાત અનાજ બજાર સંઘના પ્રમુખપદે રહી સમગ્ર ગુજરાતના વેપારીઓના રાહબર બન્યા.

આટલેથી ન અટકતાં તેમણે ગુજરાતના વેપારી મહાજનોને એક કરી એમની મુશ્કેલીઓ દૂર કરવા માટે વિવિધ સરકારી સ્થાનોએ રજૂઆત કરી. સામાન્ય રીતે અનાજ-કરિયાણાના વેપારીને લોકો તે સમયમાં કાળા બજારીયા તરીકે જોવા ટેવાયેલા અને તેથી વિશેષ સરકારી અમલદારોમાં પણ આવી જ છાપ. આ માટે તેમણે વેપારીઓને સંગઠિત કર્યા. નીતિ પ્રામાણિકતાથી ધંધો કરવા માર્ગદર્શન આપ્યું અને સમાજમાં વેપારીઓની આબરૂ ત્યાર પછીના દાયકામાં સુધરેલી આપણે જોઈ શક્યા છીએ. સરકારમાં પણ એમણે સચોટ રજૂઆત કરી જેથી જે તે સમયના દરેક મુખ્યમંત્રીઓએ એમની વાતને પ્રાધાન્ય આપ્યું છે અને સવિશેષ કટોકટીના સમયમાં જ્યારે વેપારીઓને કાળા બજારીયા તરીકે જેલમાં ધકેલી દેવાની વાત હતી, ત્યારે તે સમયના મુખ્ય મંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરી વેપારીઓને નિશ્ચિંત કર્યા - જેલના સળિયા ભેગા ન થવા દીધા.

અનાજ-કરિયાણાના તેમજ રૂના ધંધામાં એમની સાથે એમના પુત્રો શ્રી બચુભાઈ તથા શ્રી બકાભાઈ પણ જોડાયા. એટલે બળદેવભાઈ સમાજસેવા ઈતર પ્રવૃત્તિમાં વધુ સક્રિય બન્યા. વેપારીઓના અંગત પ્રશ્નો હોય, વેપારના પ્રશ્નો હોય, વિવાદ હોય, સૌની નજર બળદેવભાઈ પર રહેતી અને તેઓ સૌને સ્વીકાર્ય હોય એવો સુમેળભર્યો ઉકેલ શોધી આપતા તેથી બળદેવભાઈ લવાદી માટે શ્રેષ્ઠ વ્યક્તિ તરીકે ઓળખાયા.

વેપારીઓને સગવડ પડે તે માટે ગુજરાત જિનિંગ મિલ કમ્પાઉન્ડમાં ગ્રેઈન મ્યુચ્યુઅલ બિલ્ડિંગ સોસાયટીની સન ૧૯૫૮માં સ્થાપના કરવામાં તેમણે નોંધપાત્ર ફાળો આપ્યો. અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટ ઍસોસિયેશન મારફત સમાજને ઉપયોગી દવાખાનાનું આયોજન, જરૂરિયાતવાળા કુટુંબને આર્થિક સહાય વગેરે લોકોપયોગી પ્રવૃત્તિના એ જનેતા હતા.

૧૯૭૨માં વેપારીઓની જરૂરિયાતને ધ્યાનમાં લઈને ખોખરા મહેમદાવાદમાં ભાલકિયા મિલની જમીન પર "અનાજ બજાર શોપ્સ ઍન્ડ વેરહાઉસિંગ સોસાયટી"ની સ્થાપના કરીને અદ્યતન સુવિધા ધરાવતી માર્કેટ ઊભી કરી તેમજ માતબર દાન આપીને લોકોપયોગી દવાખાનું શરૂ કરીને દર્દીઓની મદદે આવ્યા. આમ, સન ૧૯૮૬ સુધી અનાજ બજારના ઍસોસિયેશનની ધુરા સંભાળી અને સ્વેચ્છાએ નવી પેઢીને જવાબદારી સોંપી. બળદેવભાઈ અનાજ બજારના ભિષ્મપિતા હતા.

**એમનું વહાલું સર્જન - કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક**

શ્રી બળદેવભાઈ સારા વિષ્ટિકાર હતા. પ્રશ્નને ઝડપથી ઉકેલતા. ધંધાકીય પ્રવૃત્તિ કરતા કરતા એમણે સાંપ્રત સમસ્યાનો ખૂબ જ અભ્યાસ કર્યો. વેપારીઓને કઈ જાતની સમસ્યા નડે છે, એમની સરળતા માટે શું થઈ શકે ? હંમેશાં તેઓ આ અંગે

વિચારતા રહ્યા. એમનું અવલોકન-નિરીક્ષણ સમાજ અને તેની ગતિવિધિ પર ખૂબ ઝીણવટભર્યું અને ચિંતનભર્યું રહ્યું છે અને એના પરિપાકરૂપે તેમણે અનેક સેવાકીય સંસ્થાઓ સ્થાપી, વ્યાપારિક ધોરણે પણ સ્થાપી. કાલુપુર વિસ્તારના તમામ પ્રકારના વેપારીઓને તેમની રોજબરોજની બૅંકિગ સવલતો માટે મુશ્કેલી પડવા લાગી. સવિશેષ ૧૯૬૯માં બેંકોના રાષ્ટ્રીયકરણ થયા પછી વેપારીઓને જે અગવડો પડવા માંડી તે માટે તેમના મનમાં ઘણી જ ચિંતા હતી.

આ પરિસ્થિતિમાંથી વેપારી વર્ગને બહાર લાવવા માટે તેમના મગજમાં વેપારીઓ માટે એક સહકારી બેંક સ્થાપવાનો વિચાર આવ્યો. એમણે વેપારી આગેવાનોને આ માટે સમજાવ્યા. બધાને ભેગાં કર્યાં અને કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકની એમણે સન ૧૯૭૦માં સ્થાપના કરી. ચોખા બજારમાં ભાડાનું મકાન લઈ નાના પાયા પર બેંકની શરૂઆત કરી. એમનું ધ્યેય ખૂબ જ સ્પષ્ટ હતું. એમણે બેંકના લક્ષ્યાંકો ખૂબ ઊંચા નક્કી કરેલા અને તે દિશામાં તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા. પોતાના ધંધામાં એમણે મહેનત કરી સફળતા મેળવી તેનાથી વધારે મહેનત બેંકના વિકાસમાં એમણે કરી એના અનેક લોકો સાક્ષી છે. સાચા અર્થમાં જોઈએ તો કાલુપુર બેંક એ બળદેવભાઈનો ત્રીજો દીકરો હતો. દીકરાને ઉછેરી, ભણાવી ગણાવી, કેળવી જીવનના પથ પર સ્થાયી કરવું એ પિતાની પ્રાથમિક ફરજ ગણાય. બળદેવભાઈએ કાલુપુર બેંકને પણ આવી જ માવજતથી ઉછેરી હતી એમ કહેવામાં સહેજ પણ સંકોચ ન થાય. શરૂઆતમાં તો આખો દિવસ બેંકમાં કામકાજમાં હાજર રહી માર્ગદર્શન આપે. રિઝર્વ બેંકના અધિકારીઓ, ગુજરાત સરકારના સહકાર ખાતાના અધિકારીઓ સૌને સાથે લઈને અને તેમની માર્ગદર્શિકા મુજબ બેંકના તંત્રને ગોઠવ્યું - ગતિ આપી. સૌ વેપારી આલમને સાથે રાખી જીવ્યા ત્યાં સુધી પ્રમુખપદ શોભાવ્યું. કેટલીક સંસ્થાઓ એમના સ્થાપકને લઈને ઊજળી દેખાતી હોય છે. કાલુપુર બેંકમાં પણ કંઈક આવું જ કહી શકાય. અમદાવાદ શહેર અને આજુબાજુના વિસ્તારમાં આ બેંક બળદેવભાઈ ડોસાભાઈ પટેલની બેંક એવી રીતે જ લોકો ઓળખે છે. ખરેખર બેંકને એક આદર્શ વહીવટકર્તા, ઉત્તમ માર્ગદર્શક, અણિશુદ્ધ પ્રામાણિક અને વ્યાપારી આલમના પ્રશ્નો સમજવાની - ઉકેલવાની કોઠાસૂઝ ધરાવતા કર્મઠ પ્રમુખ લાંબા સમય સુધી મળ્યા એ જ બેંકના વિકાસ માટેનું મહત્ત્વનું પરિબળ હતું.

બળદેવભાઈ પટેલનું જીવન અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિથી ધમધમતું જીવન એમાં કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંક લિ.નું ચેપ્ટર સુવર્ણ અક્ષરે જ લખવું પડે. કાલુપુર બેંક એક સામાન્ય કક્ષાની બેંક વિકાસની યાત્રા પથ પર ઝડપથી આગળ વધી. ૧૯૮૮માં દેશની પ્રથમ શિડ્યુલ અર્બન બેંક તરીકે રિઝર્વ બેંકે માન્યતા આપી. તેમાં ગુજરાતમાંથી ફક્ત કાલુપુર બેંકનો જ સમાવેશ થયેલ. બળદેવભાઈની ઝળહળતી કારકિર્દીમાં એ દિવસ કિર્તીસ્તંભ સમાન હતો. કાલુપુર શિડ્યુલ બેંક જ નહીં, પરંતુ રાષ્ટ્રીયકૃત બેંકો જે સેવા આપે એ તમામ સેવા આપતી બેંક તરીકે એમણે જનતા સમક્ષ મૂકી. બેંક તેના સભાસદોની પણ એટલી જ કાળજી રાખે છે. બળદેવભાઈની ઇચ્છા એવી હતી કે જે સભાસદ ગુજરી જાય ત્યારે રૂ. ૧૦,૦૦૦/-ની સહાય એમના કુટુંબીજનોને બેંકે કરવી જોઈએ. આ વિચારને એમના અવસાન બાદ બેંકે અમલ કરી એમના વિચારને અનુમોદન આપ્યું.

૨૫૦ ચોરસ ફીટ જગ્યામાં ૧૯૭૦માં શરૂ કરેલી બેંક ૧૯૯૫માં રજત જયંતીની ઉજવણી સુધીમાં ૨૨ શાખાઓ અમદાવાદ અને આજુબાજુના વિસ્તારમાં કાર્યરત હતી. આશ્રમરોડ પર પોતાનું વિશાળ આલિશાન મકાન તેમજ અન્ય શાખાઓ પણ મોખરાની જગ્યાએ, આંખને ઉડીને વળગે એવા સુરમ્ય મકાનો - બેંકના મજબૂત પાયાની સાક્ષી પૂરે છે.

બળદેવભાઈના મનમાં કોઈ પણ નિર્ણય લેતી વખતે સામા માણસની મુશ્કેલી શું છે ? અને એને કેવી રીતે મદદરૂપ થઈ શકાય એ વાત હંમેશાં રમતી હતી. આ વાત એમના બેંકની સુવર્ણજયંતી પ્રસંગે કરેલા એમના ભાષણ પરથી જોઈ શકાય છે. બેંકમાં સ્ટાફની નિમણૂક હોય કે કોઈ પણ સ્ટાફનો પ્રશ્ન હોય ત્યારે સંસ્થાનું હિત પહેલું જોવાય, પરંતુ તેમની દૃષ્ટિ સામા માણસની મુશ્કેલી તરફ પણ એટલી જ રહેતી. એટલે જ તો ગરીબ - મધ્યમ વર્ગના કે વિધવાના પુત્રને એમણે તેમની લાયકાત અને બેંકના નિયમને આધિન નિમણૂક આપવામાં મદદ થાય એવી નીતિનો એમણે અમલ કરાવેલો. એક કુટુંબ બેઠું થાય એ વાત એમના મનમાં હંમેશાં રહેતી હતી અને તે તેમના અનેક નિર્ણયોમાં આપણે જોઈ શકીએ છીએ. બોર્ડની મિટિંગમાં પણ સૌને પોતાની વાત સમજાવી બધા જ નિર્ણયો સર્વાનુમતે લેવાની એમણે તંદુરસ્ત પ્રણાલિ જીવનપર્યંત જાળવી રાખી ભવિષ્યના બોર્ડ માટે ઉત્તમ દૃષ્ટાંત મૂકતા ગયા. એમના સ્વભાવની સરળતા, નિખાલસતા અને નિઃસ્વાર્થ ભાવનાને કારણે તેઓ હંમેશાં એમની વાત સૌને સમજાવવામાં સફળ રહ્યા હતા. પછી એ સ્ટાફ હોય, ડિરેક્ટરો હોય, રિઝર્વ બેંકના અધિકારીઓ હોય કે સહકાર ખાતાના અધિકારી હોય કે વેપારી હોય કે અન્ય ગ્રાહક હોય - કોઈ પણ પ્રશ્નનું સુમેળભર્યું સુઃખદ સમાધાન બળદેવભાઈ અચૂક કરાવી આપતા અને બેંકની નીતિનો અમલ કરાવી શકતા હતા. કાલુપુર કોમર્શિયલ કો.ઓપરેટિવ.બેંક હંમેશાં બળદેવભાઈનું ઋણી રહેશે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ થતી નથી.

### શતાબ્દી ગૌરવ પુરસ્કાર

એટલે જ તો તા. ૧૭-૦૧-૨૦૦૫ના રોજ ભારતની સહકારી પ્રવૃત્તિના ૧૦૦ વર્ષ પૂરા કરી શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે કાલુપુર કોમર્શિયલ કો. ઓપરેટિવ બેંકે "સહકારી શતાબ્દી ગૌરવ પુરસ્કાર - ૨૦૦૪" એનાયત કરી એમની સેવાનું મરણોત્તર સન્માન કરી એમની સેવાની યથાર્થ નોંધ લીધી હતી.

બેંકની કામગીરી વિશે બે વાતનો આ પુસ્તકમાં અન્ય ઉલ્લેખ થયેલો હોવા છતાં લખ્યા વિના રહેવાય એમ નથી. પ્રથમ તો એમનો સ્ટાફ પર વિશ્વાસ અને માનવીય અભિગમ - એક અપંગ કર્મચારી કાયમી નહીં, પરંતુ એપ્રેન્ટિસ તરીકે કામ કરતા હતા. એમને છૂટા કરવા પડે એવો નિર્ણય અધિકારી વર્ગે લઈ લીધેલો, પરંતુ તેની મુશ્કેલીની રજૂઆત તેણે બળદેવભાઈ સમક્ષ કરી અને તે વાજબી લાગતા તેને બેંકમાં ચાલુ રખાવ્યો. આ અપંગ કર્મચારીના લગ્ન નજીકના ભવિષ્યમાં થનાર હતા, પરંતુ નોકરી જાય તો તે પણ ભંગ થાય. કર્મચારીઓના પગાર વધારાના પ્રશ્નને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવતા એમણે માનવીય અભિગમ રાખી વખતોવખત પગાર વધારો અન્ય સવલતો કરી આપ્યા. બળદેવભાઈ કહેતા કે, કર્મચારીઓનો નફામાં હિસ્સો છે અને પગાર વધારો કરી એમના કુટુંબના - બાળકોના આશીર્વાદ લો. કર્મચારીઓ નિષ્ઠાથી કામ કરે એવો પ્રયત્ન કરો. બેંકનું પ્રમુખપદ ૨૭ વર્ષ એમણે શોભાવ્યું, પરંતુ પોતાને માટે બેંકની કોઈ પણ સગવડનો ઉપયોગ કર્યો નથી. નિસ્વાર્થ ભાવનાનું આ ઉત્તમ દૃષ્ટાંત છે. એટલે જ તો ગુજરાત અને અમદાવાદમાં સહકારી બેંકોની સદ્ધરતા ડગમગાવા લાગી ત્યારે અને ત્યાર પછી પણ કાલુપુર બેંક મજબૂત અડીખમ ઊભી રહી છે એ બળદેવભાઈના પુરુષાર્થ અને ખૂણ્યનું પરિણામ કહી શકાય. એમણે ગ્રાહક સેવા, નિતિમત્તા, પ્રામાણિકતા અને શિસ્તના પાઠ સ્ટાફને ખૂબ પ્રેમથી ભણાવેલાં.

### દીન દુ:ખિયાના બેલી.

બળદેવભાઈની જીવન ઝરમરને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જોવું હોય તો તેમણે સ્થાપેલી તથા જેમાં તેમણે યોગદાન આપ્યું છે એવી સંસ્થા વિશે જાણવું પડે. વેપાર-ધંધો અને કાલુપુર બેંક વિશે જાણ્યા પછી સ્વાભાવિક રીતે આપણને એમની સેવાકીય અન્ય પ્રવૃત્તિ વિશે જાણવાની ઇંતેજારી થાય. એમના જીવનની આવી જ અન્ય પ્રવૃત્તિઓમાં જોઈએ તો સંકટ નિવારણ સોસાયટીની સેવાકીય પ્રવૃત્તિઓ જે ગુજરાત વેપારી મહામંડળના શ્રેષ્ઠીઓ દ્વારા કુદરતી આફતના સમયે સંકટગ્રસ્ત લોકોને રાહત પહોંચાડવાની કામગીરી કરી ગુજરાત અને દેશભરમાં નામાંકિત થયેલી. આ સંસ્થાના હાર્દમાં શ્રી કસ્તુરભાઈ લાલભાઈ હતા તથા શ્રી અમૃતલાલ હરગોવનદાસ શેઠ, પૂ. રવિશંકર મહારાજનાં આશીર્વાદ હતા. ત્યાર પછી શ્રી શ્રેણિક કસ્તુરભાઈ, શ્રી અરવિંદ નરોત્તમ અને શ્રી હીરાલાલ ભગવતી તથા શ્રી બળદેવભાઈ પટેલના યોગદાનથી શોભતી સંસ્થા.

૧૯૭૩થી આ સંસ્થાના સેક્રેટરી તરીકે કાર્યભાર સંભાળી એમણે અનેક આપત્તિ, સંકટ સમયે ગુજરાત અને ગુજરાત બહાર આફતગ્રસ્તોની વહારે બળદેવભાઈ પહોંચ્યા છે. સંકટ નિવારણ સોસાયટીમાં મંત્રી તરીકે રહી એમણે કુદરતી આફતમાં અસરગ્રસ્ત લોકોને અનેક રીતે મદદ પહોંચાડી છે. એમનું હૃદય હંમેશાં કરુણાથી ભરેલું હતું એની પ્રતિતી આપણને એમણે જે મહેનતથી તન, મન, ધનથી લોકોની સેવા કરી છે તેમાંથી થાય છે.

મોરબીમાં મચ્છુ ડેમની હોનારત, મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં ભૂકંપ, આંધ્ર પ્રદેશનું વાવાઝોડું, ગુજરાતની અનાવૃષ્ટિને કારણે વારંવાર પડતો દુકાળ હોય કે રોગચાળો ફેલાયો હોય કે અતિવૃષ્ટિથી નદીઓમાં આવેલા ઘોડાપૂર હોય બળદેવભાઈ પોતાની ટીમ લઈને અસરગ્રસ્તોની વહારે હંમેશાં રાત-દિવસ જોયા સિવાય ઊભા રહ્યા છે. દુષ્કાળને કારણે માણસો અને મૂંગા પશુઓની પરિસ્થિતિ પણ ખૂબ ખરાબ થઈ ગઈ હતી. ૧૯૮૬, ૮૭ અને ૮૮ના ત્રણ સળંગ દુષ્કાળનો સામનો ગુજરાતે કર્યો, તેમાં સંકટ નિવારણ સોસાયટીનો ફાળો નોંધપાત્ર રહ્યો. શ્રી હીરાલાલ ભગવતી અને બળદેવભાઈની જોડીએ ખભે ખભા મિલાવી રાહતકાર્યની ગોઠવણ કરી અને અદ્‌ભુત કાર્ય કર્યું. ૮૫,૦૦૦ ઢોર અનેક ગામોમાં ઢોરવાડામાં રાખ્યા અને પાણી, ઘાસચારો વગેરેની વ્યવસ્થા કરી મૂંગા પ્રાણીઓની સેવા કરી. આ ભગીરથ કાર્ય માટે ફંડ ઊભું કરવા પૂજ્ય ડોંગરેજી મહારાજની કથા યોજી રૂ. ૫ કરોડનું ભંડોળ દુષ્કાળ રાહત કાર્ય માટે ભેગું કરેલું. આ કાર્યમાં અનેક કાર્યકરોનો એમને સાથ મળ્યો. સરકારનો પણ સહકાર મળ્યો અને બળદેવભાઈની નિષ્ઠા અને પ્રામાણિક વહીવટનો અનુભવ લોકોને થયો. એમના નામથી માતબર દાનો મળ્યા, સરકારી સહાયો મળી. મૂંગા ઢોરોની યાતના જોઈ એમનું હૃદય દ્રવી ઊઠ્યું. જ્યારે સહકાર્યકરોએ જણાવ્યું કે ઘાસ મળતું નથી અને ઢોરોને જીવાડવું મુશ્કેલ બન્યું છે ત્યારે **બળદેવભાઈએ સૌને કહ્યું કે ઢોર ભૂખ્યા રહેવા ન જોઈએ. ગમે ત્યાંથી ઘાસ લાવો, ઘાસની સળી સોનાના ભાવે મળે તો પણ લાવો અને ઢોર ભૂખ્યા ન રહે** તેનું આયોજન કરો અને

તરત જ દક્ષિણ ગુજરાતમાંથી ઘાસ-શેરડી લઈ આવી ઢોરોને જીવતદાન આપ્યું. પંચમહાલ ગોધરાના તત્કાલીન સાંસદ શ્રી શાંતિભાઈ પટેલ તા. ૧૬-૦૭-૯૭ના રોજ તેમના શોક-સંદેશામાં લખે છે કે પંચમહાલ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યો તે સમયે મુરબ્બી બળદેવભાઈએ આપેલ સેવાઓ અવર્ણનીય છે. બળદેવભાઈ જ્યાં જ્યાં દુષ્કાળ પડે ત્યાં ત્યાં અવશ્ય પહોંચી જાય એ વાતની પ્રતિતી આવા અનેક સંદેશાઓમાંથી મળી રહે છે. આવી જ રીતે અતિવૃષ્ટિના સમયમાં ગામડે-ગામડે ફરીને જમીનદોસ્ત થઈ ગયેલાં ગરીબોના ઝૂંપડા-મકાન નવા કરાવી આપ્યા. એમની વ્યવસ્થાશક્તિનો આ ઉત્તમ નમૂનો છે.

એમનું કાર્યક્ષેત્ર અમદાવાદ કે અમદાવાદ જિલ્લા પૂરતું સિમિત ન હતું બલ્કે, ગુજરાત અને દેશભરમાં એ પહોંચ્યાના અનેક પ્રસંગો છે. ૧૯૬૯માં બનાસકાંઠા જિલ્લાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારના પ્રવાસે ગયેલા પ્રતિનિધિમંડળમાં પૂ. રવિશંકર મહારાજ સાથે બળદેવભાઈ પટેલ પણ હતા એટલે જ તો તેઓ એમની પાસેથી કરકસર અને પ્રામાણિકતાના પાઠ શીખ્યા હતા અને કહેતા "ઘસાઈને ઊજળા થાવ" ધન કમાયા છો તો પરોપકારે ઉપયોગ કરો.

એમના કાર્યથી પ્રભાવિત થઈને શ્રી શ્રેણિકભાઈ કહે છે, સંકટના આવા પ્રસંગે મારા પિતાશ્રી (કસ્તુરભાઈ લાલભાઈ)ની નજર સંકટ નિવારણ સમિતિના પ્રમુખ શ્રી હીરાભાઈ ભગવતી અને બળદેવભાઈ પર જતી. અરવિંદ લાલભાઈ, બળદેવભાઈ માટે કહે છે કે એકવાર તેમને કામ સોંપ્યા પછી મેં ભાગ્યે જ તેની પાછળ જોયું છે. મહેનત કરી નહિવત્ ખર્ચે સહાય પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવતા તેમને હું આજે પણ યાદ કરું છું.

૧૮૭૨માં ગુજરાત દુષ્કાળનો ભોગ બન્યુ હતું. અનાજની તીવ્ર અછત દૂર કરવા તામિલનાડુમાંથી અનાજ, મકાઈ, બાજરી વગેરે ખરીદી લાવી મુશ્કેલી દૂર કરવાનું આયોજન થયું. શ્રી બળદેવભાઈ તામિલનાડુ પહોંચ્યા. જથ્થાબંધ અનાજ ખરીદવા માટે નાણાંની જરૂરિયાત ઊભી થઈ. ઇન્ડિયન ઓવરસીઝ બેંક સાથે ચેન્નાઈમાં વાટાઘાટો કરી સાડા સાત ટકાના વ્યાજે રૂ. ૭૦ લાખ જેટલી રકમની લોન લેવાનું નક્કી થયું. આ માટે હીરાલાલ ભગવતી અને શ્રી બળદેવભાઈએ પોતાની વ્યક્તિગત ગેરંટી આપી હતી. આ હતી તેમની વેપારી અને મહાજન તરીકેની શાખ.

ગુજરાત વિશ્વકોશના ભગીરથ કાર્યમાં પણ બળદેવભાઈનું નોંધપાત્ર યોગદાન રહ્યું હતું. ગુજરાત વિશ્વકોશના પ્રણેતા સાંકળચંદભાઈ પટેલના અવસાન પછી શ્રી બળદેવભાઈ પટેલે પોતાની આગવી ઓળખને લઈને યોજના આગળ વધે તે માટે મોટી રકમનું ફંડ ભેગું કર્યું હતું.

**વેપારી મહામંડળના પ્રમુખપદે**

૧૯૮૧-૮૨ના વર્ષમાં ગુજરાત વેપારી મહામંડળના ઉપપ્રમુખ અને ૧૯૮૨-૮૩ના વર્ષમાં પ્રમુખ તરીકેની એમની કારકિર્દી પણ ખૂબ જ સરાહનીય રહી હતી. જાહેર જીવનમાં નીતિમત્તા - પ્રામાણિકતાના પ્રતિક બળદેવભાઈની પ્રજાના તથા વેપારીઓના પ્રશ્નો સમજવાની સૂઝ સમજ ખૂબ જ અનોખી હતી અને એટલે જ જે તે જગ્યાએ પ્રશ્નોની સફળતાપૂર્વક રજૂઆત કરી તેનો ઉકેલ લાવવાની કામગીરીમાં બળદેવભાઈ હંમેશાં અગ્રેસર રહેતા.

અનેક મહાનુભવોને ચેમ્બર્સમાં આમંત્રી ચેમ્બર્સની શોભા દેશભરમાં એમના કાર્યકાળમાં દીપી ઊઠી હતી. એમના પ્રયત્નથી ગુજરાત ચેમ્બર્સની ભારતભરમાં આબરૂ વધી હતી. ભારતના તે સમયના વડાં પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી - રિઝર્વ બેંકના ગવર્નર આઈ.જી.પટેલ, ડૉ. મનમોહન સિંહ અને અનેક કેન્દ્રના પ્રધાનો, ગુજરાતના મુખ્યમંત્રીઓ વગેરેને ચેમ્બર્સમાં બોલાવી વેપારીઓના પ્રશ્નોની રજૂઆત કરી હતી. તેઓ ચેમ્બરના ઇતિહાસમાં પહેલી વાર વેપારી ડેલિગેશન લઈ વિદેશમાં મીડલ ઇસ્ટમાં ગયા અને આંતરરાષ્ટ્રીય વેપારની વિશાળ તકોનો અભ્યાસ કરી વેપારીઓને નવી દિશા આપી. ભાવનગરમાં સેન્ટ્રલ સોલ્ટ ઍન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તરફથી પર્યાવરણ અંગે દેશભરના વૈજ્ઞાનિકોની હાજરીમાં યોજાયેલ સેમિનારમાં એમણે ચાવીરૂપ યાદગાર પ્રવચન આપેલું અને તેનો સુંદર પ્રતિભાવ ડેલિગેટોમાં પડેલો - બલ્કે તેમના પ્રવચનની કોપીની માગણી થયેલી.

વેપારી મહામંડળના પ્રમુખનો મોટો હોદ્દો હતો, પરંતુ લગીરે અભિમાન ન હતું અને નાના માણસનો પ્રશ્ન પણ એટલા જ સન્માન અને નિષ્ઠાથી હાથ પર લેતા, જેના ઉદાહરણરૂપે જોઈએ તો જામનગરમાં એક માણસ રેકડીમાં અનાજ વેચવાનો ધંધો કરે. જેની પાસે લાયસન્સ ન હોવાથી પુરવઠા ખાતાના અધિકારીઓએ માલ જપ્ત કરી તેની સામે કેસ કરેલો. આ વાતની ગુજરાત સરકારમાં અસરકારક રજૂઆત કરી તેમણે જપ્ત થયેલ માલ પાછો અપાવ્યો અને સરકારે કેસ પાછો ખેંચવાની ફરજ પડી. આવી હતી એમની પ્રતિભા. એમની સક્રિયતાને લઈને એમના કાર્યકાળ દરમિયાન ગુજરાત વેપારી મહામંડળ અનેકવિધ

પ્રવૃત્તિઓથી ધમધમતું રહેતું હતું. બળદેવભાઈ એટલે જ તો શ્રેષ્ઠી મહાજન તરીકે ઓળખાયા અને ગુજરાતની ભવ્ય પરંપરાના એ લોકોએ જોયેલા છેલ્લાં શ્રેષ્ઠી મહાજન હતા.

**સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓ**

બળદેવભાઈના જીવનને જોવા જઈએ તો તે અનેકવિધ પ્રવૃત્તિઓથી હર્યુંભર્યું હતું. એમણે સમાજના દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરેલું છે. આપણે જોયું તેમ વેપારમાં પણ ગુજરાતના ધનાઢ્ય વર્ગમાં મૂકી શકાય એટલું ધન કમાયા. વધારે નોંધવા જેવી વાત તો એ કે એઓ નીતિમત્તા અને પ્રામાણિકતાના ઉચ્ચતમ ધોરણો જાળવી ધન કમાયા - સાથે સાથે એમણે જે સમાજે એમને સાથ સહકાર આપ્યો, ઉચ્ચ દરજ્જો આપ્યો તેનું ઋણ એઓ હંમેશાં માથે રાખી ફરતા અને ધનનું અભિમાન કદીએ કોઈએ એમના વર્તનમાં નથી જોયું બલ્કે, હંમેશાં કરુણા અને વાત્સલ્યભાવ લોકોએ જોયો છે અને એટલે જ એમણે સેવાની ધુણી તેમના વતન સાણંદમાં ધખાવી છે તે જોઈએ. સાણંદ એ એમનું જન્મસ્થળ અને એમના જન્મથી એટલે કે ૧૯૧૭ થી ૧૯૩૭માં અમદાવાદ આવ્યા ત્યાં સુધી ૨૦ વર્ષ સાણંદમાં રહ્યા - ભણ્યાં ગણ્યાં. એટલે જ એમનો સાણંદ માટે લગાવ વધારે. ખાસ કરીને ત્યાંના મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકોને શિક્ષણની, આરોગ્યની તથા સામાજિક સેવાઓની મુશ્કેલી ન પડે તે માટે તેમણે વારંવાર સાણંદની મુલાકાત લીધી હતી તથા સાણંદના વિચારશીલ - સામાજિક કાર્યકરોને બોલાવી - સાણંદના ઉત્કર્ષ અને વિકાસ માટે ચિંતન કર્યું હતું અને આજે સાણંદ આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે આગળ વધ્યું છે તેમાં બળદેવભાઈનો ફાળો પણ નોંધપાત્ર રહ્યો છે.

તેમણે શિક્ષણ માટે સાણંદમાં એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના કરી જેમાં તેમનો મુખ્ય ઉદ્દેશ સાણંદના લોકોને રોજગાર મળી રહે તેવું શિક્ષણ મળે. લોકો ભણીગણી તેમની રોજીરોટી રળી શકે અને સંસાર ઊજળો બને. માણસનું જીવનધોરણ જમાનાની સાથે ગુણવત્તાભર્યું બને આ ઉદ્દેશથી સાણંદમાં કે.એ.બી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ (I.T.I.)ની સ્થાપના કરી. આ કામ માટે એમણે ખૂબ પ્રયત્નો કર્યા. જમીન-સંપાદન અને સરકારી ગૂંચ ઉકેલવી વગેરે સૌ પ્રશ્નોનો સાથી કાર્યકરોને વિશ્વાસમાં લઈ જે તે સરકારી અમલદારોનો સહકાર લઈ યોગ્ય ઉકેલ લાવ્યા. એમની નિષ્ઠા, મહેનત, પ્રામાણિકતાને લઈને સરકારની ટેક્નિકલ સંસ્થા (I.T.I.) અંગેની યોજનાની વિગત બળદેવભાઈને તે સમયના નાણામંત્રી સનતભાઈ મહેતાએ આપેલ અને એમની પ્રેરણાથી આ ભગીરથ કાર્યના શ્રીગણેશ થયેલા. કાલુપુર બેંકમાં એમણે ઠરાવ કરાવેલો કે જે કોઈ ગામમાં જ્યાં બેંકની શાખા છે ત્યાં I.T.I. કરવી હશે તો બેંક મદદ કરશે અને તે ઠરાવના ભાગરૂપે કાલુપુર બેંકે પાંચ લાખ રૂપિયાની મદદ કરેલી. આજે આ સંસ્થામાં હજારો વિદ્યાર્થીઓ ભણીગણીને સ્વરોજગારી અને બીજી અનેક નાની-મોટી નોકરી કરી જીવન ગુજારે છે. ટેક્નિકલ જ્ઞાનની સગવડ કરી યુવાનો પરાધિન થતાં અટકે અને સ્વયં પોતાના પગ પર ઊભા રહી શકે એ ભાવનાથી બળદેવભાઈએ શરૂ કરેલી આ સંસ્થા અને વિદ્યાર્થીઓના ભાવિના ઘડતરનું એક દિવ્ય મંદિર સમી સાણંદમાં આજે ઊભી છે.

આ ટ્રસ્ટના નેજા હેઠળ સીવણવર્ગ, કોમ્પ્યૂટર ક્લાસીસ પણ શરૂ કરેલ છે. અહીં પણ બળદેવભાઈએ જોયું કે બહેનો પરાધિન ન રહેતાં સ્વાવલંબી બને તે માટે સીવણ વર્ગો શરૂ કર્યા અને સમાજમાં બહેનોનું સ્થાન માનભેર રહે અને પોતે પૂરક આવક મેળવી ઘરનું જીવનધોરણ ઊંચું લાવવામાં ફાળો આપી શકે એવા ઉમદા હેતુથી આ પ્રવૃત્તિ કરી અને આજે અનેક બહેનો એનો લાભ લઈ રહી છે. આવી જ રીતે કોમ્પ્યૂટર ક્લાસીસ શરૂ કરી ગામડાના માણસોને પણ કોમ્પ્યૂટર જરૂરી બનવાનું છે અને તે માટે શહેરમાં જઈ શિક્ષણ લેવું મુશ્કેલીભર્યું અને ખર્ચાળ હોવાથી સાણંદમાં કોમ્પ્યૂટર ક્લાસ શરૂ કરી અને યુવાનોના આશીર્વાદ આજે પણ બળદેવભાઈને મળી રહ્યા છે. આ જ રીતે આ ટ્રસ્ટે શિક્ષણની સવલતોનો અભાવ જોતાં બે વર્ષ પહેલા જ આર્ટસ અને કોમર્સ કૉલેજની સ્થાપના કરી ટ્રસ્ટે બળદેવભાઈના શૈક્ષણિક કાર્યમાં વધારો કર્યો છે.

આવી જ રીતે સાણંદમાં ભગિની સમાજ પણ શૈક્ષણિક કાર્ય કરે છે તેમાં પણ બળદેવભાઈએ યોગદાન આપી જડીબેન ડોસાભાઈ ગોપાળદાસ સંસ્કાર કન્યા વિદ્યાલયની સ્થાપના કરી, કન્યા કેળવણી માટે તેમની લાગણીનાં દર્શન કરાવ્યા. બળદેવભાઈ ચોક્કસપણે માનતા હતા કે કન્યા કેળવણી એ સમાજસુધારા - સમાજ પરિવર્તન માટે પ્રાથમિક જરૂરિયાત છે - આધારસ્તંભ છે એ પણ એમના સમાજના પ્રશ્નોના અભ્યાસ અને સૂક્ષ્મ નિરીક્ષણના પ્રતાપે એ સમયે તેઓ જોઈ શક્યા કે કન્યા કેળવણી વિના સમાજ બેઠો થઈ શકશે નહિ અને તેથી જ તેમણે આ વાતને પ્રાધાન્ય આપ્યું.

કન્યા-કેળવણી માટે એમણે સાણંદ સિવાય પણ ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કડીના ઉપક્રમે કાલુપુર બેંકના સહયોગથી આલિશાન કન્યા કેળવણી સંકુલની સ્થાપના કરેલી. સર્વ વિદ્યાલય કડીમાં વિદ્યાર્થી તરીકે રહી અભ્યાસ કર્યો અને પાછળથી એ જ સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું અને સંસ્થાનું પ્રમુખપદ પણ શોભાવ્યું.

### નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ

નવ નિર્માણ સાર્વજનિક ટ્રસ્ટની સેવા એટલે ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી અને જરૂરતમંદને આર્થિક સહાય.

આ ટ્રસ્ટની સ્થાપના કરી બળદેવભાઈની ગરીબ અને મધ્યમ વર્ગને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની ભાવના મુખ્યત્વે જોવા મળે છે. આ કાર્ય એમણે ખૂબ ચીવટથી અને અંગત રસ લઈને કર્યું. ટ્રસ્ટ સંચાલિત અન્નક્ષેત્ર, બળદેવભાઈ ડોસાભાઈ છાશ કેન્દ્ર તથા સ્વ. રૂક્ષ્મણીબેન બળદેવભાઈ ડોસાભાઈ પટેલ માનવ સેવા કેન્દ્ર શરૂ કર્યાં અને હાલમાં કાર્યરત છે. સમાજના ગરીબ, આર્થિક રીતે પછાત, જરૂરતમંદ કુટુંબ કે વ્યક્તિઓને સહાયરૂપ થવાના લક્ષ સાથે શરૂ થયેલી પ્રવૃત્તિ શરૂ કરવા પાછળ તેઓશ્રીની સમાજસેવાની ઉચ્ચ ભાવનાના તેમજ ગરીબો અને જરૂરિયાતવાળાઓ પ્રત્યેની અનુકંપાના દર્શન થાય છે. દાદા પોતે કામમાં ખૂબ ચોકસાઈ રાખતા અને જે કોઈ આવે તેમને ન્યાય મળી રહે તે રીતે મદદ કરતા. આવું જ એક ઉદાહરણ જોઈએ. એક ભાઈ દાદા પાસે આવ્યા અને રડવા માંડ્યા કે "અમે ઘરમાં છ વ્યક્તિઓ છીએ અને ઘરમાં ખાવાનો એક દાણો પણ નથી. મેં સાંભળ્યું છે કે તમે ગરીબોને અનાજની મદદ કરો છો તો મને આપને યોગ્ય લાગે તે પ્રમાણે અનાજ આપો તો રોટલા ભેગા થઈએ." દાદાએ તે ભાઈને સામાન્ય પૂછપરછ કરીને કહ્યું કે તમે ઘેર જાવ હું યોગ્ય વ્યવસ્થા કરી આપીશ. તપાસ કરી અને દાદાની ધારણા મુજબ તેમને અનાજની જરૂર હતી જ. દાદાએ તે ભાઈને આખા કુટુંબને ચાલે તેટલા એક વર્ષના ઘઉં, ચોખા, દાળ, ગોળ અને તેલ ભરી આપ્યા. સંસ્થાની આછી રૂપરેખા નીચે જણાવેલ છે.

(૧) સાણંદ ગામમાં સવારે એક લીટર છાશ દરેક જરૂરિયાતવાળાને આપવામાં આવે છે.

(૨) દરરોજ સવારે સાંજે, ધંધો-રોજગાર શોધવા આવેલ, હૉસ્પિટલમાં આવેલ દર્દી તેમજ તેની સાથેની વ્યક્તિ હોય કે ભૂખ્યા-ભટક્યા જે કોઈ હોય તેઓને અન્નક્ષેત્રમાં જમાડવામાં આવે છે તેમજ અપંગ, વૃદ્ધ, અશક્ત, ન આવી શકે એવા માટે ટીફીન ભરી આપવામાં આવે છે. વર્ષાન્તે આશરે ૫૦,૦૦૦ વ્યક્તિઓ લાભ લે છે.

(૩) સાણંદ ગામના મધ્યમ સ્થિતિના આશરે ૫૦૦ પરિવારોને અનાજ તથા દર ત્રણ માસે જીવન જરૂરિયાતની ચીજો જેવી કે ઘઉં, ચોખા, તુવેરની દાળ, ખાંડ, ચા વગેરે માટે મૂળ રકમના ૨૦ ટકા જેટલી ટોકન રકમ લઈ રાહતના દરે આપવામાં આવે છે. આ ઉપરાંત નળ કાંઠાના પછાત ઉપરદળ, અણિયાળી, વનાળિયા, કરકથળ વગેરે ગામોમાં પણ રાહતના દરે ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવે છે.

(૪) તદ્દન નિરાધાર પરિવારોને વિનામૂલ્યે રાશન મોકલી આપવામાં આવે છે.

(૫) તહેવારોના સમયમાં આર્થિક રીતે નબળા વર્ગમાં મીઠાઈનું વિતરણ પણ કરવામાં આવે છે.

આ સમગ્ર પ્રવૃત્તિઓની ગોઠવણી બળદેવભાઈએ એવી રીતે કરેલ છે કે આ મદદ લેનાર વ્યક્તિનું સ્વમાન પણ જળવાઈ રહે. તેઓ હંમેશાં કાળજી રાખતા કે સામેના માણસને ઓશિયાળુ ન લાગે અને સંસ્થાએ મદદ કરી છે તેવું ગાણું પણ કદી ન ગવાય. તદુપરાંત જે ઉપયોગી ચીજવસ્તુઓ આપવામાં આવે - ભોજન, છાશ વગેરે સૌ સારી ગુણવત્તાવાળું હોય તેની પણ કાળજી રાખતા અને પોતે ક્યારેક જાતે ચકાસણી પણ કરતા. આ પ્રવૃત્તિ કરવા ખાતર નથી કરી, પરંતુ આ પ્રવૃત્તિમાં એમણે એમનું હૃદય ઠાલવ્યું છે એમ કહી શકાય.

### આધ્યાત્મિક આંતરિક મંડળ

આ મંડળના ઉપક્રમે અનેક આધ્યાત્મિક અને આરોગ્યલક્ષી સેવાની સાણંદમાં શરૂઆત કરી. સાણંદમાં આરોગ્યલક્ષી સેવાનો અભાવ હતો. અમદાવાદ જવા-આવવાનું પણ મોંઘું પડે - અગવડ પડે. આવી હાડમારીથી પીડાઈ રહેલ સામાન્ય વર્ગની જનતા માટે હૃદયમાં હંમેશાં કરુણા રહેતી એવા બળદેવભાઈએ પોતાના અથાગ પ્રયત્નોથી સંલગ્ન સંસ્થાઓનો સાથ લઈને તેમણે સાણંદમાં લાયન્સ નોર્થ, અમદાવાદ આંખની હૉસ્પિટલ ખોલી (સર્વોદય આંખની હૉસ્પિટલ), તેમની પૌત્રીની સ્મૃતિમાં રન્નાબેન બી. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ જનરલ હૉસ્પિટલ ખોલી, જેમાં દંત ચિકિત્સાલય, ઑર્થોપેડિક વગેરે સેવાઓનો પણ સામાન્ય સેવા સાથે ઉમેરો કર્યો.

ઉપરોક્ત હૉસ્પિટલમાં આપવામાં આવતી સેવાની ઝલક જોઈશું.

- પ્રતિ વર્ષ ૧૦૦૦થી વધારે દર્દીઓ લાભ લે છે. તેમને વિનામૂલ્યે સેવા અપાય છે.

- ઑર્થોપેડિક હૉસ્પિટલ, ડેન્ટલ હૉસ્પિટલ વગેરે સેવા ઉપલબ્ધ - જનરલ સેવા - એમ્બ્યુલન્સ દ્વારા પણ દર્દીને રાહત અપાય છે.

- નિષ્ણાત ડૉક્ટરોની સેવા ઉપલબ્ધ, એક્સ-રે, લેબોરેટરીની સેવાઓ, દર્દીઓ માટે સંપૂર્ણ ચેકિંગની સેવાઓ ઉપલબ્ધ બનાવી છે. દરેક સેવાઓનું આધુનિકરણ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

- હૉસ્પિટલ હાઇ-વે ઉપર આવેલ છે. એક્સિડન્ટ જેવા કેસમાં તાત્કાલિક સારવાર આશીર્વાદરૂપ થઈ પડે છે.

- નિદાન કેન્દ્રો ખોલીને સામાન્ય દર્દીઓ માટે સારવારનો લાભ આપવામાં આવે છે.

- નળ કાંઠા વિસ્તારમાં રોગ નિદાન કેમ્પ કરવામાં આવે છે. દર્દીઓને એમ્બ્યુલન્સ વાન દ્વારા હૉસ્પિટલમાં લાવવામાં આવે છે. આંખના દર્દીઓને ઑપરેશન તથા નેત્રમણી વિનામૂલ્યે નાખી આપવામાં આવે છે. આ ગામોમાં ફરતું દવાખાનું ચાલુ કરવામાં આવેલ છે, જેમાં વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે તથા દવા રાહતના દરે આપવામાં આવે છે.

બળદેવભાઈ સાણંદના પનોતા પુત્ર કહેવાયા. સામાન્ય જનતાએ એમને ખૂબ પ્રેમ આપ્યો. માન સન્માન આપ્યા અને બળદેવભાઈએ પણ મન મૂકીને સાણંદના લોકોની સેવા અનેક પ્રવૃત્તિઓ મારફતે કરી. એમની સમગ્ર પ્રવૃત્તિઓમાં સાણંદનો અદનો આદમી મધ્ય બિન્દુએ હંમેશાં બિરાજમાન રહ્યો છે.

**અજાતશત્રુ બળદેવભાઈ**

ધાર્મિક જીવન પણ એમના જીવનનું એક અંતરંગ પાસું હતું. એમણે કરેલ તમામ પ્રવૃત્તિમાં એમની દૃષ્ટિ ધર્મ તરફ હતી. આમ તો પોતે જૈન ધર્મના ઉપાસક એટલે નાનપણથી જ એમણે જીવનમાં ધાર્મિક શિસ્તના પાઠ ભણેલા અને આ ધર્મના સંસ્કાર એમના વ્યક્તિત્વમાં એવા ઊંડા ઉતર્યા હતા કે એમની વાણીમાં, વિચારમાં અને વર્તનમાં આપણને એમની ધાર્મિક ભાવના અને પ્રતિબદ્ધતાના દર્શન હંમેશાં થતા રહ્યા છે. બલ્કે એમના મૃત્યુ સમયે પણ કર્તવ્ય બજાવતાં બજાવતાં સ્વામી સચ્ચિદાનંદના સાંનિધ્યમાં એમણે એમના પ્રાણ છોડી ધાર્મિકતાના દર્શન કરાવ્યા એમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય.

એઓ હંમેશાં માનતા હતા કે ધન માત્ર એક સાધન છે, સાધ્ય નથી. એટલે જ તો પોતાની જીવનશૈલી તદ્દન સાદી, પહેરવેશ પણ સાદો, ખોરાક પણ સાદો, કોઈ વ્યસન પણ નહિ. બળદેવભાઈએ ધનનો એક સાધનની જેમ સદુપયોગ કર્યો. બળદેવભાઈ કર્મથી અને રીતથી ધાર્મિક હતા તેથી જ તે સદ્‌ગુણોના સ્વામી હતા અને અજાતશત્રુ હતા.

એમણે મહાત્મા ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને જીવનમાં બરાબર પચાવ્યો હતો અને એટલે જ તો પોતે પોતાની કમાણીમાંથી દર વર્ષે જીવ્યા ત્યાં સુધી સાણંદની અનેક સેવાભાવી સંસ્થા મારફતે જરૂરિયાતમંદ, મધ્યમવર્ગ કે ગરીબ વર્ગના લોકોને મદદરૂપ થવા માટે ઉદાર હાથે ધનની ફાળવણી કરતા રહ્યા. સમાજમાંથી મેળવેલું છે સમાજને પાછું આપવું અને પોતે ખપ પૂરતું જ વાપરવું એ વાત એમણે એમના જીવનમાં અક્ષરસહ ઉતારી હતી. એમણે જૈન ધર્મના સિદ્ધાંત અને તત્ત્વજ્ઞાનને જીવનમાં બહુ સારી રીતે પચાવેલું હતું. નાનપણથી જ તેઓ નિયમિત રીતે ચઉવિહાર, સામયિક તથા સ્વાધ્યાય કરતા હતા. તેમને જ્ઞાનની તરસ ઘણી જ રહેતી. એમણે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

કમલ મહારાજ સાહેબની પ્રેરણાથી એમણે આગમ અનુયોગ ટ્રસ્ટની સ્થાપના કરી અને પૂ. ગુરુદેવે પૂ. વિનયમુનીજી અને પૂ. મુક્તિપ્રભાજી અને પૂ. દિવ્યપ્રભાજી મહાસતીજીના સહયોગથી ૩૨ આગમન ને ૪ અનુયોગ (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ધર્મકથાનુયોગ અને (૪) ચરણાનુયોગમાં વિભાજિત કરી મૂળ ગાથાની સામે જ તેનો હિન્દી અનુવાદ અને તેવી જ રીતે મૂળ ગાથાની સામે ગુજરાતી અનુવાદ કરાવી તે અપ્રાપ્ય ગ્રંથો છપાવી જૈન સાહિત્યનું જે ભગીરથ કાર્ય કર્યું છે તે માટે યુગ યુગ સુધી તેઓ સદાય બધાને યાદ રહેશે. ધર્મના જ્ઞાનની તરસ તો એટલી કે તેઓ સ્થિતપ્રજ્ઞ બની સ્થાનકવાસી સંતસતીજી, શ્રાવકો અને શ્રાવિકા શાસ્ત્રનો આગમ અભ્યાસ પૂ. પંડિત શ્રી વસંતભાઈને રાજકોટથી બોલાવી સ્થાનકવાસી જૈન સોસાયટી નારણપુરામાં શરૂ કરાવ્યો જે પાછળથી પૂ. તારાબાઈ સ્વામી સિદ્ધાંત શાળા તરીકે ઓળખાય છે.

ધર્મના જ્ઞાનની પીપાસા તીવ્ર હતી અને તેથી જ તો તેઓ સંવત ૨૦૩૭ના નારણપુરા શ્રીસંઘમાં પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીના ચાતુર્માસમાં ચારે મહિના વ્યાખ્યાન વાંચણીમાં અચૂક હાજરી આપી પોતે પણ ધ્યાન આસન શીખવતા અને વાંચણી પણ આપતાં. સવારે બે વાગે જાગૃત બની એક સાથે પાંચ સામયિક કરતા-જેમાં વાંચન, ધ્યાન, સ્વાધ્યાય, પ્રાર્થના,

પ્રતિક્રમણ આદિ આરાધના કરતા. સંસારમાં રહેવા છતાં જલકમલવત રહેતા. અલિપ્ત ભાવો નિતરતા દેખાય અને ઓછું બોલી ઝાઝું કામ કરતા. જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપની સુઆરાધના કરી સમાજની સેવા કરી આત્મા ઉજ્જવલ કર્યો. ધર્મનો અને જ્ઞાનનો એમના જીવનમાં ખૂબ મહિમા હતો અને એથી જ તો એમણે સંપૂર્ણ સમજ સાથે ૪૭ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય વ્રત આજીવન સ્વીકાર્યું. એમાં એમના ધર્મપત્ની રૂક્ષ્મણીબેનનો પણ સમજપૂર્વકનો સહકાર એમને આ વ્રત લેવામાં મળી રહ્યો.

**સાંસારિક સંત**

આવું અનેરું ધાર્મિક જીવન બળદેવભાઈ સંસારમાં રહી જીવી ગયા. સાંસારિક સંત જેવી એમની જીવનયાત્રા ખરેખર અનેક સંપ્રદાયના સાધુસંતોને પણ પ્રભાવિત કરી ગઈ. પોતે જૈન ધર્મના ઉપાસક બલ્કે ચુસ્ત ઉપાસક અને તેમ છતાં અન્ય ધર્મ પ્રત્યે પણ એટલો જ આદર, સર્વધર્મ સમભાવના મુદ્રાલેખનું ઉત્તમ ઉદાહરણ એટલે બળદેવભાઈનું જીવન. સ્વામીનારાયણના સંત જોડે પણ સત્સંગ કરે, શ્રી પ્રમુખસ્વામીજી, સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ, પૂજ્ય ડોંગરેજી મહારાજ, પૂ. કનકેશ્વરી દેવી એવા તો અનેક ધર્મનાં સંતો સાથેના એમના સત્સંગના પ્રસંગો જોવા મળે છે અને એટલે જ તો એમના માનવ-કલ્યાણના સેવાકીય કામમાં નાતજાતના ભેદભાવ સિવાય હિન્દુ, મુસલમાન, ગરીબ, તવંગર, મધ્યમ વર્ગના સૌ કોઈને યોગ્ય મદદ અને માર્ગદર્શન આપી શક્યા તે માટે તેમનો ધાર્મિક અભિગમ કારણભૂત રહ્યો એમ કહી શકાય. ધર્મની સમજથી તેમના હ્દયમાં કરુણાનો ભાવ જાગ્યો અને તે તેમને દીનદુઃખીયા અને મૂક પશુઓની સેવા કરવા માટે પ્રેરી ગયો એમ કહી શકાય.

શ્રી બચુભાઈ અને શ્રી બકાભાઈ તથા સ્વ. બળદેવભાઈના પરિવારે આ પુસ્તક પ્રગટ કરવાનું નક્કી કર્યું જેનો મુખ્ય ઉદ્દેશ છે ઊજળું વ્યક્તિત્વ ધરાવતા બળદેવભાઈના જીવનમાં જોવા મળતાં ગુણો અને સત્કર્મોમાંથી યુવા પેઢી પ્રેરણા લે. દાયકાઓને અજવાળતો એમનો જીવનપંથ લોકસમુદાયની સામે પ્રગટ કરવાનો આ ઉપક્રમ છે. શ્રી બચુભાઈના દીકરા ચિ. પરેશભાઈને 'દાદા' સાથે અદ્‌ભુત લગાવ હતો. 'દાદા'નું નામ આવતા ભાવવિભોર બની જાય. આંખની પાંપણ પર આંસુ આવી જાય. ભાઈશ્રી પરેશની તો એવી ઈચ્છા છે કે આ પુસ્તક મારા માટે 'ગીતા' બને અને મારા દાદા 'અક્ષરદેહે' શબ્દદેહે પ્રગટ થાય. અમારા દાદા વાત્સલ્યમૂર્તિ અને પરિવારનો ઘેઘૂર વડલો હતાં. નારણપુરા અમદાવાદમાં આવેલ બી.ડી. પટેલ હાઉસ દાદાના પારિવારીક પ્રેમનું પ્રતિક છે.


શ્રી બળદેવભાઈ જેવા કર્મનિષ્ઠની ઓળખ આપતાં લખવું હોય તો શ્રીકુમાર અંબુજના કાવ્યનો આશરો લઉં.

"મારા ભાગ્યે આવેલું કહેવાનું મારે જ કહેવું પડશે. આ ભૂગોળમાં મારું જેટલું ક્ષેત્રફળ હોઈ શકે છે ત્યાં મારે જ કરવો પડશે મારા ભાગનો પ્રેમ. મારી ઘૃણા પણ પ્રગટ કરાવવી પડશે મારે જ. કોઈ બીજો મારો ક્રોધ વ્યક્ત નહીં કરી શકે. મારા ભાગનો વિરોધ મારે જ નોંધાવવો પડશે. મારી તરસનું જળ એમ જ નદીમાં નહીં વહી જાય. મારી ભૂખના ફળ તોડવા પડશે પણ મારે જ. મારી ઊંઘ બીજાની આંખોથી પૂરી ન થાય. મારા ભાગની મહેનત પણ કરવી પડશે મારે જ. હું ભાગીને બચી શકું નહીં. કોઈ કંદરામાં છુપાઈ શકું નહિ. મારું જીવન મારે જ જીવવું પડશે અને કહેવું પડશે વારંવાર મારે ભાગે આવેલું સત્ય."

❖ ❖ ❖

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, જેમનું વતન સાણંદ જેવું ઓછું જાણીતું ગામ હોવા છતાં પણ તેમના સત્કાર્યોથી તેઓ ભારતભરમાં પ્રખ્યાત થયાં. તેઓને જીવદયામાં ઘણી જ અભિરુચિ હતી. ગાયોની રક્ષા માટે તેઓએ ઘણો ઘણો જ પ્રયત્ન કર્યો હતો.

**— ઉ. પ્ર. વિનયમુનિ મહારાજ સાહેબ 'વાગીશ'**



પૌત્રના શુભ લગ્નપ્રસંગે પ્રથમ કંકોત્રી
લખતા વાસ્તલ્ય મૂર્તિ
શ્રી બળદેવભાઈ



આરામની પળોમાં
શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

# ૫

# ચાર દીકરીઓના પિતા બળદેવભાઈ

**– અરૂણાબહેન**

મોટી દીકરી, અમદાવાદ

મને યાદ છે, હું જ્યારે દસમાં ધોરણમાં ભણતી હતી ત્યારે સાબરકાંઠામાં દુષ્કાળ પડ્યો હતો તે વખતે મારી ઉંમર સોળ વર્ષની હશે. એ દુષ્કાળ પીડિતોને રાહત પહોંચાડવા માટે હીરાકાકા અને દાદાની સાથે હું પણ ગઈ હતી. દાદા એટલે મારા બાપુજી. ઘરમાં બાપુજીને પહેલા 'ભાઈ' કહીને બોલાવતા હતા. પાછળથી અમારા દીકરા-દીકરીઓને એમને દાદા કહેવા લાગ્યા એટલે અમે પણ એમને 'દાદા' જ કહેતાં. પછી તો 'દાદા' એમનું હુલામણું નામ જ પડી ગયું. નાનાં મોટાં સૌ કોઈના દાદા.

બાપુજીને સંસ્કૃત બહુ જ સારું આવડતું હતું. તેઓ અમને સંસ્કૃત ભણાવતા હતા. ભણાવતી વખતે ધ્યાન રાખે કે અમે ઉચ્ચાર બરાબર કરીએ છીએ કે નહીં. એમના પોતાના ઉચ્ચારો ખૂબ જ શુદ્ધ હતા. હું તો દસમાં ધોરણ સુધી જ ભણી, પરંતુ મારા ભણતરમાં તેમણે અંગત રસ લીધો હતો. ભણવા સિવાયની પણ દરેક બાબતોની તેઓ અંગત રીતે કાળજી રાખતાં હતાં. ઘરના દરેક સભ્યોની અને નાનામાં નાની વ્યક્તિ તથા બાબતનું તેઓ ધ્યાન રાખતાં હતાં.

હું પાંચમાં ધોરણમાં શારદામંદિર સ્કૂલમાં ભણવા જતી હતી. તે વખતે શિયાળામાં અમારે સવારે શાળામાં કસરત કરવા જવું પડતું હતું. તો વહેલી સવારે બાપુજી રોજ મને મૂકવા આવતા હતા, મને શાળાએ મૂકી તેઓ આગળ ચાલવા જતા. પાછળ વળતાં મને લેતા આવતા. એમનું ચાલવાનું તો નિયમિત. ફક્ત ચાલવાનું જ નહીં એમની દરેક બાબતોમાં એ નિયમિત હતા. ઊઠવાનો સમય, જમવાનો સમય, દેરાસર જવાનો સમય, રાત્રે ઊંઘવાનો સમય બધું જ ચોક્કસ સમયે જ. તેઓ જીવ્યા ત્યાં સુધી એમણે નિયમિતતા જાળવી હતી અને એમને પણ કહેતા કે "બધું કામ સમયસર જ થવું જોઈએ. જમવા માટે કહેતા કે પેટ ભરાય માટે જમવાનું. જીભના સ્વાદ માટે જમવું નહીં." તેઓ રોજ જમવામાં પાંચ કે છ વાનગી લેતા હતા.

તેમને ધર્મમાં બહુ જ આસ્થા હતી. ધર્મના અભ્યાસમાં તેઓ ખૂબ ઊંડા ઉતર્યા હતાં. જો એમની વ્યસ્તતામાંથી, એમને સમય મળે ત્યારે ધાર્મિક પુસ્તકો જ વાંચતા મેં એમને જોયા છે. બપોર પછી જ્યારે દેરાસરમાં વાંચણી થાય ત્યારે તો મહાસતી બાપુજીની રાહ જુએ. બાપુજી જાય પછી વાંચણી કરી અને એમની સાથે ચર્ચા પણ કરે.

બાપુજીને ભજન, પ્રાર્થના ગાવાનું ગમતું. રોજ રાત્રે સૂતાં પહેલા અમને ચારેય ભાઈ-બહેનોને એક સાથે બેસાડે અને પછી "ઓ ઈશ્વરભજીએ તને મોટું છે તું જ નામ...." વાળી પ્રાર્થના ગવડાવે. પ્રાર્થના કરી ને જ સૂઈ જવાનું એ અમારો રોજનો નિયમ હતો. એમની અંગત પુસ્તકાલયમાં ધર્મનાં પુસ્તકો જ સવિશેષ હતા આજે પણ સચવાયા છે અને નાના હતા ત્યારે સસ્તું સાહિત્યની નાની-બાળવાર્તાની ચોપડીઓ અમને લાવી આપતા હતા. ચોપડીઓ આપ્યા પછી પાછા પૂછે પણ ખરા કે તમે કઈ ચોપડી વાંચી ? ચોપડીમાંથી કઈ કઈ વાર્તા વાંચી ? આમ, અમારામાં વાંચન પ્રત્યેની ભૂખ, રસ જાગૃત કરવામાં બાપુજી રસ લેતા હતા. અરે, લગ્ન પછી પણ જ્યારે જ્યારે પિયરમાં આવું ત્યારે કોઈને કોઈક ધર્મનું પુસ્તક વાંચવા આપે જ. પુસ્તક આપીને કહેતાં, બહેન વાંચજે તને ગમશે. પુસ્તક મને આપ્યા પછી હું પાછું એમને આપું ત્યારે અવશ્ય પૂછે કે ચોપડી વાંચી કે નહીં ?

બા-બાપુજીએ અમારા જીવન ઘડતરમાં ખૂબ ફાળો આપ્યો છે. બાપુજી પાસેથી તો અમે જિંદગીનાં ઘણાં પાઠ શીખ્યા છીએ.

મારા લગ્ન થયા ત્યારે મારા સાસરીયામાં થોડીક મુશ્કેલી હતી. હું પિયરમાં આવું અને ફરિયાદ કરું તો મને જે શબ્દો તે કહેતાં તે આજે પણ મને બરાબર યાદ છે. એ મેં મારા જીવનમાં ઉતાર્યા પછી હું દુઃખી નથી થઈ. તેઓ હંમેશાં મને એક જ વાત કહેતા કે "સહન શક્તિ રાખો, નમે એ ભગવાનને ગમે." બસ, આ શબ્દો, આ વિચાર મારા હૃદયમાં જાણે કોતરાઈ ગયાં છે. મારી દીકરાઓના લગ્ન થયાં ત્યારે પણ એમણે મને એક વાત કહી હતી કે, બહેન ઘરમાં આવનાર વહુને દીકરી ગણીને રાખજે, ક્યારેય કોઈ પ્રશ્ન નહીં થાય. બાપુજીની આ વાત પણ મેં જીવનમાં ઉતારી છે. આજે હું અને મારી વહુ મા-દીકરીની જેમ રહીએ છીએ.

❖ ❖ ❖

૬

# કુટુંબના વ્હાલા-બાપુજી વડલાની છાયા સમા બાપુજી

– ભાનુબહેન પટેલ

નાના દીકરી, અમદાવાદ

બાપુજી પાસે તો જ્ઞાનનો ભંડાર હતો. આજે હવે મને સમજાય છે કે અમે એમની પાસેથી કશું મેળવી શક્યા નહીં, જોકે એમણે તો એક આદર્શ પિતાની જેમ જ અમારો (સંતાનોનો) ઉછેર કર્યો હતો. હું સમજણી થઈ ત્યાર પછીની એમની દરેક બાબતો અને જીવન પ્રણાલી મને યાદ છે. તેઓ રોજ સવારે ઊઠે એટલે નાહી ધોઈને ભજન ગાતા હોય. એમાં "વૈષ્ણવજન ... અને હે કરુણાના કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી..." આ બે ભજન ગણગણતા હોય. આ બન્ને ભજન બાપુજીને બહુ પ્રિય હતા. હું ઊઠવામાં થોડી આળસુ હતી. ઘરમાં બધા સવારે વહેલા ઊઠી જતા, જ્યારે ઊઠવામાં થોડું મોડું થાય. એટલે રોજ મને કહેતા કે, "આહાર અને ઊંઘ જેટલું વધારો એટલું વધશે." આ વાક્ય મને આજે પણ યાદ છે. જોકે તેમની દરેક વાતો આપણા જીવન માટે મહત્ત્વની જ છે એવું જ મને તો લાગ્યું છે. સમય પાલનમાં બાપુજી બહુ જ પાક્કા. તેઓ જીવ્યા ત્યાં સુધી એમણે એમની જિંદગીની મિનિટે મિનિટનો ઉપયોગ કર્યો છે. સમયપાલનમાં પાક્કા તેમ ધર્મમાં પણ ચુસ્ત હતા. ધર્મના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરતા હતા. બાપુજી એમના કામ માટે મુંબઈ જાય તો ટ્રેનમાં જ સામયિક (જૈન ધર્મની ક્રિયા) કરી લેતા હતા. સાંજે સૂર્યાસ્ત પહેલા જમી જ લેતા. જો કોઈ વાર કોઈ કારણસર મોડું થયું હોય તો ન જમતા અથવા તો જ્યાં જે અનુકૂળ હોય એ ખાઈ લેતા. બાપુજીનું જીવન આમ ચુસ્ત લાગે પરંતુ એમાં જડતા નહીં, ભારોભાર અનુકૂળતા. મને યાદ છે કે તેઓ હંમેશાં એવું કહેતા કે આપણે સામી વ્યક્તિને અનુકૂળ થઈને રહેવું જોઈએ. જમવાની બાબતમાં તો ખાસ કહેતા કે "તમારા પેટને શું અનુકૂળ આવે છે ? એ જ તમારે ખાવું જોઈએ."

બાપુજી વેપારમાં, સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહેતા હતા છતાં ઘરના દરેકના સ્વભાવોની પૂરેપૂરી કાળજી રાખતા હતા. સાંજે ઘરે આવે એટલે ઘરમાં બધાના ચહેરા સામે જુએ, જો કોઈનું મોઢું ઉદાસ લાગે તો કામ પરવારીએ એટલે બોલાવે અને કારણ પૂછે કે કેમ આજે પેલી વ્યક્તિનું મોઢું ઉતરેલું છે. કારણ જાણે પછી ઉદાસ વ્યક્તિને પોતાની પાસે બોલાવે અને પ્રેમથી હૂંફથી એને સમજાવે. બાપુજી સમજાવે એટલે એની ઉદાસી ક્યાંય ગાયબ થઈ જાય. મને યાદ છે કે ક્યારેક અમે અકળાઈને એમની સાથે વાત કરી હોય તો તેઓ એ અમારી વાત શાંતિથી જ સાંભળી છે. અમે બોલી લીધા પછી તેઓ એક જ વાક્ય એવું બોલે કે અમારી અકળામણ, મૂંઝવણ તરત જ દૂર થઈ જાય.

હા, તેઓ વેપાર-ધંધામાં વ્યસ્ત, જાહેર કાર્યોમાં દોડા-દોડી કરે, ધાર્મિક પ્રસંગોમાં જાય છતાં તેમનાં થાકેલા, કંટાળેલા કે ગુસ્સે થતાં મે ક્યારેય જોયાં નથી. એમણે મનને એવી રીતે કેળવેલું કે કોઈ પણ પરિસ્થિતિમાં તેઓ સ્થિતપ્રજ્ઞ રહી શકતા હતા. એમના મોઢેથી મેં ક્યારેય 'અપશબ્દો' નથી સાંભળ્યા. તેઓ અમને ભાઈ-બહેનને પણ કહેતા કે, "માણસે હંમેશાં જીભની મીઠાશ રાખવી જોઈએ, તો દરેક વ્યકિતના ગુણ જોવા જોઈએ અને આપણે આપણી ફરજ બજાવવાની બીજા શું કરે છે તે આપણે નહીં જોવાનું ?" બાપુજી તો જીવ્યા ત્યાં સુધી આ બધી જ બાબતો તેમણે આચરણમાં મૂકી હતી.

બાપુજીનો સ્વભાવ એકદમ નિખાલસ અને સરળ હતો, તેઓ સાદાઈમાં માનતા હતા. પોતે આટલા મોટા વેપારી કે મહાજન એનું એમને ક્યારેય અભિમાન ન હતું. નાનામાં નાના માણસના ઘરે પ્રસંગે હોય અને આમંત્રણ આપે તો બાપુજી અચૂક એના ઘરે જતા હતા. એમને જરાય સંકોચ કે શરમ નહોતી. તેઓ માટે તો બધા સરખા જ હતા.

બાપુજીને એમ દીકરીઓ વ્હાલી હતી, પરંતુ મારી બંને ભાભીઓને તો એમણે અમારા કરતાં વધારે પ્રેમ આપ્યો હતો અને એમને પણ એવા જ સંસ્કાર આપ્યા હતા કે ઘરમાં ભાભીઓનું માનવાનું. મોટા ભાઈના લગ્ન થયા પછી રમીલાભાભીને જ ઘરનો બધો વહીવટ સોંપ્યો હતો. અમારે પૈસાની કે વસ્તુ લાવવાની હોય તો કહેતા કે જા ભાભીને કહેજે આપશે અને ભાભીઓએ પણ અમને એમની નાની બહેનની જેમ જ સાચવી છે. આજે પણ સાચવી રહ્યાં છે.

બાપુજીને શિક્ષણ પ્રત્યે ખૂબ જ લગાવ હતો. અમારા શિક્ષણ માટે પણ તેઓ સજાગ હતા. એ સમયે એમનું અંગ્રેજી અને ગણિત બહુ જ સારાં હતાં. મને યાદ છે કે બાપુજી અમને આ બંને વિષયો ભણાવતા હતા. હું સ્નાતક થઈ ત્યાં સુધી

જો કોઈ વિષયમાં સમજણ ન પડે કે મુશ્કેલી થાય તો બાપુજીને કહેતી. બાપુજી એમાં માર્ગદર્શન આપતા હતા.

બાપુજી તો એવી વ્યક્તિ હતા કે મને એમની દીકરી હોવાનું ગૌરવ છે. આદર્શ પિતા, સસરા અને પતિ તેઓ બની શક્યા હતા. એમનામાં બધા સદ્‌ગુણો જ હતા. જાહેરજીવનમાં કામ કરતા કે કુટુંબમાં, બેંકમાં કોઈનાથીય ભૂલ થઈ હોય તો તેઓ માફ કરી દેતા. સામી વ્યક્તિને માફ કરવાની તાકાત તેમનામાં હતી તો વળી, દરેક બાબતને હંમેશાં હકારાત્મક રીતે જ જોતાં (પોઝિટીવ થિંકિંગ). જો કોઈએ એમનું કામ ન કર્યું હોય તો એના પર ગુસ્સે થવાને બદલે કે નારાજ થવાને બદલે એવું કહેતા કે એના સંજોગો એવા હશે. આપણી સાથેનું ઋણાનુબંધ એટલું જ હશે. તેઓ ઋણાનુબંધ માનવતામાં માનતા હતા.

બાપુજીમાં એક બીજો મોટો ગુણ એ હતો કે તેઓ કદી કોઈનું અપમાન નહોતા કરતાં કે તેમને પણ 'હું' પણ જેવુ નહોતું. અભિમાનના તેઓ સખત વિરોધી હતા. હું તો કહું છું કે બાપુજી જેવી વ્યક્તિ બધા હોય તો સમાજ સુખી થઈ જાય. મારા બાપુજી તો અનોખી વ્યક્તિ હતા. એમને કંઈ કેટલાય વંદન કરીએ તો ઓછાં છે. હું તો એમના જીવનમાંથી પ્રેરણા લઈ એમણે બતાવેલ માર્ગે ચાલવાનો નમ્ર પ્રયાસ કરું છું એ જ મારે મન મારા બાપુજી માટેની શ્રદ્ધાંજલિ છે.

❖ ❖ ❖

શ્રી બળદેવભાઈનું જીવન સમાજ માટે સમર્પિત હતું. વ્યવસાયની સાથે સાથે સેવા કરવાની એમની ધગશ જુદી-જુદી સંસ્થાઓ રૂપે વિસ્તરી હતી. વ્યાપાર ક્ષેત્રે, સહકારી ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, ધર્મ ક્ષેત્રે, જીવદયા તેમજ કુદરતી આપત્તિઓના પ્રસંગોમાં તેમણે આપેલી સેવાઓ અવિસ્મરણીય છે. સંઘર્ષમય જીવનમાંથી ઉપર આવીને તેમણે નવી પેઢી માટે એક પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાતમાં વેપારીઓ માટે પણ તેમનું ઉમદા નેતૃત્વ છત્રરૂપ હતું.

**– પ્રમુખસ્વામી, સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી**

# ૭ પારકી દીકરીને પોતાની દીકરી બનાવીને રાખવી એવી સમજણ વર્ષો પહેલાં પણ બાપુજીમાં હતી

**– રમીલાબહેન પટેલ**
**બળદેવભાઈના મોટા પુત્રવધુ, અમદાવાદ**

મારું પિયર બાવળા. હું પરણી ત્યારે મારી ઉંમર સત્તર વર્ષની હતી. હું મોટી હતી. મારાથી નાની બે નંણદો અને એક દીયર હતા. મોટી વહુ તરીકે ઘરમાં આવતાં બાપુજીએ મને ઘરનો બધો ભાર સોંપી દીધો હતો. જો કે સમય આવે મારી પડખે ઊભા રહેતા હતા. અમારા ઘરમાં બાપુજીને બધા 'ભાઈ' કહેતા, એટલે હું પણ ભાઈ કહીને જ એમને બોલાવતી હતી. ૧૯૫૮માં મારા લગ્ન થયાં. મારા લગ્ન થયા ત્યારે અમે પાલડી વિસ્તારમાં રહેતા હતા. હું સાવ નાની વહુ બધી સમજણ પણ ના પડે. છતાં બાપુજી મને ક્યારેય વઢ્યા હોય કે ઊંચા સાદે બોલ્યા હોય એવું યાદ નથી. મને એમણે મારા પિતા જેઓ જ સ્નેહ-પ્રેમ આપ્યો હતો. તેઓ મને એમની દીકરી જ ગણતા. ક્યારેય 'રમીલા વહુ' એવું ના બોલે. હંમેશાં 'રમીલા' કહીને જ બોલાવતાં હતાં. આજે જ્યારે સમાજમાં સાસુ-વહુના, સસરાના ઝગડા થાય છે ત્યારે મને બાપુજી ખૂબ જ યાદ આવે છે. વર્ષો પહેલા રૂઢિચુસ્ત જમાનામાં પણ અમારા બાપુજીમાં એવી સમજણ હતી કે, "પારકી દીકરી આપણા ઘરે આવે એટલે એ આપણી પોતાની દીકરી જ કહેવાય". બાપુજી એમના જીવનમાં, પરંપરાઓમાં ચુસ્ત પણ અમારા પર ક્યારેય દબાણ નહોતું કર્યું. મારાં લગ્ન થયાં ત્યારે હું મારા પિયરમાં વૈષ્ણવ ધર્મ પાળતી હતી. અહીયાં જૈન ધર્મ પાળવાનો. બાપુજી જૈન ધર્મની પરંપરાઓ સમજાવે, શીખવાડે ખરા પરંતુ આત્યાધિક કે કડકાઈથી નહીં. શાંતિથી બધું જ સમજાવે. બાપુજી જીવ્યા ત્યાં સુધી કોઈ દિવસ મેં એમને ગુસ્સે થતાં જોયાં નથી. ધર્મની બાબતમાં તેઓ કહેતા ખરા કે, "તમે જે ભગવાનમાં માનતા હોય, જે ધર્મ પાળતા હોય તે પાળો, પરંતુ શ્રદ્ધા રાખો અને શ્રદ્ધાથી ધર્મ કરો."

સમય જતાં હું પણ જૈનધર્મના રંગે રંગાઈ ગઈ. બધું આવડી ગયું. એથી બાપુજી ખુશ હતા. પોતે જૈન ધર્મમાં માનતા એટલે જૈન સાધુ સાધ્વીઓ અમારા ઘરે વહોરાવે (જમવાનું લેવા આવે) એવી ભાવના એમની ખાસ રહેતી. બપોરે દેરાસરમાં ઉપાશ્રયમાં ગયા હોય અને સાધુ-સાધ્વીઓ માટે જમવાનું બનાવવાનું હોય તો ફોન કરે કે આટલા જણ છે. જમવાનું બનાવજો. ચોમાસામાં તો ચાર મહિના સાધુ-સાધ્વીઓ ઉપાશ્રયમાં જ રહે. કાયમ કાંઈ બધા મહારાજશ્રી-ગોપણજી પરિચિત ન હોય- છતાં કહી જ રાખે કે જ્યારે તમે વાપરવા બેસો (જમવા) અને કંઈ ખૂટે એવું લાગે તો મારા ઘરેથી જ મંગાવી લેવાનું કારણ અમારું ઘર ઉપાશ્રયથી નજીક છે. બાપુજીએ પાડેલો આ રિવાજ કે પરંપરા આજે પણ મારા ઘરે ચાલુ જ છે. બાપુજીની ધાર્મિક પરંપરા હું ચલાવી શકી છું. એમાં એમણે આપેલા સંસ્કાર જ પ્રેરણા બળ આપે છે.

બાપુજીએ અમને ઘણાં સારા સંસ્કાર આપ્યા છે. એમની જીવન સુવાસની આજે પણ અમારું ઘર, કુટુંબ મઘમઘી રહ્યું છે. અમારા ઘરમાં પહેલેથી જ એવો રિવાજ કે કાંઈ ખાવું હોય તો ઘરે જ બનાવવાનું. બહાર હોટલમાં કે ક્લબોમાં ખાવા-પીવાનો રિવાજ આજે પણ અમારા ઘરમાં નથી. હા, કોઈના પ્રસંગે મિત્રો સાથે બહાર ગયા હોઈએ ને જમવાનું થાય એ વાત જુદી છે. બાકી મોટે ભાગે તો દરેક અવનવી વાનગીઓ હું ઘરે બનાવતી. આજે મારી વહુઓ પણ ઘરે જ બનાવે છે. બાપુજીએ આપેલા 'અન્ન એવો ઓડકાર'ના સંસ્કાર અમે જીવનમાં ઉતાર્યા છે.

મારા લગ્ન થયા પછી થોડા જ સમયમાં બા (સાસુ) નિવૃત્ત જીવન ગાળવા લાગ્યા હતા. કોઈ સારાં-માંદા પ્રસંગોમાં બાપુજી સાથે મારે જ જવાનું થતું હતું. બાને બહાર જવું બહુ ગમતું નહીં. બાપુજી મારા સસરા છે ને એમની સાથે ન જવાય, એવો કદી સંકોચ થયો નથી. હંમેશાં બાપુજી સાથે જ બહાર ગઈ છું એવું જ અનુભવાયું છે.

બાપુજી એમના કામમાં ખૂબ જ વ્યસ્ત રહેતા હતા. છતાં સવારે અને સાંજે જ્યારે ઘરમાં હોય ત્યારે બધો જ સમય માત્ર ને માત્ર ઘર માટે જ ફાળવતા. એમને મળવા આવનાર, કામ માટે આવનારને એમની ઑફિસે જ બોલાવતા હતા. એમને સામાજિક કાર્યોમાંથી વખત મળતો ત્યારે ભગવાનનું નામ લેતા મેં એમને જોયા છે. મારા લગ્ન થયા ત્યાર પછી બાપુજી

જીવ્યા ત્યાં સુધી તેઓ એમાંથી ક્યારેય ચૂક્યા નથી. હા, માંદા હોય એ વાત જુદી છે. જો કે બાપુજી બહુ બીમાર પણ પડ્યા નથી. એમણે એમની તંદુરસ્તી જાતે જ સાચવી હતી. ઘરમાં પ્રસંગ હોય અને બધા ભેગા થઈને વાતો કરતાં હોઈએ તો અમારી સાથે બેસી વાતો કરે, પરંતુ એમનો સૂવાનો સમય થાય એટલે ઊઠીને તરત જ જતા રહેતા હતા. એવી જ રીતે જમવાનું પણ ચોક્કસ અને નિયમસર. એમના જીવનમાં જો કોઈ મોટામાં મોટી વાત હતી તે નિયમિતતા અને ચોકસાઈ. મને તો લાગે છે કે બાપુજી આ બે ગુણોને લીધે જ બધા ક્ષેત્રમાં સફળ થઈ શકતા હતા.

બાપુજીએ મને ક્યારેય વહુ તરીકે સાચવી નથી. મને એમની દીકરી કરતાં અધિક વહાલ કર્યું છે. મને યાદ છે કે હું બીમાર પડી હતી ત્યારે મને મારા પિયર મોકલવાને બદલે એમની પાસે જ રાખીને મારી સારવાર કરાવી હતી. એટલું જ નહીં. હું બીમાર હતી તો એક પિતાની જેમ મારી પાસે આવી ને બેસે, માથે હાથ ફેરવે ને હૂંફ આપે. મારો અડધો રોગ તો એમની લાગણીથી જ ઓછો થઈ જતો હતો. તો હું પણ બાપુજી સાથે એવી જ રીતે રહી છું. તેઓ બીમાર પડ્યા હોય તો એમનું બધું કામ હું સંભાળી લેતી હતી. એમની પ્રવૃત્તિઓમાં એમની સાથે જતી હતી.

ક્યારેક ઊંચા સાદે તેઓ બોલ્યા હોય એવું મને યાદ નથી દરેક પરિસ્થિતિમાં બાપુજી હંમેશાં શાંતિથી મને સમજાવતા હતા. અમને અમારી જરૂરિયાત મુજબના પૈસા પણ બાપુજી જ આપતા. વળી, ઘરમાં નાની-નાની બાબતોની કાળજી પણ લેતા હતા. એમણે આપેલા સંસ્કારોને લીધે જ અમારા ઘરમાં સંપ છે. એક બીજા માટે માન, આદર અને પ્રેમ સચવાયા છે. આજે અમે બે દેરાણી-જેઠાણી અને બે નણદો છીએ પરંતુ ચારેય બહેનોની જેમ જ રહીએ છીએ. આજ પરંપરા અમારા પછીની પેઢીમાં પણ ઉતરી છે એનો મને આનંદ છે. હું તો કહીશ કે બાપુજીએ મારામાં રાખેલો વિશ્વાસ હું પાળી શકું છું અને તેમણે આપેલા સંસ્કારો અને પરંપરાઓને મેં જાળવીને નવી પેઢીને આપી શકી છું. એ જ મારે મન બાપુજી પ્રત્યે મારી શ્રદ્ધાંજલિ છે.

❖ ❖ ❖

૧૯૮૬-૮૭-૮૮ના દુષ્કાળમાં લગભગ ૮૫,૦૦૦ ઢોર ઢોરવાડામાં હતા. તે વખતે જિલ્લામાં કોઈ જગ્યાએ ઘાસ નહીં, જેથી ઘાસની ઘણી જ તકલીફ પડી તો તે વાત તેમની જાણમાં આવી. ત્યારે દાદાએ કહ્યું કે, આપણા કેમ્પમાં જે ઢોર છે તે ભૂખ્યા રહેવા ન જોઈએ. ગમે ત્યાંથી ઘાસ લાવો અને ઘાસની સળી સોનાના ભાવે મળે તો પણ લાવો અને ઢોર ભૂખ્યા ન રહે તેવું આયોજન કરો.

**— રમણભાઈ પટેલ, સંકટ નિવારણ સમિતિ**

# ૮ કરેલું ક્યાંય જતું નથી, મફત કશું મળતું નથી, સંતાનોના મિત્ર થઈને રહેવું જોઈએ

**– ઉર્વશીબહેન પટેલ**
બળદેવભાઈના નાના પુત્ર વધુ

મારા લગ્ન થયા ત્યારે મારી ઉંમર ૨૦ વર્ષની હતી. હું મૂળ અમદાવાદની અને લગ્ન પણ અમદાવાદમાં જ થયા. એટલે મને થોડું સારું લાગ્યું હતું. મારા લગ્ન મારી મોટી બહેનના સસરાની ઓળખાણથી થયા હતા. મને માત્ર એમની ખબર હતી કે બાપુજી બહુ મોટા વેપારી છે. બાકી બધું તો મારા લગ્ન થયા પછી જ મેં જોયું અને જાણ્યું અને આમ પણ મારા લગ્ન ૧૯૭૦માં અને એ પછી જ બાપુજીની પવૃત્તિઓ પણ વધતી ગઈ. એટલે મારું નવા ઘરમાં સેટ થવું અને બાપુજીનું એમની પ્રવૃત્તિઓમાં સેટ થવું બંને પ્રક્રિયાઓ સાથે જ ચાલતી હતી. હું ૨૦ વર્ષની, લગ્ન કરીને ઘરમાં આવી હતી પણ બા-બાપુજીનું વર્તન એટલું સારું હતું કે સાસરે આવી એનું મને દુઃખ જ નહોતું. હું તો કહીશ કે બા-બાપુજીએ મને ક્યારેય મારા પિયરની ખોટ સાલવા દીધી નથી.

મારી એ સુવાવડ સારી નહોતી થઈ. પછી ત્રીજી વખતે તો એકદમ શરૂઆતથી જ બાએ (સાસુએ) મને એકદમ આરામ કરાવ્યો અને પોતાની દીકરીની જેમ જ હૂંફ, પ્રેમ આપીને મારી સુવાવડ કરી હતી. ત્યારે મારા પહેલા દીકરાનો જન્મ થયો હતો. બાપુજી ક્યારેય અમારી સાથે સસરા જેવો વ્યવહાર કર્યો જ નથી. તેઓ મારી સાથે મારા વડીલ મિત્રની જેમ જ રહ્યા છે. મને કંઈ મૂંઝવણ હોય કે તકલીફ હોય તો તરત જ એમની પાસે બેસાડે, કારણ પૂછે અને મુશ્કેલીમાંથી માર્ગ કાઢી આપે. બાપુજી તો મને પણ કહેતા કે તારા સંતાનો સાથે મિત્રતાથી વર્તીશ તો એમના મનની વાત તને જરૂર કહી દેશે. એ તો હંમેશાં કહેતા કે બધા સાથે પ્રેમથી રહો, બધાં હળી-મળીને રહો. તમારાથી થાય એટલી બીજાને મદદ કરો. આ મદદ કરવાની વાત આવે ત્યારે બીજું વાક્ય પણ હંમેશાં કહેતા જે આજે પણ મને યાદ છે કે, "કરેલું ક્યાંય જતું નથી, મફત કશું મળતું નથી."

બાપુજીનું કામ તો ઘડિયાળના ટકોરે ચાલતું હતું. જો ક્યાંય બહાર કોઈને મળવા જવાનું હોય, કોઈ પ્રસંગમાં જવાનું હોય અને તૈયાર થઈ ગયા હોય, થોડી વાર હોય તો ઘરમાં બેસે અને સમય થાય પછી જ જાય. બાપુજી પાસેથી હું કેટલુંય શીખી. તેઓ એમના જીવનમાં એવા વ્યસ્ત રહેતા છતાં ક્યારેય થાકેલા કે કંટાળેલા જોયા નથી. અરે, હું કંટાળેલી હોઉં કે એવું થાય તો તરત જ કહેતા કે "વ્યક્તિએ હંમેશાં આનંદમાં રહેવું જોઈએ." મને લાગે છે કે એમના આ સ્વભાવને કારણે જ તેઓ જિંદગીને જીતી ગયા હતા. હું એમના કપડાંનું ધ્યાન રાખું, મારા સાસુ ધ્યાન રાખે તો કહેતા કે, કપડાં કપડાં શું કરો છો. "માણસ કપડાથી નથી ઓળખાતો, એના સારા વિચારોથી ઓળખાય છે."

દાદા બધાને મદદ કરવામાં માનતા. એમનાથી બનતી બધી મદદ કરી છૂટે. મને યાદ છે કે મારા સંતાનોને ભણાવવા એક શિક્ષિકા બહેન આવતા હતા. તેઓ ખૂબ જ તેજસ્વી હતા. તેઓ જ્યાં નોકરી કરતાં ત્યાં તેમનો પગાર ખૂબ જ ઓછો હતો. વળી, એમના પતિ પણ બીમાર રહેતા. આર્થિક સંકળામણને કારણે તેઓ ઘણીવાર રડી પડતાં. મેં બાપુજીને એમની વાત કરી. એમની લાયકાત જોઈને ગાંધીનગરની શિક્ષણ સંસ્થામાં એ બહેનને શિક્ષિકા તરીકે નોકરી અપાવી હતી. આજે એ બહેન ખૂબ સુખી છે. દાદાએ આ બહેનને મદદ કરી હતી પણ એમણે એમની સત્તાનો દુરુપયોગ ક્યારેય કર્યો નથી. તેઓ બીજાને મદદ કરવામાં માનતા ખરા, પરંતુ દરેક વ્યક્તિની લાયકાત, એના સમય-સંજોગોને ધ્યાનમાં લઈને બાપુજી તેને મદદ કરતા હતા. બાપુજીએ બીજાને મદદ કરવાની, ધર્મના, સાદાઈના બધા સંસ્કારો અમને આપ્યા એના લીધે જ આજે અમે સુખી છીએ.

બાપુજીને ધાર્મિક પુસ્તકો વાંચવાનું ખૂબ જ ગમતું હતું. તેઓ મને પણ કહેતા કે 'ઉર્વશી, તું પણ મારી જેમ આ ધાર્મિક

પુસ્તકો વાંચવામાં તારું મન પરોવજે.' એ જ્યારે આવું કહેતા ત્યારે મને લાગતું કે બાપુજી વળી, આ શું કહે છે ? પણ આજે મને એમની વાત સમજાય છે અને લાગે છે કે બાપુજી જે કહેતા એ સાચું અને મારા સારા માટે કહેતા હતા.

બાપુજીએ મને દીકરીની જેમ રાખી એમ હું પણ બાપુજીના મનને પારખીને રહી છું. મેં બાપુજીના જીવનમાંથી પ્રેરણા લઈ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. બાપુજીની બીજાને મદદ કરવાની ભાવનાવાળી વાત મેં મારા જીવનમાં ઉતારી છે. એનાથી મને શાંતિ અને સંતોષ મળે છે. તો બાપુજીએ એમનું સાચવેલું શરીર હંમેશાં મને પ્રેરણા આપ્યા કરે છે. તેઓ જીવ્યા ત્યાં સુધી તંદુરસ્ત રહ્યા હતાં. મારે એમની કોઈ જાતની સેવા કરવી પડી નહીં. મને યાદ છે તેઓ હંમેશાં કહેતાં કે 'આપણે જ આપણી જાતના ડૉક્ટર છીએ.'

એટલે કે આપણું શરીર તંદુરસ્તી જાળવવી આપણા હાથમાં છે.

આજે અમારા સિવાય સમાજના બીજા લોકો પણ બાપુજીને યાદ કરે છે. બાપુજીના સદ્‌ગુણો યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપે છે. જોકે બાપુજી મારી સાથે બહુ પ્રેમથી હૂંફથી ભરપૂર જીવ્યા છે.

પરંતુ મારા દીકરાના લગ્ન વખતે બાપુજી નહોતા ત્યારે મને એમની ખોટ ખૂબ સાલી હતી. સારા પ્રસંગે તો મને બાપુજીની હંમેશાં યાદ આવે છે.

આજે અમે ચારેય ભાઈ-બહેન - બે ભાઈઓ, ભાભીઓ, બે નણંદો અમે સંપીને રહીએ છીએ તે જ મારે મન બાપુજીના આશીર્વાદ સદાય અમારી સાથે રહે અને અમે આમ જ સંપીને આનંદ સહ જીવીએ અને બીજાને મદદ કરતાં રહીએ.

❖ ❖ ❖

તેઓશ્રીનું વતન સાણંદ. તેઓની અસાધારણ મમતા હતી અને તે વિસ્તારમાં તેઓશ્રીએ વિધવિધ સંસ્થાઓ ઊભી કરવામાં, ટકાવવામાં અને તેને ગતિ આપવા માટે જે પુરુષાર્થ કર્યો છે તે અવર્ણનીય છે. આ સંસ્થાઓની સારી પ્રવૃત્તિના મિલન સમારોહમાં જવાની મને જ્યારે તક મળી છે ત્યારે કંઈક નવું જાણવા મળેલ છે.

**– જયરામભાઈ પટેલ, ચેરમેન**



મહાસુખભાઈ, ચીમનભાઈ, બળદેવભાઈ ત્રણે ભાઈઓ સાથે કુટુંબની ૧૯૫૨માં પાલડીના
મકાનના વાસ્તુ પ્રસંગે લીધેલી તસવીર

# ૯ પટેલ કુટુંબને ધન્ય બનાવ્યું

– પૂ. કમળાબાઈ મહાસતીજી

નમો જિણાણમ
પૂ. રત્ન-શારદા-કાન્તિ ગુરુ શરણંમમ...

જેમને જન્મ લઈ અને શ્રુતની અને ચતુર્વિધ સંઘની સેવા કરી, જિનશાસનને ધન્ય બનાવનારા બળદેવબાપા સત્ય, નીતિ, સદાચારની જ્યોતિથી આપે જીવનજ્યોત ઝળકાવી, જ્ઞાન-ધ્યાન-ધર્મારાધનાના સુમન સુવાસથી આપે જીવનબાગ દીધો મહેંકાવી. પ્રજ્ઞાની પરાગ શાસન-સમાજ-કુટુંબમાં સર્વત્ર પ્રસરાવી.

ધન્ય ધન્ય બળદેવબાપા ! આપે ચોમેર યશકિર્તી ફેલાવી.

જેમ સૂર્યનો ઉદય થયો છે આકાશમાં અને કમળનો જન્મ થાય છે પૃથ્વી ઉપર સરોવરમાં...કાદવમાં... તેવી જ રીતે આપનો જન્મ થયો અમદાવાદની બાજુના નાનકડા સાણંદ ગામમાં. પણ હજારો માઈલ દૂર છતાં સૂર્યના ઉદયની સાથે સરોવરમાં રહેલ કમળની પાંખડીઓ ખીલી ઊઠે છે તે જ રીતે આપના સામાન્ય જીવનમાં સત્ય, નિષ્ઠા સરળતા, દયા, ક્ષમા, નિર્લોભતા, અજોડ ગુરુભક્તિ, સંતો પ્રત્યેનો અત્યંત અહોભાવ, સ્પષ્ટવક્તા, સમયસૂચકતા આદિ અનેક ગુણોના બળથી પુણ્યોદયરૂપી સૂર્યનો ઉદય થતાં આત્માના અસંખ્ય પ્રદેશરૂપ પાંખડીઓ ખીલી ઉઠેલ જેનો પ્રકાશ સ્વ-પરને માટે ઉપકારક બનેલ છે.

ખરેખર ! જેઓ સંસારમાં રહેવા છતાં એક સંત મહાત્મા જેવું જીવન જીવતા હતા. પ્રચંડ પુણ્યોદયે અગાધ સંપત્તિના સ્વામી હોવા છતાં જબ્બર અનાસક્ત ભાવ કેળવેલ. પોતાના માટે અલ્પપરિગ્રહ અને અલ્પ દ્રવ્યો જ વાપરવા આદિ અનેક ગુણોરૂપી વૈભવથી ભરપૂર તેમનું જીવન હતું. વિશેષ શું લખવું. તેમનું જીવન સેન્ટબેગ જેવું હતું. એ બેગને ખોલો તો ચારે તરફ સુગંધ-સુગંધ જ મહેંકી ઊઠે તેમ સહેવું, સાધવું ને સહકારી બનવું એ જ બળદેવબાપાના જીવનનો મુદ્રાલેખ હતો. "લાઈફ ઈઝ શોર્ટ વર્ક ઈઝ મોર.." આ સૂત્રને સામે રાખીને તેઓ જાગૃતિમય જીવન જીવતા હતા. તેમના જીવનમાં પ્રમાદ નહિ પણ પ્રસન્નતા હતી. આળસ નહીં પણ ઉદ્યમ હતો. હર હાલતમાં આક્રંદ નહિ પણ આનંદ હતો. દીનતા નહિ પણ દિલાવરતા હતી. અનેક જીવોના આધારસ્તંભ બન્યા હતા. અમદાવાદમાં તેમને દાદાજીના હુલામણા નામથી બોલાવતા હતા, કારણ કે તેમને દરેક જીવો પ્રત્યે દાદાજી જેવું વાત્સલ્ય હતું.

અમોએ તો તેમની સાધના-આરાધનાને નિકટતાથી અનુભવેલ છે. તેઓ વ્યાખ્યાન-વાંચણીમાં અચૂક સમયસર લાભ લેતા અને જાત માટે આચરણ કરી જગત માટે આદર્શ ખડો કરી ગયા છે. દાખલા તરીકે તેઓ હંમેશાં ટટ્ટાર અને સ્થિર બેસતા અને અમને કહેતા કે મહાસતીજી ટટ્ટાર બેસવાથી આપણે સાધક દેખાઈએ. જવાના આગલા દિવસ સુધી વાંચણીનો લાભ લીધેલ. વાંચણી સાંભળીને છેલ્લા દિવસે મહાસતીજી પાસે જઈને કહે કે હું આપ બધાને ખમાવું છું.

આવા ઉત્તમ ગુણો જીવનમાં પ્રગટ કરી બળદેવબાપા માનવભવની સફરને સફળ બનાવી ગયા. જીવનને ધન્ય બનાવી ગયા.

બસ, એ જ લિ. ખંભાત સંપ્ર.ના બા.બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના સુશિષ્યારત્ના

મધુર વ્યાખ્યાની પૂ. કમળાબાઈ મહાસતીજીના અંતર ભાવે અમૃતાંજલિ.

❖ ❖ ❖

# ૧૦ આદર્શ-પ્રેરણાત્મક જીવન-કવન

– વસુબાઈ મહાસતીજી
મુંબઈ, શ્રી શારદા પરિવાર

પરિચય-પહેચાન કોનો આપવો પડે ? અજાણી-અનભિજ્ઞ વ્યક્તિનો. પણ બળદેવભાઈથી તો સારોયે જૈન જૈનતર સમાજ બાલ, વયોવૃદ્ધ સૌ કોઈ પરિચિત છે. છતાં તેમના અખંડ અજર-અમર આત્માના સુસ્મરણીય સુકાર્યો આલેખવાનું સૌભાગ્ય સાંપડે તો કોણ જતું કરે ? કોઈ નહીં.

ખરેખર, બળદેવભાઈના જીવનનાં ઘણાં અનુભવો છે. પોતે પૂ. ગુરુણીમૈયા, શ્રી શારદાબાઈ મહાસતીજીની જન્મભૂમિ જે રળિયામણી સાણંદની ભૂમિ ત્યાંના જન્મવાસી, રહેવાસી હતાં. ત્યાં સ્કૂલનો અભ્યાસ કર્યો. માતાપિતાના સુસંસ્કારોનું સિંચનનો સાથ સહકાર, ન્યાય-નીતિથી જીવન શણગારેલ. વાત્સલ્યના વહેણ જેની રગેરગમાં વહેતા, સેવા જેના શ્વાસોશ્વાસમાં વણાયેલી હતી. પરહિતભાવના હૈયામાં ઠાંસોઠાંસ ભરેલી હતી. પરોપકાર, પરમાર્થની પરમ મૂર્તિ હતાં. સૌ કોઈ સાથે પ્રેમનો પુલ બાંધતા. મુખમાંથી મીઠી મધુર વાણી ઝરતી. કાયા જેની કરુણા કલ્પધાર હતી. મન જેનું મનનમાં રહેતું. વચન વૈરાગ્યવાસિત હતું. આવા બળદેવભાઈ સાણંદથી અમદાવાદ આવી સંસારિક ભૌતિક પ્રગતિ કરી વેગવંત વિકાસ કર્યો. સમાજમાં આગવું સ્થાન ધરાવ્યું. ભણતર સાથે જીવનનું ઘડતર કરી મજબૂત ચણતર કર્યું. જેઓ બોલે તે કરી બતાવતા પ્રેક્ટિકલ માણસ હતા. બાહ્ય અભ્યંતર ભાવ સમાન હતા. ધનવાન બનવાની સાથે ગુણવાન બનવાનો અથાગ પ્રયત્ન હતો અને ગુણધારી પણ બન્યા.

સંવત ૨૦૩૭ના નારણપુરા શ્રી સંઘમાં પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીના ચાતુર્માસમાં ચારે મહિના વ્યાખ્યાન-વાંચણીમાં અચૂક હાજરી આપી. પોતે પણ ધ્યાન-આસન શીખવતા અને વાંચણી પણ આપતા. સવારે બે વાગે જાગૃત બની એક સાથે પાંચ સામાયિક કરતા. જેમાં વાંચન, ધ્યાન, સ્વાધ્યાય, પ્રાર્થના, પ્રતિક્રમણ આદિ આરાધના કરતા. સવારે આઠ વાગ્યા સુધી કોઈને ફોન પણ કરવાના નહિ પણ લેવાના પણ નહિ. આત્મઆરાધના સિવાય કોઈ પ્રવૃત્તિ નહિ, પ્રથમ આત્મલક્ષ પછી સંસારના ભાવો-વાતો. સંસારમાં રહેવા છતાં જલકમલવત્ રહેતા. અલિપ્તભાવો નીતરતા દેખાય. ઓછું બોલીને ઝાઝું કામ કરતાં.

ઈ.સ. ૧૯૯૭માં પૂજ્યશ્રી વસુબાઈ મહાસતીજીના ચાતુર્માસના થોડા દિવસ વ્યાખ્યાન વાંચણીનો મહાલાભ લીધો. પણ "ન જાણ્યું જાનકીનાથે કાલ સવારે શું શું થવાનું છે." અચાનક આ ફાની દુનિયાને છોડીને ચાલ્યા ગયા. પોતે તો દેહથી ચાલ્યા ગયા પણ તેમના ગુણો જાગતા છે. ખરેખર તેમના ગુણો અમાપ છે. શબ્દો સીમિત છે.

૪૦-૪૦ સંસ્થાના અધ્યક્ષ હોવા છતાં આધ્યાત્મિક ક્ષેત્રમાં આટલો વિકાસ હોય તે આ પ્રથમ દાખલો છે. કાલુપુર બેંક આદિનો વહીવટ કર્યો પણ આત્મરૂપથી બેંકનો એવો સુંદર વહીવટ કર્યો છે કે જનજનના હૈયામાં સાક્ષાત બિરાજમાન છે. અનેક નોંધારાના આધારભૂત બન્યા છે. અનાથના નાથ બન્યા છે. સંસારમાં રહીને પણ સંત જેવું જીવન જીવ્યા છે. લાખ લાખ વંદન હો આવા અદ્ભુત યોગીસમ અવધૂત બળદેવભાઈને. જૈન ધર્મની શ્રદ્ધા તો રગેરગમાં ભરપૂર હતી. દેવ-ગુરુ-ધર્મને આગળ કરીને ચાલનાર હતા. મિથ્યાત્વના ફંદામાં ક્યારેય ફસાતા નહીં. શૂન્યમાંથી સર્જન કરીને ભૌતિકતાના ક્ષેત્રે તો એવોર્ડ મેળવેલ પણ આધ્યાત્મિક ક્ષેત્રે પણ એટલો જ આત્મવિકાસ કરેલ. કુટુંબપ્રેમ તો જબરજસ્ત પણ સૌ કોઈના હૃદયમાં સ્થાન મેળવેલ. આવું પ્રેરણામૂર્તિ જીવન જીવનારા વીરલા અને હીરલા જ હોય છે. ધન્ય છે તેમના આદર્શ જીવનને સંત સતીજીઓને પડકાર કરીને કહે કે આપણી બેઠક અપ્રમતદશા રહે તેવી જ હોય. તેમની ચાલ, બેઠક શૂરવીરતાનું દર્શન કરાવતી. સમાજ, સંઘ, સંતોના અમ્મા પિયા બની રક્ષકની ભાવનાને શત્શત્ અભિનંદન હો. અવિરામ વંદન હો. આવા સુદૃઢ શ્રાવકરત્નથી શાસન શોભી રહ્યું છે. ચતુર્વિધ સંઘમાં આગવું સ્થાન શોભાવ્યું. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની સુઆરાધના કરી જન્મ ધરી માતા-પિતાના નામને રોશન કરી, સમાજની સેવા કરી આત્મા ઉજ્જવલ કર્યો. ગુણનિધિ બની દિવ્ય સંદેશો આપ્યો. આવા ગુણાત્મા જિનશાસન શીઘ્રાતિશીઘ્ર પામી શુદ્ધાત્મા બની સિદ્ધાત્મા બને એજ પૂ. વસુબાઈ મહાસતીજી આદિની શુભ ભાવના.

જન્મભૂમિનું ગૌરવ અજોડ હતું. સાણંદ શહેરના દીકરાઓને બેંક આદિમાં રાખવા અને સંસારિક રીતે આગળ વધે એ લક્ષ કાયમ માટે રાખતા. વળી, સાણંદમાં અન્ન ક્ષેત્ર, છાશ કેન્દ્ર, સ્કૂલો, ઔષધાલય, કૉલેજો આદિ દાનનો જે વરસાદ વરસાવ્યો છે તે અનુપમ છે. આવી વિશેષતાઓ મહાન પુણ્યશાળી, ભાગ્યશાળી આત્મા બળદેવભાઈ જેવામાં જ જોવા મળી છે. આવા મહાન ગુણોને સૌ કોઈ વંદન કરે.

❖ ❖ ❖

# ૧૧ એક વિલક્ષણ પુરુષ

**– ઉ. પ્ર. વિનયમુનિ મહારાજ સાહેબ "વાગીશ"**

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, જેમનું વતન સાણંદ જેવું ઓછું જાણીતું ગામ હોવા છતાં પણ તેમના સત્કાર્યોથી તેઓ ભારતભરમાં પ્રખ્યાત થયાં. તેઓને જીવદયામાં ઘણી જ અભિરુચિ હતી. ગાયોની રક્ષા માટે તેઓએ ઘણો જ પ્રયત્ન કર્યો હતો. વ્યાપાર ક્ષેત્રે પણ તેઓએ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેઓએ નાની ઉંમરમાં બ્રહ્મચર્ય વ્રતની બાધા લીધી હતી તેમજ નાની ઉંમરથી જ નિયમિત ચઉવિહાર, સામાયિક તથા સ્વાધ્યાય કરતા હતાં. તેમને જ્ઞાનની તરસ ઘણી જ રહેતી. તેથી જ જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મ.નું ૩૨ શાસ્ત્રોનું જે વિશાળ કાર્ય હતું તેને પૂરું કરાવવાનું શ્રેય તેમને જ પ્રાપ્ત થયું. આવી જ રીતે પરમ પૂજ્ય ગુરુદેવ ઉપાધ્યાય શ્રી કનૈયાલાલ મ. "કમલ" મુનિજી જ્યારે સન ૧૯૭૨માં 'અનુયોગ'ના કાર્ય માટે અમદાવાદ પધાર્યા ત્યારે શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, હૈદરાબાદના વતની શ્રી મેઘરાજજી બંબ સાથે પૂ. ગુરુદેવશ્રીનાં દર્શનાર્થે આવ્યા ત્યારે પૂ. ગુરુદેવશ્રીનાં દર્શન કરી ઘણાં જ પ્રભાવિત થયાં. તદ્ઉપરાંત પૂ. ગુરુદેવશ્રીનું જ્ઞાનનું કાર્ય જોઈને આ કાર્યમાં ગુપ્ત રીતે યોગદાન આપ્યું. પછી તો પૂ. ગુરુદેવશ્રીએ ઉપાડેલ અનુયોગના ભગીરથ કાર્યને પૂર્ણ કરાવવાનું તેઓએ જાણે બીડું જ ઉઠાવી લીધું.

તેમના બંગલા ઉપર પૂ. ગુરુદેવશ્રી બિરાજમાન હતાં, ત્યારે તેમના મિત્રોને સાથે લઈને તેઓએ "આગમ અનુયોગ ટ્રસ્ટ"ની સ્થાપના કરી. તેઓની જ્ઞાન પ્રત્યેની લાગણી, જ્ઞાન પ્રત્યેની ધગશ તથા અથાગ પરિશ્રમના કારણે તે ભગીરથ કાર્ય હિન્દીમાં પૂરું કરાવ્યું. ગુજરાતી ભાષામાં પણ 'અનુયોગ'નું કાર્ય કરાવવાની તેમની અંતરની ભાવના હતી. તે કારણે જ પૂ. ગુરુદેવશ્રીને તેઓ રાજસ્થાનથી અમદાવાદ લઈ ગયાં અને અમદાવાદમાં માત્ર દસ જ મિનિટમાં તેમના મિત્રો વડે રૂ. ૨૦ લાખનો ફાળો એકત્ર કર્યો. તેમના અથાગ પુરુષાર્થથી જ ગુજરાતીમાં પણ 'અનુયોગ'ના ૧૧ ભાગોનું કામ થયું.

બાળકોના સુસંસ્કાર માટે પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણાથી માઉન્ટ આબુમાં 'શ્રી વર્ધમાન નિકેતન ચેરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી, ઘણાં વર્ષો સુધી તેના ચેરમેન રહ્યા. તેમનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું. અમદાવાદનાં બધા જ સ્થાનકવાસી જૈન સમાજના ઘણાં વર્ષો સુધી તેઓ પ્રમુખ રહ્યા. પૂ. ગુરુદેવશ્રીને તેઓ તેમના બાપુજીની માફક જ માનતા હતા. પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે તેમને ઘણી જ લાગણી હતી. તેમના અવસાન પછી તેમના સુપુત્રો શ્રી બચુભાઈ તથા શ્રી બકાભાઈની પણ એવી જ લાગણી છે. અત્યારે અમારા પ્રત્યે પણ એ જ શ્રદ્ધા ભાવના છે. તેઓની વૈયાવચની તથા જ્ઞાન પ્રત્યેની લાગણી પ્રશંસનીય છે.

❖ ❖ ❖

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ માટે મારા પૂજ્ય પિતાશ્રીને ખૂબ જ આદર અને માન હતા. તેઓશ્રીના જનસેવાના કાર્યોથી પિતાશ્રી ખૂબ જ પ્રભાવિત હતા. પિતાશ્રી ગુજરાત સંકટ નિવારણ સમિતિના પ્રમુખ હતા. ગુજરાતમાં જ્યારે પણ અતિવૃષ્ટિ, દુષ્કાળ, ધરતીકંપ કે એવી અન્ય કોઈપણ કુદરતી આફત આવે ત્યારે શ્રી બળદેવભાઈ તથા શ્રી હીરાલાલભાઈ ભગવતી ખૂબ જ જહેમત પૂર્વક કામગીરી બજાવતા.

**– શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ,**
પ્રમુખ આણંદજી કલ્યાણજીની પેઢી

# ૧૨ ૨૦મી સદીના મહાજન શ્રેષ્ઠી

**– શ્રી અશોક ભટ્ટ**
આરોગ્યમંત્રી, ગુજરાત રાજ્ય

ગુજરાતની ઓળખ સદીઓથી "મહાજન" થી બની હતી. ગુજરાતનો "મહાજન" સાચા અર્થમાં ઊંચાઈએ પહોંચેલો સમાજમાં શ્રેષ્ઠતા ધરાવતું વ્યક્તિત્વ હતું. ૮મી સદીથી શરૂ થયેલી આ પ્રથા ૧૨મી સદી પછી તો ખૂબ જ પ્રચલિત બની હતી અને ત્યાર બાદ ગુજરાતી વાણિજ્ય અને વેપારમાં "મહાજન" માત્ર ગુજરાતની ઓળખ નહિ પણ ગુજરાતી સંસ્કૃતિનો રખેવાળ બની ગયો.

મોગલો, અંગ્રેજો અને રજવાડાના રાજમાં "મહાજન"નું ગૌરવ એવું ને એવું રહ્યું. ૨૦મી સદીના છેલ્લા દાયકાઓમાં આવા એક મહાજન શ્રેષ્ઠી સ્વ. બળદેવભાઈ ડોસાભાઈને ગણવા જોઈએ. તેમને નજીકથી જેમણે જોયા હશે તે સૌ એમ કહે આ માણસ એ ગુજરાતની માટીનો માનવી છે. સંકટ નિવારણ સમિતિમાં તેમણે આપત્તિકાળમાં પછી તે વારંવાર ગુજરાતમાં આવતા દુષ્કાળો, પૂરપીડિતની વહારે જવાનું હોય ત્યાં સ્વ. બળદેવકાકાએ જે આપત્તિ વ્યવસ્થાપન કર્યું હતું તે સમગ્ર વ્યવસ્થામાં માણસની કરુણા દેખાતી હતી. પોતાના ગામ સાણંદના ગ્રામવાસીઓને ભૂખનું દુઃખ ન પડે તેનું સન્માન સાચવીને તેના ઘર સુધી રોટલો પહોંચાડવાનું પુણ્ય કાર્ય અખંડ કર્યું પણ પુણ્યના માટે કરે છે તેવો ભાવ ન હતો.

ગામમાં હૉસ્પિટલ બનાવવાની હોય તો પોતાની યુવાનીમાં દુઃખ પડ્યું હોય તે યાદ કરીને આરોગ્ય સેવાનું માળખું ઊભું થાય. કાલુપુર કો.ઓ. બેંકના સ્થાપક તરીકે તેમના વહીવટને જોતાં એવું લાગે કે જૂના જમાનામાં કોઈ વેપારીની આબરૂ ઢંકાઈ રહે એટલા માટે ગામના મહાજન જવાબદારી લેતા હતા એવી જવાબદારી લઈને અમદાવાદના નાના વેપારીઓની વ્હારે આવ્યા હતા. એવા અનેક વેપારીઓના મોટા ભાઈ બનીને મદદરૂપ થયા હતા. એટલે જ સાચા મહાજન ગણાયા.

ગુજરાત સ્વ. બળદેવકાકાને એટલા માટે યાદ રાખશે. કાલુપુર કો. બેંકના નફામાં - સૌજન્યથી રાજ્યની રાજધાની ગાંધીનગરમાં સંસ્કાર-શિક્ષણનું સંકુલ બનાવ્યું.

આમ, એક વ્યક્તિત્વએ આફતોમાં સંસ્થા બનીને, કરુણાની પ્રત્યેક પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપીને શિક્ષણ-સંસ્કારની પ્રત્યેક પ્રવૃત્તિના રાહબર બન્યા. આવા મહાજન શ્રેષ્ઠી - ૨૧મી સદી માટે પ્રેરણાનું ભાથું મૂકીને ગયા. આ ભાથું એટલે સ્વ. કાકાના જીવનના પ્રસંગો. એને વાંચીએ તો ગુજરાતની સંસ્કૃતિના સંભારણા બની રહે.

❖ ❖ ❖

તેઓ જૈન ધર્મના ઉપાસક હતા. સાથે સાથે અન્ય ધર્મો પ્રત્યે સદ્ભાવના ધરાવતા હતા. માનવસેવા અને સમાજ કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓમાં તેમને ઊંડી આસ્થા હતી. દુષ્કાળ જેવા કુદરતી સંકટોમાં તેમનું યોગદાન હંમેશાં રહ્યું હતું. તેમના જીવનમાંથી આજના યુવાનો પ્રેરણા લઈ શકે તેવું સામર્થ્ય હતું. ઘણાં સંઘર્ષોને ઝીલીને પોતે શૂન્યમાંથી સર્જન કરી શક્યા હતા તે એમની કાર્યકુશળતાને જણાવે છે. શિક્ષણક્ષેત્રે તેમની પ્રવૃત્તિ બીજાઓને માર્ગદર્શક બની રહે તેવી ઉમદા હતી.

**– આચાર્ય પદ્મસાગરસૂરિશ્વરજી**

# ૧૩ આદર્શ દર્દી

– ડૉ. સૂર્યપ્રસાદ મહેતા
કાર્ડિયાક કન્સલ્ટન્ટ

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ સાથેના મારા આત્મીય સંબંધ હોવાનું મને ગૌરવ છે. તેઓ ખૂબ જ ઉમદા ગુણ ધરાવતા હતા. તેમની સાદગી આંખે ઊડીને વળગે એવી હતી. નિખાલસતા એટલી બધી કે મારે મન સન્માનનીય વ્યક્તિ હોવા છતાં મારા દવાખાને આવે ત્યારે બધા પેશન્ટો જોડે લાઇનમાં બેસી જાય. મારે બહાર આવી એમને અંદર લઈ જવા પડે. એ કદી સંબંધનો પોતાના માટે ઉપયોગ કરતા નહોતા. આ વાત ત્યારની હતી જ્યારે અમદાવાદમાં મિલ માલિકો-ઉદ્યોગપતિઓનું સંપૂર્ણ આધિપત્ય હતું અને એમના ઘરના કોઈ પણ માણસ કોઈ પણ જગ્યાએ લાઇનમાં ઊભાં રહેતા ન હતા બલ્કે પ્રતિષ્ઠિત ડૉક્ટરો પણ એમને તપાસવા એમના ઘરે જતા. બળદેવભાઈ પણ એ કક્ષાના મોભી-શ્રેષ્ઠી હતા તેમ છતાં એઓ વિનમ્ર હતા અને બધા પેશન્ટ જોડે વિઝિટિંગ રૂમમાં બેસતા હતાં.

એમની માંદગી પ્રથમ વખત આવી અને નિદાન હૃદયનું ઑપરેશન કરાવવું એમ થયું ત્યારે એમણે સ્પષ્ટ ના પાડેલી - હું સામાન્ય માણસ આટલો મોટો ખર્ચ કરી મારે સારવાર નથી કરાવવી. "ભગવાનનું શરીર છે જેમ કરવું હશે તેમ તે કરશે" એવી વાતો કરી. એમને સારવાર માટે સમજાવવા મારે અવારનવાર એમના ઘરે જવું પડેલું અને લાંબી સમજાવટ પછી જ્યારે મેં કહ્યું કે તમે તમારા પણ ક્યાં છો ? અસંખ્ય લોકોના આપ સ્વજન છો. ત્યાર પછી એઓ તૈયાર થયેલા.

જ્યારે બીજી વાર લગભગ ઑપરેશન પછી દસેક વર્ષ બાદ એમણે બેચેની અનુભવી ત્યારે ફરીથી ચેકઅપ કરાવવું અને જરૂર પડે ઑપરેશન પાછું કરવું પડે એ વાતનો એમણે તરત જ અસ્વીકાર કરેલો. ૮૦ વર્ષ થયા હવે મારું જીવન પ્રભુમય છે અને હું ઈશ્વરાધિન છું માટે મને કોઈ સારવાર માટે આગ્રહ કરશો નહિ. આ વાતને થોડા દિવસ થયા હશે ત્યાં એક કો-ઓપરેટિવ બેંકના ઉદ્‌ઘાટન સમારંભમાં મંચ પર જ એમને હૃદયરોગનો હુમલો આવ્યો અને એમનું દેહાવસાન થયું.

ખરેખર એઓનું જીવન ખૂબ જ સેવામય, ધર્મપ્રિય અને પવિત્ર હતું અને સૌને પ્રેરણા મળે તેવું હતું.

❖ ❖ ❖

'લાઇફ ઇઝ શોર્ટ, વર્ક ઇઝ મોર...' આ સૂત્રને સામે રાખીને તેઓ જાગૃતિમય જીવન જીવતા હતાં. તેમના જીવનમાં પ્રમાદ નહીં પણ પ્રસન્નતા હતી. આળસ નહીં પણ ઉદ્યમ હતો. હરહાલતમાં આક્રંદ નહીં પણ આનંદ હતો. દીનતા નહીં પણ દિલાવરતા હતી.

**– પૂ. કમળાબાઈ મહાસતીજી**

# ૧૪ જૈન ધર્મના ઉપાસક

– નવનીતભાઈ પટેલ
પાર્શ્વનાથ કોર્પોરેશન

ભગવાન મહાવીર સ્વામીના ૩૨ આગમોનો આમ જનતા લાભ લઈ શકે તે માટે તેને ચાર ભાગમાં વહેંચ્યા અને એનો ગુજરાતી તથા હિન્દીમાં અનુવાદ કરાવ્યો.

અમે બન્ને સાથે કોઈ કામ માટે બહારગામ જઈએ ત્યારે ગાડીમાં અમારે ધાર્મિક પુસ્તકો જ વાંચવાના. અમે બન્ને વારાફરતી મોટેથી વાંચતા. આમ, ધર્મનું વાંચન થાય અને રસ્તો પણ ઝડપથી કપાઈ જાય.

કોઈના ત્યાં પ્રસંગમાં જમવા જાય ત્યારે પણ એમનો નિયમ કે, "જે શાક પહેલું હોય એ જ લેવાનું, એક જ શાક ખાવાનું અને જો એ ન ભાવતું હોય તો બીજું લેવાનું એવું નહિ."

વ્યક્તિને જ્યારે પૈસાની જરૂર હોય ત્યારે જ આપણે મદદ કરી શકીએ એ જ સાચી મદદ છે. સમય વીતી ગયા પછીની મદદનું કોઈ મૂલ્ય રહેતું નથી.

લગભગ ચાલીસ વર્ષ પહેલાની વાત છે. પાછળ નજર કરું છું તો પૂજ્ય બળદેવભાઈના કેટકેટલા સ્મરણો નજર સામે તરવરી રહ્યા છે. હું ત્યારે ૩૦ વર્ષનો હોઈશ. બળદેવભાઈ મારાથી દસ-બાર વર્ષ મોટા હશે, પરંતુ હું એમને બળદેવદાદા કહીને જ બોલાવતો હતો. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલી પૂ. તારાબાઈ સ્વામી સિદ્ધાંત શાળામાં અમારી પહેલી મુલાકાત થઈ હતી. ત્યાં સ્થાનકવાસી જૈનનો અપાશ્રય (અપાસરો) હતો. આ અપાશ્રયમાં જૈન સાધુ-સાધ્વીઓ આવતા અને ધર્મનો અભ્યાસ કરતા, પરંતુ આ શ્રાવક-શ્રાવિકાને જૈન ધર્મના શાસ્ત્રોનું વિધિસર શિક્ષણ મળે તેવી બળદેવદાદાની ઈચ્છા હતી. અમે બન્નેએ મળીને એ માટે પૂ. પંડિતશ્રી વસંતભાઈને રાજકોટથી બોલાવ્યા અને શાળા શરૂ કરી. વખત જતા શાળા પૂ. તારાબાઈ સ્વામી સિદ્ધાંત શાળા તરીકે ઓળખાવા લાગી. એ પછી તો ધર્મનું કંઈ પણ કામ હોય હું અને બળદેવકાકા સાથે જ રહેતા. એમની સાથેના સહવાસથી મારી ધર્મભાવના પણ વધુ પ્રબળ બની. નારણપુરામાં આ સિદ્ધાંત શાળા શરૂ થઈ તે ગુજરાતમાં બીજી હતી. એક રાજકોટમાં આ પ્રકારની શાળા હતી.

બળદેવદાદા જૈન ધર્મના સાચા ઉપાસક હતા. બીજા લોકોને ધર્મની સાચી સમજણ સરળતાથી પડે તે માટે તેમણે એક મહત્ત્વનું કામ કર્યું. ભગવાન મહાવીર સ્વામીના ૩૨ આગમોનો આમ જનતા લાભ લઈ શકે તે માટે તેને ચાર ભાગમાં વહેંચ્યા અને એનો ગુજરાતી તથા હિન્દીમાં અનુવાદ કરાવ્યો. આબુમાં રહેતા શ્રમણ સુધના પૂજ્ય પંડિત રત્ન ઉપાધ્યાયજી કનૈયાલાલજી (કમલ) મહારાજ સાહેબની પ્રેરણાથી આગમ અનુયોગ ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટ દ્વારા પૂ. વિનયમુનીજી, પૂ. મુક્તિપ્રભાજી અને પૂ. દિવ્યપ્રભાજી મહાસતીજીઓ ૩૨ આગમને ચાર અનુયોગમાં વિભાજિત કર્યા. ૧. દ્રવ્યાનું યોગ. ૨. ગણિતાનું યોગ ૩. ધર્મકથાનું યોગ અને ૪. ચરણાનું યોગ. આ કાર્યથી જૈન ધર્મના લોકો સરળતાથી તે પ્રાપ્ત કરી શક્યા. મારા મતે તો બળદેવકાકાએ એક ભગીરથ કાર્ય કરી જૈન ધર્મની ખૂબ મોટી સેવા કરી છે.

આ ઉપરાંત તેમણે ખંભાત સંપ્રદાયના પૂ. શારદાબાઈ મહાસતીજીનું સાહિત્ય છપાવી જૈન જૈનેતર ગૃહસ્થોને વહેંચી, સમાજમાં શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કર્યો હતો. એમના આ બે કાર્યો માટે સમગ્ર જૈન સમાજ સદાય બળદેવદાદાનો ઋણી રહેશે.

**સેવાભાવી સંનિષ્ઠ કાર્યકર**

બળદેવદાદામાં તો કંઈ કેટલાય ગુણો હતા. સેવાભાવી અને સંનિષ્ઠ કાર્યકર તરીકેની છાપ મારા મન પર પડી હતી. સેવા એટલે દાન આપીને છૂટી જવું નહિ, પરંતુ મુશ્કેલીમાં આવી પડેલા લોકોને જાતે મદદ કરવા તેઓને જતાં મેં જોયા છે. પોતાના વેપારમાંથી નિવૃત્ત થયા પછી તેઓ સંપૂર્ણ સમય સમાજસેવા માટે જ વાપરતા હતા. તેમનામાં પશુદયાનો ગુણ પણ હતો. સંકટ નિવારણ સોસાયટી મારફતે તેમણે ગુજરાત અને ગુજરાતની બહાર માનવસેવાના ખૂબ કામો કર્યા હતા.

દુષ્કાળ વખતે [illegible] માં ઢોરવાડા ચલાવતા [illegible] પૂર આવ્યું [illegible] અસરગ્રસ્તોને મદદ કરવા બળદેવદાદાની સાથે હું ગયો હતો. બળદેવદાદા સમાજસેવા કરતા હતા તેની પાછળની તેમની ભાવના [illegible] કરવાની હતી. પોતાના વતન સાણંદ માટે પણ બળદેવદાદાએ તન, મન અને ધનનું યોગદાન કર્યું છે. તેમણે શરૂ કરેલી પ્રવૃત્તિઓના મીઠા ફળ સાણંદના લોકો આજે ચાખી રહ્યાં છે.

બળદેવદાદા ખૂબ જ નિખાલસ અને એકદમ સરળ વ્યક્તિત્વવાળા હતા. જો એમને મારું કામ હોય તો એ જ મને મળવા આવતા. સમય પાલનના પાક્કા આગ્રહી. પોતે આપેલા સમયે જે તે સ્થળે હાજર જ હોય. સંકટ નિવારણ સોસાયટી અને આગમ અનુયોગ ટ્રસ્ટમાં અમે ઘણા વર્ષો સાથે કામ કર્યું હોવાથી તેમના કેટલાક ગુણો મને પણ સ્પર્શ્યા છે. રવિશંકર મહારાજની જેમ જ બળદેવદાદામાંય ઘસાઈને ઊજળા થવાની ભાવના હતી.

## ધાર્મિક વાંચનનો શોખ

તેઓ સવારથી છેક સાંજ સુધી સતત પ્રવૃત્તિશીલ રહેતા હતા. એટલે એમને કોઈ અંગત શોખ જેવું હતું નહિ, પરંતુ એમને ધાર્મિક વાંચનનો શોખ હતો. અમે બન્ને સાથે કોઈ કામ માટે બહારગામ જઈએ ત્યારે ગાડીમાં ધાર્મિક પુસ્તકો જ અમે બન્ને વારાફરતી મોટેથી વાંચતા. આમ, ધર્મનું વાંચન થાય અને રસ્તો પણ ઝડપથી કપાઈ જાય.

## પિતૃવત્સલ પ્રેમ

બળદેવદાદા પાસેથી મને જે મળ્યું છે તે અમૂલ્ય છે. તેમનો પિતૃવત્સલ પ્રેમ પામવાની તક મને મળી હતી. એ પ્રેમના લીધે આજે હું પણ સમાજસેવાના કાર્યો કરી રહ્યો છું. પ્રવાસમાં તેઓ સૂંઠ અને ગંઠોડા સાથે જ રાખતા. એની ફાકી કરીને જ પીતા. તો જમવામાં પણ એટલા જ નિયમિત. એમની નિયમિતતાને લીધે જ તેઓ છેક સુધી તંદુરસ્ત રહ્યા હતા. કોઈના ત્યાં પ્રસંગમાં જમવા જાય ત્યારે પણ એમને નિયમ કે, "પહેલું શાક હોય એ જ લેવાનું. એક જ શાક ખાવાનું અને જો ન ભાવતું હોય તો બીજું લેવાનું એવું નહિ."

## કાલુપુર બેંક પ્રત્યેની નિષ્ઠા

બળદેવદાદા તથા અન્ય વડીલોએ ભેગા થઈને વેપારી વર્ગને મદદરૂપ થવા માટે કાલુપુર કો.ઓ. બેંકની સ્થાપના કરી હતી. તેમની બેંક પ્રત્યેની નિષ્ઠા પણ અપાર હતી. તો વેપારી તથા મધ્યમવર્ગને મદદરૂપ થવાની ઊંચી ભાવના હતી. તેઓ કહેતા કે, "જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે જ બેંક ઊભી કરાઈ છે. તો ભીડમાં, મુશ્કેલીમાં મૂકાયેલી વ્યક્તિને સમયસર પૈસાની મદદ મળે તેની ખાસ કાળજી રાખતા. બેંકમાં જે ધિરાણ લેવા આવે તે ક્યારેય નિરાશ થઈને પાછો ન જાય તે માટે તેમણે ધિરાણ આપવા એમણે બેંકને એક આખું માળખું જ તૈયાર કરી આપ્યું હતું. બેંકના કર્મચારીઓનું હિત પણ તેઓ હૈયે રાખતા હતા. અમારી સંસ્થા "સત્કાર્ય સેવા સંઘ" દ્વારા ચાલતા ડાયોગ્નોસીસ સેન્ટરમાં તેમણે બેંક દ્વારા એક લાખ રૂપિયાનું દાન અપાવ્યું હતું, પરંતુ દાન આપતા પહેલા તેમણે શરત કરી હતી કે આ સેન્ટરમાં કાલુપુર બેંકના કર્મચારીને વિનામૂલ્યે સારવાર આપવામાં આવે.

## એમના જીવનમાંથી મેળવ્યું

બળદેવદાદાએ તો મને જીવનના ઘણા પાઠ જાણે-અજાણે ભણાવ્યા છે. એમની પાસેથી આમ તો હું ઘણું શીખ્યો છું. જરૂરિયાતમંદોને મદદ કરવાની ભાવનાને તેઓ ભગવાનનું કામ ગણતા હતા. તેમની પાસેથી મેળવેલી આ ભાવનાને મેં મારા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. મારા જીવનમાં પિતાતુલ્ય બળદેવદાદા મને મળ્યા એ માટે હું ભગવાનનો આભાર માનું છું.

❖ ❖ ❖

# ૧૫ મુઠી ઉંચેરા માનવી

– **શ્રી જયંતિભાઈ સંઘવી**
જૈન ધર્મના અગ્રણી, અમદાવાદ

ગુજરાતના જાહેર જીવનના અગ્રણી આદરણીય પૂજ્ય દાદાજી શ્રાવકરત્ન શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનો જન્મ ધર્માનુરાગી શ્રાવકરત્ન પૂ. શ્રી ડોસાભાઈ ગોપાલભાઈ પટેલના ખાનદાન ખોરડે તા. ૦૮-૦૨-૧૯૧૭માં પૂજ્ય માતુશ્રી જડીબાની કુક્ષીએ થયો હતો. બાળપણથી જ માત-પિતા તરફથી ધર્મના ઉચ્ચ આદર્શ સંસ્કારોનો દિવ્ય, ભવ્ય વારસો મળ્યો હતો. પૂ. પિતાજી ડોસાભાઈની ધર્મ પ્રત્યેની ઊંડી શ્રદ્ધાના ઉત્તમ સંસ્કારોએ ધર્મમાં અનેરી શ્રદ્ધા પ્રગટાવી.

**અભ્યાસક્રમ**

સાણંદમાં સ્કૂલના અભાવે સાણંદથી છ કિલોમીટર દૂર ગોધાવી ચાલીને અભ્યાસ માટે જતા. કડી બોર્ડિંગમાં રહી અભ્યાસ કર્યો અને અમદાવાદ પટેલ બોર્ડિંગમાં રહી ટ્યૂટોરિયલ સ્કૂલમાં અભ્યાસ કરી એસ.એસ.સી. ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કર્યું. અભ્યાસકાળ દરમિયાન શિસ્તના હિમાયતી રહ્યા. સૌને તેજસ્વીતા, ઓજસ્વીતાના દર્શન કરાવ્યા.

વિશ્વમૈત્રીની ભાવના રોમેરોમમાં રમતી હતી. ભાઈઓ શ્રી પૂજ્ય વડીલબંધુ મુરબ્બી શ્રી મહાસુખભાઈ, લઘુબંધુ શ્રી ચીમનભાઈ તથા બહેન પૂ. મહાલક્ષ્મીબેન દરેકને પિતાએ ધર્મનો ઉત્તમ વારસો અર્પણ કર્યો જે વારસો સૌએ દીપાવ્યો.

**શિક્ષકની નોકરી**

એસ.એસ.સી. પાસ થયા બાદ સાણંદ પોપટીયા વાડની સ્કૂલમાં ઇંગ્લિશ શિક્ષક તરીકે ત્રણ મહિના નોકરી કરી. બીજા કોઈ લાગવગની લગામ લઈને આવતા તેમણે ઊંડી સૂઝસમજને કારણે નોકરી છોડી.

**પિતાજીની પાવન પ્રેરણા**

નોકરી છૂટી ગયા બાદ પિતાજી ડોસાભાઈની ઊંડી સૂઝ કે પુત્રો પાવરધા-તેજસ્વી-ઓજસ્વી છે એટલે એમણે એમના ઘી-કપાસિયાના ધંધામાં અને અનાજના પીઠામાં દલાલીમાં લગાડ્યા. જ્યાં પુણ્યોદયે કુનેહ, સૂઝ, સમજથી આગળ વધ્યા.

**લગ્નગ્રંથિથી જોડાયા**

સાણંદના વતની ડાહ્યાભાઈ શંકરભાઈની સુપુત્રી સંસ્કારમૂર્તિ રૂક્ષ્મણિબેન સાથે સં. ૧૯૩૪ મહા મહિનામાં લગ્નગ્રંથિથી જોડાયા.

**અમદાવાદ ધંધાર્થે**

સંવત ૧૯૯૫માં પાલડીમાં અનાજ-કરિયાણાની દુકાન કરી. રેશનિંગ દુકાન પણ કરી અને તેમાં મધ્યમ વર્ગની યાતના નિહાળી. અમદાવાદમાં શરૂઆતમાં ભાડાના મકાનમાં રહ્યાં.

**પુણ્ય પ્રતાપે**

અનેક તડકાં છાયડાંમાંથી પસાર થતા સં. ૨૦૦૪માં ચોખા બજારમાં વેપારી તરીકે નેકીથી અનાજનો ધંધો વિકસાવ્યો. સન ૧૯૭૨માં રૂ નો ધંધો શરૂ કર્યો, તેમાં તેમના દીકરા શ્રી બચુભાઈ અને શ્રી બકાભાઈ જોડાયા. ધંધામાં નામના કાઢી. મોટા દીકરા બચુભાઈની રૂના ધંધામાં કુનેહ સારી રહી. મુંબઈ પણ બ્લોક લીધો અને ધંધો વિકસાવ્યો. ચોખા બજારમાં નાના દીકરા શ્રી બકાભાઈએ પણ ધંધામાં સારો રસ લીધો.

### મુશ્કેલી વેઠનાર સૌના મહારથી બન્યા

નાના વેપારીઓની મુશ્કેલીને ધ્યાનમાં લઈને કાલુપુર ચોખા બજારમાં વેપારીઓના સંપ-સંગઠનને સથવારે સૌનો વિશ્વાસ સંપાદન કરીને સૌને સાથે રાખીને તા. ૫-૧૨-૧૯૭૦ના રોજ કાલુપુર બેંકની સ્થાપના કરી. ચેરમેનપદ પ્રથમથી છેલ્લાં શ્વાસ સુધી દીપાવ્યું અને બેંકને પ્રથમ હરોળમાં મૂકવામાં સૌના સહિયારા સાથથી અગ્રગણ્ય ફાળો રહ્યા. નાનામાં નાના વેપારીને મદદગાર થઈ અનેકના મૂક આશીર્વાદ મળતા રહ્યા.

KADI SARVA VISHWAVIDYALAYA
CENTRAL LIBRARY
GANDHINAGAR
GANDHINAGAR

### પાવન પરિવાર

દીકરા બચુભાઈ, બકાભાઈ, પુત્રીઓ અનુબેન, ભાનુબેન, પુત્રવધૂઓ અ.સૌ. રમીલાબેન, અ.સૌ. ઉર્વશીબેન, ભત્રીજા-ભત્રીજીઓ, ભાભીઓ, પૌત્રો-પૌત્રીઓ, ભાણા-ભાણીઓ વિશાળ પરિવાર.

### ધાર્મિક ક્ષેત્રે

માતાપિતાના ઉત્તમ સંસ્કારે નાનપણથી ધર્મના રંગે રંગાયા. પૂજ્ય ગુરુદેવ કાંતિઋષિજી મહારાજસાહેબ, પૂજ્ય ગુરુણી શારદાબાઈ મહાસતીજી, પૂજ્ય કનૈયાલાલજી, મ.સા. તેમજ નામી-અનામી સર્વ પૂ. ગુરુ ભગવંતો, પૂ. સતીવૃંદના તેમજ પ્રમુખસ્વામી વગેરે જૈન-જૈનેતર સંતોના પરિચયમાં આવતા ધર્મમાં વિશેષ દઢ બન્યા. ધાર્મિક વાંચન નવરાશની પળોમાં સતત ચાલુ રાખતા એટલું જ નહિ કરુણાશીલ હૃદયથી દયાનો સ્રોત સદૈવ વહેતો જોવા મળ્યો છે.

### બ્રહ્મચર્યના તેજ

સજોડે ૪૭ વર્ષની નાની યુવાન વયે બ્રહ્મચર્ય વ્રત આજીવન સ્વીકાર્યું.

### નાની-મોટી અનેક સંસ્થાઓમાં જોડાયા

દુષ્કાળના ઓળા ગુજરાતમાં પથરાતા શેઠશ્રી કસ્તુરભાઈ, શેઠશ્રી હીરાલાલ ભગવતી સાહેબની સાથે સંકટ નિવારણ સંસ્થામાં માનદ્ મંત્રીના હોદ્દાને દીપાવ્યો.

### સંકટ નિવારણ સોસાયટી

આગમ અનુયોગ ટ્રસ્ટના પ્રમુખ સ્થાનને દીપાવ્યું. તારાબાઈ સિદ્ધાંત ટ્રસ્ટના ટ્રસ્ટી, અખિલ ભારત શાસ્ત્રોદ્ધાર સમિતિના પ્રમુખ સ્થાને રહ્યા. શ્રી સ્થાનકવાસી જૈન સંઘ (નારણપુરા)ના ટ્રસ્ટી તરીકે તેમજ બાલનિકેતન માઉન્ટ આબુ ટ્રસ્ટી રહ્યા. આમ, ઘણી જ નામી-અનામી ધાર્મિક સંસ્થામાં સેવા અર્પી. ડોંગરેજી મહારાજના પરિચયમાં આવતા રાંધેજા છાશ કેન્દ્રમાં યોગદાન આપ્યું. સાણંદમાં હૉસ્પિટલ વગેરે સંસ્થાઓ ઊભી કરી. અન્નક્ષેત્ર વગેરે અનેક પ્રવૃત્તિમાં કમાયેલ લક્ષ્મીનો સદ્વ્યય કર્યો.

વ્યાપારી ક્ષેત્રે તેમજ અનેકવિધ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને તબીબી સંસ્થાઓમાં વિવિધ હોદ્દા ઉપર રહી અનેક રીતે માનવસેવાના કાર્યો કર્યા. આદર્શો અને સદ્ગુણોના ભંડાર, શક્તિ સંપન્ન, દાનેશ્વરી, પ્રભાવશાળી, નિરાભિમાની, સદાચારી, સેવાભાવી અને ઉદાર ભાવનાવાળા અને બીજા દાતાઓ પાસેથી પણ દાન મેળવી સૌના પ્રેરણાદાયી બન્યા. સૌની સાથે મીઠાશભર્યા, હેતભર્યા, પ્રેમભર્યા સંબંધ રાખી સૂઝસમજને કારણે સૌના પ્રિય થઈ ગયા હતા. સેંકડો માનવો તેમને "ઓલિયા" પુરુષ તરીકે માન-સન્માનસહ "જય જિનેન્દ્ર" વંદન કરતા હતા. તેમના એકએક કાર્યો માનવતાની મહેંકભર્યા હતા. તેમના કાર્યમાં નિષ્ઠા, પ્રામાણિકતા, સચ્ચાઈનો ત્રિવેણી સંગમ સદૈવ જોવા મળ્યો.

### પત્નીની વિદાય બાદ

પૂ. રૂક્ષ્મણીબા તા. ૩૦-૧૦-૯૧ના રોજ સ્વર્ગવાસ થયા ત્યાર બાદ સેવાનાં કાર્યમાં વધુ દઢીભૂત બન્યા.

### છેલ્લા શ્વાસ સુધી સેવા

તા. ૧૨-૭-૯૭ સ્ટાન્ડર્ડ બેંકના ઉદ્ઘાટન વખતે પ્રેરણા પ્રવચન આપ્યું અને ત્યાંજ એકાએક હાર્ટએટેક આવતા, સવારે ૧૦:૪૦ મિનિટે નશ્વર દેહ છોડ્યો.

### વજ્ર આઘાત

જેમણે જેમણે પૂ. દાદાજીના સ્વર્ગવાસના સમાચાર જાણ્યા તે નાના મોટા સર્વ વિશાળ (હજારોની સંખ્યામાં) સમુદાયે વજ્રઆઘાત દુઃખની લાગણી અનુભવી. સૌના આંસુ ગુણના આંસુ બની ગયા. આમ, એક સેકન્ડમાં ભીતરના ભગવાનને ભેટ્યા. દિવ્ય પ્રકાશમાં તેમનું સંત પૂ. સચ્ચિદાનંદજીના સાંનિધ્યમાં હાર્ટએટેકથી નિધન થયું ત્યારે સૌનો પ્રેમ મેળવનાર તેજસ્વી સિતારો ચિર વિદાય લઈ માનવભવની સાર્થકતા, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, માનવતાના કાર્ય કરવાની પ્રેરણા આપતા સૂર્ય-ચાંદ ચમકે ત્યાં લગી ચોમેર સુવાસની સરવાણી વહાવતા સૌની વચ્ચેથી વસમી વિદાય લીધી છે ત્યારે સમસ્ત જૈન-જૈનેતર સમાજ તેમજ નામી-અનામી સગા-સ્નેહીજનો સંસ્થાઓએ હીરલા અને વીરલા જેવા ઉત્તમ પુરુષને ગુમાવ્યાનો રંજ કરતા નજરે નિહાળ્યા.

### દાદાના વિચારો

રાજસ્થાન હૉસ્પિટલમાં ડૉ. હરિભક્તિસાહેબે જ્યારે પિત્તાશય (ગોલ બ્લેડર)નું ઑપરેશન કર્યું ત્યારે તેમની સાથે દસ દિવસ રહેતા તેમના અંતરના શબ્દો હતા :

**(૧) કોઈ પણ પ્રત્યેનો દુર્ભાવ-ઈર્ષ્યા-દ્વેષ અથવા બીજા પ્રત્યે હલકા વિચારો આપણને નીચ ગતિનું નિમંત્રણ આપે છે.**

**(૨) સૌ પ્રત્યે પ્રેમ સદ્‌ભાવ પરમાત્મા તરફ લઈ જશે.**

**(૩) શ્વાસે શ્વાસે જગતના સર્વ પ્રાણી સુખી થાય તેવી પ્રાર્થના પરમાત્માના દરબારમાં લઈ જાય છે.**

**(૪) તમે બીજાને સુખી જોઈને માનસિક તણાવમાં તણાશો નહિ. તમારાથી બીજાને દુઃખી જોઈને કરુણા લાવજો અને તેના કરતા હું સુખી છું તેવો સંતોષ માનજો.**

**(૫) હવે કેટલું જીવવું છે - શાને માટે કુડકપટ પ્રપંચ કરવા છે.**

**(૬) અંતરના દીવડા સદૈવ પ્રગટ રાખવા, પ્રકાશવંત બનાવવા, સૌના દુઃખમાં શક્તિ મુજબ ભાગીદાર બનવું.**

**(૭) કાંઈક સ્વાર્થ જાગે, બીજાનું પડાવી લેવાના ભાવ જાગે ત્યારે સામે સંતપુરુષોના વચનામૃતો અને નરકગતિ સામે રાખજો.**

**(૮) હું દવાખાનામાં છું મારી ટ્રીટમેન્ટ વી.આઈ.પી. થાય છે, પરંતુ સામાન્ય માનવીને કેવી યાતના થતી હશે તેનો હું વિચાર કરું છું.**

**(૯) નર્સ સ્ટાફને કહેતા તમે મારી ટ્રીટમેન્ટ કરો છો તેવી સામાન્ય માણસની ટ્રીટમેન્ટ કરશો તો સુખી થશો.**

**(૧૦) ગમે તેવી સત્તાના સિંહાસને બેઠો હોય ત્યારે વિચારવાનું આ સિંહાસન શાશ્વત નથી. કોઈ નિર્દોષને દંડ ન થાય, દોષિત ભલે છૂટી જાય. આવું સતત વિચારજો. (કાલુપુર બેંક આંદોલન વખતે)**

**(૧૧) અત્યારે જે કાંઈ પામ્યા છીએ તે પૂર્વે કાંઈક સદ્‌કાર્ય કર્યું છે ત્યારે પામ્યા છીએ. સદ્‌કાર્યની અનુમોદના જ કરજો, દુષ્કર્તવ્યની ગર્હા કરવી.**

**(૧૨) ખાસ યાદ રાખજો દોમદોમ સાહેબી વચ્ચે કે દુઃખની ઘડીયે વિચારવું કે આ પણ ટકવાવાળું નથી.**

**(૧૩) સતત તમારા વિચારો બીજાનું ભલું થાય તેમાં જ વાપરજો. પવિત્ર વાયબ્રેશનો ઘણું કામ કરી જશે.**

બહારગામ તેમની સાથે જવાનું થતું ત્યારે તેમજ સ્થાનિક રહેઠાણમાં તેઓની નિયમિત સામાયિક પ્રતિક્રમણ ચઉવિહારની આત્મલક્ષી ક્રિયા ઘણાને માટે માર્ગદર્શક ભોમીયા સમી બની છે.

❖ ❖ ❖

# ૧૬ સૂર્યદેવતા રજા પાડે છે ?

– વિરેન્દ્ર પંડિત

હસતી આંખો, હસતો ચહેરો, વાતની રજૂઆત કરવાની હકારાત્મક રીત, છતાં શેહમાં તણાવાનું નહિ. છતાં સામાવાળાના પ્રશ્નનું નિરાકરણ લાવવા માટેની તેટલી જ તૈયારી. બેંકિંગ કાયદાની ગૂંચનું, ગ્રાહકના મદદકર્તારૂપ નિર્ણય-જરૂરિયાતમંદને મદદ કરી તેની કટોકટીમાં મદદ કરવાની અદમ્ય ઇચ્છાશક્તિ, પછી તે પ્રશ્ન બેંકના ચેરમેન તરીકેનો હોય કે વેપારી મહામંડળના પ્રમુખ તરીકેનો, વેપારીનો પ્રશ્ન ઉકેલવાનો હોય કે પછી સંકટ નિવારણ સંસ્થા તરફથી સરકારના વહીવટકર્તા સાથે કે મુખ્ય પ્રધાન સાથે વાતચીત કરી પ્રશ્નનું નિરાકરણ હોય, લવાદી કામ હોય કે જૈન ધર્મની સંસ્થાનો પ્રશ્ન ચર્ચા ઉપર હોય, અભિગમ માત્ર હકારાત્મક ઉકેલ - સર્વને રજૂઆત કર્યાનો - અને વાત સંભળાવવાનો સંતોષ. ધોતી, લોંગકોટ, ટોપી જેવી સફેદ તેવું હૃદય પણ ધવલ હતું. તમો તેમને આરામની પળોમાં જોઈ જ ના શકો. ક્યાં ધાર્મિક મંત્રોચ્ચાર કે વાંચન કરતા હોય ક્યાં મહાસતી સાહેબ કે સંતો જોડે મન હૃદય અને વિચારોમાં માર્ગદર્શન મેળવતા હોય.

તેમને રવિવારની રજા કે શનિવારનો અડધો દિવસ હતો જ નહિ. તે કહેતા કે સૂર્યદેવતા કદી રજા પાડે છે કે આરામ કરે છે ? પ્રકાશ-ગરમી આપવી જેમ સૂર્યનો ધર્મ છે તેમ આપણો ધર્મ મન-વચન-કર્મનું સમાજને ઉપયોગી થવા માટે માનવધર્મ પાળવો તે આપણી પ્રાથમિક ફરજ છે. અહિંસા, પ્રેમ અને ઓછામાં ઓછી જરૂરિયાત તથા સાદગીથી જીવવું તેમનો જીવનમંત્ર હતો. બેંકના ચેરમેનના નાતે કદી પણ બેંકની ગાડી કે ડ્રાઈવર કે પટાવાળાનો પર્સનલ કામ અંગે ઉપયોગ ન કરીને સ્ટાફ માટે એક ઉમદા દાખલો પૂરો પાડેલ હતો.

પોતે ભલે મનવાંછિત વધુ અભ્યાસ ન કરી શક્યા પણ શિક્ષણ એટલે સારા સંસ્કારિક નાગરિક તૈયાર કરવાનું ધર્મસ્થાન સમજતા હોઈ સાણંદની અનેક શૈક્ષણિક સંસ્થાઓ, કડી કે ગાંધીનગરના ૨૩ સેક્ટરમાં આવેલ શિક્ષણ સંકુલ, જેમાં ૪૫૦૦ બાળકો અભ્યાસ કરે છે તે સંસ્થાઓના ચેરમેન તરીકે રહી પોતાના અનેક વ્યસ્ત પ્રોગ્રામમાંથી સમય કાઢીને સેવાની તત્પરતા દાખવતા. પોતાના શરીરનો આવડત અને સગવડનો વધુમાં વધુ લાભ સમાજના અદના માનવીને મદદ કરવામાં રહેતો હતો.

સંકટ નિવારણ સંસ્થા એટલે ગુજરાતની ધર્મપ્રેમી, સામાજિક જવાબદારી સમજનાર સંસ્થા. અતિ વરસાદ હોય કે દુષ્કાળ હોય, મોરબીની મચ્છુ ડેમની હોનારત હોય કે આતંકરૂપ ધરતીકંપની કરુણતા હોય, માણસોના-ઢોરો સુદ્ધાનાં દુઃખોમાં પણ પૂ. હીરાકાકા, મુ.શ્રી કસ્તુરભાઈ શેઠ સાથે રાતદિવસ જોયા વિના રાહતકાર્યમાં તેમણે જે ફાળો આપેલ છે તે માટે જેટલું લખવું હોય તેટલું લખી શકાય.

ગુજરાતી વિશ્વકોશનું પુસ્તકોના રૂપમાં સર્જન કરાવવા માટે પણ તે સમય, પૈસા, સલાહ આપવા તૈયાર રહેતા.

તેમની બહુમુખી, અનેક પ્રવૃત્તિથી ધમધમતા જીવનની કઈ વાતની કેટલી વિગતો રજૂ કરું ? જે મને લાગે છે કે મારી શક્તિ બહારની વાત છે. આવા પ્રાતઃસ્મરણીય વંદનીય પ.પૂ. શ્રી દાદાની શક્તિને લાખ લાખ પાયલાગણ.

❖ ❖ ❖

# ૧૭ નિષ્કામ કર્મયોગી

**– શ્રી સૂર્યાદેવી જોષી**
ગાયત્રી મંદિર, નરોડિયા વાસ, સાણંદ

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના જીવન વિશે લખવાનું કહેવામાં આવ્યું ત્યારે ગીતાના મત પ્રમાણે બે કર્મ હોય છે : એક નિષ્કામ કર્મયોગ અને બીજો સકામ કર્મયોગ - એ સ્વસુખ માટે જ હોય છે. જ્યારે નિષ્કામ કર્મયોગ જગહિત માટે હોય છે તેવું નિષ્કામ કર્મ શ્રી બળદેવભાઈએ કરેલ છે. અનેક નેત્રયજ્ઞો કર્યા છે અને આંખની હૉસ્પિટલ પણ જગહિત માટે બનાવેલ છે જે હાલ ચાલે છે, જેનું નેતૃત્વ હાલ તેમના સુપુત્ર શ્રી બચુભાઈ કરે છે. મધ્યમ વર્ગના કુટુંબોને તહેવારો પર નિયમિત અન્નદાન અપાય છે.

"પુત્રના લક્ષણ પારણામાં અને વહુના બારણામાં" કહેવત પ્રમાણે મારા પૂજ્ય તારાબા હંમેશાં કહેતાં કે બળદેવભાઈ વિચક્ષણ ને સત્ત્વગુણી બુદ્ધિના હતાં. અન્ય બાળકો જ્યારે રમતો રમતાં ત્યારે પોતે અદબવાળી દૂર ઊભા રહી રમત નિહાળતાં જાણે રમતથી અલિપ્ત હોય તેવી રીતે જોતાં. ભગવાને તેમને નિમિત્ત બનાવીને એવી પરોપકારી રમત રમ્યા કે આજે તેમનું નામ અમર થઈ ગયું. આવા વિરલ પુરુષો જગતમાં ઓછા હોય છે. હંમેશાં નિયમિત પોતાનું ધર્મ કાર્ય સ્વકલ્યાણ માટે પણ કરતાં હતાં. સત્ત્વગુણની પ્રભા બાળપણથી જ તેમના મુખારવિંદ ઉપર દર્શાતી તેવા બળદેવભાઈને અમારા લાખો લાખો ધન્યવાદ. પૂજ્ય ભક્ત તારાબા એમના વિષે કહે છે - "જબ આયા જગ મેં તું રોયે જગ હસે, એસી કરની કર ચલો જગ રોયે તુમ હસો..."

❖ ❖ ❖

આફતગ્રસ્તોને તાત્કાલિક રાહત પહોંચાડવાનું કાર્ય તથા લાંબા ગાળા માટે તેવા લોકો માટે પરિણામલક્ષી સહાયનું સ્વરૂપ ગોઠવવામાં તેઓની વિચક્ષણતા તથા કોઠાસૂઝ ખૂબ જ પ્રશંસનીય અને અજોડ કહી શકાય તેવી હતી. પોતાના સેવા કાર્યોમાં નિષ્ઠા, પરોપકારી વલણને લીધે તેઓ ગુજરાતભરમાં જાણીતા બન્યા હતા.

**– શ્રી શ્રેણિક કસ્તુરભાઈ**
પ્રમુખ, આણંદજી કલ્યાણજી પેઢી

# ૧૮ સામાજિક અને માનવતાલક્ષી કાર્યોના ઉપાસક

– પ્રિ. વાડીભાઈ બેચરદાસ પટેલ (બાવળાવાળા)
પૂર્વ આચાર્ય, સદ્‌ગુણા (જી.એલ.એસ.) ગર્લ્સ કૉલેજ, અમદાવાદ

મારા મુરબ્બી શ્રી બળદેવકાકા સાથે પરોક્ષ પરિચય તો ઘણો, પ્રત્યક્ષ પરિચય ઓછો. છતાં હું તેમના વ્યક્તિત્વ અને કાર્યોથી પ્રભાવિત થયો છું. મુ. બળદેવકાકા સાથે મારા પિતાશ્રીના સમયથી કૌટુંબિક પરિચય તો ખરો જ. અમારા કૌટુંબિક વડીલ જેવા. અમારા કુટુંબના દરેક સારા માઠા પ્રસંગમાં તેમની હાજરી અચૂક હોય જ. કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંકના તે આદ્યસ્થાપક અને ચેરમેન. અમારું કુટુંબ વેપારધંધા સાથે સંકળાયેલું અને મારા મોટાભાઈ જયંતિલાલ આ બેંકના ડિરેક્ટર હતા તેથી આ પરિચય વધુ ગાઢ બનતો ગયો. બળદેવકાકાએ અનેક સંસ્થાઓ સ્થાપી, વિકસાવી, અનેક સંસ્થાઓમાં દાન આપ્યું. આવી અનેક સંસ્થાઓ અને તેમાં બળદેવકાકાના પ્રદાન અંગે ઘણું લખી શકાય.

તેમના વ્યક્તિત્વની જે વિશિષ્ટ બાબતો સ્પર્શી તેમાં તેમનો માનવીય અને સેવાપરાયણ અભિગમ. આ સદ્‌ગુણો તેમના વ્યક્તિત્વનું એક વિશિષ્ટ લક્ષણ હતું.

ધનિક, અગ્રગણ્ય ઉદ્યોગપતિ, કાલુપુર કોમર્શિયલ બેંક જેવી અગ્રગણ્ય બેંકના ચેરમેન, ગુજરાત વેપારી મહામંડળના ચેરમેન વગેરે જેવા ઊંચા હોદ્દાઓ પર હોવા છતાં ધન, સંપત્તિ કે સત્તાનો સહેજપણ નશો નહિ. અભિમાન નહિ. તદ્દન નિરાભિમાન વ્યક્તિત્વ. નાનામાં નાનો માણસ પણ તેમને સરળતાથી મળી શકે. તેના દુઃખદર્દ કે વ્યથા રજૂ કરી શકે. તેઓ આવા માણસોની વાત સમજી શકે અને તેમાં મદદરૂપ પણ થાય. તેમના નિકટ પરિચયમાં આવનાર સૌ કોઈને બળદેવકાકા પોતાના હમદર્દ, શુભેચ્છક, વડીલ જેવા લાગે. તેમના સાંનિધ્યથી સૌ કોઈ શાતા અનુભવે. સરળથી યે સરળ હતી તેમની સરળતા.

સ્વ. બળદેવકાકા અનેક વેપાર-ઉદ્યોગ અને વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા હોવા છતાં ધર્મપરાયણ જીવ. તેઓ જૈન ધર્મ પાળે. તેના સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે. ગમે તે પ્રસંગમાં ગયા હોય છતાં સંધ્યા પહેલા જ તેમનું સાંજનું ભોજન પતાવી દે.

ધર્મે જૈન હોવા છતાં સ્વભાવે વૈષ્ણવજન હતા. ગુજરાતમાં કે ભારતમાં ગમે ત્યાં દુષ્કાળ, ધરતીકંપ કે પૂર જેવી આપત્તિ આવી હોય ત્યાં પીડિતોની સહાય અર્થે પહોંચી જાય. મૂંગા પશુઓના ઘાસચારાનું પણ ધ્યાન રાખે. સંકટ નિવારણ સોસાયટી દ્વારા તેમણે આવા અનેક દીનદુઃખિયાની સેવા કરી છે.

સ્વ. બળદેવકાકા ગુજરાતની એક વિશિષ્ટ કહી શકાય તેવી જૂની મહાજન પરંપરાના એક અગ્રણી પ્રતિનિધિસમા હતા. સ્વ. શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, સ્વ. અમૃતલાલ હરગોવનદાસ, સ્વ. શ્રી હીરાલાલ ભગવતી સાથે એક મહાજન શ્રેષ્ઠી તરીકે તેમનું નામ મૂકી શકાય. ન્યાયપ્રિયતા અને ન્યાયપૂર્ણ વ્યવહાર એ પણ એમની એક વિશેષતા હતી. આજથી લગભગ ૧૫ વર્ષ પહેલા અમારા કુટુંબની દીકરીના લગ્નપ્રસંગે હું, મારા મોટા ભાઈ શ્રી સોમાભાઈ અને જયંતિભાઈ અમે ત્રણેય લગ્ન સમારંભની નિમંત્રણ પત્રિકા આપવા માટે તેમને રૂબરૂ મળવા ગયા હતા. અમે ત્રણેય ભાઈઓ તેમની ઑફિસમાં બેઠા હતા ત્યારે અમદાવાદના એક મોટા વેપારી તેમને મળવા આવ્યા હતા અને તેમની સાથે આ વેપારીએ પોતાની ભાગીદારના ઝગડાની વાત કરી અને પછી બળદેવકાકાનો આ બાબતમાં અભિપ્રાય પૂછ્યો અને નિર્ણય આપવાનું કહ્યું. ત્યારે બળદેવકાકાએ બહુ જ શાંતિથી તેમની વાત સાંભળીને, બહુ જ પ્રેમથી પેલા વેપારીને કહ્યું, તમારા ઝગડા કે વિવાદ અંગે હું અત્યારે નિર્ણય કે અભિપ્રાય આપી શકું નહિ. મારે જો ન્યાય કરવો હોય તો સામા પક્ષની રજૂઆત પણ સાંભળવી જોઈએ. બન્ને પક્ષને સાંભળ્યા સિવાય મારાથી ન્યાય કે અભિપ્રાય આપી શકાય નહિ. કેવી ઉમદા ન્યાય કરવાની પદ્ધતિ. તેમના આ ગુણને લીધે જ તેમના પરિચિત મોટા વેપારીઓ, ઉદ્યોગપતિઓ કે સગાસંબંધીઓ જ્યારે ભાગીદારી કે મિલકત અંગે કંઈ પણ વિવાદ ઊભો થાય અને તેનો નિકાલ ન થતો હોય ત્યારે સંબંધિત પક્ષો કોર્ટમાં જવાને બદલે શ્રી બળદેવકાકાને લવાદ કે મધ્યસ્થી તરીકે નીમતા. One man Commission જેવું. સ્વ. કાકા સંબંધિત બધા પક્ષો કે વ્યક્તિઓની રજૂઆત સાંભળીને સૌને સંતોષ થાય તેવી રીતે તેનું નિવારણ કરતા. બળદેવકાકાની લવાદીથી બહુ જ ટૂંકા સમયમાં આવા અનેક પ્રશ્નોનું સુખદ સમાધાન

## વિભાગ-૨

# મહાજન સેવા



પૂ. ડોંગરેજી મહારાજની ભાગવત સપ્તાહ દુષ્કાળગ્રસ્તો માટે ફંડ ઊભું કરવા યોજેલ, જેમાં તેમના કુટુંબીજનો - સાથે હીરાકાકા, કરસનભાઈ (નિરમા), પૂર્વ મુખ્ય મંત્રી શ્રી અમરસિંહ ચૌધરી વગેરે આરતીના સમયે

સ્વામી શ્રી સચ્ચિદાનંદજી પાસેથી કૅન્સર સોસાયટીના પ્રસંગે સ્મૃતિચિહ્ન સ્વીકારતા શ્રી બળદેવભાઈ





▲ દુષ્કાળ સમયે સંકટ નિવારણ સોસાયટી દ્વારા સુરેન્દ્રનગરમાં કેટલ કેમ્પ, દાદા સાથે છે ગુજરાતના પૂર્વ નાણામંત્રી શ્રી અરવિંદ સંઘવી




▲ આધ્યાત્મિક આંતરિક મંડળ સંચાલિત રન્નાબેન બી. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ જનરલ હોસ્પિટલ, સાણંદ

▼ સાણંદ ખાતે આંખની હોસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી કે. કે. પટેલ (નિરમા ગ્રૂપના અધ્યક્ષ) તથા ઉદ્યોગપતિ શ્રી રોહિત મહેતા (પૂર્વ વિશ્વપ્રમુખ લાયન્સ, ઇન્ટરનેશનલ) સાથે દાદા






હૉસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે પ. પૂ. શ્રી કનકેશ્વરી દેવીના સાંનિધ્યમાં દીપ પ્રગટાવતાં શ્રી હિરાલાલ ભગવતી અને સાથે મહાનુભાવો શ્રી સુરેન્દ્ર પટેલ, શ્રી અંબુભાઈ પટેલ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી બચુભાઈ બળદેવભાઈ, શ્રી પ્રશાંત કીનારીવાલા અને શ્રી બકાભાઈ બળદેવભાઈ

સાણંદ તાલુકાના નેત્રહીન ''અંધ'' લાભાર્થી ગ્રામજનોને સંકટ નિવારણ સોસાયટી તરફથી શિયાળામાં ધાબળા વિતરણ કાર્યક્રમ શ્રી બળદેવભાઈ, શ્રી હીરાલાલ ભગવતી





શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ કડવા પાટીદાર-ટાઉનહોલ તથા વાડી-સાણંદના ખાતમુહૂર્ત પ્રસંગે મહાનુભાવો સાથે




▲ સ્વ. રૂક્ષ્મણીબેન બળદેવભાઈ પટેલ માનવસેવા કેન્દ્ર, અનાજ વિતરણ કાર્યક્રમ-૧૯૯૬-સમારોહમાં મુખ્ય દાતા શ્રી હીરાલાલ ભગવતી, શ્રી બળદેવભાઈ, શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય મંત્રીશ્રી), તેમના સાથીઓ ડૉ. શાંતિભાઈ પટેલ, પ્રશાંત કિનારીવાલા વગેરે સાથે

▼ ધી કાલુપુર સહકારી બૅંક વિદ્યામંદિર, ગાંગડના નામ નવીનીકરણ સમારોહમાં ઉદ્‌બોધન કરતા શ્રી બળદેવભાઈ તથા શ્રી નવલભાઈ શાહ, શ્રી પોપટલાલ દાણી વગેરે મહાનુભાવો દૃષ્ટિગોચર થાય છે



# ૧ જીવનશિલ્પીની કરુણા

## પૂ. પ્રમુખસ્વામીના આશીર્વાદથી અબોલ પ્રાણીની સેવા

**– બળદેવભાઈ ડોસાભાઈ પટેલ**

બ્રહ્મઉપનિષદ - અક્ષરધામ, ગાંધીનગરમાં પ્રગટ થયેલો દાદાનો લેખ

---

૧૯૮૫ થી ૧૯૮૮ સુધીની વર્ષોમાં ગુજરાતમાં ભીષણ દુષ્કાળ પડ્યો હતો. મૂંગા પશુઓની વહારે અનેક સેવાભાવી સંસ્થાઓ અને દાતાઓ જોડાયા. શ્રી હીરાલાલ ભગવતી અને હું પણ સંકટ નિવારણ સોસાયટીના ઉપક્રમે ઢોરવાડા ખોલી તન-મન-ધનથી અબોલ પ્રાણીઓની સેવામાં લાગી ગયા.

જ્યારે સતત ત્રીજા વર્ષે પણ મેઘરાજાએ મહેર ન કરી. વસમા દુષ્કાળના ઓળા પથરાવા લાગ્યા ત્યારે બધાની ચિંતા વધી પડી. અમે પણ મૂંઝાયા. શું કરવું ? ત્રીજા વર્ષે તો લગભગ આખું વર્ષ ઢોરવાડા ચલાવવા પડે તેમ હતા. તે માટે સારા પ્રમાણમાં નાણાં જોઈએ.

મેં અને હીરાભાઈએ વિચાર્યું કે કોઈક પવિત્ર સંતના આશીર્વાદ લઈને ઢોરવાડા ખોલીએ જેથી વર્ષ દરમિયાન કોઈ તકલીફ ન પડે. ભાંગ્યાના ભેરૂ ભગવાન અને તેના સંત સિવાય બીજું કોણ હોઈ શકે ? પરંતુ ક્યા સંતના આશીર્વાદ લેવા તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો. ખૂબ જ વિચારને અંતે અમોએ નક્કી કર્યું કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લઈને ઢોરવાડાનું કામ ચાલુ કરીએ.

અમે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પાસે આશીર્વાદ માટે ગયા. મારે માટે આ તેમની સાથેની પ્રથમ મુલાકાત જ હતી. પૂજ્ય સ્વામીજીને બધી વાત કરી. મુશ્કેલીઓ સમજાવી. પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે આ તો ભગવાનનું કામ છે. ભગવાન જરૂર મદદ કરશે. મૂંઝાશો નહિ. તમ તમારે સેવાનું કામ ચાલુ રાખો. અમે શ્રદ્ધા અને આનંદ સાથે પાછા આવ્યા. ઢોરવાડા ખોલવાનું નક્કી કર્યું.

અમારા સૌના આશ્ચર્ય વચ્ચે, પૂજ્ય સ્વામીજીને મળ્યા તેના ત્રીજે જ દિવસે પૂ. સ્વામીજીએ રૂપિયા એક લાખનો ચેક ઢોરવાડા માટે મદદ તરીકે અમોને મોકલી આપ્યો. તે ચેક અમારે મન આશીર્વાદની પ્રસાદીરૂપ હતો. જેની શરૂઆત સારી તેનું બધુંય સારું. અમને કલ્પના પણ ન હતી કે દાનની અવિરત સરવાણી વહ્યા કરશે. દાનનો પ્રવાહ વહેવા લાગ્યો. અમારી કામ કરવાની શક્તિમાં નવું બળ આવ્યું અને વસમા દુષ્કાળના ત્રીજા વર્ષે રૂપિયા ચાર કરોડની સેવા થઈ શકી તે અમારા માટે આજે પણ આશ્ચર્યનો વિષય છે. દુષ્કાળનું ત્રીજું વર્ષ આ રીતે પૂ. સ્વામીજીના આશીર્વાદથી હેમખેમ પાર પડ્યું. તેમનો આભાર માનીએ તેટલો ઓછો છે.

સંતના આશીર્વાદ કેટલું કામ કરે છે તે અમે જાતે નિહાળ્યું અને માણ્યું. સૂર્યોદય સમયે ઉષાના સોનેરી કિરણો અંધકારને ઉલેચીને પૃથ્વી પર મનોરમ્ય અજવાળાં પાથરે છે, તેવી જ રીતે પૂ. સ્વામીજી જેવા પવિત્ર, તપસ્વી, કૃપાળુ, દયાના સાગર જેવા, પરમાત્મા પ્રત્યેની અડગ નિષ્ઠાવાળા સંતના હૃદયપૂર્વકનાં આશીર્વાદ માનવજીવનના અંધકારને દૂર કરીને હરહંમેશ પ્રગતિનો પ્રકાશ પાથરી જીવનપથ પર અજવાળા પ્રસરાવે છે.

ખરેખર, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ જો સાથે ન હોત તો અમે સતત ત્રીજા વર્ષે ઢોરવાડાનું શ્રેષ્ઠ કામ કરી શક્યા હોત કે કેમ ?

સત્સંગ અને આશીર્વાદથી શું શક્ય બને છે તેનું વર્ણન કરવા માટે શબ્દો ઓછા પડે છે.

પવિત્ર પાવનકારી સંતનું ઘડતર કેવું હોય છે તે અમે અમારી સગી નજરે નિહાળ્યું અને માણ્યું- પરદેશની ધરતી ઉપર અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં.....

ગત વર્ષે મને હૃદયરોગનો હુમલો થવાથી ડૉક્ટરોએ બાયપાસ સર્જરીનું ઓપરેશન કરાવવાની સલાહ આપી. અમેરિકા જવાનું નક્કી કર્યું. થોડી મૂંઝવણ થઈ, અજાણ્યો પ્રદેશ, કોઈ ઓળખાણ નહીં. કોની મદદ લેશું ? તેવામાં અમારા સ્નેહી મિત્ર પ.ભ. શ્રી કાંતિભાઈ મળવા આવ્યા. તેઓએ જણાવ્યું કે હ્યુસ્ટનમાં પૂ. પ્રમુખસ્વામી દ્વારા સ્થાપિત સ્વામીનારાયણ મંદિર

છે અને વિશાળ સંખ્યામાં હરિભક્તો છે તે બધાં જ મદદરૂપ થશે.

પૂ. પ્રમુખસ્વામી મહારાજનો સંપર્ક સાધતા સાચે જ સંત એટલે કરુણામૂર્તિ-કરુણાસાગર એવો અનુભવ થયો. અમારા માટે કેટલીક તકલીફ ઉઠાવી ! બોચાસણથી અમદાવાદ ખાસ દર્શન - આશીર્વાદ આપવા પધાર્યા.



અમેરિકા સારવાર લેવા જતાં પહેલાં પ્રમુખસ્વામી મહારાજે ઘરે પધારી આશીર્વાદ આપ્યા

અમે હ્યુસ્ટન એરપોર્ટ ઉપર ઉતર્યા પણ આશ્ચર્ય ! વિશાળ સંખ્યામાં મોટરગાડીઓ અને આશરે બસોથી અઢીસો વ્યક્તિઓને ઊભેલા જોયા, પ.ભ. ડૉ. બટુકભાઈ ચાવડા અમારી પાસે આવ્યા અને કહ્યું અમે સૌ આપને લેવા આવ્યા છીએ, કારણ કે પૂ.સ્વામીની આજ્ઞા હતી. એટલું જ નહીં, અમને પોતપોતાને ઘેર લઈ જવા માટે સૌ મીઠી રકઝક પણ કરતાં હતાં. મનમાં થઈ આવ્યું. આ હરિભક્તોને આપણી સાથે શું સંબંધ ? પોતાના જાણીને વિમાનમથકે લેવા આવ્યા ! ધન્ય છે આવા હરિભક્તોના ઘડનારા સાચા સંતને !

પૂ. પ્રમુખસ્વામીજીના આશીર્વાદથી હ્યુસ્ટનમાં મારા હૃદયનું બાયપાસ સર્જરીનું ઓપરેશન ખૂબ જ સરસ રીતે અને સફળતાપૂર્વક થઈ થઈ ગયું. વળી તબિયતમાં પણ જલદી સુધારો થયો.

હ્યુસ્ટનમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ અમે નજરે નિહાળ્યું કે પૂજ્ય સ્વામીજીના સમાગમમાં આવનાર માનવી કેવો ભાવિક ભક્ત બની પોતાનું જીવન જળકમળવત્ પુષ્પ સમાન સુંદર અને નિર્મળ બનાવે છે. વિદેશની ધરતી ઉપર વિકટ સંજોગોમાં અને વિષમ પરિસ્થિતિમાં રહીને પણ પોતાના ગુરુની આજ્ઞા, ઉપદેશ અને આદેશને માથે ચઢાવી શિર માટે તેનું જતન કરે છે અને પરમાત્મા પ્રત્યેની શુદ્ધ, પવિત્ર ઉપાસના, પૂર્ણનિષ્ઠા સહિત પ્રભુમય અને વ્યસનમુક્ત જીવન જીવતાં સત્સંગી હરિભક્તોને જોઈને મારું હૃદય પુલકિત બની ગયું અને અંતરથી શબ્દો સરી પડ્યાં : "વાહ ધન્ય છે સહજાનંદી સિંહ સમા સત્સંગીઓને ! જેઓ પોતાના ગુરુના વચનમાં અટલ વિશ્વાસ, ગુરુનિષ્ઠા અને અખૂટ શ્રદ્ધા રાખીને પવિત્ર,મંગળમય, પ્રભુપરાયણ જીવન જીવે છે. શિક્ષાપત્રીના આદેશોનું શિર સાટે પાલન કરે છે. અમે પૂ. સ્વામીજીની ભવ્ય શિલ્પકળાને વંદી રહ્યા. માનનીય સાચો માનવી બનાવી તેનું કેવું સુંદર જીવન ઘડતર કર્યું છે પૂ. સ્વામીજીએ !"

બધાં જ હરિભક્તો કુટુંબ સહિત દર રવિવારે હ્યુસ્ટનમાં મંદિરે ભેગા થાય, ધર્મ-ભક્તિનાં કીર્તનો બોલે, સત્સંગ કરે અને પ્રસાદી લઈને સહુ આનંદથી વિખેરાય. વિદેશમાં ભૌતિક સુખના અને કળિયુગનાં ઘણાં આકર્ષણો હોવા છતાં પણ પોતાના ગુરુની આજ્ઞાને શિરોમાન્ય કરી ભજન ભક્તિ કરવી તેમજ આર્યસંસ્કૃતિનું જતન કરવું તે કાંઈ નાનીસૂની વાત ન કહેવાય.

હ્યુસ્ટનથી વિદાય લેતી વખતે પણ વિશાળ સંખ્યામાં હરિભક્તો એરપોર્ટ ઉપર મૂકવા આવ્યા હતા. વિમાનમાં બેસતી વખતે વિચાર્યું કે હું સ્વદેશમાં હતો કે પરદેશમાં ? અમોને જરા પણ અગવડ પડી ન હતી. સ્વજનની જેમ સૌએ સહકારપૂર્વક સદ્ભાવ સાથે અમોને સારી રીતે સાચવ્યા હતા અને સર્વ પ્રકારે મદદરૂપ બન્યાં હતાં. તેનું કારણ પૂ. સ્વામીજીના આશીર્વાદ, આદેશ અને રાજીપો.

આવા વિરાટ પુરુષ - વિરલ સંતને તેમના ૭૦મા જન્મદિને કોટિ કોટિ પ્રણામ. સહ સર્વ અવતારના અવતારી ભગવાન સ્વામિનારાયણને હૃદયપૂર્વકની પ્રાર્થના કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું આરોગ્ય સારું રહે અને તેમના દ્વારા સત્સંગ ઘડતરનું કામ વિશાળ પ્રમાણમાં થાય.

❖ ❖ ❖

# ૨ ઘસાઈને ઉજળા થવાની પરંપરાને આત્મસાત્ કરનાર લોકસેવક

– શ્રી અરવિંદ એન. લાલભાઈ
અગ્રણી ઉદ્યોગપતિ

જ્યારે જ્યારે ગુજરાતમાં કુદરતી આફતો આવી છે ત્યારે સંકટ નિવારણ સોસાયટી વતી મહેનત કરી નહિવત્ ખર્ચે સહાય પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવતા તેને હું આજે પણ યાદ કરું છું.

ગુજરાતના મૂક સેવક ગણાતા રવિશંકર મહારાજે ગુજરાતની પ્રજાને એક એવા સંસ્કાર આપ્યા હતા તે પાછળથી જાણે કે આપણી પરંપરા બની ગઈ હતી. એ સંસ્કાર-પરંપરા એટલે ઘસાઈને ઉજળા થવાની પરંપરા. મારા મતે તો બળદેવભાઈએ આ પરંપરાને જાણે કે આત્મસાત્ કરી હતી. એમના જીવનકાળ દરમિયાન એમણે કરેલા તમામ કાર્યોમાં આપણને ઘસાઈને ઉજળા થવાના સંસ્કારો જ જોવા મળશે. હંમેશાં બીજાને ઉપયોગી થવું, કોઈના દુઃખમાં ભાગીદાર બનીને તેનું દુઃખ હળવું કરવા માટે સતત પ્રયત્નશીલ બળદેવભાઈની સેવાપરાયણતાની સુવાસ સમાજમાં આજે પણ ચારે બાજુએ પ્રસરેલી છે.

**બળદેવભાઈ સાથેનો નાતો**

મારો અને બળદેવભાઈનો નાતો લગભગ ત્રણ દાયકા સુધીનો હતો. ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સનો હું પ્રમુખ હતો ત્યારે બળદેવભાઈ ચેમ્બરના સક્રિય સભ્ય હતા. અમારી પહેલવહેલી ઓળખાણ ચેમ્બરમાં થઈ હતી. પછી તો ઓળખાણ મિત્રતામાં પરિણમી અને વખત જતા બળદેવભાઈ મારા સ્નેહી બની ગયા હતા. અમે બંનેએ ચેમ્બરમાં અને સંકટ નિવારણ સોસાયટીમાં ઘણા વર્ષો સાથે કામ કર્યું હતું. બળદેવભાઈ સાથે કામ કરવાથી ઘણી બાબતો અને ઘણાં ગુણો વિકસાવવાની પણ તક મળી હતી.

**સફળ વેપારી**

બળદેવભાઈમાં વેપાર માટેની ઊંડી સૂઝ હતી. તેઓ જે પણ ધંધો કરતા એમાં સંવાદિતા અને પ્રામાણિકતા રાખતા હતા. એ જ એમની સફળતાનું મુખ્ય કારણ હતું. શરૂઆતમાં તેમનો અનાજનો વેપાર હતો. એમાંથી એમણે રૂ, કાપડ, યાર્ન વગેરે ધંધામાં પણ ઝંપલાવ્યું હતું. વેપાર-ધંધાના પ્રશ્નોમાં તેમની સૂઝ અને ઉકેલ શોધવાની આવડત તેમને તથા વેપારી વર્ગને ખૂબ જ ઉપયોગી રહી હતી. પરિણામે વેપારી વર્ગમાં તેઓ સન્માનનીય અને પ્રિય બન્યા હતા. વેપારી વર્ગને મદદરૂપ થવા માટે સહકારી બેંકની શરૂઆત કરી હતી. સહકારી બેંકિંગ ક્ષેત્રમાં પ્રવેશીને તેમણે તેમની ધંધાકીય સૂઝ અને દૃષ્ટિનો આગવો પરિચય આપ્યો હતો.

**પ્રજાના સાચા સેવક**

બળદેવભાઈ સાચા અર્થમાં લોકસેવક હતા. રવિશંકર મહારાજ મૂક સેવક હતા તો બળદેવભાઈ લોકસેવક હતા તેમ કહેવું જોઈએ. સંકટ નિવારણ સમિતિ દ્વારા બળદેવભાઈએ પોતે જીવ્યા ત્યાં સુધી લોકોની સેવા કરી હતી. એમની અને હીરાલાલ ભગવતીની જોડી હતી. ગુજરાત કે દેશમાં ગમે ત્યાં ગમે ત્યારે આફત આવે ત્યારે તરત જ તેઓ મદદ માટે દોડી જતા હતા. એકવાર તેમને કામ સોંપ્યા પછી મેં ભાગ્યે જ તેની પાછળ જોયું છે. જ્યારે જ્યારે કુદરતી આફતો આવી છે ત્યારે સંકટ નિવારણ સોસાયટી વતી મહેનત કરી નહિવત્ ખર્ચે સહાય પહોંચાડવાની વ્યવસ્થા તેઓ ગોઠવતા તે બાબતને હું આજે પણ યાદ કરું છું. તેમની વ્યવસ્થાની સાથોસાથ તેમનો વહીવટ એટલો જ પારદર્શક અને સ્વચ્છ રહ્યો છે. તેઓ કરોડો રૂપિયાનો વહીવટ કરતા હતા છતાં ક્યારેય કોઈ દિવસ કોઈએ તેમના પર અવિશ્વાસ કર્યો હોય એવું બન્યું નથી.

સંકટ નિવારણ સોસાયટી દ્વારા આફતગ્રસ્તોને મદદ કરવા તેઓ જતા ત્યારે ઘણીવાર હું પણ એમની સાથે જતો હતો. એ દરમિયાન મેં જોયું કે, બળદેવભાઈને માણસો પ્રત્યે જેટલી હમદર્દી હતી તેટલી જ દયાભાવના મૂંગા પશુઓ માટે પણ હતી. જ્યારે જ્યારે ગુજરાતમાં દુષ્કાળ પડે કે અતિવૃષ્ટિ થાય ત્યારે તેઓ જાતે ઢોરવાડાઓમાં જઈને ઢોરની કાળજી લેતા

હતા. આંધ્ર પ્રદેશમાં પૂર આવ્યું તે સમયે ત્યાંના લોકોની મદદ માટે તેઓ દોડી ગયા હતા. ત્યાંના અસરગ્રસ્તો માટે સંકટ નિવારણ સોસાયટી વતી મકાનો બાંધવામાં સક્રિય રસ લીધો હતો. બળદેવભાઈનો એક ખાસ અભિગમ એવો હતો કે વેપારીઓએ પૈસા કમાવા જોઈએ, પરંતુ સમાજ માટે તેનો ઉપયોગ પણ કરવો જોઈએ. પોતે શિક્ષણને વધારે મહત્ત્વ આપતા હોવાથી તેમણે સમાજના શિક્ષણ ક્ષેત્રે સારું એવું યોગદાન આપ્યું હતું. જેના લીધે આજે સમાજના લોકો એ સંસ્થાઓનો લાભ લઈ પોતાનો વિકાસ કરી રહ્યા છે. આ ઉપરાંત બળદેવભાઈએ સમાજની અનેકવિધ સંસ્થાઓ સ્થાપી એમાં પોતાનો પૈસો વાપર્યો અને બહારથી પણ આર્થિક મદદ મેળવી. આ બધી સંસ્થાઓને પગભર કરવામાં તેમણે ફાળો આપ્યો હતો. ગુજરાતની મહાજન પ્રથાના એક અંકોડા સમાન બળદેવભાઈની સેવાઓ અનન્ય અને નોંધપાત્ર [illegible]

❖ ❖ ❖



કેન્સર સોસાયટી ગુજરાતને આપેલ દાન પ્રસંગે અમદાવાદ મિલ ઑનર્સ ઍસોસિયેશનના પ્રમુખ શ્રી અરવિંદ નરોત્તમ, ઉદ્યોગપતિ શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ, આંધ્રના પૂર્વ ગવર્નર કુમુદબેન જોષી, પૂર્વ મંત્રી શ્રીમતી કોકિલાબેન વ્યાસ સાથે દાદા

# ૩ તેમનું સમાજને સમર્પિત જીવન મારા માટે એક આદર્શ દૃષ્ટાંતરૂપ બની ગયું છે

– શ્રેણિક કસ્તુરભાઈ
અગ્રણી ઉદ્યોગપતિ

ગુજરાતમાં કે દેશમાં કોઈ પણ જગ્યાએ સંકટ આવે અને ત્યાં મદદ કરવાની હોય તો મારા પિતાશ્રી સૌથી પહેલા બળદેવભાઈ અને હીરાલાલ ભગવતીને જ યાદ કરતા.

આફતગ્રસ્તોને તાત્કાલિક રાહત પહોંચાડવાનું કાર્ય તથા લાંબા ગાળા માટે તેવા લોકો માટે પરિણામલક્ષી સહાયનું સ્વરૂપ ગોઠવવામાં તેઓની વિચક્ષણતા તથા કોઠાસૂઝ ખૂબ જ પ્રસંશનીય અને અજોડ કહી શકાય તેવી હતી. પોતાના સેવાકાર્યોમાં નિષ્ઠા, પરોપકારી વલણને લીધે તેઓ ગુજરાતભરમાં જાણીતા બન્યા હતા.

ગુજરાતી વિશ્વકોશની યોજનાને આગળ ધપાવવા, આર્થિક રીતે સદ્ધર કરવામાં તથા પૂર્ણ કરવામાં શ્રી બળદેવભાઈ તથા શ્રી હીરાલાલ ભગવતીનું બહુમૂલ્ય પ્રદાન છે.

મારી યુવાનીના દિવસોમાં હું બળદેવભાઈને ઓળખતો થયો હતો. આમ તો બળદેવભાઈ મારા પિતાશ્રીને મળવા આવતા અને એમની સાથે ઓળખાણ થઈ હતી. મારા પિતાશ્રી બળદેવભાઈને ખૂબ જ આદર અને માન આપતા હતા. તેમના સેવાકાર્યોથી મારા પિતાશ્રી ખૂબ જ પ્રભાવિત થયા હતા. જેમ જેમ હું તેમના પરિચયમાં આવતો ગયો તેમ તેમ તેમના સેવાકીય કાર્યોમાં રસ લેતો થયો. ગુજરાતના એક અદના સમાજસેવી તરીકે બળદેવભાઈની છાપ મારા મન પર પડી હતી, જે આજે પણ અકબંધ છે.

**સમાજ માટે સમર્પિત**

એવું કહેવાય છે કે, આપણા દેશમાં સૌથી વધારે સ્વૈચ્છીક સંસ્થાઓ ગુજરાતમાં કાર્યરત છે. તેનું મૂળ બળદેવભાઈ જેવા સમાજસેવક જ હોઈ શકે. અમદાવાદી કંજૂસ હોય, ગુજરાતના લોકો માત્ર પૈસા કમાઈ જાણે આ બધી ઉક્તિઓ બળદેવભાઈએ પોતાના જીવનકાર્ય થકી ખોટી પાડી હતી. લોકોમાં એક આગવી ઓળખ ઊભી કરી હતી કે વેપારીઓ પણ પોતાના વતન માટે, ગામ માટે, દેશ માટે કંઈ કેટલુંય કરી શકે છે. કુદરતી આફતના સમયે બળદેવભાઈ અને હીરાલાલ ભગવતી બંને તુરત જ આયોજન કરી અસરગ્રસ્તોની મદદે દોડી જતા હતા. એમનું આયોજન એટલું ચોક્કસ હોય કે મળેલા નાણાંમાંથી વધારે ને વધારે લોકોને કેટલી અને કેવા પ્રકારની મદદ મળવી જોઈએ. જરૂર પડે આ બંને મહાનુભાવોની જોડી ઘટનાસ્થળે પણ જતા. પોતે ત્યાં હાજર રહી લાભાર્થીઓ પાસે પણ શ્રમ કરાવીને પછી એમને મદદ કરતાં જેથી લાભાર્થીને મફત મળ્યાનો ભાવ ન આવે, તો કેટલાકને મદદ માટે લાચાર ન થવું પડે. ગુજરાતમાં કે દેશમાં કોઈ પણ જગ્યાએ સંકટ આવે અને ત્યાં મદદ કરવાની હોય તો મારા પિતાશ્રી સૌથી પહેલા બળદેવભાઈ અને હીરાલાલ ભગવતીને જ યાદ કરતા.

મને યાદ છે કે, ગુજરાતમાં જ્યારે અતિવૃષ્ટિને કારણે જેઓના ઘર પડી ગયા હતા કે તણાઈ ગયા હતા તેઓ માટે બળદેવભાઈએ નાના આવાસની યોજના કરી હતી. તો વળી, ઘર બાંધવા માટેની જોઈતી સામગ્રી જેમ કે ઈંટ, રેતી, સિમેન્ટ, વાંસ વગેરે અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલી આપવાની ગોઠવણ પણ કરી હતી. તેમની ચીવટ અને કરકસરથી કામ કરવાની પદ્ધતિ મને સ્પર્શી ગઈ હતી. મારા પિતાશ્રીના અવસાન પછી સેવાકાર્યો માટે મારો અને બળદેવભાઈનો સંપર્ક જીવંત બન્યો હતો. સતત તેમને કામ કરતાં જોઈ મને ઘણું માર્ગદર્શન મળ્યું છે. મારા પિતાશ્રી અને બળદેવભાઈને અમદાવાદ પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. એટલે એમણે અમદાવાદના વિકાસમાં પણ મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

જનસેવાની વાત આવે એટલે એમાં સમય, પૈસા અને શારીરિક શક્તિ આ ત્રણેય પરિબળો ભેગા થાય તો જ સાચી સમાજસેવા કરી શકાય. બળદેવભાઈ આ ત્રણેય પરિબળોનો સમન્વય સારી રીતે કરી શકતા હતા, જ્યારે મારી વાત કરું તો જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે મેં નાણાકીય મદદ કરી છે. બાકી હું આ બંનેની જેમ ક્યાંય દોડીને જઈ શક્યો નથી, એ મારા માટે શક્ય નહોતું, તો બળદેવભાઈને જાણ થાય કે અમુક જગ્યાએ આફત આવી છે, તો તરત જ પોતાના શરીર, ઘર, કુટુંબની ચિંતા કર્યા સિવાય દિવસ કે રાત જોયા વગર નીકળી પડતા હતા અને તરત જ અસરગ્રસ્તોને બચાવવાની કામગીરીમાં




અનુયોગ ગ્રંથના લોકાર્પણ સમારોહમાં દાદા સાથે દાનવીર શ્રી દીપચંદ ગાર્ડી, શ્રી શ્રેણિક કસ્તુરભાઈ, શ્રી ઉત્તમભાઈ મહેતા (ટોરન્ટ ગ્રૂપ), શ્રી નવીનતભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ સંઘવી વગેરે

લાગી જતા હતા. આફતગ્રસ્તોને તાત્કાલિક રાહત પહોંચાડવાનું કાર્ય તથા લાંબા ગાળા માટે તેવા લોકો માટે પરિણામલક્ષી સહાયનું સ્વરૂપ ગોઠવવામાં તેઓની વિચક્ષણતા તથા કોઠાસૂઝ ખૂબ જ પ્રસંશનીય અને અજોડ કહી શકાય તેવી હતી. પોતાના સેવાકાર્યોમાં નિષ્ઠા, પરોપકારી વલણને લીધે તેઓ ગુજરાતભરમાં જાણીતા બન્યા હતા.

બળદેવભાઈનો બીજો એક ગુણ મને સ્પર્શી ગયો હતો, એ ગુણ એમની ધાર્મિકતાનો. તેમના સતત સંપર્કમાં રહેવાથી હું અનુભવી શક્યો હતો કે તેઓ જૈન ધર્મને સાચી રીતે સમજ્યા હતા. સાચા ધાર્મિક હોવાથી તેમનું અંગત જીવન ખૂબ ઓછી જરૂરિયાતવાળું હતું. ગરીબ, દુઃખી અને નિરાશ થયેલા લોકો માટે બળદેવભાઈને અપાર લાગણી હતી. તેઓ પરોપકાર અને કૃતજ્ઞતાની ભાવનાથી જીવતા હતા.

**ગુજરાતી સાહિત્યના વારસામાં મહામૂલું પ્રદાન**

અમદાવાદના શ્રેષ્ઠી સાંકળચંદભાઈ પટેલે ગુજરાત માટે ખૂબ જ મોટો સંકલ્પ કર્યો હતો. તેમણે ગુજરાત વિશ્વકોશની મહત્ત્વની યોજનાની શરૂઆત માટે સંકલ્પ કર્યો હતો. સંસ્થાની શરૂઆત થઈ ત્યારથી જ હું પ્રમુખ હતો. સંજોગોવશાત્ શ્રી સાંકળચંદભાઈનું અવસાન થયું. આ યોજનાને પૂરી કરવા માટે અવારનવાર મોટી રકમની જરૂર પડતી હતી. સાંકળચંદભાઈના અવસાનથી હું થોડીક મૂંઝવણ અનુભવતો હતો. આ દરમિયાન મને મનમાં ખાતરી હતી કે ગુજરાતી સાહિત્યના વારસા માટે જો આ યોજના પૂરી કરવી હશે તો આ બંને મહાનુભાવો વગર શક્ય બનશે નહીં. એટલે મેં એ બંનેને ગુજરાત વિશ્વકોશની યોજનામાં સક્રિય થવા સમજાવ્યા. સંસ્થાનું મહત્ત્વ સમજી અને જાણી તેમણે આ કામ પોતાના માથે લઈ લીધું. બંને સક્રિય થયા. મને ખબર હતી કે આ એવી વ્યક્તિઓ હતી કે તેમના નામ માત્રથી લોકો પૈસા આપવા તૈયાર થઈ જતા હતા અને ગુજરાતભરમાં તેમના સંપર્કો હતા. એટલે બંને જણાએ વિવિધ વ્યક્તિઓ અને સંસ્થાઓનો સહયોગ લીધો. એમના આ ભગીરથ પ્રયાસથી યોજના આગળ ધપીને પૂર્ણ પણ થઈ. આજે તો અમદાવામાં ગુજરાત વિશ્વકોશનું પોતાનું સુંદર મકાન પણ તૈયાર થઈ ગયું છે. તો સંસ્થાના નેજા હેઠળ વિશ્વકોશના વીસ દળદાર ગ્રંથો પ્રગટ થઈ ચૂક્યા છે. ભવિષ્યમાં પણ આ સંસ્થા સાતત્યપૂર્વક નિયમિત રીતે આગામી ગ્રંથો પ્રગટ કરી શકશે. સંસ્થાને આર્થિક રીતે સદ્ધર કરવામાં આ બંને મહાનુભાવોનું બહુમૂલ્ય પ્રદાન છે. આમ, સમાજના વિધવિધ પાસામાં પોતાનો યથાયોગ્ય ફાળો આપવા બદલ સમાજ બળદેવભાઈના ઋણી છે. અસરગ્રસ્તોના કલ્યાણ માટેનું તેમનું સમર્પિત જીવન મારા માટે એક આદર્શ દૃષ્ટાંતરૂપ રહ્યું છે. તેમના સેવાભાવી અને સમર્પિત જીવનની સુગંધ ગુજરાતના જાહેર જીવનમાં દીર્ઘકાળ સુધી ટકી રહેશે.

❖ ❖ ❖

# ૪ ઘસાઈને ઉજળા થાઓ

– પ્રકાશ ભગવતી
ઉદ્યોગપતી

**સૌમ્ય મૂર્તિ શ્રી બળદેવભાઈ**

પૂજ્ય બળદેવકાકાની મારા પૂજ્ય પિતાશ્રી સાથેની મિત્રતાને કારણે એમને નજદીકથી ઓળખવાની મને તક મળેલી. એના આધારે હું ખાતરીપૂર્વક કહી શકું કે બળદેવકાકાએ ભગવાન પાસે એક માંગણી મૂકી જ હશે - "ઇતના તો કરના સ્વામી જબ પ્રાણ તનસે નીકલે તબ તક જન સેવા કે કાર્ય મેં વ્યસ્ત રહું" પ્રભુએ તેમની પ્રાર્થના સાંભળી અને નવરંગપુરામાં આવેલી સ્ટાન્ડર્ડ બેંકના ઉદ્‌ઘાટન પ્રસંગે મંચ પરથી તેમનું વક્તવ્ય પૂરું કરી તેમણે પ્રાણ છોડ્યા. પ્રભુએ મૃત્યુ પણ એક કર્મયોગીને છાજે એવું આપ્યું.

કાલુપુર બેંક બળદેવકાકાના નેતૃત્વકાળ દરમિયાન શૈશવકાળમાંથી પુખ્ત ઉંમરે પહોંચતા સુધીમાં અસાધારણ પ્રગતિ કરી શકી. એક બેંકર તરીકે, બળદેવકાકાની વ્યક્તિને પારખવાની અને તેનામાં વિશ્વાસ મૂકી યોગ્ય ધિરાણ કરવાની સૂઝ અનેરી હતી.

અમારા ગ્રૂપની ટુમેક કંપનીએ વર્કિંગ કેપિટલ માટે કાલુપુર બેંકની મદદ લેવાનું વિચાર્યું. આના અનુસંધાનમાં હું કાકાને અમારી કંપનીનાં બેલેન્સશીટ સાથે મળ્યો. આ બેલેન્સશીટ ઉપર ઉડતી નજર નાખતા જ કાકા કંપનીની મજબૂત નાણાકીય પરિસ્થિતિ પામી ગયા. તેમણે ખૂબ જ ઝડપી ગતિએ બેંકના સ્ટાફને તટસ્થ રીતે આ Proposal તપાસવા આદેશ આપ્યો. ખૂબ ટૂંક સમયમાં મેરીટ પ્રમાણે કંપનીની લોન બેંકે Approve કરી આપી.

બળદેવકાકા સંકટ નિવારણ સોસાયટીમાં મારા પિતાશ્રીના સહયોગી હતા. ગુજરાત અને ભારતભરમાં જ્યારે જ્યારે કુદરતી આપત્તિ આવી ત્યારે, સંકટ નિવારણ સોસાયટીએ અસરગ્રસ્ત વિસ્તારોમાં ખૂબ ઓછા ખર્ચે પરંતુ અસરકારક સેવાઓ આપી છે. અસરગ્રસ્ત પીડિતોને હાથમાં પૈસા નહીં મૂકવા એવો સિદ્ધાંત તેમણે તમામ રાહત કાર્યોમાં પાળ્યો હતો. વેપારી સંઘ, મહાજન વગેરેમાં રાહતકાર્ય માટે જરૂરી માલસામાન મેળવી, ઓછા ખર્ચે તેના ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા અને તેનો ઉપયોગ અસરગ્રસ્ત વ્યક્તિઓના જ લાભ માટે થાય તેવી વ્યવસ્થા ખૂબ જ ત્વરિત ગતિએ ઊભી કરી દેતા. સંકટ નિવારણની આવી નિઃસ્વાર્થ સેવાથી દાનનો અસ્ખલિત પ્રવાહ વહેતો રહેતો અને રાહતનાં કાર્યો વિના વિલંબે થઈ શકતા.

બળદેવકાકા અમારા કુટુંબ માટે એક **Friend, Philosopher & Guide** હતા. મારા પિતાશ્રીની એમની સાથેની મૈત્રી અને સાથે સેવાના કાર્યો કરવાની તમન્નાથી તેઓને "કૃષ્ણ-બલરામ"ની જોડીથી ઘણા વેપારી સંગઠનો ઓળખતા. સરકાર સંકટના રાહત કાર્યોમાં તેમની સલાહ સૂચન લેવાનું અનિવાર્ય ગણતી. આ સલાહ મળ્યા પછી જ રાહતકાર્યોનો સરકાર દ્વારા અમલ થતો.

ગુજરાત મહાજનોની પરંપરા માટે પ્રખ્યાત છે. "ઘસાઈને ઉજળા" થવાની ભાવના મહાજનોમાં હતી, જે આજના સમાજમાં લુપ્ત થઈ ગઈ છે. બળદેવકાકા ગુજરાતની ભૂમિ પરથી લુપ્ત થતા મહાજનોમાંના એક હતા. તેમણે જીવન જીવી જાણ્યું. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના....

❖ ❖ ❖

# ૫ "મારું જીવન અંજલિ થાજો"

– પ્રશાંત કિનારીવાલા
સેક્રેટરી, ગુજરાત કેન્સર સોસાયટી

આ કૃષ્ણ-બળદેવની જોડીએ અમદાવાદના મહાજનમાં, સમાજમાં એક આદર્શ પ્રસ્થાપિત કર્યો હતો.

સાણંદના લોકોને રોજગારી મળી શકે તે હેતુથી એમણે ત્યાં ટેક્‌નિકલ શિક્ષણ સંસ્થા ઊભી કરી. એમની ભાવના એ હતી કે મારા ગામમાં કોઈ બેકાર ન રહેવો જોઈએ.

બહુમુખી પ્રતિભા ધરાવતા બળદેવકાકામાં શ્રી સરસ્વતી અને સેવાનો ત્રિવેણી સંગમ થયો હતો. તેમણે પોતાના જીવનમાં શ્રી સરસ્વતી અને સેવાનો સુંદર સંગમ કરી ગુજરાતના મહાજનોમાં એક દાખલો બેસાડ્યો છે.

**કૃષ્ણ-બળદેવની જોડી**

શ્રી બળદેવભાઈનો પરિચય મને હીરાકાકા (હીરાલાલ ભગવતી)એ કરાવ્યો હતો. હીરાકાકા કહેતા કે, "અમારો સંબંધ કૃષ્ણ-બળદેવ જેવો છે. હું કૃષ્ણ અને તે બળદેવ છે." આ કૃષ્ણ-બળદેવની જોડીએ અમદાવાદના મહાજનમાં, સમાજમાં એક આદર્શ પ્રસ્થાપિત કર્યો હતો. હીરાકાકાને તો અમે બાપુજીના વખતથી જાણતા હતા, એટલે એમણે બળદેવભાઈને મારા વિશે વાત કરી હતી અને મને આંખની હૉસ્પિટલમાં જોડાવવા કહ્યું હતું. સોસાયટીમાં પહેલું દાન આપ્યું હતું. એમ મારો અને બળદેવકાકાનો પરિચય વધતો ગયો. પછી તો કોઈ પણ સામાજિક કામ હોય, બળદેવકાકા તરત જ મને યાદ કરતા હતા. એમના કહેવાથી હું સંકટ નિવારણ સોસાયટીમાં પણ જોડાયો હતો. મને એમના દીકરા તરીકે જ ગણતા હતા. આજે બળદેવકાકા અને હીરાકાકા નથી છતાં તેમનો પ્રભાવ મારા મન-હૃદયમાં એવોને એવો જ છે. સામાજિક ક્ષેત્રમાં આપણા ગુજરાતમાં "કૃષ્ણ-બળદેવ"ની જોડી અમર બની ગઈ છે.

જીવન અંજલિ થાજો
મારું જીવન અંજલિ થાજો,
ભૂખ્યા કાજે ભોજન બનજો,
તરસ્યાનું જળ થાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી,
અમૃત ઉરના પાજો...
મારું જીવન અંજલિ થાજો..

ઉપરોક્ત કાવ્ય પંક્તિ બળદેવકાકા માટે યથાર્થ છે. તેઓ બીજા માટે જ જીવ્યા હતા. તેઓ ભૂખ્યાંને ભોજન આપતાં, તરસ્યાની તરસ છીપાવતા હતા. જગતમાંથી ઝેર જીરવી, લોકોને અમૃતરસનું તેઓ પાન કરાવતા હતા, એટલે કે દીનદુખિયાના દુઃખનું ઝેર દૂર કરીને બધાને હસતા રાખવાનો પ્રયત્ન કરતા. પોતાના વતન સાણંદમાં અન્નક્ષેત્ર શરૂ કરાવ્યું હતું જે આજે પણ ચાલે છે અને જરૂરિયાતવાળા કુટુંબોને કરિયાણું-અનાજ વગેરે પણ આપવામાં આવે છે. તેઓ બિલકુલ નિઃસ્પૃહી હતા. બળદેવકાકા તો સમાજ માટે જ જન્મ્યા હતા. કુદરતી આફત આવે ચાહે ગુજરાતમાં કે દેશના કોઈ પણ ખૂણામાં તરત જ પહોંચી જતા હતા. ભગવાને એમને અખૂટ શક્તિ આપી હતી. તો સામે પક્ષે લોકોમાં પણ તેઓ એટલો વિશ્વાસ પેદા કરી શક્યા હતા કે, બળદેવભાઈને આપેલા પૈસા ક્યાંય ખોટી રીતે વપરાશે નહીં. એમના નામનું એટલું મહત્ત્વ હતું કે લોકો સામેથી દાન આપતા હતા.

એમની પાસે મદદે આવેલી વ્યક્તિ ક્યારેય નિરાશ થઈને પાછી ગઈ નથી. "ના" શબ્દ એમના મોઢામાંથી ક્યારેય નીકળતો નહીં.

### વહાલું વતન

તેઓ રહેતા અમદાવાદમાં પરંતુ પોતાના વતન સાણંદ માટે હંમેશાં ચિંતનશીલ રહેતા. સાણંદના વિકાસમાં તેમનું મહત્ત્વનું પ્રદાન છે. સાણંદના લોકોને રોજગારી મળી શકે તે હેતુથી એમણે ત્યાં ટેક્નિકલ શિક્ષણ સંસ્થા ઊભી કરી. એમની ભાવના એ હતી કે, "મારા ગામમાં કોઈ બેકાર ન રહેવો જોઈએ." સાણંદમાં હૉસ્પિટલની સ્થાપના પણ કરી જેથી લોકોને આરોગ્યની સેવા મળી શકે. સાણંદમાં હૉસ્પિટલ બંધાતી હતી ત્યારે મને ઘણીવાર સાથે લઈ ગયા હતા. હૉસ્પિટલ બાંધનારા એન્જિનિયરને તેઓએ કહેલું કે, "ભાઈ, કામમાં ચીવટ રાખજો, હૉસ્પિટલનું મકાન સારામાં સારું બનવું જોઈએ".

### નખશીખ ગાંધીવાદી

તેમના સતત સંપર્કમાં રહેવાથી અનુભવાયું કે તેઓ નખશીખ ગાંધીવાદી હતા. તેઓ ગાંધી વિચારમાં માનતા એટલું જ નહીં, તેનો અસરકારક રીતે અમલ પણ કરતા હતા. જો કે ક્યારેક એવું પણ લાગે કે તેમના પર વિનોબા ભાવેનો પ્રભાવ હતો. તેઓ ટ્રસ્ટીશીપના હિમાયતી હતા. સાદાઈ, સરળતા, વિનમ્રતા અને નિખાલસતાના આગ્રહી હતા. આદર્શ વહીવટીકર્તા, સ્પષ્ટવકતા અને સેવાને સમર્પિત હતા. તેમના વ્યક્તિત્વનો પ્રભાવ સૂર્ય જેવો તેજસ્વી હતો. તેઓ ધીર, ગંભીર, ન્યાયી અને ઉદાર વલણવાળા હતા. એમના ગુણો માટે એવું કહી શકાય કે "ગાગરમાં સાગર સમાયેલા હતા."

### શ્રી સરસ્વતી અને સેવાનો ત્રિવેણી સંગમ

બહુમુખી પ્રતિભા ધરાવતા બળદેવકાકામાં શ્રી, સરસ્વતી અને સેવાનો ત્રિવેણી સંગમ થયો હતો. તેમણે પોતાના જીવનમાં શ્રી સરસ્વતી અને સેવાનો સુંદર સુગમ કરી ગુજરાતના મહાજનોમાં એક દાખલો બેસાડ્યો હતો અને માટે જ જેમ બધી ઋતુઓમાં વસંતઋતુનો મિજાજ કંઈ આગવો હોય છે તેમ બળદેવકાકાની એક આગવી ઓળખ હતી. ફૂલોની જેમ હંમેશાં પ્રસન્ન રહેતા તેમને જોતાં જ હું પણ આનંદમાં આવી જતો. તેમની સાથે રહેવાની મને તક મળી તે માટે હું ગૌરવ અનુભવું છું.

### પ્રેરણાત્મક વ્યક્તિત્વ

પૂજ્ય બળદેવભાઈ સાથે રહેવાથી મારા જીવનમાં પણ અનાયાસે એમના કેટલાંક ગુણો આવતા ગયા છે. બળદેવકાકાનો ધાર્મિક, લોકસેવાનો ગુણ મેં મારામાં ઉતાર્યો છે. હંમેશાં સાચા ને સારા વિચારો કરવાની પ્રેરણા મેં એમની પાસેથી મેળવી છે. તો ધર્મમાં મારી શ્રદ્ધા દૃઢ થઈ છે. અમે જ્યારે જ્યારે સાથે હોઈએ ત્યારે એક દીકરાને સમજાવે તેવી જ રીતે મને સમજાવે અને સાચી સલાહ આપી છે. અમે જ્યારે જ્યારે કોઈ કામ માટે સાથે જઈએ ત્યારે અમારી વચ્ચે ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓની જ ચર્ચા થતી. એ વિચારબીજ મારામાં રોપ્યું અને આજે હું પણ એ માર્ગે ચાલવાનો વિનમ્ર પ્રયાસ કરી રહ્યો છું.

તેઓ આજે આપણી વચ્ચે નથી, પરંતુ એમણે કરેલા કાર્યોની સુગંધ આજે સમાજમાં પ્રસરેલી છે. આ સુગંધ કાયમ મઘમઘતી રહે એ માટેની જવાબદારી આપણી સૌની છે. નવી પેઢીએ એમની સદ્‌ભાવનાની પરંપરાને આગળ વધારવી જોઈએ અને લોકોએ એમાં સહયોગ આપવો જોઈએ, એ જ બળદેવકાકા માટેની સાચી શ્રદ્ધાંજલિ ગણાય.

❖ ❖ ❖

બળદેવકાકા અમારા કુટુંબ માટે એક **Friend, Philosopher & Guide** હતા. મારા પિતાશ્રીની એમની સાથેની મૈત્રી અને સાથે સેવાના કાર્યો કરવાની તમન્નાથી તેઓને 'કૃષ્ણ-બલરામ'ની જોડીથી ઘણા વેપારીઓ સંગઠનો ઓળખતા. સરકાર રાહત કાર્યોમાં તેમની સલાહ સૂચન લેવાનું અનિવાર્ય ગણતી. આ સલાહ મળ્યા પછી જ રાહત કાર્યોનો સરકાર દ્વારા અમલ થતો.

**– પ્રકાશ ભગવતી**




દાદાની સંસ્થા દ્વારા ગરીબોને કપડાં, ધાબળા વિતરણ

દાદાના ટ્રસ્ટ દ્વારા ગરીબીની રેખાની નીચે જીવતા સાણંદ તાલુકાના ૫૦૦ કુટુંબોને દર ૩ મહિને અનાજ વિતરણ કાર્યક્રમ






દાદા દ્વારા ગરીબ બહેનોને રોજગાર માટે સીવણના સંચાની સહાય આરોગ્યમંત્રી શ્રી અશોક ભટ્ટના હસ્તે

સાણંદમાં દાદા દ્વારા સ્થપાયેલ હૉસ્પિટલમાં આરોગ્ય સેવાનો લાભ લઈ રહેલા દર્દીઓ





વાત્રક હૉસ્પિટલના સમારોહમાં વડોદરાના મહારાજા શ્રી ફતેહસિંહરાવ ગાયકવાડ, શ્રી બળદેવભાઈ તથા શ્રી બચુભાઈ બળદેવભાઈ

દાદાજીના સ્મૃતિમાં યોજાયેલ રક્તદાન શિબિર



# ૭ વાત્સલ્યમૂર્તિ બળદેવકાકા

– ડૉ. પંકજ એમ. શાહ
ડાયરેક્ટર, કેન્સર હૉસ્પિટલ, અમદાવાદ

શેઠ શ્રી અરવિંદભાઈ, સ્વ. હીરાલાલ ભગવતી ગુજરાત કેન્સર સોસાયટીના અગ્રેસર હોદ્દેદારો અને એમની સાથે કેન્સર સોસાયટીનું કામકાજ કરતા કરતા હીરાલાલ ભગવતી સ્વ. બળદેવભાઈને કેન્સર સોસાયટીમાં સન ૧૯૭૮માં લઈ આવ્યા ત્યારથી અમારો એમની સાથે પરિચય. ગુજરાત કેન્સર સોસાયટીના ટ્રેઝરર હોવાને નાતે અમારો પરિચય સમયાંતરે વધતો ગયો. એમનું વ્યક્તિત્વ અનેક ગુણોથી ભરપૂર હતું. એક અગ્રણી વેપારી, સમાજસેવક, સંસ્થા-સંચાલક, વહીવટકર્તા, ધાર્મિક અને સૌજન્યપૂર્ણ વ્યવહાર પુરુષ હતા. આવી એમના વિશેની છાપ મારા મન પર જેમ જેમ એમનો પરિચય વધતો ગયો તેમ તેમ દઢ થતી ગઈ. પૈસાપાત્ર હતા તેમ છતાં અભિમાન ન હતું. નિખાલસ સ્વભાવ અને સાદગી એમનાં જીવનમાં હતી. તેઓ હંમેશાં કહેતા કે, ''ઘસાઈને ઊજળા થાવ અને બીજાને ખપમાં લાગો''. એમનું કામ જોઈને રવિશંકર મહારાજની સેવા યાદ આવે. લોકોને કેવી રીતે મદદરૂપ થવું તે બોધપાઠ આ બંને કાકાઓ પાસેથી હું શીખ્યો એમ નમ્રભાવે કહેવામાં જરાયે અતિશયોક્તિ લાગતી નથી. હીરાકાકા અને બળદેવકાકા ખૂબ જ સેવાભાવી અને ઉપયોગી જીવન જીવી સાર્થક કરી ગયા. મારા જીવનમાં આ બંને વ્યક્તિઓનો પ્રભાવ રહ્યો અને મારે મન આ બંને રામ-લક્ષ્મણની જોડી જેવા હતા. ગુજરાત કેન્સર સોસાયટીમાં બીજા શ્રેષ્ઠીઓ સાથે આ બંને શ્રેષ્ઠીનું પ્રદાન ખૂબ મૂલ્યવાન રહ્યું હતું.

બળદેવકાકાની કર્તવ્યનિષ્ઠા ખૂબ જ ઉમદા હતી. મને યાદ છે કે ગુજરાત કેન્સર સોસાયટીની મિટિંગમાં બળદેવકાકા અવશ્ય નિયમિતપણે હાજર રહે. એમની અમારે કદી રાહ જોવી પડતી ન હતી અને વિશેષ કરીને જ્યારે રાજ્યપાલ વાર્ષિક મિટિંગમાં આવે ત્યારે અચૂક હાજર રહે. એમના પ્રભાવથી ગુજરાત કેન્સર સોસાયટીને ખૂબ દાનો મળેલ છે. કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંકના એઓશ્રી સ્થાપક પ્રમુખ હતા અને તેમની સમજાવટથી (ભલામણથી) બેંકે વખતોવખત ગુજરાત કેન્સર સોસાયટીને માતબર દાન આપેલ છે.

ગુજરાતના માજી આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાથેના તેમના અંગત સંબંધને કારણે સરકારમાં ભલામણો કરી. આર્થિક સહાય મેળવી આપવામાં એમનું યોગદાન રહ્યું હતું. આજે પણ નીતિનભાઈ પટેલનો સહકાર કેન્સર સોસાયટીને મળી રહ્યો છે. એમના અંગત સંબંધનો ઉપયોગ એમણે પોતાને માટે કર્યો નથી એ એમના જીવનનું એક મહત્ત્વનું પાસું હતું. ગુજરાત કેન્સર સોસાયટી સિવાય પણ એમણે કડીમાં ભાગ્યોદય હૉસ્પિટલ સ્થાપી એ અંગે ચર્ચા-વિચારણા કરતા અને અમારા સલાહસૂચન સ્વીકારતા. એમણે સાણંદમાં આંખની હૉસ્પિટલ સ્થાપી તેમાં અમારી સાથે ચર્ચા-વિચારણા કરતા. સાણંદમાં ડૉ. સુબોધભાઈ શાહ સાથેના સંબંધે પણ અમારે અવારનવાર એમને હૉસ્પિટલના કામકાજમાં મદદ કરવી પડતી.

એમનું જીવન ખૂબ ધાર્મિક હતું અને શ્રી જયંતીભાઈ સંઘવી જેઓ સ્થાનકવાસી જૈન સમાજના અગ્રણી છે તેમની સાથે ખૂબ ધર્મનો ચિંતન અભ્યાસ કર્યો અને ધર્મનું ઘણું મોટું કામ કર્યું. એમણે અનેક મુનિ અને મહાસતીજી સાથે સત્સંગ કરેલો છે. મૂંગા પ્રાણીઓની પણ એમણે દુષ્કાળના સમયમાં ખૂબ સેવા કરેલી તેની નોંધ લેવી પડે એમ છે.

મારું એ સદ્ભાગ્ય કહેવાય કે બળદેવકાકા એક ધનાઢ્ય વેપારી અને શહેરની જ નહીં પણ ગુજરાતની પ્રભાવશાળી વ્યક્તિ, જેની ગણતરી ગુજરાતની મહાજન પ્રણાલિકાના એક શ્રેષ્ઠી તરીકે થતી હતી તેમનો વિશ્વાસ સંપાદન કરી શક્યો. એમના કુટુંબના દરેક સામાજિક, ધાર્મિક કે અન્ય પ્રસંગો/કાર્યક્રમમાં મારી હાજરી અવશ્ય હોય. આજે એમના પુત્ર બચુભાઈ તથા બકાભાઈ સાથે એવા જ સંબંધો જળવાઈ રહ્યા છે.

❖ ❖ ❖

# ૮ સંકટ નિવારણના સાથી

– રમણભાઈ પટેલ
સામાજિક કાર્યકર

સૌપ્રથમ મારે પૂજ્ય દાદાને મળવાનો પ્રસંગ - તે વેપારી મહામંડળના પ્રમુખ બન્યા તે પછી એક દિવસ મુ.શ્રી કાન્તીભાઈ (રામ) માજી ધારાસભ્યને શ્રી દાદાને વેપારી મહામંડળની પ્રમુખની ઑફિસમાં મળ્યા હતાં.

પ્રથમ વખત મુલાકાત વખતે તેમણે એક વાત ઘણી જ અગત્યની અને અમદાવાદ શહેરના વિકાસમાં કાપડ મિલોએ અગત્યનો ભાગ ભજવ્યો છે અને હવે આ મિલો અમુક રાજયના માણસોના હાથમાં જશે તો તે મિલ તે લોકો ચલાવશે નહીં અને તે મિલોને ભવિષ્યમાં ભંગારમાં કાઢી નાખશે અને અમદાવાદની મિલોના કારણે જે રોનક છે તે ખતમ થઈ જશે તેવું ભવિષ્ય એક દીર્ઘદૃષ્ટા વિચારે તે રીતે તેમણે વિચારેલું. ત્યારે કેલિકો મિલ વગેરે પૂરજોશથી ચાલતી અને અમદાવાદ શહેર માન્ચેસ્ટર તરીકે ધમધમતું હતું. તેમની વાત આજે યાદ આવે છે કે આ માણસે ભવિષ્યની જે વાત કરી તે આજે સાચી ઠરી છે અને લગભગ બધી જ મિલો બંધ થઈ ગઈ છે.

મુ. શ્રી દાદાની સાથે સંકટ નિવારણ સોસાયટીમાં કામ કરવાનું લગભગ ૧૦ વર્ષ થયું તેથી તેમની કામ લેવાની જે કુનેહ છે તેના અવારનવાર દર્શન થયા.

૧૯૮૬-૮૭,૮૮ના દુષ્કાળમાં લગભગ ૮૫,૦૦૦ ઢોર ઢોરવાડામાં હતાં. આ ઢોરને સાચવવા, તેમને ઘાસ પૂરું પાડવું વગેરેની જવાબદારી એરીયાવાઇઝ દરેકને સોંપેલી ત્યારે અમારે અમદાવાદ જિલ્લાની જવાબદારી હતી અને તે વખતે જિલ્લામાં કોઈ જગ્યાએ ઘાસ નહીં જેથી ઘાસની ઘણી જ તકલીફ પડે તો તે વાત તેમની જાણમાં આવી. ઘાસ મળે તેથી અમો થોડા મૂંઝવણમાં. સરકાર તરફથી અમુક જ રકમ મળે બીજી રકમ સંસ્થાએ ભોગવવાની. આ પરિસ્થિતિમાં અમે વિચારતા હતા ત્યારે દાદાએ અમોને બોલાવીને કહ્યું કે, આપણા કેમ્પમાં જે ઢોર છે તે ભૂખ્યા રહેવા ન જોઈએ. ગમે ત્યાંથી ઘાસ લાવો અને ઘાસની સળી સોનાના ભાવે મળે તો પણ લાવો અને ઢોર ભૂખ્યા ન રહે તેવું આયોજન કરો. તુર્ત ગાડી લઈને દક્ષિણ ગુજરાત, સુરત, વલસાડ વગેરે જગ્યાએ જઈને ઘાસ અને શેરડી રવાના કરી અને ઢોરવાડામાં ઘાસની કોઈ તકલીફ તે પછી ન પડી. આ રીતે તેમની વહીવટની જે રીત હતી તેથી અમોને કામ કરવાનો ઉત્સાહ થતો.

બીજા દુષ્કાળ વખતે આખા ગુજરાતમાંથી લોકો તકલીફના કારણે સંકટ નિવારણની ઑફિસ આવે. તેમને બહુ જ પ્રેમથી સાંભળે અને તેમની રજૂઆત પ્રમાણેનું કામનું આયોજન કરે. કોઈ વખત તેમની ગેરહાજરીમાં અમુક માણસ આવેલ. માણસને પ્રેમથી બોલાવે નહીં અને ગરમ થાય તે વાત તેમના જાણમાં આવતા તેમણે ઑફિસમાં બધાને કહ્યું કે આપણી સંસ્થાનું નામ સંકટ નિવારણ છે. જે કોઈને સંકટ પડે તે આવે છે તો આવેલ ભાઈઓને પ્રેમથી બોલાવો અને તે આપણાથી રાજી થાય તેવું કરો અને તે રીતે તેમણે આવી વ્યવસ્થા ગોઠવી દીધી.

બીજું પૂ. દાદાએ સંસ્થાના ભાઈઓને બહારગામ જવા માટે ઘણી તકલીફ પડતી તો તાત્કાલિક એક જીપ નવી ખરીદી અને વ્યવસ્થિત કામ લીધું અને તે પછી ઘણી જ પ્રવૃત્તિ શરૂ કરી જેવી કે ગરીબ લોકોના મકાનની યોજના, સરકારની સહાયથી પીવાના પાણીના ટ્યુબવેલ, શાળાના રૂમો બનાવવા, નર્મદા વસાહત બનાવવી, વસાહતોમાં શાળાના રૂમો, નર્મદા વસાહતમાં હાઇસ્કૂલ, બેલ્જિયમથી દીવાળીબેન મોહનલાલ (નામમાં ચોકસાઈ કરવી) મુંબઈના ટ્રસ્ટ દ્વારા દૂધનો પાવડર લાવી ઉનાળામાં છાશ કેન્દ્રો, અતિવૃષ્ટિમાં મદદ કરવી, કોમી તોફાનોમાં પણ ઘરવખરીની કીટ આપવા જેવી અનેક પ્રવૃત્તિથી સંકટ નિવારણ સોસાયટી ધમધમતી કરી.

પૂ. દાદાના દીકરા શ્રી બચુભાઈને એક સંતે કહ્યું કે, તમે ૧૦૦ મણ ઘઉંના લાડુ બનાવો અને નળકાંઠાના ગરીબ માણસોને જમાડો. શ્રી બચુભાઈએ અમને બોલાવ્યા અને આયોજનની વાત કરી. અમોએ તે વ્યવસ્થા કરવા માટે તૈયાર કરી. આ વાત પૂજ્ય દાદાની જાણમાં આવી. તુર્ત દાદાનો ફોન મારા ઉપર આવ્યો કે રમણભાઈ અમારા બચુએ આપને જે ૧૦૦ મણ ઘઉંના લોટના લાડુ બનાવીને જમાડવાની વાત કરી તેની મને ચિંતા થઈ કે પૈસા તો ગમે તેટલા થાય તેની ચિંતા નથી, પણ લોકો

આવે અને તેમને બધાને જમવાની વ્યવસ્થામાં કંઈ ખામી રહે તો મારી જે આબરૂ છે તે ઓછી થાય મને તેની ચિંતા છે કે આબરૂ વધે નહીં તો કંઈ નહીં પણ જે આબરૂ છે તે ઓછી ન થાય તેની હું પૂરી કાળજી રાખું છું. પૂ. દાદાને અમોએ ખાતરી આપી કે દાદા તમે આ અંગે ચિંતા કરશો નહીં બધું જ વ્યવસ્થિત થશે અને ઉપરથી લોકોને સંતોષ થશે. તે કાર્ય જ્યાં સુધી ન પત્યું ત્યાં સુધી પૂ. દાદાનો રોજ ફોન આવે અને પૂરી માહિતી મેળવે અને કાર્ય પૂરું થયું ત્યારે જાતે ત્યાં આવ્યા અને નજરે જોયું ત્યારે તેમને સંતોષ થયો. શ્રી બચુભાઈ સાથે લોકોને સ્લીપર પણ વહેંચ્યા. લોકોને શુદ્ધ ઘીના લાડુ, દાળ, ભાત, શાક-પુરી વગેરે બનાવીને ભાવથી જમાડ્યા.

બીજું સંકટ નિવારણમાં દુષ્કાળ વખતે સરકાર તરફથી રૂ. ૫૦ થી ૬૦ લાખ રૂપિયા એડવાન્સ લાવેલ ત્યારે તેના હિસાબમાં થોડી તકલીફ ઊભી થઈ ત્યારે દાદાને તેની ચિંતા થઈ તો તુર્ત મુ.શ્રી કાન્તીભાઈ રામને બોલાવીને હિસાબ તૈયાર કરવા માટે કહ્યું અને શ્રી રામે તુર્તજ શ્રી અરજણભાઈને એક મહિના માટે સંકટ નિવારણમાં રાખીને બધો હિસાબ તૈયાર કરાવ્યો અને સરકારમાં રજૂ કરી ઓડિટ કરાવ્યો. તે પછી બધા ચિંતામાંથી મુક્ત થયા.

બીજું પૂ. દાદાનો છેલ્લે છેલ્લે દરરોજ ફોન આવે કે રમણભાઈ આ જિંદગીનો કોઈ ભરોસો નહીં. તો આ હાથથી જે કંઈ સારું થાય તે કરી લેવું જોઈએ માટે તમે કંઈ યોજના લાવો તો આપણે જરૂર તેવા કાર્યો કરવા છે જેથી લોકોને ઉપયોગી થવાય.

❖ ❖ ❖

ગુજરાત ચેમ્બરના શ્રેષ્ઠ પ્રમુખોની હરોળમાં તેમણે કામ કર્યું હતું. વેપારી આલમમાં તેઓ એકમાત્ર મહાજન હતા. ન્યાય તોલવામાં તેમનો કોઈ જોટો નહોતો. લવાદમાં તો બળદેવભાઈ ડોસાભાઈની જ પસંદગી થાય.

**શંકરલાલ ગુરુ**
પૂર્વ ધારાસભ્ય




ઘેલાશા પશુ સેવા કેન્દ્ર (ઢોરવાડો)
મુ. બરવાળા, જિલ્લો અમદાવાદ

મૂંગા ઢોર નિરણ કેન્દ્ર






વિરમગામ તાલુકાના ઝેઝરા ગામે સંકટનિવારણ સોસાયટીના ઉપક્રમે કેટલ કેમ્પમાં શ્રી બળદેવભાઈ પટેલ મહાનુભાવો સાથે

પીંપળી ગામે કાલુપુર બેંક વતી ૧૬ કેટલ કેમ્પો ખુલ્લાં મૂકતા પ્રવચન કરતા પૂ. દાદાજી



# ૯ એક સંનિષ્ઠ સામાજિક કાર્યકર

– હરિન ચોકસી

અમદાવાદ ગુજરાતનું મોટું શહેર. એક જમાનામાં મિલ ઉદ્યોગથી ધમધમતું જે હિન્દુસ્તાનના માન્ચેસ્ટર તરીકે જાણીતું હતું. આ શહેરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ જેવી કે વેપાર, વિવિધ ઉદ્યોગ, દવા-રસાયણ, મિલ ઉદ્યોગ, સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરે ચાલે છે.

આશરે ૭૦ના દાયકામાં જ્યારે જ્યારે બળદેવભાઈ ડોસાભાઈ પટેલના નામનો ઉલ્લેખ થતો ત્યારે એક કોટનના મોટા સજ્જન વેપારી તરીકે થતો. એમની કોટનના વ્યાપારમાં ખૂબ આગવી પ્રતિષ્ઠા હતી અને શહેરના મોખરાના પાંચ પ્રતિષ્ઠિત વેપારીમાં એમની ગણના થતી હતી. તેઓ હંમેશાં એમની સાદગી, ઉદારતા અને માનવતાને લઈને જાણીતા હતા. એમનો મૃદુ સ્વભાવને લઈને લોકો એમને 'દાદા'ના હુલામણા નામથી ઓળખતા હતા.

આજથી ૨૫ વર્ષ પહેલા મારી ઓળખાણ એમની સાથે મારા પિતાશ્રી અંબાલાલભાઈ ચોક્સીના એમની સાથેના મૈત્રીભર્યા સંબંધને કારણે થયેલી. ત્યારથી એમને એક સંનિષ્ઠ સામાજિક કાર્યકર તરીકે દિવસરાત લોકો માટે કામ કરતા, મૂંગા પશુ સુધી રાહતકાર્ય કરતા અને ધાર્મિક પ્રવૃત્તિ કરતા જોયા છે.

સંકટ નિવારણ સમિતિમાં રહીને એમણે પૈસા સમાજમાંથી એકઠા કર્યા. પોતે પણ ફાળો આપ્યો અને સંનિષ્ઠ કાર્યકરો શોધી તેમને દોરવણી આપી, જરૂરિયાતમંદ માણસો અને મૂંગા પશુ સુધી રાહત/મદદ પહોંચાડી ભગીરથ કાર્ય કર્યું. આ બધા કામમાં તેમની કામ પ્રત્યેની નિષ્ઠા અને કોઠાસૂઝ આવડત જોવા મળે છે. કામમાં પ્રામાણિકતા અને ચોકસાઈના ગુણને લઈને એમને અભૂતપૂર્વ સફળતા મળી. એમની પ્રવૃત્તિ આટલેથી જ અટકી નથી. ગામોમાં સ્કૂલ, આંખોનો મેડિકલ કેમ્પ, જરૂરિયાતમંદ ગરીબ કુટુંબોને અનાજ વગેરે પહોંચાડવું વગેરે અનેક પ્રવૃત્તિઓના તેઓ સર્જક અને સંચાલક હતા. એમની સમાજસેવા પ્રવૃત્તિ માટેની પ્રતિબદ્ધતા ધંધામાં અતિવ્યસ્ત હોવા છતાં હંમેશાં પ્રશંસનીય હતી અને એનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું અને એમને આદર સાથે વંદન કરું છું.

આ બધી પ્રવૃત્તિ સાથે એમણે કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકની સ્થાપના કરી. કાલુપર ઘી બજારમાં નાના મકાનમાં અનાજ કરિયાણાના વેપારીઓ માટે શરૂ કરલી બેંક વિકાસ પામી, અમદાવાદ શહેરના આશ્રમરોડ પર ઈન્કમટેક્ષ જેવા પ્રતિષ્ઠિત એરિયામાં કાલુપુર ભવનમાં આજે કાર્યરત છે. તે એમની દૂરંદેશીનું ઉત્તમ ઉદાહરણ છે. એમનો કીમતી સમય બેંકના સંચાલન માટે એમણે નિયમિત રીતે ફાળવ્યો છે અને તેઓએ કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેક ગ્રાહકના પ્રશ્નોનું નિરાકરણ કરેલ છે. એમાં કોઈ જાતના જ્ઞાતિવાદ કે ભેદભાવ નહીં બલ્કે એમના નિર્ણયો ગુણવત્તાના ધોરણે થતા હતા.

આવા જ એક પ્રસંગમાં હું સાક્ષી બન્યો. એક કો-ઓપરેટિવ બેંકના ચેરમેનના ધંધાકીય પ્રશ્નમાં એ સદ્‌ગૃહસ્થ માંદગીના બિછાને હતા અને હું, હીરાકાકા અને દાદા એમને ઘરે ગયા. એમણે બેંકના નાણાં ભરપાઈ કરી શકવાની અશક્તિ બતાવી - નાણાકીય પ્રશ્નોમાં એ ગૂંચવાયેલા હતા. દાદાએ એમને ખૂબ નમ્રતાથી કહ્યું કે બેંક આ પ્રશ્નમાં મદદ કરી શકે એમ નથી, પરંતુ સમજાવટથી અમે પ્રશ્ન ઉકેલી શક્યા. મેં કાલુપુર બેંકના નાણાં બીજા જ દિવસે બેંકમાં ભરી દીધા.

આ સાથે મેં દાદાને વિનંતી કરી કે એ સદ્‌ગૃહસ્થની ધંધાકીય સવલતો હતી એટલી જ મને મારા ધંધા માટે આપો, જેથી કરી હું ભરપાઈ થયેલી રકમ મારા ધંધામાંથી કમાઈ શકું. આ વાતનો સ્વીકાર દાદાએ કર્યો અને કોઈની પણ પ્રતિષ્ઠાને આંચ ન આવે એવો પ્રશ્નનો ઉકેલ કર્યો. આવા તો અનેક દૃષ્ટાંતો આપી શકાય. અંતમાં દાદાના આત્માને પરમાત્મા ચિર શાંતિ આપે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

❖ ❖ ❖



નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત સાણંદ સ્વ. રૂક્ષ્મણીબેન બળદેવભાઈ પટેલ માનવસેવા કેન્દ્ર, છાશ અને અનાજ વિતરણ કાર્યક્રમ, ગરીબ બહેનોને છાશ પીરસતા દાદા

દુષ્કાળમાં ખેડૂતો/ગ્રામજનોને ઘાસ વિતરણ કરતા દાદા





"દુઃખીના બેલી" શ્રી બળદેવભાઈ જખવાડા ગામે ૯૦ વર્ષની જૈફ ઉંમરના માણસ પાસેથી છપ્પનિયા દુષ્કાળની વાતો સાંભળી રહ્યા છે.

ઇફકો કલોલથી દુષ્કાળગ્રસ્ત સમી તાલુકાના ફૂવાદવ, ઝીલવાણા ગામોએ ઘાસની ટ્રકો રવાના કરતા શ્રી બળદેવભાઈ પટેલ, શ્રી હીરાલાલ ભગવતી - સંકટ નિવારણ સોસાયટી, અમદાવાદ (૧૯૮૬-૮૭)



## વિભાગ-૩

# શિક્ષણક્ષેત્રે યોગદાન




શ્રી બળદેવભાઈનો કન્યા કેળવણી અભિગમ-
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત
કાલુપુર કન્યા કેળવણી સંકુલ, ગાંધીનગર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી સંચાલિત કાલુપુર બેંક કન્યા કેળવણી સંકુલ, ગાંધીનગર ખાતે ઉદ્દ્ઘાટન પ્રસંગે દાદા સાથે પૂર્વ મુખ્ય પ્રધાન શ્રી ચીમનભાઈ પટેલ સાથે દૃષ્ટિમાન છે પૂર્વ નાયબ મુખ્ય મંત્રી શ્રી નરહરિ અમીન, શ્રી કરસનભાઈ પટેલ, પૂર્વ મંત્રી શ્રી કરસનદાસ સોનેરી વગેરે



# ૧ લોકસંગ્રહાર્થે કેળવણીના રાહબર

– માણેકલાલ મા. પટેલ
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર

સ્વ. બળદેવભાઈ બહુમુખી પ્રતિભાસંપન્ન વ્યક્તિઓમાંના એક હતા. ઈ.સ. ૧૯૧૭ થી ૧૯૯૭ સુધીના એમના દીર્ઘ જીવનકાળ દરમિયાન એમણે અનેક ક્ષેત્રોમાં સેવાધર્મ બજાવ્યો હતો. આધ્યાત્મના રંગે રંગાયેલા હોઈ ક્ષમા, ઉદારતા, સર્વ જીવો પ્રત્યે સમભાવ વગેરે ગુણો એમનામાં સ્વભાવગત બની રહ્યા હતા, જે એમનાં પ્રત્યેક કાર્યમાં અનાયાસે ઉતરેલા જોઈ શકતા હતા. કિશોરાસ્થામાં એમનું ઘડતર કડીમાં રાષ્ટ્રીય કેળવણી આપતી ઉત્તર ગુજરાતની જાણીતી સંસ્થા સર્વ વિદ્યાલયના છાત્રાલયમાં થયું. ત્યાં એમનામાં હતા એ જન્મજાત સંસ્કારને વિકસવાનો સુયોગ પ્રાપ્ત થયો. અહીં એમનામાં શ્રમનો મહિમા, સ્વાશ્રય, સાદગી જેવા જીવનનાં ઉત્કૃષ્ટ મૂલ્યો પરત્વેની નિષ્ઠા કેળવાઈને દૃઢ બની. એમનામાં રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિના મૂળ પણ અહીં નખાયા. છાત્રાલયના ગૃહપતિઓ (જે શાળામાં શિક્ષક પણ ખરા) અને છાત્રો રાષ્ટ્રભાવનાથી રંગાયા હતા એટલું જ નહીં, રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાનો સંકલ્પ પણ કરી ચૂક્યા હતા. બળદેવભાઈ આ છાત્રોમાંના એક હતા. ઈ.સ. ૧૯૩૦ના અરસામાં દેશવ્યાપી અસહકારની ચળવળ ચાલતી હતી ત્યારે છાત્રાલયનાં પ્રાંગણમાંથી સંસ્થાના સ્થાપક પૂ. છગનભાએ નવ વિદ્યાર્થીઓને ચળવળનું કાર્ય કરવા માટે આપેલી વિદાય બળદેવભાઈના જીવનનું એક મહામૂલું સંભારણું બની રહ્યું હતું.

છાત્રાલયમાંથી મેળવેલા આ પાથેયનો ઉપયોગ બળદેવભાઈએ જીવનભર અનેક ક્ષેત્રોમાં સેવારૂપે કર્યો. એમણે જે જે ક્ષેત્રોમાં કામ કર્યું તે દરેકમાં પોતાના કાર્યથી એ શોભી ઊઠ્યા અને એ ક્ષેત્રોને પણ દીપાવ્યા. અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિમાં આફતગ્રસ્ત-લોકોની વહારે એ ધાયા, સંકટ નિવારણ સોસાયટીમાં એમણે મંત્રી તરીકે કામ કર્યું, કેન્સર સોસાયટીમાં મહત્ત્વની સેવા આપી, ભગિની સમાજમાં નેતૃત્વ પૂરું પાડ્યું, કડી તાલુકા ચેરિટેબલ ટ્રસ્ટ અને કડીના ભાગ્યોદય જનરલ હૉસ્પિટલના નિર્માણમાં પાયાનું કાર્ય કર્યું, ભાલ-નળકાંઠાના પછાત વિસ્તારોમાં બાળકોને ભણવા માટે ઓરડાઓની સુવિધા કરી આપી. માનવતાનાં આવા આવા અનેક કાર્યોમાં એ અગ્રેસર રહ્યા અને જીવનને સાર્થક બનાવ્યું.

વિચક્ષણ સૂઝ અને ઉચ્ચ નીતિપરાયણતાને લીધે એમણે વ્યવસાયનાં ક્ષેત્રે પ્રેરણા લઈ શકાય એવા પ્રગતિ અને નેતૃત્વ પૂરાં પાડ્યા. એમણે અનાજના વ્યાપારના વ્યવસાયથી વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ કર્યો. ગુજરાત અનાજ વેપારી સંઘના પ્રમુખ તરીકે બે દાયકા જેટલા સમય સુધી પ્રમુખ તરીકે સંઘનું નેતૃત્વ કર્યું. રાષ્ટ્રીય કક્ષાએ ફેડરેશન ઑફ ફૂડ ગ્રેઈન ડીલર્સ ઍસોસિયેશનના વાઈસ ચેરમેન તરીકે સેવાઓ આપી. ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝમાં બિનહરીફ પ્રમુખ તરીકેની પસંદગી પામીને પ્રશંસનીય કાર્ય કર્યું. કાલુપુર ચોખાબજારના વેપારીઓના સંગઠનના સહયોગથી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકની સ્થાપનાનો યશ એમના ફાળે જાય છે. બેંકની સ્થાપનાના સમયથી પોતાના અવસાન સુધીના સમયગાળામાં એમણે બેંકના ચેરમેનપદે રહીને બેંકનો અસાધારણ વિકાસ સાધ્યો એ સુવિદિત છે.

આ બધી સેવાઓના શિરમોરરૂપ ગણાય એવું એમનું કાર્ય કેળવણી ક્ષેત્રે રહ્યું હતું. કેળવણીની બાબતમાં એ કેટલા જાગ્રત અને ચિંતિત હતા એ એમના કેળવણીવિષયક કેટલાક વિચારો જાણવાથી સ્પષ્ટ થશે. એમના આ વિચારો એમના જ શબ્દોમાં જોઈએ.

"આપણા દેશમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ કામગીરી બજાવે છે, પરંતુ મહાન સંસ્થાઓના ઘડવૈયા જૂજ હોય છે. આજે શિક્ષણકાર્યની અછત નથી, પરંતુ તે દિશામાં નવી શોધખોળ કરી નવો અભિગમ અને નવું દિશાસૂચન આપનાર બહુ ઓછા છે."

"આજે વિદ્યાર્થીઓને જે કેળવણી આપવામાં આવે છે એમાં શારીરિક શ્રમની ઉપેક્ષા ગંભીર વિચારણા માગી લે છે. કોઈ પણ કામ કરવામાં નાનમ નથી એ પ્રકારની ભાવના પાયામાંથી જ વિદ્યાર્થીઓને પ્રેરવામાં નહીં આવે તો એમાંથી પુખ્ત ઉંમરમાં કેટલીક વિકૃતીઓ થવા સંભાવના છે. શારીરિક શ્રમ પ્રત્યે વિદ્યાર્થીને ભાવના જાગૃત થાય અને તેનામાં શ્રમના કામની નાનમ દૂર થાય તે માટે શાળાઓ-મહાશાળાઓમાં શ્રમશિબિરોની આવશ્યકતા ઉપર ખાસ ભાર મૂકવો જોઈએ."

"લાખો વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના દ્વારેથી ઉપાધિ લઈને વ્યાવસાયિક જીવનમાં પ્રવેશે છે ત્યારે અભ્યાસક્રમમાં મેળવેલું શિક્ષણ તેઓને કેટલે અંશે જીવનમાં કે નોકરીધંધામાં ઉપયોગી નીવડ્યું છે તેનું મૂલ્યાંકન કરવાનું ઘણું જરૂરી છે. આ સંબંધે અત્યાર સુધીમાં સંખ્યાબંધ સમિતિઓ અને કમિશનો હિન્દ સરકાર તરફથી નીમવામાં આવ્યા. આ પંચોએ પોતાના અહેવાલોમાં સમગ્ર માળખું બદલવા માટે ભલામણ કરી હોવા છતાં શિક્ષણના ઢાંચામાં દૂરગામી હજુ કંઈ ફેરફાર થયા નથી એ હકીકતનો સ્વીકાર આપણે કરવો રહ્યો."

એમણે એમની માતૃસંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં ઈ.સ. ૧૯૮૯થી પોતે અવસાન પામ્યા ત્યાં સુધી સંસ્થાના ઉપ-પ્રમુખપદ તેમજ ચેરમેનના હોદ્દાઓ ઉપર રહીને સંસ્થાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. સંસ્થાની ગાંધીનગરની શાખાના શૈક્ષણિક એકમોના વિકાસ અર્થે એમણે કાલુપર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક દ્વારા મોટા મોટા આર્થિક દાન મેળવી આપ્યા હતા.

ગાંધીનગર શાખાના કન્યા કેળવણી સંકુલ માટે એમણે કાલુપુર કોમર્શિયલ બેંક તરફથી રૂપિયા અગિયાર લાખનું દાન જાહેર કર્યું હતું. તે ઉપલબ્ધ કરી આપ્યા પછી એ જ સંકુલમાં કમ્પ્યૂટર સેન્ટરની સ્થાપના માટે રૂપિયા ચાર લાખનું વિશેષ દાન બેંક તરફથી મેળવી આપ્યું હતું.

કન્યા કેળવણીની એમની ઉત્તમ ભાવનાને નજર સમક્ષ રાખીને સંકુલમાં નવી શરૂ કરવામાં આવેલી સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને ગ્રાન્ટ ન મળતી હોવા છતાં, સંસ્થાને ગ્રાન્ટ મળતી થઈ ત્યાં સુધીના પાંચ વર્ષ સુધી, ભારે ખોટમાં ચાલતી હોવા છતાં સંસ્થાએ શાળામાં અભ્યાસ કરતી બાળાઓ પાસેથી ફી લીધી નહોતી. સંસ્થાના આ વિરલ અને ઉજ્જવલ પગલાનો યશ બળદેવભાઈને જાય છે.

ગુજરાતમાં પ્રથમ સ્વનિર્ભર ફાર્મસી કૉલેજ સ્થાપવાના સંકલ્પને સિદ્ધ કરવાના પુરુષાર્થમાં સ્વ. બળદેવભાઈનો ફાળો ઘણો મોટો હતો. આરંભમાં ફાર્મસી કૉલેજ માટે એમણે કાલુપુર કોમર્શિયલ બેંકનું રૂપિયા એકાવન લાખનું દાન મેળવી આપ્યું. એ પછી બેંક પાસેથી રૂપિયા પાંત્રીસ લાખનું વિશેષ દાન મેળવી આપીને બેંકના દાનનો રૂપિયા છ્યાંસી લાખનો આંકડો કરી આપ્યો. આ ઉપરાંત તેમણે અન્ય બેંકો, ટ્રસ્ટો, કંપનીઓ તેમજ શુભેચ્છકો દ્વારા પણ મોટી મોટી રકમો મેળવીને ફાર્મસી કૉલેજ માટે લગભગ બે કરોડ રૂપિયા એકત્ર કરી આપીને સંસ્થાને આર્થિક બાબતે ચિંતામુક્ત કરી. વિદ્યાસંકુલમાં સેલ્ફ ફાયનાન્સ કૉલેજો, જેમાં બી.એડ., પી.ટી.સી., એમ.બીએ., એમ.સી.એ., એન્જિનિયરિંગ, ફાર્મસી વગેરે કૉલેજો કાર્યરત છે. અને તેમાં દર વર્ષે આશરે ૧૫૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફક્ત મેરિટના ધોરણે જ અને તે પણ સેન્ટ્રલ એડમીશન કમિટી મારફત આપવામાં આવે છે. અમારી સંસ્થામાં ડૉનેશન પ્રથા નથી અને ખાસ કરીને મેનેજમેન્ટ ક્વૉટા અમે રાખ્યા જ નથી. અમને એ વાતનું ગૌરવ છે કે અમારે આ ડૉનેશન પ્રથાને શરણે જવું પડ્યું નથી. એમાં બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું યોગદાન પણ મહત્વનું રહ્યું છે.

ફાર્મસી કૉલેજ ઈ.સ. ૧૯૯૫ના જૂન માસથી 'કાલુપુર બેંક ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ' નામથી શરૂ થઈ. કૉલેજનો આરંભ તો થયો પણ એનું પોતાનું મકાન થવું બાકી હતું. આ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના તેર એકરના કેમ્પસની બાજુમાં ફાર્મસી કૉલેજ અને એની હૉસ્ટેલો માટે બીજી છ એકર જમીન મેળવવા માટે સંસ્થાએ સરકારમાં રજૂઆત કરી હતી આના અનુસંધાને સરકાર તરફથી જાત તપાસ માટે નાણામંત્રી શ્રી વજુભાઈ વાળા આવનાર હતા, મંત્રીશ્રીના આવવાનો સમય બપોર પછી ત્રણ વાગ્યાનો નક્કી થયો હતો. સમય પ્રમાણે સંસ્થાના ચેરમેન શ્રી બળદેવભાઈ હાજર હતા. અન્ય વ્યસ્તતાના કારણે નાણામંત્રી સૂર્યાસ્ત સુધી આવી શક્યા નહીં. શ્રી બળદેવભાઈએ સ્વીકારેલા ધાર્મિક ધોરણોના આધારે એ સાંજનું ભોજન સૂર્યાસ્ત પહેલાં લઈ લેતા. આજે એ બની શકે એમ નહોતું. ભોજન કરતાં સંસ્થાનું કામ વધારે મહત્ત્વનું ગણીને એમણે મંત્રીશ્રીના આગમનની રાહ જોવાનું પસંદ કર્યું. મંત્રીશ્રી સંસ્થામાં આવ્યા ત્યારે અંધારું થઈ ગયું હતું. મંત્રીશ્રીને સંસ્થાએ કરેલી રજૂઆત વાજબી લાગી અને પ્રશ્ન હલ થઈ ગયો. સંસ્થાને માગણી પ્રમાણેની જમીન મળી.

બેન્કિંગ, આરોગ્ય અને કેળવણીનાં ક્ષેત્રોમાં સ્વ. બળદેવભાઈના પુરુષાર્થથી નિર્માણ પામેલી સંસ્થાઓ દીર્ઘ કાળ સુધી એમના સ્મારક બની રહેશે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

❖ ❖ ❖




સર્વ વિદ્યાલય-કડી સંચાલિત ગાંધીનગર સંકુલમાં કાલુપુર બેંકના સહયોગથી સ્થપાયેલ ગુજરાતની પ્રથમ સ્વનિર્ભર ફાર્મસી કૉલેજનું મકાન દશ્યમાન થાય છે.

ભૂમિપૂજન પ્રસંગે શ્રી બળદેવભાઈ ડોસાભાઈ, સર્વ વિદ્યાલય સંસ્થા કડીના ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલ તથા શ્રી કરસનભાઈ કે. પટેલની સાથે



# ૨ સાત્વિક વ્યક્તિત્વ

– ડૉ. સોમભાઈ સી. પટેલ
કેમ્પસ ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી), ગાંધીનગર શાખા

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, ગુજરાતની સુપ્રસિદ્ધ કેળવણી સંસ્થા "સર્વ વિદ્યાલય" કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા અને આ જ સંસ્થાની હૉસ્ટેલમાં રહી સારું શિક્ષણ અને ઉત્કૃષ્ટ ઘડતર પામ્યા હતા.

તેમનો સ્વભાવ શાંત, માયાળુ અને પ્રકૃતિ આધ્યાત્મિક હતી. ભગવદ્ગીતાના "કર્મયોગ" મુજબનું આધ્યાત્મિક પણ પુરુષાર્થી જીવન તેઓ જીવી ગયા. તેમની રહેણી-કરણી સાદી, રીતભાત સૌમ્ય અને વિચારો ઉન્નત કોટિના હતા. "જનહિત"ને નજરમાં રાખીને જ તેઓએ તેમની સર્વ પ્રવૃત્તિઓ કરી છે. નિઃસ્વાર્થ જનહિતનાં કાર્યો દ્વારા આત્મહિત આપોઆપ થઈ જતું હોય છે તેવું ઉચ્ચ અને ઉદાહરણીય જીવન તેઓ જીવ્યા છે.

આપણાં શાસ્ત્રોમાં ગુપ્ત દાનનો મહિમા ઘણો મોટો છે અને તેને પુણ્યનું એક મોટું સાધન કહ્યું છે. તેઓએ જરૂરિયાતમંદ અનેક માણસોને ગુપ્ત આર્થિક અને સાધન સહાય કરી છે. જેથી આવી સહાય લેતી વખતે તેમના ચહેરા ઉપર લાચારીના કોઈ ભાવો ન આવે એ રીતે અનેક વ્યક્તિઓ ઉપર તેઓશ્રીના અનેક ઉપકારો છે.

સર્વ વિદ્યાલય, કડી સંચાલિત ગાંધીનગર કેમ્પસમાં ગુજરાતના ભાવિ વિકાસને ધ્યાનમાં રાખીને સેલ્ફ ફાયનાન્સ ફાર્મસી કૉલેજ શરૂ કરવાનો વિચાર કારોબારી સભામાં ઈ.સ. ૧૯૯૪ની સાલમાં મૂકવામાં આવ્યો ત્યારે તેઓશ્રી સભામાં અધ્યક્ષસ્થાને હતા. ફાર્મસી જેવી પ્રયોગશાળાઓનું પ્રાધાન્ય ધરાવતી કૉલેજ માટે ઘણાં મોટા નાણાંભંડોળની એટલે કે રૂપિયા એક કરોડથી શરૂ કરી રૂપિયા પાંચ કરોડનું બજેટ તેના અંતિમ વર્ષના (ચોથા વર્ષના) વિકાસ સુધીનું બનાવવું પડે એવી ચર્ચાઓ મિટિંગમાં ચાલી હતી અને આ માટે કોઈક મોટી રકમથી શરૂઆત કરનાર દાતાની જરૂર જણાતી હતી. તે સમયે તેઓશ્રીએ કાલુપુર બેંક તરફથી રૂપિયા ૫૧ લાખ મેળવી આપવાની જાહેરાત કરી હતી. આ જાહેરાતને હર્ષનાદથી અને તાલીઓથી વધાવી લેવામાં આવી હતી.

તેમની આ પહેલ વૃત્તિથી અને સર્વ વિદ્યાલય સંસ્થાના વર્તમાન ચેરમેનશ્રી માણેકલાલ એમ. પેટલના સંનિષ્ઠ પ્રયાસો તથા તેમના સહયોગીઓના સહકારથી ગુજરાતની સર્વ પ્રથમ સેલ્ફ ફાયનાન્સ ફાર્મસી ડિગ્રી કૉલેજ ગાંધીનગરમાં અસ્તિત્વમાં આવી.

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ આટલું મોટું દાન સંસ્થાને આપીને અટકી ગયા ન હતા, કારણ કે આ તો પ્રથમ ચરણ જ હતું. અમદાવાદની તથા અન્ય શહેરોની બેંકો નાણાં સંસ્થાઓ તથા ઉદ્યોગગૃહોને આ ઉમદા વિદ્યાકાર્યનું મહત્ત્વ સમજાવી તેમની પાસેથી એટલી જ બીજી રકમ એટલે કે ૫૦ લાખ ઉપરાંતની રકમ મેળવી આપી હતી. ગાંધીનગરમાં ફાર્મસી કૉલેજ ઈ.સ. ૧૯૯૫માં શરૂ થઈ તેનો ઘણો યશ તેઓશ્રીના ફાળે જાય છે. દાનની શરતો મુજબ આ કૉલેજનું નામ "કાલુપુર બેંક ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ" એવું રાખવામાં આવ્યું છે. આ કૉલેજમાં પ્રારંભથી ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓને 'ફાર્મસી'નો કોર્સ ભણવાની અનેરી તક ઘરઆંગણે મળી ગઈ. આજે આ કૉલેજને ૯ વર્ષ પૂર્ણ થયાં છે અને તેની ૬ બેચ બહાર પડી ચૂકી છે. તેમાંથી અડધોઅડધ વિદ્યાર્થીઓને વિદેશોમાં ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફાર્મસી ક્ષેત્રે વ્યવસાય અને નોકરીની ઉત્તમ તકો પ્રાપ્ત થઈ છે.

"સર્વ વિદ્યાલય" પરિવારની સંસ્થાઓનું સંચાલન કરતી ગવર્નિંગ બોડી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની કારોબારી સભાના પ્રમુખ અને ચેરમેન જેવા ઉચ્ચ હોદ્દાઓ ઉપર રહીને તેઓએ સૌહાર્દપૂર્ણ તેમજ સુચારુ રીતે સભાસંચાલન કર્યું છે. તેઓ મિતભાષી હતા અને તેમના વિચારોમાં પ્રામાણિકતા અને નિષ્ઠાનું બળ એટલે બધું હતું કે તેમની રજૂઆતોને તરત જ સર્વસંમતિથી વધાવી લેવામાં આવતી હતી. 'સર્વ વિદ્યાલય'ની વહીવટી સંચાલન વ્યવસ્થામાં આ રીતે તેઓશ્રીનું ઘણું મોટું યોગદાન રહેલું છે. તેઓશ્રી કન્યા કેળવણીના ખાસ હિમાયતી હતા. જ્યાં સુધી સંસાર રથનાં બંને પૈડાં સ્ત્રી અને પુરુષ સમાન વિકાસ ન કરે ત્યાં સુધી સમાજવિકાસ અધૂરો છે એવી તેમની વિચારસરણીનો લાભ 'સર્વ વિદ્યાલય'ની સંસ્થાઓને મળ્યો છે.

જેમ વડીલોની સંસ્કાર સંપત્તિ તેમનાં સંતાનોમાં આપોઆપ ઉતરે છે તે માટે બોલવું કે કહેવું પડતું નથી. આવો જ લાભ તેઓશ્રીના સાત્વિક વ્યક્તિત્વનો 'સર્વ વિદ્યાલય' સંસ્થાને મળ્યો છે. તેમની ગુણસંપત્તિ અમારા આચાર્યોમાં અને આચાર્યો દ્વારા શિક્ષકોમાં અને શિક્ષકો દ્વારા અમારા વિદ્યાર્થીઓમાં ઊતરી છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વ ઘડતરનું આ એક મોટું જમાપાસું છે.

❖ ❖ ❖

કન્યા કેળવણીની એમની ઉત્તમ ભાવનાને નજર સમક્ષ રાખીને સંકુલમાં નવી શરૂ કરવામાં આવેલી સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને ગ્રાન્ટ ન મળતી હોવા છતાં, સંસ્થાને ગ્રાન્ટ મળતી થઈ ત્યાં સુધીના પાંચ વર્ષ સુધી, ભારે ખોટમાં ચાલતી હોવા છતાં સંસ્થાએ શાળામાં અભ્યાસ કરતી બાળાઓ પાસેથી ફી લીધી નહોતી. સંસ્થાના આ વિરલ અને ઉજ્જવલ પગલાનો યશ બળદેવભાઈને જાય છે.

**– માણેકલાલ મા. પટેલ**




▲ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી (ઉ.ગુ.) સંચાલિત પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજના ખાતમુહૂર્ત પ્રસંગે દાદા સંતોના સાંનિધ્યમાં

▼ ગાંધીનગર ખાતે ફાર્મસી કૉલેજના ખાતમુહૂર્ત પ્રસંગે ભૂમિપૂજન કરતા શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ (ઈ.સ. ૧૯૯૬)



# ૩ મુઠી ઊંચેરા માનવી

– પ્રભુભાઈ પી. પટેલ
નિવૃત્ત શિક્ષક, સાણંદ

કેરી અને શીખંડની મોસમ શરૂ થાય એટલે તરત જ ફોન કરીને જણાવે કે, ભિક્ષુકોને પૂરતો રસ લાવીને જમાડજો. જો સાણંદમાં રસ ન મળે જાણ કરજો. હું અહીં અમદાવાદથી મોકલી આપીશ."

૧૯૮૪માં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો ત્યારે બળદેવભાઈ સાણંદની પટેલ વાડીમાં અસરગ્રસ્તોને સહાય કરવાનું આયોજન કરવા આવ્યા હતા. એ વખતે સાણંદના યુવાનોમાં હું પણ હતો. ત્યારે જ બળદેવભાઈને જોયા. એ મુલાકાત પછીનો અમારો પરિચય, સંપર્ક વધવા માંડ્યો. એમના માર્ગદર્શન હેઠળ સાણંદના અમે કેટલાક યુવાનો સેવાકીય પ્રવૃત્તિમાં મદદ કરવા લાગ્યા. એમની સાથેના સતત સહવાસથી એમના વ્યક્તિત્વના અનેક પાસાઓએ મને પ્રભાવિત કર્યો હતો. તેઓ સ્વભાવે એકદમ સરળ હતા. દરેક પ્રત્યે સહાનુભૂતિ રાખતા હતા. જૈન ધર્મમાં માનતા હોવાથી દરેક જીવ માટે દયાભાવ એમનામાં હતો. દુષ્કાળ વખતે અમે સાણંદમાં ચારેક મહિના ઢોરવાડો ચલાવ્યો હતો. ત્યારે ઢોરને નિયમિત ઘાસ મળી રહે એની વ્યક્તિગત ચીવટ રાખતા.

**માણસ પારખવાની શક્તિ**

બળદેવદાદા માણસ પારખુ હતા. તેઓ જીવ્યા ત્યાં સુધી ક્યારેય કોઈ પણ કામ માટે પસંદ કરેલી વ્યક્તિ ખોટી નહોતી આવી ગઈ. સાણંદમાં એમણે શરૂ કરેલી પ્રવૃત્તિઓ મને, જનુભાઈ રાવલ, સોમભાઈ બારડ (કરકથળ હાઈસ્કૂલના આચાર્ય), રમણભાઈ પટેલ ઉપરાંત સાણંદમાં સાણંદના કડવા પાટીદાર યુવકોને સોંપી હતી. દાદાની સાણંદ ખાતેની પ્રવૃત્તિઓના નાણાંનો વહીવટ મેં જ સંભાળ્યો હતો. મને યાદ છે કે એમણે ક્યારેય મારા કામમાં માથું નહોતું માર્યું. હા, જરૂર પડી ત્યારે માર્ગદર્શન આપ્યું છે, પરંતુ ક્યારેય હિસાબ પૂછ્યો નથી. તેઓ સવારે ૯ વાગે અને સાંજે પાંચ વાગે ફોન કરતા. આ નિયમ તેમણે સતત અગિયાર વર્ષ જાળવ્યો હતો.

૧૯૯૦ના મે મહિનામાં સાણંદ ખાતે અન્નક્ષેત્રના લાભાર્થે કનકેશ્વરી દેવીની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથામાં સાણંદની કેટલીક બહેનોએ સ્વયંસેવક તરીકે સેવા કરી હતી. કથા પૂરી થયા પછી બળદેવદાદાએ બધી મહિલાઓને બોલાવી તેમનું સન્માન કર્યું અને પ્રતિકરૂપે ટીફીન ભેટ આપ્યું હતું. પ્રસંગ પત્યા પછી તેઓ હંમેશાં કાર્યકરોને બોલાવે, પ્રશંસા કરે, એમની પીઠ થાબડીને પ્રોત્સાહન આપતા હતા.

**વતન પ્રેમ**

સાણંદ માટે તેમને અનન્ય પ્રેમભાવ હતો. પોતાના વતનનું ઋણ ચુકવવા સદાય તત્પર રહેતા હતા. સાણંદની કોઈ પણ વ્યક્તિ એમની પાસે મદદ માટે ગઈ હોય તો ક્યારેય નિરાશ થઈને પાછી ફરી નથી. એમણે સાણંદમાં જુદીજુદી સંસ્થાઓ સ્થાપી હતી. જેમ કે (૧) સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ (૨) સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટ (૩) નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ (૪) સર્વોદય આંખની હૉસ્પિટલ (૫) ભગિની સમાજ, સાણંદ (૬) ડોસાભાઈ ગોપાલદાસ પ્રાથમિક શાળા (૭) જડીબહેન ડોસાભાઈ ગોપાલદાસ ગર્લ્સ હાઈસ્કૂલ વગેરે.

**એકડો આપણે કરવાનો**

બળદેવદાદા એવું માનતા કે, "કોઈ પણ કામ માટે શરૂઆત આપણે કરવાની, એટલે કે એકડો આપણે કરવાનો." તેની પાછળ મીંડા કરવાળા આપોઆપ ઊભા થશે. ગુજરાતમાં જ્યારે અતિવૃષ્ટિ થઈ ત્યારે થોળનું તળાવ ફાટ્યું હતું. એ વખતે અમદાવાદ જિલ્લા ક્લેક્ટરે દાદા પાસે મદદની માંગણી કરી હતી અને દાદાએ મને સાણંદ ફોન કરીને કહ્યું કે, "અસરગ્રસ્તોને સાણંદની શાળામાં આશ્રય આપ્યો." અમે લગભગ અઢી અજાર જેટલા માણસોને આશ્રય આપ્યો અને યુદ્ધના ધોરણે માત્ર ત્રણ જ કલાકમાં પૂરી શાકના પેકેટ બનાવી અસરગ્રસ્તોને આપ્યા હતા.

સાણંદના અત્યંત ગરીબ વર્ગ માટે તેઓએ અન્નક્ષેત્રની શરૂઆત કરી હતી. તો મધ્યમ વર્ગના લોકો માટે અનાજ-કરિયાણું આપવાનું ચાલુ કર્યું. શરૂઆતમાં ઘઉં અને ચોખા જ આપતા, પછી બીજું કરિયાણું પણ આપવા લાગ્યા. વળી, ઉજળિયાત કુટુંબોને દાદા ગુપ્ત રીતે મદદ કરતા હતા. એમના સ્વમાન અને લાગણીને ઠેસ ન પહોંચે એ રીતે એમના ઘરે રાત્રે અનાજ કરિયાણું મોકલવામાં આવતું હતું. શિક્ષણ ક્ષેત્રે પણ દાદા ખૂબ જ મદદ કરતા હતા. સંસ્કાર વિદ્યાલયના આચાર્યની સાથે ચર્ચા કરી જરૂરિયાતમંદ વિદ્યાર્થીને શિક્ષણ ફી, યુનિફોર્મ પણ દર વર્ષે આપવામાં આવતા હતા.

### ભૂખ્યાંને ભોજન

બળદેવદાદા પણ અન્નદાનને વધારે મહત્ત્વ આપતા હતા. તેમણે સાણંદમાં શરૂ કરેલું અન્નક્ષેત્ર આજે પણ ચાલુ છે. તેઓ કહેતા કે, “અન્નક્ષેત્રમાં જમવા આવનારને ઉત્તમ અને સમયસર ભોજન આપવું જોઈએ.” અન્નક્ષેત્રમાં જમવા આવતા લોકો પ્રત્યે દાદાને પોતાના કુટુંબીજનો જેટલી જ લાગણી હતી. કેરી અને શીખંડની મોસમ શરૂ થાય એટલે તરત જ ફોન કરીને જણાવે કે, “પૂરતો રસ લાવીને જમાડજો. જો સાણંદમાં રસ ન મળે તો મને જાણ કરજો. હું અહીં અમદાવાદથી મોકલી આપીશ.”

એક વાર બળદેવદાદા અને હીરાલાલ ભગવતી બંને સાણંદમાં આવ્યા હતા. તેઓ અન્નક્ષેત્રમાં આવ્યા. તે દિવસે ભિક્ષુકો માટે અન્નક્ષેત્રમાં શીરો બનાવ્યો હતો, ત્યારે શીરાના તપેલામાંથી હાથમાં શીરો લઈને સૂંઘ્યો કે શીરો ચોખ્ખા ઘીનો બનાવ્યો છે કે નહીં ? સાણંદની હૉસ્પિટલમાં પણ દસેક વર્ષ સુધી મફત ટીફીન સેવા તેમણે આપી હતી. એમના સેવાકીય અભિગમમાં મેં એક વાત ખાસ નોંધી છે કે તેઓ નાતજાતના ભેદભાવ વગર સેવા કરતા. અઢારેય વર્ણના લોકો તેમના માટે સરખા હતા.

### કર્મયોગી

તેમણે ગીતાનો કર્મયોગ પચાવેલો હતો. તેઓ કહેતા કે, “આ તો ઈશ્વરનું કામ છે, આપણે તો માત્ર નિમિત્ત જ બનવાનું છે.” એમના મનમાં એક જ રટણ કે,“પડી ભાંગેલું દરેક ઘર ઊભું થાય.” આજે આ દરેક કુટુંબ કિલ્લોલ કરતું થઈ ગયું છે. બધા જ દાદાને યાદ આવે છે. સંકટ નિવારણ સોસાયટીમાં રહીને જીવ્યા ત્યાં સુધી ગુજરાતમાં કે દેશમાં ક્યાંય પણ કુદરતી આફત આવે કે તરત જ તેઓ અને હીરાલાલ ભગવતી ત્યાં દોડી જતા. બસ, સંકટ નિવારણ સોસાયટીના બીજા મિત્રોને જાણ કરે અને તાત્કાલિક ધોરણે આયોજન કરીને ત્યાં પહોંચે ત્યારે જ તેઓ જંપે અને અસરગ્રસ્તોને જ્યાં સુધી બેઠા ન થાય ત્યાં સુધી એમને મદદ મળતી રહે એવી ઉત્તમ ગોઠવણ કરે.

### ધર્મમાં આસ્થા

જૈન ધર્મ પણ એમણે પચાવ્યો હતો. ધર્મના બધા જ નીતિ-નિયમો પાળતા. દરોજ સવારે નવ વાગે દેરાસર અચૂક જતા હતા તો સાંજે ચૌવિહાર કરતા, એટલે સૂર્યાસ્ત પહેલા જમી લેતા હતા.

### મિત્રો, સ્વજનો તથા સામાજિક વ્યક્તિ સાથેનો અભિગમ

બળદેવદાદા દરેક સાથે પ્રેમપૂર્વક જ વ્યવહાર કરતા હતા. એમણે ત્યાગ અને પ્રેમથી પોતાના ત્રણેય ભાઈઓના કુટુંબને સાંકળી રાખ્યા હતા. દાદાના ઘરે વર્ષોથી કામ કરનારા પંચાલબહેન એમના પરિવારના સભ્ય તરીકે જ રહેતા હતા. સામાન્ય વ્યક્તિ માટે પણ તેઓ એટલી જ કાળજી રાખતા હતા. જ્યારે જ્યારે વાડીમાં આવે ત્યારે પાછા ફરતી વખતે ચોકીદાર પાસે પોતાની ગાડી ઊભી રખાવે અને ચોકીદારની ખબર પૂછે. મારા ઘરે દરેક પ્રસંગમાં તેઓ આવ્યા છે અને પ્રસંગ હોય એના આગલે દિવસે પોતાની ગાડી અને ડ્રાઈવર પણ મોકલી આપતા હતા. તેઓ વ્યક્તિની દિલથી કાળજી રાખતા હતા.

### સમૂહલગ્ન શરૂ કરાવ્યા

પટેલ સમાજમાં લગ્નમાં ખોટા ખર્ચા થતા તે દાદાએ બંધ કરાવી ૧૯૯૨ થી સાણંદમાં કડવા પાટીદાર સમાજમાં સમૂહ લગ્નપ્રથાની શરૂઆત કરી હતી. આ વર્ષે અમે આ પરંપરાના ભાગરૂપે ૧૩મો સમૂહ લગ્નોત્સવ યોજ્યો હતો. દાદાની ઉજળી પરંપરાને એમના દીકરાઓ તથા બીજા દાતાઓ તરફથી ઉત્તેજન મળતું રહ્યું છે. આવા પુણ્યશ્લોક વ્યક્તિ સાથે મને કામ કરવાની તક મળી તેને હું મારું સૌભાગ્ય માનું છું.

❖ ❖ ❖

# ૪ માનવતાવાદી મહાજન

– જનુભાઈ રાવલ
સાણંદ

એ સમયના ગુજરાતના નાણામંત્રી સનતભાઈ મહેતાસાહેબે પૂ. બળદેવદાદાને કહ્યું કે, તમો આઈ.ટી.આઈ. તમારા ગામમાં શરૂ કરો. પૂ. દાદાએ કાલુપુર બેંકમાં ઠરાવ કરાવ્યો કે જ્યાં આપણી શાખાઓ છે તેવા સાણંદ, બાવળા, બારેજામાં કોઈ ગામમાં આઈ.ટી.આઈ. કરવી હશે તો બેંક રૂપિયા પાંચ લાખનું દાન આપશે. દાદાએ સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના કરી અને સાણંદમાં આઈ.ટી.આઈ.ની સ્થાપનાની શરૂઆત થઈ. મંજૂરી તો સરકારે આપી, પરંતુ જમીન-સંપાદન, બાંધકામ વગેરે કામોમાં દાદાને મુશ્કેલીઓ પડી. એમની શાખ-આબરૂ સારી એટલે એમણે સરકારી જમીન સંસ્થા માટે મેળવી. મકાન બાંધકામ વગેરે કામમાં દાદાને સુરેન્દ્રભાઈ પટેલનો સહકાર મળ્યો અને મકાનનું બાંધકામ શરૂ થયું. એમણે અનેક વિશ્વાસુ અને કાબેલ માણસો પસંદ કરી સૌનો સહકાર લઈ આ સંસ્થા સાણંદના લોકો માટે ઊભી કરી. આ કામમાં કડીના ત્રિભોવન સુથાર સાહેબ, મહાસુખભાઈ શેઠ વગેરે આગેવાનોએ ખૂબ સહકાર આપ્યો. આ આઈ.ટી.આઈ.માં અત્યારે સાણંદ અને આજુબાજુના ૭૩ હજાર વિદ્યાર્થીઓ તાલીમ લઈ સ્વરોજગાર મેળવી શક્યા અને આજે પણ આ સંસ્થા સારી રીતે ચાલી રહી છે.

શેઠે અન્નક્ષેત્ર અને છાશ વિતરણ જેવી પ્રવૃત્તિઓ શરૂ કરી અને તેમાં અમારા જેવા કાર્યકરોને જવાબદારી સોંપી. અન્નક્ષેત્રના કાયમી નિભાવનો પ્રશ્ન અમને કાયમ મૂંઝવતો હતો, પરંતુ સાણંદના પનોતા પુત્ર શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલે સુકાન સંભાળ્યું એટલે અમારો પ્રશ્ન હલ થઈ ગયો. શ્રી દાદાએ અન્નક્ષેત્ર સાથે કાયમી ધોરણે છાશકેન્દ્ર પણ શરૂ કર્યું અને આજે પણ સારી રીતે ચાલી રહ્યું છે.

ગરીબ માણસો તથા મધ્યમ વર્ગના માણસો માટે અનાજ વિતરણ ગોઠવ્યું. જેનો લાભ ૪૦૦ થી ૫૦૦ કુટુંબો લઈ રહ્યા છે. સાણંદ અને આજુબાજુ ગામડે આ સેવા વિસ્તરી છે. દાદાએ અતિવૃષ્ટિમાં પડી ગયેલા મકાનો બાંધી આપવાનું કાર્ય પણ સંકટ નિવારણ સોસાયટીના રમણભાઈ પટેલની રાહબરી હેઠળ કરેલ.

સાણંદમાં સરકારમાન્ય સીવણ વર્ગનો કોર્સ શરૂ થયો અને અનેક બહેનોએ એમાં તાલીમ લઈ સ્વરોજગાર મેળવ્યો.

પૂ.દાદાનો અભિગમ હંમેશાં ગરીબ અને મધ્યમ વર્ગ તરફ રહ્યો એટલે એવી પ્રવૃત્તિને હંમેશાં ટેકો આપ્યો. અનેક ગ્રેજ્યુએટ યુવકો વિવિધ જગ્યાએ બેંકમાં, રાઇસ મિલમાં, સંસ્થાઓમાં નોકરીએ લાગ્યા અને અનેક કુટુંબો એમના પ્રયાસને કારણે પગભર થયા એમ કહી શકાય.

આંખની હૉસ્પિટલ સ્થાપવામાં પણ અનેક મુશ્કેલી પડી. સરકારમાંથી આંખની હૉસ્પિટલ ચાલુ કરવાનું લાયસન્સ લાવવું, ડૉક્ટરની નિમણૂક, મકાન વગેરે સૌ કામમાં અમને સફળતા મળી હોય તો તેમાં એમની પ્રતિષ્ઠા અને નિષ્ઠા કામ આવી. આંખની હૉસ્પિટલમાં એ વખતે મહાસુખભાઈ શેઠ ગુજરી જવાથી દાદાએ રૂપિયા એક લાખનાં દાનની વ્યવસ્થા કરી આપી. આ કાર્યમાં ડૉ. સુબોધભાઈનો સહકાર મળી રહ્યો. એમની દેખરેખ હેઠળ આંખની હૉસ્પિટલ થઈ. આંખની હૉસ્પિટલની જમીન માટે શેઠે પોતાની જમીન પૂ. જ્ઞાનચંદજી બાપુના ટ્રસ્ટને દાનમાં આપી જેમાં આંખની હૉસ્પિટલ થઈ.

આવી જ રીતે સાણંદમાં દાંતનું દવાખાનું પણ કર્યું. અનેકવિધ પ્રવૃત્તિઓથી ભર્યું એમનું જીવન સાદગી, પ્રામાણિકતા અને ધાર્મિક શ્રદ્ધાને વરેલું હતું. એમની સાથેના સહવાસમાં અનેક પ્રસંગો યાદ આવે છે, પરંતુ બે પ્રસંગો રજૂ કરું છું જેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું.

એક પ્રસંગ એવો બન્યો કે આઇટીઆઇ સંસ્થા માટે એક મશીન અમદાવાદના વેપારી પાસેથી ખરીદ્યું. આ વેપારીએ છેતરપિંડી કરી. આ છેતરપિંડી પકડાઈ જતાં વેપારીએ અમોને મશીન બદલી આપ્યું. અમારી ઇચ્છા આ વેપારી ઉપર દાવો કરવાની હતી, પરંતુ પૂ.દાદાએ ના પાડી. તેને તેની ભૂલ સમજાઈ ગઈ અને આપણને નવું મશીન આપ્યું - ભગવાન તેને સદ્‌બુદ્ધિ આપે. આમ, માનવતાવાદી અભિગમ રાખી એ માણસને જેલભેગો ન કર્યો પણ સુધરવાની તક આપી.

૧૯૯૦ના અરસામાં સાણંદ અર્બન બેંક મુશ્કેલીમાં છે તેવી અફવા ચાલી અને ડિપોઝીટરોનો બેંકમાં નાણાં લેવા ધસારો થયો. બેંક સદ્ધર હોવા છતાં તાત્કાલિક બેંકને બધી રકમ ચૂકવવામાં તકલીફ પડે. આ સંજોગોમાં પૂ. બળદેવદાદાએ સામે ચાલીને બેંકની ઑફિસ જઈને ડિરેક્ટરો, થાપણદારોને આશ્વાસન આપ્યું - કાલુપુર બેંક તમારી સાથે છે અને જોઈએ તેટલી રકમ મળી જશે. થાપણદારોનો વિશ્વાસ વધ્યો અને જે લોકો ડિપોઝીટો પાછી લઈ ગયા હતા તે ફરી જમા કરી ગયા.

આવા હતા શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ - જીવન સાર્થક કરી ગયા અને પ્રેરણા આપતા ગયા. આ સેવાના મંદિરો કાયમ કાર્યરત રહેશે એટલો એનો પાયો મજબૂત છે.

❖ ❖ ❖

એમની માંદગી પ્રથમ વખત આવી અને નિદાન હૃદયનું ઓપરેશન કરાવવું એમ થયું ત્યારે તેમણે ના પાડેલી - હું સામાન્ય માણસ આટલો મોટો ખર્ચ કરી મારે સારવાર નથી કરાવવી. 'ભગવાનનું શરીર છે જેમ કરવું હશે તેમ તે કરશે' એવી વાતો કરી. એમને સારવાર માટે સમજાવવા મારે અવારનવાર એમના ઘરે જવું પડેલું અને લાંબી સમજાવટ પછી જ્યારે મેં કહ્યું કે તમે તમારા પણ ક્યાં છો ? અસંખ્ય લોકોના આપ સ્વજન છો ત્યાર પછી એઓ તૈયાર થયેલા.

**– ડો. સૂર્યપ્રસાદ મહેતા**



▲ સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ (I.T.I)

નિરમા ઈન્સ્ટિટ્યૂટના સમારંભમાં પૂર્વ ચીફ જસ્ટીસ શ્રી બી. જે. દિવાન તથા સ્વામી શ્રી સચ્ચિદાનંદજી સાથે બળદેવભાઈ ▼






▲ દાદા દ્વારા સ્થાપિત કન્યા શાળામાં
સ્વતંત્ર દિવસની ઉજવણી

▼ દાદાની વિવિધ પ્રવૃત્તિઓ ભૂલકાંઓ
માટે પ્રાથમિક શાળા, સાણંદ



# વિભાગ-૪

# સહકારી બેંકિંગ




"કાલુપુર બૅંક ભવન"

કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બૅંકના સ્થાપક શ્રી બળદેવભાઈની કલ્પના પ્રમાણે બૅંકની આશ્રમ રોડ પરની આકર્ષક હેડ ઑફિસ સાથે દૃષ્ટિગોચર છે તેના સ્વપ્નદ્રષ્ટા શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ



બૅંકના દશાબ્દી મહોત્સવ (૧૯૮૦) પ્રસંગે રાજ્યના પૂર્વ નાણામંત્રી શ્રી સનત મહેતા તથા
રિઝર્વ બૅંકના પૂર્વ ગવર્નર ડૉ. આઈ. જી. પટેલ સાથે



બૅંકની ખોખરા શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વરોજગાર અંગે હાથલારી અર્પણ કરતા ગુજરાતના પૂર્વ ગવર્નર
શ્રી કે. કે. વિશ્વનાથન સાથે

# ૧ કાલુપુર કોમર્શિયલ કો.-ઓપરેટિવ બેંકના તા. ૩૧-૧૨-૯૪ના રજતજ્યંતી સમારોહમાં શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલે આપેલ ભાષણનું ટેપ પરથી લખાણ

પરમ મિત્ર વાઈસ ચેરમેન શ્રી જશભાઈ, ભાઈ શ્રી ગોપાળભાઈ, શ્રી અંબુભાઈ, જનરલ મેનેજર શ્રી મનુભાઈ, વેપાર અને ઉદ્યોગોના તથા જેમણે સ્ટૉલ ઊભાં કર્યા, ચલાવ્યા તેના પ્રતિનિધિ ભાઈઓ અને બહેનો, બેંકના કર્મચારી ભાઈઓ અને બહેનો.

આજના આ પ્રસંગે આપણા સૌના દિલમાં એક આનંદ છે, જ્યારે બેંકની રજતજયંતી ઉજવવાની હોય ત્યારે સામાન્ય રીતે જેમ વેપારનું આપણે સરવૈયું કાઢીએ છીએ તેમ અમારે પણ જે આ સંસ્થાના લક્ષ્યો સિદ્ધાંતો નક્કી કરીને બેઠા હતા, એમાં અમે કેટલા ફળીભૂત થયા છીએ, એમાં કેટલી ખામીઓ છે, ત્રુટિઓ છે એ અમને જોવાનો આ એક ૨૫ વર્ષ પછીનો સમય છે. સામાન્ય રીતે બેંકની રજતજયંતી ઉજવાય ત્યારે બેંકે શું પ્રગતિ કરી એનો હિસાબ રૂપિયા, આના, પાઈમાં થાય. કેટલો નફો કર્યો, કેટલા શેરહોલ્ડરો છે, કેટલા ડિપોઝીટરો છે વગેરે વગેરેથી જોવામાં આવે છે. અમારું લક્ષ્ય બેંક શરૂ કરી ત્યારથી અને હજી પણ જે છે એના કરતાં જુદુ છે. આ એક વેપારી પેઢી અગર તો ફક્ત ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ નહીં પરંતુ સહકારી સંસ્થા છે.

સહકારી સંસ્થા એટલે શું ? જે પ્રજાના હિત માટે પોતાનાથી ચાલતી અને પોતાના માટેના જે સાધનો ઊભાં કરવા માટેની આ એક પોતાની સંસ્થા. એટલે એનું જે લક્ષ્ય છે ખાસ કરીને જ્યારે બેંક શરૂ કરી ત્યારે કોઈ પણ કારણ બેંક શરૂ કરવાનું હોય તો નેશનલાઈઝડ બેંકો થયા પછી જે નેશનલાઈઝડ બેંકમાં આપણે જવું પડતું હતું. હું અને તમે બધાયને અને જે રીતનું વર્તન હતું એ આપણને સ્વમાનભેર નહોતું લાગતું, એનું વ્યાજ પણ આપીએ છીએ. તે આપણે એવું સ્વમાનભેર કેમ આપણા પોતાના સાધનો ઊભા ન કરી શકીએ કે જેમાં આપણે આટલું અપમાન સહન કરવું પડે આ એક મુદ્દો હતો. બીજું સાથે સાથે આપણે સમાજને પણ ન ભૂલી શકીએ. આપણી સમાજ પ્રત્યે પણ ફરજો હોઈ એને પણ આપણે લક્ષ્યમાં રાખવી જોઈએ. આજે વેપાર અને ઉદ્યોગ માટે પૈસા સિવાય કાંઈ ચાલે નહીં અને એ પૈસા મેળવવામાં જો સહેલાઈથી પૈસા ન મળે તો એ પૈસા મેળવવાનો કોઈ અર્થ ન રહે. પૈસા આપણે આજે જોઈતા હોય અને એ એમ કહે કે તમારે લિમિટ આજે તમે પ્રપોઝલ આપો અને છ મહિને કે બાર મહિના પછી પાસ કરે કાં તો સિઝન જતી રહે પછી મળે અને કાં તો માલનું ડેમરેજ ચઢતું હોય અને એ ચઢ્યું હોય તો પણ પૈસા ન મળે. એ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે આપણે પોતાના સાધનો ઊભાં કરવા આવું અમારું એક લક્ષ્ય હતું અને એ લક્ષ્ય લઈને આપણે આ બેંકની શરૂઆત કરી. આપણું લક્ષ્ય અને સિદ્ધાંતો બહુ ચોખ્ખા હતા. એમાં કોઈ સ્વાર્થવૃત્તિ ન હતી. જે મેનેજમેન્ટનું બોર્ડ હતું અને નિઃસ્વાર્થભાવે કામ કરવું એવું બધાયે સિદ્ધાંતમાં માનવાવાળા માણસો હતા. કોઈને પણ પદની, પ્રતિષ્ઠાની, પૈસાની કે પ્રશસ્તિની કોઈ પણ અપેક્ષા આ સંસ્થામાં આવીને નહીં હોવાને કારણે ૨૫૦ સ્કવેર ફીટ જગ્યાની અંદર શરૂ કરેલી બેંક આજે ૨૦ બ્રાન્ચો ૮૫૦૦૦/- શેરભંડોળ હતું એના બદલે આજે આપ સૌએ સરવૈયું વાંચ્યું હશે, તે આજે ૬.૫ થી ૭ કરોડનું શેરભંડોળ થઈ ગયું. ૧૦૦ કરોડના પોતાના ફંડ થઈ ગયા. ૩૩૧ કરોડ જેટલી ડિપોઝીટ થઈ ગઈ. ૨૨૭ કરોડ જેટલું ધિરાણ થઈ ગયું. આ ધિરાણ આપવાની પાછળ પણ એક વાત હતી કે નાણાં લેનાર પ્રત્યે શુભ ભાવ. એ આ પૈસા લઈને કેમ રળે (મહેનત કરે), કેમ ઊંચો આવે અને કેમ એના જીવનમાં આ પૈસાથી તે ઊંચો આવે, પ્રગતિ કરે.

આપણે એક છાપામાં એક દૃષ્ટાંત વાચ્યું હતું કે, એક બેંકની અંદર એક કેશિયર પૈસા આપે ત્યારે **May God Bless You** કહીને પૈસા આપતો હતો તેવો એક લેખ છાપામાં આવ્યો હતો. એટલે એની અંતરની એક ભાવના એવી હતી કે મારે ત્યાંથી જે પૈસા લઈ જાય તે સુખી થાય અને એના વિચારો શુદ્ધ બને અને એ સુખી થાય એવી ભાવનાથી એ કેશિયર જ્યારે પૈસા આપતો હતો ત્યારે ત્રણ-ચાર કાઉન્ટર હોવા છતાં પણ બીજા બધા કાઉન્ટર ખાલી રહે અને તેના કાઉન્ટર પર ગીર્દી જામે અને એનું જ્યારે કારણ પૂછવામાં આવ્યું ત્યારે જે પૈસા લઈ જનારા એવું કહેતા હતા

કે અમારા વિચારોમાં પરિવર્તન આવવા લાગ્યું. ખોટા વિચારો નહોતાં આવતા. કોઈ વ્યસનના વિચાર નહોતા આવતા. કુટેવના વિચાર નહોતા આવતા. આમ વિચારોમાં પરિવર્તન આવ્યું. આ એક કુદરતી જે અંતરની ઈચ્છાએ જે વિચારો અને સદ્‌વિચારનું પરિણામ શું આવે છે, એમ અમે પણ એક સદ્‌ભાવ સાથે બેઠા છીએ કે આપણે સમાજને ઉપયોગી થવું છે. સમાજે આપણને જોઈએ એના કરતા, ભગવાને આપણને જોઈએ તેના કરતા ખાઈ-પીને સુખી રહીએ તે કરતા વિશેષ આપ્યું છે તો પછી આપણી સાથે સમાજનું પણ આપણું ઋણ છે એ ચૂકવવું ન જોઈએ ? આ એક વાત લઈને બેઠા છીએ અને એના કારણે આપ સૌનો સહકાર અને સાથ મળી રહ્યો છે. પ્રેમભાવ પણ મળી રહ્યો છે. એવી જ રીતે અમારે ત્યાં રહેનાર કર્મચારીઓ પ્રત્યે પણ અમને એટલો જ અહોભાવ રહ્યો છે. એ પણ અમારા પરિવારના સભ્યો છે અને એ પરિવારના સભ્યો પણ સુખી થાય એ જાતનું અમારું આખું લક્ષ્ય અને એટીટ્યુડ **(Attitude)** રહેલ છે અને એના કારણે અમારા પરિવાર સાથેના જે સંબંધો છે તે ગાઢ બન્યા છે અને અત્યારે દેશની અંદર ઓછું કામ કરવું, વધારે પગાર લેવો આ એક જાતનું વાતાવરણ ઊભું થયું છે ત્યારે અમારા પરિવારે અડધો કલાક વધારે કામ કરવાનું સ્વેચ્છાએ અને ગ્રેસફુલી **(Gracefully)** નક્કી કર્યું અને અમને સામેથી આવીને કહ્યું એ વાત પરથી આપ વિચારી લેજો કે અમારા અને કર્મચારી સાથેના કેવા સંબંધોથી આ થયું છે.

જ્યારે જ્યારે અમે કર્મચારી પરિવારને મળીએ છીએ ત્યારે કસ્ટમર **(Customer)**ની સાથે કેમ વર્તવું એની આખા કલાસમાં ટ્રેઈનિંગ આપીએ છીએ. સામાન્ય રીતે ટ્રેઈનિંગમાં અમે એવું સમજાવીએ છીએ કે આવે એ ગ્રાહકની જગ્યાએ આપણે હોઈએ તો શું ? એની સાથે કેવું વર્તન કરવું જોઈએ, એની સાથે સલુકાઈથી રહેવું જોઈએ, એને કોઈ પણ જાતની તકલીફ ન પડે એની ખાસ કાળજી રાખવી જોઈએ. ગ્રાહક પાસેથી કોઈ અપેક્ષા ન રાખવી જોઈએ. મને કહેતા આનંદ થાય છે એ વાતને-લક્ષ્યને અમે પહોંચી શક્યા છીએ.

બીજી વાત જ્યારે બને તેટલા નાણાં બને તેટલા જલદી મળી જાય. કોઈ પણ પ્રપોઝલ આવે તેને બને તેટલી ઝડપી ડીસ્પોઝ **(Dispose)** કરવી. બને તેટલા નાણાં ડીસબર્સ **(Disburse)** કરવા અને જો ન આપી શકાય એવું હોય તો તેની તરત જ ચોખ્ખી ના પાડવી જેથી તેને ધક્કા ન થાય. અને બને તેટલો વહેવાર ચોખ્ખો રાખી અને બને તેટલું થોડું જોખમ કરીને પણ પૈસા જો બેંકને વાંધો ન હોય તો અને ગ્રાહકની મુશ્કેલી માટે નાણાંનો વહેવાર કર્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે કેટલાય વેપારીઓ અને ઉદ્યોગપતિઓ અમારી સમક્ષ આવે છે અને પ્રતિભાવ આપે છે.

હું એક સરસ દાખલો આપું. આજે મને હમણાં જ એક ભાઈ મળ્યો. મને ખૂબ દિલદાયક ન લાગ્યું. આમ તો મારે આત્મશ્લાઘા ન કરવી જોઈએ પણ કીધા વગર રહી શકતો નથી. એક માણસ મહિના પહેલાં મારી પાસે આવ્યો, પગે લાગ્યો અને ઊભો રહ્યો. મેં પૂછ્યું કે શું છે ? કાંઈ તકલીફ છે ? દુઃખ છે ? પગે શા માટે લાગે છે ? એણે કહ્યું કે તમારે ઘેર આવવું પડશે. મેં પૂછ્યું કે શું છે તો કહે તમે મારા ઘેર આવો એટલે કહીશ. મેં બાધા રાખી છે કે તમે મારા ઘેર આવો. મને નવાઈ લાગી. પછી હું તેની દુકાન ઉપર અમુક દિવસે આવીશ એમ મેં કહ્યું. પણ થયું શું છે તે મને કહે.

તો ધંધુકા પાસે ખાવડ કે એવું કોઈ ગામ છે, એ ગામનો એ વતની. ગુણવંત એનું નામ. આજે તેની નવા વાડજ આગળ દુકાન છે. રૂના કાલા કપાસનો ધંધો. અંદર નુકસાન ગયેલું અને એમાં રૂપિયા ૩ થી ૪ લાખનું નુકસાન થયેલું અને આટલું નુકસાન ગામડામાં થાય એટલે એની શું પરિસ્થિતિ થાય એ આપણે સમજી શકીએ. એ નુકસાન જવાથી એ અહીં આવેલો. એનો વહેવાર ચાલે નહીં, વેપાર ચાલે નહીં. એવું કહ્યું કે મેં એવું નક્કી કરેલું કે આજ સવારે મારે ઝેર ખાવું છે અને હું આ રીતે જીવી શકીશ નહીં એમ મને વિચાર આવ્યો, પરંતુ સવાર પડતાં એક જણ મને કહે કે તું ઉતાવળ ન કરીશ. તું કાલુપુર બેંકના ચેરમેન સાહેબને મળ અને તું કાંઈક સાચી વાત કરજે અને તેથી તને કોઈ મદદ મળે તો અને એ મારી પાસે આવ્યો. મને કાંઈ ખબર નહીં. મને બધી વાત કરી. મને એમ લાગ્યું કે નાનો વેપારી છે. મારા મનમાં થયું કે ૧૦-૧૫ હજાર રૂપિયા તેને આપવાથી આ બેંકનું શું - આથી વધુ તો બેંકને વધારે જોખમ થવાનું નથી એમ ધારીને મેં તેને ૧૫ હજારની મદદ કરી. તેનાથી એ આજે ઊંચો આવ્યો. મને કહે, તેનો આજે ફ્લેટ છે. દુકાન છે, સારી ચાલે છે એ જોવા આવો. ચા પીઓ, જમવા આવો. મેં કહ્યું કે હું ચા પીતો નથી. ક્યાંય જમવા જતો નથી છતાં પરાણે ચા પાઈ. કહેવાનો મતલબ એ કે જે શુભ ભાવનાથી જે આ કામ થઈ રહ્યું છે એનો અમને વધારે સંતોષ છે. આવા નાના માણસોને મદદ કરવાનો વધુ સંતોષ છે. અમને બેંકની પાસે ૧૦૦ કરોડ પોતાના ફંડ થયા એના કરતા કોઈ પણ નાનો માણસ આ બેંકના પૈસાથી આગળ આવે, પોતાની ઈન્ડસ્ટ્રી વધારે,

પોતાનો વેપાર વધારે અને પોતે સ્વ-નિર્ભર થાય અને પોતે પોતાનું જીવન ચલાવી શકે એમાં અમને વધારે રસ છે અને ભગવાનની કૃપાથી તમારી જે દરેકની દૃષ્ટિથી જે લક્ષ્ય સિદ્ધાંતો સિદ્ધ કરવા માંગીએ છીએ એમાં સૌના સાથ સહકારથી આજે મારા બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં આજે ૨૫ વર્ષ થયા. કોઈ પણ કામ એક પણ ડિરેક્ટરના મત વિરુદ્ધ કર્યાં નથી. બધા જ સર્વાનુમતે કામ કરી શકીએ છીએ એટલે કે સહકારી પ્રવૃત્તિનો મૂળભૂત સિદ્ધાંત કે જે લોકોના હિત માટે, લોકો માટે અને લોકો દ્વારા ચાલતો વહીવટ હોવો જોઈએ. એ લક્ષ્યને ધ્યાનમાં રાખીને આ બેંક ચલાવવા માંગીએ છીએ અને ચાલી રહી છે. એટલે આ એક પ્રયોગ તરીકે જ્યારે રજત જયંતીનો મહોત્સવ આવ્યો ત્યારે - આમ તો બધા ગ્રાહકની પ્રપોઝલ આવે ત્યારે જોઈએ સમજીએ પરંતુ રૂબરૂ મળવાના પ્રસંગ ઓછા બનતા હશે.

એવા કેટલાય ખાતેદારો હશે જેમને હું રૂબરૂ મળી ન શક્યો હોઉં, ઓળખતો નહીં હોઉં એમ પણ બને અને એવા કેટલાય ખાતેદારોને આ પ્રસંગ યોજવાથી રૂબરૂ મળવાનો પ્રસંગ મળ્યો. આપ સૌની લાગણીઓ અને હવે પછી ભવિષ્યમાં પણ અમારી કંઈ પણ ત્રુટિઓ હોય એ પણ અમે જાણી શકીએ. તમારા બધાના વિચારો પણ જાણી શકીએ અને એ રીતે આપણે પરિવારના માણસો છીએ. આપણે અન્યોઅન્ય એકબીજાના હિત માટે કામ કરી કહ્યા છીએ આ વાત આપણે ભૂલાય નહીં અને એ રીતે આપ સૌએ બેંકના સાથ સહકારમાં ચીવટ ન રાખી હોત તો આપણે આટલા સક્સેસ ન થયા હોત. એટલે એમનો પણ આભાર માનું છું. કર્મચારી ભાઈઓએ પોતે નોકરી છે એમ નથી જાણ્યું પણ આ પોતાના ઘરે લગ્નનો પ્રસંગ એક સારો પ્રસંગ આવ્યો છે એમ માનીને રાતદિવસ જોયા સિવાય કામ કર્યું છે. એમ આ સૌના સહિયારા પુરુષાર્થથી આ એક કામમાં આપણે ફળીભૂત થયા છીએ એનો અમને સૌને આનંદ છે. ભવિષ્યમાં પણ આપણે એકબીજાના પરિવાર તરીકે, એકબીજાના શુભેચ્છક તરીકે એકબીજાની લાગણી વ્યક્ત કરીએ અને શુભકાળની લાગણી આપણે સૌ એકબીજાને મદદગાર થઈએ એ અને આપની પ્રગતિ દિવસે દિવસે વધતી જાય એમાં અમે નિમિત્ત બનીએ એ અભ્યર્થના સાથે વિરમું છું.

❖ ❖ ❖

ગુજરાત વેપારી મહામંડળ સંચાલિત સંકટ નિવારણ સોસાયટી દ્વારા શ્રી હીરાલાલ ભગવતી સાથે હરહંમેશ સાથે રહીને દેશમાં અને ગુજરાતમાં જે રૂ. પાંચ કરોડથી વધુના રાહતના કાર્યો અસરકારક અને કાર્યક્ષમ રીતે કર્યા તે પ્રશંસનીય છે. તેટલું જ નહીં પણ તેને થકી ગુજરાત વેપારી મહામંડળ તથા સંકટ નિવારણ સોસાયટીને પ્રતિષ્ઠા અને ગૌરવ બક્ષ્યું છે.

**રજનીકાન્ત રસિકલાલ નગરી**

ઉદ્યોગપતિ

# ૨ જાહેર જીવનના અગ્રણી

– જયરામભાઈ એ. પટેલ
ચેરમેન, ધી ગુજરાત સ્ટેટ કૉ.- ઑપરેટિવ બેંક લિ., સહકાર ભવન, તિલક રોડ, અમદાવાદ.

સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલને હું છેલ્લા સાડા ત્રણ દાયકાથી ઓળખતો હતો. અમદાવાદ શહેર, જિલ્લો અને ઉત્તર ગુજરાતની પ્રજામાં તેઓની સારી એવી અસર હતી. તેઓ એક કિસાન પુત્ર હતા અને તે જ રીતે એક સફળ વેપારી હતા. સાથોસાથ પ્રવૃત્તિઓના સ્થાપક પ્રણેતા ઉપરાંત ગુજરાતના એક શ્રેષ્ઠી મહાજન ગણાતા. તેઓશ્રીનું વતન સાણંદ. તેઓની અસાધારણ મમતા હતી અને તે વિસ્તારમાં તેઓશ્રીએ વિવિધ સંસ્થાઓ ઊભી કરવામાં, ટકાવવામાં અને તેને ગતિ આપવા માટે જે પુરુષાર્થ કર્યો છે તે અવર્ણનીય છે. આ સંસ્થાઓની સારી પ્રવૃત્તિના મિલન સમારોહમાં જવાની મને જ્યારે તક મળી છે ત્યારે કંઈક નવું જાણવા મળેલ છે. શ્રી બળદેવભાઈ આજે જ્યારે આપણી વચ્ચે નથી ત્યારે વેપારી આલમ અને ખેડૂત જગતને મોટી ખોટ પડી છે. એ જ રીતે ઉત્તર ગુજરાતના ખેડૂતમાં રાષ્ટ્રીય દષ્ટિકોણ સિંચનાર શ્રી બળદેવભાઈની ગેરહાજરી સાલે છે. શ્રી બળદેવભાઈએ અમદાવાદ ખાતે ધી કાલુપુર કોમર્શિયલ કો.ઑ.બેંક લિ.ની સ્થાપના કરીને વર્ષો સુધી તે બેંકમાં પ્રમુખ પદે રહ્યા. આ બેંકની પ્રગતિ વગેરેને નજર સમક્ષ લઈ ગુજરાતની ટોચની નં. ૧ મલ્ટી સ્ટેટ કૉ.ઑ. બેંકનું સ્થાન પામે છે. હિન્દુસ્તાનમાં મલ્ટી સ્ટેટ કૉ.ઑ. બેંકની જે સંખ્યા છે તેમાં કાલુપુર બેંકનું સ્થાન અદકેરુ છે. બેંકે જે વિકાસ કર્યો અને આજે રૂ. ૯૪૦ કરોડથી વધુ થાપણો મેળવી ભંડોળ ઊભું કર્યુ અને રૂ. ૫૭૦ કરોડ જેટલા ધિરાણ કર્યાં એ જોતાં આ બેંકની લોકોની ઉપયોગિતા અને કરેલ ધિરાણના નાણાંની સદ્ધરતા વગેરેની રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા સહિત સૌ નોંધ લે છે એવા મુ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ આ સમાજની લાંબા સમય સુધી કરેલા સેવાના અવસરે એક મિત્ર તરીકે, સાથીદાર તરીકે જાહેર જીવનના આગેવાન તરીકે હું એ મહાન સપૂતને વંદન કરું છે. કાલુપુર બેંક આજે જે સ્થિતિએ છે અને તેનું સુકાન શ્રી અંબુભાઈ પટેલ જેવાં સહકારી જગતના શ્રેષ્ઠ પુરુષ તરીકે ગુજરાતની પ્રજાજન સમક્ષ આજે જ્યારે ઊભું છે ત્યારે તેઓશ્રીની નમ્રતા અને બીજાને સમજવાની સક્ષમતાને પરિણામે શ્રી બળદેવભાઈ પછી શ્રી ગોપાળભાઈએ જે વિકાસકૂચ ચાલુ રાખી અને તેમાં શ્રી અંબુભાઈએ જવાબદારી સ્વીકારી આ વિકાસકૂચને આગળ ધરી છે. થોડાક સમય પહેલાં કાલુપુર બેંકે સહકારી ક્ષેત્રે જિંદગી ખર્ચી છે એમનું સન્માન કરી પ્રોત્સાહિત કર્યા છે. એ ઉપરાંત સહકારી જગતને મજબૂત બનાવવા માટે કાલુપુર બેંકના બેનર નીચે અનેકવિધ પ્રવૃત્તિઓ જે ચાલી રહી છે એમાં ગુજરાતનું સહકારી જગત ગૌરવ લે છે અને એની મૂડીને સાચવવાની જાગૃતપણે જવાબદારી સભાનતાપૂર્વક અદા કરશે અને એમાં સૌ સાથીદારોનો સાથ મળશે અને મુ.શ્રી બળદેવભાઈનું નામ ઉજ્જવળ કરવામાં સહકારી બેનર નીચે આગેકૂચ કરીએ એ જ અભ્યર્થના.

મુ. શ્રી બળદેવભાઈ રાજ્યમાં કુદરતી આપત્તિવેળા, દુષ્કાળ વગેરેમાં પણ કરેલ નિઃસ્પૃહભાવે કામગીરી રાજ્યની જનતા ભૂલી શકે તેમ નથી. અનેકવિધ ટ્રસ્ટો-સંસ્થાઓ દ્વારા જનસેવાનું અને શૈક્ષણિક કામગીરી અદ્‌ભુત રહી. ધાર્મિક ક્ષેત્રે તેઓનું આગવું પ્રદાન હતું. પોતે અનેકવિધ ક્ષેત્રે સંકળાયેલ હોવા છતાં વેપારી જગતને દોરવણી આપી. ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખપદે રહી રાજ્યના વેપાર ઉદ્યોગના વિકાસમાં અમૂલ્ય ફાળો રહ્યો.

આમ, શ્રી બળદેવભાઈએ અનેકવિધ ક્ષેત્રે કરેલ સેવાઓની સૌ નોંધ લઈ તેમના કાર્યને આગળ વધારીએ એવી અંતરની લાગણી વ્યક્ત કરી વિરમું છે.

❖ ❖ ❖

# ૩ કુશળ વહીવટકર્તા

– પટેલ જયંતીલાલ બેચરદાસ
પૂર્વ ડાયરેક્ટર, બાવળા, કાલુપુર કો. ઑપરેટિવ બેંક

માનનીય શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ મૂળ સાણંદના વતની. કાલુપુર ચોખા બજારમાં તેમની પેઢી. મારા પિતાશ્રીના સમયથી તેમના કુટુંબ સાથે પરિચય. અમારા એક સમયના ભાગીદાર અને અમારા વડીલ સ્વ. શ્રી. હીરાલાલ આત્મારામદાસના એ વેવાઈ થાય. એ નાતે હું તેમને તેમના નામથી ઓળખું. મને તેમનો પ્રત્યક્ષ અને નિકટનો પરિચય થયો વેપાર-ધંધાના કામ અંગે અને કાલુપુર કોમર્શિયલ બેંક નિમિત્તે.

અમારી બાવળા બજારમાં કરિયાણાની દુકાન. ત્યાર પછી ભાગીદારીમાં દુર્ગા રાઈસ મિલ શરૂ કરી. ધંધાના વિકાસ માટે લોનની જરૂરિયાત ઊભી થાય. અમારી અને અમારા જેવા ઘણા રાઈસ મિલોના અને વેપાર-ધંધાના માલિકોની આર્થિક મુશ્કેલી કાલુપુર કોમર્શિયલ કો. ઓપરેટિવ બેંકની સ્થાપનાથી દૂર થઈ.

મારે શરૂઆતના વર્ષોમાં ધંધાના કામ અંગે કાલુપુર ચોખા બજારમાં લગભગ દરરોજ જવાનું થાય અને ત્યાં હું મુરબ્બી શ્રી બળદેવભાઈના વિશેષ પરિચયમાં આવ્યો. ધીરગંભીર છતાં નિરાભીમાની વ્યકિતત્વ, નખશીખ સૌજન્યતા. નાના માણસની વાત પણ શાંતિથી સાંભળે, જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપે. હું તેમના આ ગુણોથી પ્રભાવિત થયો અને પછી તો વારંવાર મળવાનું થતું.

કાલુપુર બેંકની સ્થાપના ઈ.સ. ૧૯૬૯-૭૦માં થઈ. શરૂઆતમાં ચોખા બજારમાં એક નાના મકાનમાં તેની શરૂઆત કરવામાં આવી અને પછી તે ક્રમશઃ અમદાવાદમાં અને તેની આજુબાજુના ગામો જેવા કે બાવળા, સાણંદ, બારેજા વગેરેમાં તેની અનેક શાખા-પ્રશાખાઓ સ્થપાઈ છે અને સરકારી ક્ષેત્રે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં તે ગણનાપાત્ર સ્થાન ધરાવે છે. મારી દૃષ્ટિએ કાલુપુર બેંકની સ્થાપના અને વિકાસમાં બેંકના ચેરમેન મા.શ્રી બળદેવભાઈનું યોગદાન મુખ્યત્વે રહ્યું છે.

જો અમારા બાવળા ગામની વાત કરું તો એક સમયનું લગભગ ૮૦૦૦ની વસ્તીવાળું ગામ. બજારમાં મોટેભાગે અનાજ-કરિયાણા અને કાપડની દુકાનો. રાઈસ મિલોમાં માત્ર બે થી ત્રણ અને કપાસની ૭ થી ૮ જિનિંગ ફેક્ટરીઓ અને ત્રણ કોટન પ્રેસ, એ સમયે કોટન ઉદ્યોગ વિકસેલો, બાકીના ધંધા સામાન્ય. ખાસ કરીને બાવળામાં રાઈસ મિલ ઉદ્યોગનો જે વિકાસ થયો અને અન્ય વેપારધંધાનો જે વિકાસ થયો તેમાં કાલુપુર બેંકનો નોંધપાત્ર ફાળો છે. મારો પરિચય વધતાં મારી કાલુપુર બેંકના ડિરેક્ટર તરીકે નિમણૂક કરી. મારી અને બાવળાના વેપારીઓની વિનંતીને માન આપી બાવળામાં કાલુપુર બેંકની શાખા શરૂ કરવામાં આવી અને તેથી વેપારીઓ - ઉદ્યોગપતિઓને તેમના વેપાર-ઉદ્યોગના વિકાસમાં વિશેષ પ્રોત્સાહન મળ્યું. આજે બાવળામાં લગભગ ૧૦૦ જેટલી રાઈસ મિલો છે. મમરા-પૌંઆના કારખાના, કોટન ઉદ્યોગ અને અન્ય વેપાર ઉદ્યોગો વિકસ્યા છે, તેમાં કાલુપુર બેંકનો અમૂલ્ય ફાળો છે.

મુરબ્બી શ્રી બળદેવભાઈ સાથે ઘણા વર્ષો સુધી ડિરેક્ટર તરીકે રહ્યો અને કામ કર્યું. તેમાંથી મને ઘણી પ્રેરણા મળી અને ઘણું નવું શીખવા-જાણવાનું મળ્યું અને તેમના વ્યક્તિત્વના વિવિધ પાસાઓનો નિકટથી પરિચય થયો.

મુ. બળદેવભાઈના આ ગુણો ઉપરાંત તે એક કુશળ વિષ્ટિકાર અને લવાદ હતા. જ્યારે પણ કોઈ પેઢીના ભાગીદારો કે કોઈ કુટુંબોમાં ભાગીદારી, મિલકત કે અન્ય બાબતોમાં કોઈ વિવાદ ઊભો થાય ત્યારે તેમના સૌ પરિચિતોને એમ થતું કે અંદરોઅંદર વિવાદ ઊભો કરવાને બદલે અને કોર્ટમાં જવાને બદલે આપણે આ વિવાદ આપણા બળદેવભાઈને સોંપીએ. તેમની લવાદી બધા પક્ષો સ્વીકારતા અને બધાને તેમની તટસ્થતા અને ન્યાયીપણામાં સંપૂર્ણ વિશ્વાસ. તેમની લવાદી અને મધ્યસ્થી અને સમજાવટ દ્વારા અનેક વેપારી પેઢીઓ અને કુટુંબોના મુશ્કેલ પ્રશ્નોનું સૌને સંતોષ થાય તે રીતે નિરાકરણ થયું છે. પૂ. બળદેવભાઈના પરિચયમાં આવનાર નાના-મોટા સૌને બળદેવભાઈ પોતાના મુરબ્બી ભાઈ, પિતાતુલ્ય કે વડીલ જેવા લાગે. સૌને બળદેવભાઈની ન્યાયપ્રિયતામાં વિશ્વાસ. તેઓ આપણી જૂની મહાજન પરંપરાના એક અગ્રણી અને સૌને સ્વીકાર્ય એવા મહાજન હતા. તેમણે વેપાર-ધંધા કે બેંક ઉપરાંત અનેક સામાજિક, શૈક્ષણિક, આરોગ્યવિષયક અને અન્નક્ષેત્ર જેવી અનેક સંસ્થાઓ સ્થાપી છે, વિકસાવી છે અને તેમાં નોંધપાત્ર દાન કે સખાવત પણ કરી છે.

ટૂંકમાં કહું તો આજે બાવળા, સાણંદ, બારેજા, કડી, સાબરકાંઠા વગેરે જેવા અનેક ગામો જે વેપાર-ઉદ્યોગથી ધમધમે છે તેમાં વેપારીઓની પોતાની આવડત તો ખરી જ પરંતુ તે ઉપરાંત પૂ. શ્રી બળદેવભાઈ અને કાલુપુર બેંકનો નોંધપાત્ર ફાળો છે એમ કહું તો તેમાં સહેજપણ અતિશયોક્તિ નથી

❖ ❖ ❖



Senior Development Advisor International Co-op. Alliance Shri Karl Yugaistrom સાથે ચર્ચા-વિચારણા કરતા શ્રી બળદેવભાઈ પટેલ.

દાનવીર શ્રી દીપચંદ ગાર્ડી (મુંબઈ) સાથે શ્રી બળદેવભાઈ પોતાની ચેમ્બરમાં



# ૪ મારા સંસ્મરણો

– રમણભાઈ આર. પટેલ
આસિ. જનરલ મેનેજર, ધી કાલુપુર કોમ. કો-ઓ. બેંક લિ., અમદાવાદ

માનનીય સ્વ. પૂજ્ય બળદેવભાઈ સાહેબ સાથેનો મારો નાતો સને ૧૯૭૧ની સાલમાં કાલુપુર બેંકમાં કલાર્ક તરીકે નોકરીમાં જોડાયો એ વખતનો બેંકની શરૂઆત હતી અને સંસ્કારી કુટુંબના તથા મધ્યમવર્ગના જરૂરિયાતવાળાને જ બેંકમાં નોકરી આપવી એવો મેનેજમેન્ટનો દૃષ્ટિકોણ હતો. આજે મારી ૩૪ વર્ષની નોકરી થઈ છે અને હું આજે જે કંઈ છું તે દાદાએ મારામાં સિંચેલા સંસ્કારો અને શિસ્તને લીધે છું.

દાદા સાથેના મારા સંસ્મરણો ઘણાં બધા છે, પરંતુ જેણે મને શાંત રીતે કામ કરવાની શક્તિ આપી તેવું સંસ્મરણ અમદાવાદની વિક્રમ કૉ.ઑ.બેંકનું અમારી કાલુપુર બેંક સાથેનું જોડાણ. અમદાવાદ શહેરમાં વિક્રમ કૉ.ઑ.બેંક પહેલા આદર્શ કો-ઓપરેટિવ બેંકના નામે શરૂ થઈ હતી. તેના મેનેજમેન્ટમાં ફેરફાર થતા તેનું નવું નામ આપીને વિક્રમ કો-ઓ.બેંક એવું નામ આપવામાં આવ્યું.

આ વિક્રમ બેંક ગેરવહીવટ અને ખોટા ધિરાણોને કારણે નબળી પડી. એ વખતે ગુજરાતમાં નાગરિક બેંકો મજબૂત થતી હતી અને જો આ બેંક ફડચામાં જાય તો આખી સહકારી બેંકિંગ પ્રવૃત્તિને ફટકો પડે અને વેગ અટકી જાય જેથી રિઝર્વ બેંકે પસંદ કરી. આ બેંકને બંધ થતી ઉગારી લેવા માટે વહીવટદાર તરીકે કાલુપુર બેંકને મૂકી અને પછી આ બેંકનું કાલુપુર બેંક સાથે મર્જર કરવામાં આવ્યું.

કાલુપુર બેંકને જ્યારે વહીવટ સોંપવામાં આવ્યો ત્યારે એક બેંક બીજી બેંકનો વહીવટ કરે તેવો પહેલો પ્રસંગ હતો અને તેમાં પણ ઘણા પ્રશ્નો સાથે. આ વખતે અમારી બેંકમાંથી આ બેંકમાં મેનેજર તરીકે બેસવા કોઈ રાજી નહોતું ત્યારે મને પૂજ્ય દાદાએ બોલાવી આ કામગીરી મને સોંપી અને જણાવ્યું કે, રમણભાઈ ચિંતા કરશો નહીં, કામ કામને શીખવશે અને અમો તમારી સાથે જ છીએ. એવી હિંમત આપી મને વિક્રમ કૉ.ઑ. બેંકનું સુકાન સોપ્યું.

મને હિંમત મળે અને હું ક્યાંય ગૂંચાઉં નહીં માટે તેઓ દરરોજ સાંજના ૪ : ૦૦ થી ૬ : ૦૦ સુધી વિક્રમ બેંકમાં બેસતા. તેમની હૈયાસૂઝ, દરેક પ્રશ્ને ઉંડાણથી જોવાની અને સમજવાની વૃત્તિએ મને એવું સરસ માર્ગદર્શન આપ્યું કે હું ક્યાંય ગૂંચવાયો નહીં અને સફળ મેનેજર તરીકે પુરવાર થયો.

વિક્રમ બેંકનું કાલુપુર બેંકમાં મર્જર પણ થયું. આજે પણ વિક્રમ બેંક કાલુપુર બેંકની એક શાખા તરીકે કાર્યરત છે અને હજારો થાપણદારોની જીવનભરની બચતને જીવતદાન મળ્યું જેનો મને આનંદ અને ગર્વ છે, પરંતુ આ તમામ શ્રેય હું પૂ. દાદાને આપું છું. આ સમય દરમિયાન જે કામગીરી સંભાળી તેનાથી મારામાં આત્મવિશ્વાસ, હિંમત, ત્વરિત નિર્ણયશક્તિ, નીડરતાપણું વગેરે બાબતોનું સિંચન થયું.

આજે હું બેંકમાં દરરોજ પગથિયાં ચઢું છું અને દાદાની વિશાળતા અને વિરાટતાને યાદ કરી નમન કરું છું.

❖ ❖ ❖

# ૫ આદરણીય પૂ. સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

**– અશ્વિનભાઈ એમ. પ્રજાપતિ**
મેનેજર (પર્સનલ), ધી કાલુપુર કોમ. કો.ઓ. બેંક લિ.

પૂ. દાદાના નેતૃત્વ હેઠળ કામગીરી કરવાની મને ખૂબ જ ઓછી તક મળી છે, પરંતુ જે કંઈ પ્રસંગે તેમની સાથે કામ અંગે મળવાનું થયું તેમાં તેમના એક પ્રભાવશાળી, અદ્‌ભુત વ્યક્તિત્વમાંથી ઘણું બધું જાણવાનું, શીખવાનું અને જીવનમાં ઉતારવાનું ભાથું મળ્યું છે. પૂ. દાદા સ્વભાવે ખૂબ જ વિનમ્ર અને શાંત પ્રકૃતિ ધરાવતા હતા. સેવા ભાવના, પરોપકાર, આધ્યાત્મિકતા અને સાદગીના તેઓ ભેખધારી હતા. દીર્ઘદૃષ્ટિ અને વ્યાપારી કુશળતા પણ ધરાવતા હતા. સમાજના દરેક ક્ષેત્રમાં તેઓની નામના હતી. સ્ટાફ પ્રત્યે દાદા ખૂબ જ કુણી લાગણી ધરાવતા હતા અને કોઈ પણ સ્ટાફને અન્યાય ન થાય તેનું ખાસ ધ્યાન રાખતા હતા. આવા એકાદ પ્રસંગોને હું ટૂંકમાં રજૂ કરું છું.

પ્રથમ પ્રસંગમાં બેંકમાં એક શારીરિક અપંગ વ્યક્તિને એપ્રેન્ટિસ તરીકે નોકરીમાં રાખવામાં આવેલ. એપ્રેન્ટિસશીપનો સમય પૂરો થતાં તે કર્મચારીના ઉપરી અધિકારી પાસેથી કામગીરી અંગેનો ખાનગી અહેવાલ મંગાવવામાં આવતો. તેમાં રિમાર્કસ હતી કે "કર્મચારી શારીરિક રીતે અંપગ હોઈ ભવિષ્યમાં બેંકની કામગીરીમાં તેમની ઉપયોગિતા મર્યાદિત થઈ શકે." મેં મારી ફરજના ભાગરૂપે સદર કર્મચારીને એપ્રેન્ટિસ પિરિયડ પૂરો થતાં છૂટા કરવાની રૂબરૂ બોલાવી સૂચના આપતાં, સદર કર્મચારી ખૂબ જ નર્વસ થઈ ગયો અને મારી સમક્ષ ચોધાર આંસુએ રડી પડ્યો. મેં એને મારી સામે બેસાડી, સાંત્વના આપી. તેણે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે સાહેબ, મને બેંકમાં નોકરી મળતાં મારું વેવિશાળ ગોઠવાયું હતું અને ટૂંક સમયમાં લગ્ન પણ લેવાના છે. જો મને નોકરીમાંથી છૂટો કરવામાં આવેલ છે એવી વાત સામે પક્ષે મળશે તો મારું વેવિશાળ તૂટી જશે અને મારું જીવન દુ:ખમય બની જશે. આપ સાહેબ મને કોઈ રસ્તો બતાવો. મેં તે કર્મચારીને જણાવ્યું કે ભાઈ, આમાં મારાથી કંઈ મદદ થઈ શકે તેમ નથી, પરંતુ પૂ. દાદાને એકવાર મળી તારી કથનીની વાત નમ્રતાપૂર્વક કર. કદાચ પૂ. દાદા આ બાબતમાં ચોક્કસ કંઈક મદદ કરશે.

તે કર્મચારી પૂ. દાદાને મળ્યો અને પોતાની કથની સંભળાવી. સદર કર્મચારીની વાત સાંભળી દાદાએ તરત જ તેનો રિપોર્ટ મંગાવ્યો અને સદર કર્મચારી માત્ર શારીરિક અપંગ છે તેટલા માત્ર કારણસર નોકરીમાંથી છૂટા ન કરવાની સૂચના આપી અને તે રીતે એક કર્મચારીની ડૂબતી જિંદગીની નાવ દાદાએ બચાવી લીધી. આજે પણ એ કર્મચારી બેંકમાં નોકરીમાં ચાલુ છે અને પોતાની પત્ની તથા એક બાળક સાથે પોતાનું જીવન સુખી અને આનંદમય રીતે વ્યતિત કરે છે.

બીજો એક પ્રસંગ જેમાં એક અસંતુષ્ટ કર્મચારી વારંવાર મેનેજમેન્ટ વિરુદ્ધ મનફાવે તેમ બોલ્યા કરે, ખૂબ સમજાવટ કરી જોઈ પણ તેના વર્તનમાં ફેરફાર થયો નહીં અને જ્યારે ચેરમેન સાહેબના ધ્યાનમાં આ વાત લાવતાં તેમણે આ કર્મચારીને રૂબરૂ બોલાવી ટૂંકો ઠપકો આપ્યો અને હવે પછી આવું ન બને તેની કાળજી રાખવાની સૂચના આપી. આ પ્રસંગને માત્ર થોડા જ દિવસ થયા અને પૂ. દાદાનો દેહાંત થયો. તે વખતે દાદાના બંગલે તે કર્મચારીને મારે મળવાનું થતાં મેં તેને રૂબરૂ બોલાવી દિલગીરી વ્યક્ત કરી ત્યારે તે કર્મચારીએ મને ગર્વભેર જણાવ્યું કે, ના ના સાહેબ તમારે દિલગીરી વ્યક્ત કરવાની ન હોય. દાદાને હું બીજે દિવસે તેમના બંગલે રૂબરૂ મળેલો અને તેમણે મને પોતાના પુત્રની જેમ કેટલીક શિખામણ આપેલી જેનાથી મને મારી ભૂલ સમજાઈ છે અને મને મારા વર્તન બદલ ખૂબ પસ્તાવો પણ થાય છે અને દાદાની શિખામણના શબ્દો હું જીવનમાં ઉતારીશ અને હવે ક્યારેય મારી બાબતે આપ સાહેબને ફરિયાદનો મોકો નહીં મળે. આવા તો બીજા અનેક પ્રસંગો વર્ણવી શકાય.

આવી મહાન વ્યક્તિના નેતૃત્વમાં કામ કરવાની એક તક મળવી એ પણ જીવનની ધન્યતા છે. ફરીવાર આવી મહાન વિભૂતિને મારા કોટિ કોટિ વંદન.

❖ ❖ ❖

# ૬ એક અનોખા જીવ

– વસંતભાઈ એસ. શાહ
પૂર્વ મેનેજર, કાલુપુર કોમ. કૉ.ઑ. બેંક

---

૧૯૭૦માં બેંકની સ્થાપના થઈ ત્યારે સૌથી પહેલી બેચમાં હું કર્મચારી તરીકે જોડાયો હતો. એ વખતે અમે કર્મચારીઓ બેંકમાં સીધા ભરતી થયા હતા અને પૂ. શાંતિભાઈ પંડ્યા સાહેબ મેનેજર તરીકે અને પૂ. અંબુભાઈ સાહેબ એકાઉન્ટન્ટ તરીકે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકમાંથી લોન સર્વિસ આપતા હતા અને બેંકમાં પ્રથમ ચેરમેન તરીકે સ્વ. બળદેવભાઈસાહેબ હતા.

દિવસે દિવસે બેંકનો વિકાસ થતો જતો હોવાથી કર્મચારીઓની સંખ્યા વધવા લાગી હતી. કર્મચારીભાઈઓની સંખ્યા વધી હતી છતાં એ વખતે બેંકમાં યુનિયન જેવું હતું નહીં જેથી જ્યારે કર્મચારીઓના હિતમાં પગાર વધારવાની માંગણીની વાત આવે ત્યારે સાથી કર્મચારીઓ હું જૂનો કર્મચારી હોવાથી બળદેવભાઈ સાહેબ પાસે મને ધકેલે. હું સાથી મિત્રો સાથે તેમની પાસે જાઉં અને વાત કરું. અમારી વાત તેઓ શાંતિથી સાંભળે, ફરીથી બોલાવે, વારંવાર તેમના વિચારો જણાવે અને સાથે સાથે અમારી લાગણી પણ સમજે, ક્યાંય કડવાશ દેખાય નહીં. અમે એમની પાસે જતા ત્યારે પગારમાં વધારો અને બીજી સવલતો માટે વાત કરતા ત્યારે મને એક પ્રસંગ યાદ આવે છે કે તેઓએ કહ્યું કે, 'વસંતભાઈ આપણે દીકરીને પરણાવીએ છીએ ત્યારે તેના દરેક પ્રસંગો આવતા હોય છે અને આપણે સાચવીએ છીએ. પણ એકીસાથે બધું આપી દેતા નથી. સૌ પોતાના ગજા પ્રમાણે કરે છે. એમ બેંકમાં પણ એકીસાથે બધું જ આપી દેવાય નહીં. આપણે બેંકમાં પણ આપણી સ્થિતિ પ્રમાણે સૌની સંભાળ લઈશું.' આવી સરસ અને સાચી વાતો કહીને અમોને સંતોષ આપતા.

શ્રી બળદેવભાઈ સાહેબની કર્મચારીઓ માટેની ભાવના હંમેશાં કૌટુંબિક ભાવનાની રહેતી. બેંકમાં કામ કરતા કર્મચારીઓમાં નાના કર્મચારીઓ પ્રત્યે હંમેશાં તેમનું પલ્લું નમતું રહેતું.

પૂજ્ય બળદેવભાઈ સાહેબની ધંધાકીય સૂઝ અને ધંધાકીય લાભ બેંકને ખૂબ જ મળ્યો છે. ધંધામાં તેઓ આગવી પ્રતિભા ધરાવતા અને તેને લીધે તેમનું ધોરણ અને પ્રતિષ્ઠા ખૂબ ઊંચી રહેતી. જેથી તેનું પ્રતિબિંબ બેંકમાં પણ પડતું. તેમના સંચાલનમાં બેંક હોવાથી બેંકને અને અમારા જેવા કર્મચારીઓને પણ લોકો ઊંચી દૃષ્ટિથી જોતાં અને માન આપતા.

પૂજ્ય બળદેવભાઈ સાહેબ એક અનોખા જીવ હતા. તેઓ હંમેશાં સારા વિચારોને જ વાગોળતા અને કઈ સંસ્થા કે વ્યક્તિ દ્વારા અમલમાં મૂકવા તેનો સાચો નિર્ણય લેતા. ભગવાન કૃપાથી તેમના વિચારોને અનુકૂળ વ્યક્તિઓ પણ મળી રહેતી. કેવું સદ્ભાગ્ય !

આજે તો હું બેંકની સેવામાંથી નિવૃત્ત છું, પરંતુ જીવનનો મોટો ભાગ એટલે કે લગભગ ૩૪ વર્ષ બેંકમાં ગાળ્યા છે. આ વર્ષોના જે કંઈ સંસ્મરણો મારી સાથે છે અને રહેશે તેમાં પૂજ્ય બળદેવભાઈ સાહેબના નેતૃત્વવાળી બેંકમાં કરેલા કામો પણ હશે. આવા દિવ્ય આત્માને વંદન કરું છું.

❖ ❖ ❖

એક વિરલ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓએ પણ સમસ્યાઓ સામે સંઘર્ષ કરીને શૂન્યમાંથી સર્જન કર્યું છે અને વ્યાપારી ક્ષેત્ર ઉપરાંત અનેક સામાજિક તથા સેવાકીય ક્ષેત્રોમાં યશસ્વી યોગદાન આપ્યું છે.

**– નરેન્દ્ર મોદી, મુખ્ય મંત્રી, ગુજરાત**

# ૭ દાદા - વિરલ વિભૂતી

- અરવિંદ જી. સુહાગીયા
પૂર્વ કર્મચારી, કાલુપુ બેન્કર

---

સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું હુલામણું નામ 'દાદા', સૌ કોઈ તેમને દાદા કરીને બોલાવે. વટવૃક્ષ સમાન વિચારધારા અને નાનામોટા સૌ કોઈને સંતોષ આપી રાજી કરીને હુંફ આપવી તેજ તેમનું જીવન.

કાલુપુર બેંકની સ્થાપના અનાજના વેપારીઓને સાથે રાખી કરી અને ધીમે ધીમે તેમાં પોતાનો પરિશ્રમ, બુદ્ધિપ્રતિભા, દૂરંદેશીપણું, વિશ્વાસ સંપાદન કરવાની આવડત, શુદ્ધ અને પ્રમાણિક તેજસ્વી આભા, સામેની વ્યક્તિને ઓળખવાની શક્તિ, ધીરજતા, ખંતથી સફળતા મેળવવી વગેરે ગુણોને કારણે કાલુપુર બેંક અમદાવાદ પૂરતી સિમિત ન રહેતા મલ્ટી સ્ટેટ બેંક બની અને શિડ્યુલ્ડ બેંકનો દરજ્જો પ્રાપ્ત કર્યો.

જીવનના છેલ્લા શ્વાસ સુધી કાલુપુર બેંકના ચેરમેનપદે રહી બેંકની પ્રગતિના મુગુટમાં અનેક સિમાચિહ્નરૂપી પીંછાઓને ગોઠવવાની યશ પૂ. દાદાને જ આપી શકાય.

બેંકના ચેરમેન હોવા છતાં શૈક્ષણિક ક્ષેત્રે આરોગ્ય ક્ષેત્રે, અન્નદાન ક્ષેત્રે વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાઈને પણ સમાજ સેવાનો યજ્ઞ અવિરત ચાલુ રહેતો.

દુષ્કાળના સમયમાં પણ મુંગા ઢોરોની વેદના સહન ન થતા સંકટ નિવારણ સમિતિના ઉપક્રમે અનેક ઢોરવાડા ખોલાવીને મુંગા પશુઓની સેવા તનમનધનથી કરી છે.

સાણંદની આસાપાસના ગામડાઓના પ્રજાજનોને, મેડિકલની સારવાર મળી રહે તે માટે જનરલ હૉસ્પિટલ, આંખની હોસ્પિટલ વગેરેમાં સખાવત આપી મોટું યોગદાન આપેલ છે.

દાદાની અંતિમયાત્રાનો એક પ્રસંગ હજુ પણ યાદ છે. નિરમા લિ. ના ચેરમેન શ્રી કરશનભાઈ પટેલ દાદાની સ્મશાનયાત્રામાં આરંભથી રહ્યાં. દાદાની શોકસભામાં તેમણે જણાવેલ કે. 'આજે હું કાંઈ છું તે માત્ર એક પૂ. દાદાને કારણે જ છું.' હું તેમનો આજીવન ઋણી છું.

તેમના પ્રેરણાદાયી પ્રસંગોમાંથી એકાદ બે પ્રસંગો વર્ણવું છું.

એક ભાઈ દાદા પાસે આવ્યા અને રડવા માંડ્યા કે 'અમે ઘરમાં છ વ્યક્તિઓ છીએ અને ઘરમાં ખાવાનો એક દાણો પણ નથી. મેં સાંભળ્યું છે કે તમે ગરીબોને અનાજની મદદ કરો છો તો મને આપને યોગ્ય લાગે તે પ્રમાણે અનાજ આપો તો રોટલા ભેગા થાઈએ.' દાદાએ તે ભાઈને સમાન્ય પૂછપરછ કરીને કહ્યું કે તમે ઘેર જાવ હું યોગ્ય વ્યવસ્થા કરી આપીશ. તપાસ કરી અને દાદાની ધારણા મુજબ તેમને અનાજની જરૂર હતી જ. દાદાએ તે ભાઈને આખા કુટુંબને ચાલે તેટલું એક વર્ષના ઘઉ, ચોખા, દાળ, ગોળ અને તેલ ભરી આપ્યા.

એક બીજા પ્રસંગે કર્મચારીના વેતન વધારાની દરખાસ્ત સમયે દાદાએ કહ્યું કે બેંક જ્યારે સારો નફો કરે છે કમાય છે તેમાં કર્મચારીઓની ગ્રાહક સેવાનો હિસ્સો પણ સામેલ છે તે ન ભૂલવું જોઈએ. આપણે તેના વડીલ છીએ. માટે કર્મચારી ખુશ રહે અને તેનું ઘર બરોબર ચાલે અને બેંક પ્રત્યેની નિષ્ઠામાં વધારો થાય તેવી ભાવનાથી પગાર વધારો કરો અને કર્મચારી કરતા તેના બાળકોના આશીર્વાદ લો. દાદાના આ વચનો ધ્યાનમાં રાખી પગાર વધારો કરવામાં આવ્યો અને બધા જ કર્મચારીઓએ તેને હર્ષભેર વધાવ્યો.

આવા હતા વાત્સલ્યમૂર્તિ દાદા..

# ૮ "શ્રી બળદેવભાઈના સ્મરણો"

- આર. એસ. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, અમદાવાદ

કાલુપુર બેંકના ઓડિટર તરીકે મુ. શ્રી બળદેવભાઈએ મારી વરણી કરી. બેંકની સ્થાપનાની સાથે સાથે મુ. શ્રી બળદેવભાઈ અને મારી વચ્ચે નિકટના સંબંધોની પણ સ્થાપના થઈ. મુ. શ્રી બળદેવભાઈ જેવી બહુમુખી પ્રતિભાના વિવિધ પાસાઓને નજીકથી જાણવા-નીરખવાનો મને મોકો મળ્યો - 'ગણતર'ના જ્ઞાતાની મારી શોધ સફળ બની.

મુ. શ્રી બળદેવભાઈના ગળથૂથીના સંસ્કારે તેમનામાં પ્રામાણિકતા, સંસ્કારિતા, પ્રામાણિક ધનોપાર્જન, સાવચેતીપૂર્વકનું ધિરાણ, દેણદારો તરફ સહાનુભૂતિ, સાંજ પડ્યે આના પાઈનો મેળ મેળવીને જ જંપે, અથાક પ્રવૃત્તિ, પારદર્શક વિશ્વસનીયતા, સમાજની ઉન્નતિ માટેની તત્પરતા વગેરે તેમના વ્યક્તિત્વના અણમોલ આદર્શો. તેમના નામનો પહેલો શબ્દ "બળ" તેમના જીવનકાર્યમાં "બળ" સિંચીને સાર્થક બન્યો છે.

જોત જોતામાં મુરબ્બી શ્રી બળદેવભાઈએ બેંકિંગ ક્ષેત્રે પણ અતિ આદરણીય, અનુકરણીય સ્થાન પ્રાપ્ત કરી લીધું. સરકારી નિયમોનું તલસ્પર્શી મનન કરે, શબ્દોના હકારાત્મક અર્થની એવી સચોટ દલીલો હોય કે રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા પણ તેમના સૂચનો સ્વીકારે. આમ, શ્રી બળદેવભાઈએ પોતાની આગવી કોઠાસૂઝથી બેંકને નાણાકીય રીતે ભારતની "પ્રથમ કક્ષાની બેંક"ની હરોળમાં પ્રસ્થાપિત કરી આપી.

મુ. શ્રી બળદેવભાઈ જેટલા વિદ્વાન એટલા જ વિનમ્ર. નાનામાં નાની વ્યક્તિના સૂચનોનો આદર સહિત અમલ કરતા. ઓડિટર તરીકે અમારા નાનામાં નાના સૂચનનો અમલ થાય તે પોતાની જાતે દેખરેખ નીચે જોતા હતા. "કાલનું કામ આજે ને આજનું કાલ અબઘડી" તેવા સિદ્ધાંતને વરેલા મુ. શ્રી બળદેવભાઈ અધિકારીઓને સામે બેસાડી પ્રશ્નોના નિકાલ કરતા હતા. આવી કોઠાસૂઝ અને અનુભવે ઘડાયેલ ચેરમેનશ્રીની વહીવટી કુશળતા ને કુશાગ્રતાએ કાલુપુર બેંકનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યું અને આજે પણ એ જ કક્ષાએ ટકી રહ્યું તે બેંક માટે ગૌરવની બિના છે.

મને ૧૯૯૬નું વર્ષ યાદ છે જ્યારે ગુજરાતમાં સહકારી બેંકોને ૧૯૭૦ પછી પહેલીવાર નવી બેંકોને લાયસન્સ આપવાનો નિર્ણય રિઝર્વ બેંકે લીધો. મુ. શ્રી બળદેવભાઈએ મને બોલાવીને કહ્યું કે અમે બેંક ચલાવવા તમારા સલાહ સૂચનો લઈએ છીએ તો તમે સહકારી બેંક સારી રીતે ચલાવી શકો તેમ છો. તમે આ માટે અરજી કરો હું તમારી સાથે જ છું. તેમના આશીર્વાદથી "સ્ટાન્ડર્ડ કો.ઓ.બેંક"નો જન્મ થયો. મારા મિત્ર શ્રી અંબુભાઈને મેં વાત કરી કે મારી બેંકનું ઉદ્ઘાટન મુ. શ્રી બળદેવભાઈ પાસે કરાવવું છે અને જ્યારે હું અને શ્રી અંબુભાઈ તેમના ઘરે આમંત્રણની વિનંતી કરવા ગયા ત્યારે સહર્ષ મારા આમંત્રણનો સ્વીકાર કર્યો અને એટલું જ નહીં ઉદ્ઘાટનના દિવસે તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં કોઈને તેનો અણસાર આપ્યા વિના પ્રસંગે પધાર્યા. મારા જીવનનો એ એક દુ:ખી પ્રસંગ હતો કે મુ. શ્રી બળદેવભાઈ માટે સ્ટાન્ડર્ડ બેંકનો પ્રસંગ તેમના જીવનનો છેલ્લો પ્રસંગ-મારું છેલ્લું કામ-છેલ્લો મેળાપ ને તેમના જીવનની છેલ્લી ઘડીઓ બની રહ્યા.

ગુજરાત રાજ્યની સહકારી બેંકો માટે સં. ૨૦૦૧ પછી બેંકોનું અસ્તિત્વ ટકી રહેવા માટે કટોકટીનો સમય આવ્યો અને તેમાંયે ખાસ કરીને નાની બેંકો અથાગ મુશ્કેલીઓમાં આવી ગઈ. સ્ટાન્ડર્ડ બેંક વિપરીત પરિસ્થિતિમાં હતી અને વધુ મુશ્કેલીમાં ન આવે તેવા હેતુથી બેંકનું વિલિનીકરણ કરવાનો બોર્ડે ઠરાવ કર્યો. આઠ વર્ષના સમયગાળા બાદ પણ મુ. શ્રી બળદેવભાઈના સ્ટાન્ડર્ડ બેંકને આપેલ આશીર્વાદ પ્રેરકબળ બન્યા અને જોગાનુજોગ સ્ટાન્ડર્ડ બેંકનું વિલિનીકરણ કાલુપુર બેંકમાં થયું. સ્ટાન્ડર્ડ બેંકને આપેલ મુ. શ્રી બળદેવભાઈના છેલ્લી ઘડીના આશીર્વાદ આ વિલિનીકરણથી સાચા અને સાર્થક બની સ્ટાન્ડર્ડ બેંકના એકે એક ડિપોઝીટરોના જીવનમાં જીવંત બની સુખબળ આપી રહ્યા છે.

મુ. શ્રી બળદેવભાઈએ જાણે એમના બળનો વારસો સમાજને આપવા સચ્ચિદાનંદ જેવા સંન્યાસીની હાજરીમાં જગતથી સંન્યાસ લઈ લીધો. પ્રાત:સ્મરણીય ક્રાંતિકારી સંત સ્વામીશ્રી સચ્ચિદાનંદજીની વાણીના સંસ્કાર છેલ્લા શ્વાસ વખતે જેના કાન

ઉપર પડતા હોય અને જેનો આત્મા અનંતકાળની યાત્રાએ પધારતો હોય તે ઘડી તો કોઈ મહાન પુણ્યશાળી ને પરોપકારી જીવને જ પ્રાપ્ત થાય. મુ. શ્રી બળદેવભાઈના જીવનમાં આવી ધન્ય ઘડી પ્રાપ્ત થઈ તે કરોડોમાં એકાદ વીરલાને જ પ્રાપ્ત થાય તેવા પુણ્યશાળી આત્માના આજેય જ્યારે જ્યારે હું કાલુપુર બેંકના મકાનમાં દાખલ થાઉં છું ત્યારે સાક્ષાત્ દર્શન કરી ધન્યતા અનુભવું છું.

પૂજ્ય બળદેવભાઈ, આપના સ્મરણો હૃદયમાં ચિરંજીવ છે - રહેશે. આપનું આત્મબળ મારા હૃદયમાં વસી ગયું છે - રહેશે અને કાકા સાહેબ કાલેલકરના શબ્દોમાં "મરણ કરતા સ્મરણ બળવાન છે" તેમ આજેય આપનું સ્મરણ કરી અમે બળવાન બનીએ છીએ.

❖ ❖ ❖

તેઓ ધાર્મિક વલણના હતા. ખાસ કરીને સ્થાનકવાસી જૈન પરંપરામાં તેમને વધારે શ્રદ્ધા હતી તેમ છતાં તેમનામાં સાંપ્રદાયિક કટ્ટરતા નહોતી. તેઓ વિશાળ હૃદયથી બધા ધર્મો અને બધી માન્યતાઓ પ્રત્યે ખૂબ જ સહિષ્ણુભાવ રાખતા હતા. જેના કારણે તેઓ સેંકડોના માનનીય હતા.

**– શ્રી સચ્ચિદાનંદજી મહારાજ**



કાલુપુર બૅંકની અધ્યક્ષની ખુરશીમાં પ્રસન્ન ચિત્તે કામ કરતા શ્રી બળદેવભાઈ

"કાલુપુર બૅંક ભવન"ના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યના પૂ
મુખ્ય મંત્રી શ્રી અમરસિંહ ચૌધરીનું હૃદયપૂર્વક સ્વાગત
કરતા શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, ભારત સરકારન
પૂર્વ નાણામંત્રી માનનીય શ્રી વી.પી. સિંહ પણ સાથે છે






"વેપાર ઉદ્યોગ પ્રદર્શન-૯૫"

તા. ૨૯-૩૦-૩૧ ડિસેમ્બર-૧૯૯૫ લૉ ગાર્ડન પાસેના સમર્થેશ્વર મહાદેવના પટાંગણમાં બેંક દ્વારા યોજવામાં આવેલું (બેંકના વિકાસમાં ગ્રાહકોનો ફાળો તથા ગ્રાહકોના વિકાસમાં બેંકનો ફાળો - પરસ્પરના સહિયારા સાથ સહકારની નક્કર ભાવના પ્રદર્શિત કરવા. ઉદ્‌ઘાટક ગુજરાત રાજ્યના માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી દિલીપભાઈ પરીખ, પ્રમુખ સ્થાને રહ્યા રાજ્યના માનનીય નાણામંત્રી શ્રી વજુભાઈ વાળા અને શ્રી અંબુભાઈ પટેલ જણાય છે.

# વિભાગ-૫

# વેપાર ક્ષેત્ર




ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખપદે વરણી થતાં શ્રી બળદેવભાઈનું સન્માન કરતા શ્રી હીરાલાલ ભગવતી

# ૧ મહાજન પરંપરાના વિરલ પ્રતિનિધિ

**– સનત મહેતા**
પૂર્વ નાણાપ્રધાન, ગુજરાત રાજ્ય

---

ગુજરાત પાસે ભૂતકાળમાં શ્રેષ્ઠ મહાજન પરંપરા હતી. ગુજરાતના વિવિધ ક્ષેત્રોની જેમ વેપારી મહાજનોની પણ ઊંચી પ્રણાલિકા હતી. આવા મહાજનો કે શ્રેષ્ઠીઓમાં શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ પાસે તો એવું વ્યક્તિત્વ હતું જે વ્યક્તિત્વ ગણ્યાગાંઠ્યા શ્રેષ્ઠીઓ જ જાળવી શક્યા હતા. આવી ગુજરાતની ભૂંસાતી જતી પરંપરામાં શ્રી બળદેવભાઈ ડોસાભાઈને ગણાવી શકાય.

આ બધા સંતો કે સ્વામીઓ નહોતા, પણ પોતાના વેપારની સાથોસાથ રાજ્ય, સમાજ કે સરકારને વેળા વેળાએ જરૂર પડ્યે પોતે ઘસાઈને એની પડખે ઊભા રહેવામાં ગૌરવ અનુભવતા. સમય આવ્યે સમાજના કે રાજ્યના હિત ખાતર હિંમતપૂર્વક સાચું પરખાવી દેવાની હિંમત પણ આ બધા રાખતા.

૧૯૭૨-૭૩માં હું નાગરિક પુરવઠા વિભાગનો મંત્રી હતો. એ સમયે, હજુ આપણે અન્નમાં સ્વાવલંબી બન્યા નહોતા. એટલે પરિસ્થિતિમાં વિદેશી અનાજ પર આધાર રાખવો પડતો. એવી પરિસ્થિતિ ૧૯૭૨-૭૩માં સર્જાઈ હતી. એ સમયે એ પરિસ્થિતિનું વર્ણન 'Ship To Mouth' માં કરાતું. ત્યારે શ્રી કસ્તુરભાઈ સામેથી સરકારમાં જાતે કહેવા આવેલા કે "આવી વિકટ પરિસ્થિતિમાં અમારે કંઈ કરવા જેવું હોય તો કહેજો. અમે તૈયાર છીએ."

એવી જ પરિસ્થિતિ દ્વિભાષી રાજ્યના વિભાજન સમયે ઊભી થઈ હતી. ત્યારે શ્રી અમૃતલાલ શેઠ નવાપુર મહારાષ્ટ્રમાં રહે કે ગુજરાતમાં એનો કેસ રજૂ કરવા નવાપુર ગામમાં જાહેરસભા સંબોધવા આવેલા.

આ દિવસોમાં અમદાવાદના મહાજનોમાં અનાજના વેપારીઓનું મહાજન હતું. આ મહાજનના મોવડીઓમાં શ્રી બળદેવભાઈ ડોસાભાઈનું અગત્યનું સ્થાન હતું.

બળદેવભાઈ ડોસાભાઈ એક સાદા નમ્ર અને સેવાભાવી વેપારી હતા. ગુજરાતમાં દુષ્કાળ કે અતિવૃષ્ટિ જેવી કુદરતી આફત હોય તો દુઃખી જનતાને સહાયરૂપ થવા અગાઉ સ્થપાયેલી "સંકટ નિવારણ સોસાયટી"ના પણ એ મોવડી હતા એટલે એ વિવિધ સ્તરના ક્ષેત્રના કાર્યકરોના સંપર્કમાં આવતા. આ બધામાં આજે પણ શ્રી બળદેવભાઈ ડોસાભાઈની સુવાસ છે. આ બધાના પ્રતાપે "સંકટ નિવારણ સોસાયટી"નું ઝરણું વરસો થયાં આજે પણ સુકાયું નથી. અન્નમાં ભારત સ્વાવલંબી થયું એટલે "સંકટ નિવારણ સોસાયટી" ગુજરાતના પછાત અને ગરીબ વિસ્તારોમાં આજે સહાયરૂપ થાય છે.

વેપાર એટલે અંગત લાભ, માત્ર નફા માટેની જ મથામણ - એવાં સંકુચિત ખ્યાલમાંથી શ્રી બળદેવભાઈ ડોસાભાઈ ઉપર ઊઠી વિચારવાનું પસંદ કરતા. એમનાં શબ્દોમાં કહીએ તો "ભગવાને આપણને આપ્યું છે તો બીજાના માટે ઘસાવું જોઈએ ને"

એમની આવી ભાવના અને કર્તવ્ય પરાયણતાના કારણે જ અનાજ બજારની ૨૫૦ ચો.ફીટની નાનકડી જગામાં શરૂ થયેલી અને આજથી ૩૫-૩૬ વરસ પહેલાં ગુજરાતનાં સહકારી મંડળીના કાયદા નીચે નોંધાયેલી શ્રી કાલુપુર કોમર્શિયલ કો.ઓપ. બેંક આજે ૨૦૦૫ના અંતે રૂ. ૧૩.૮૬ કરોડના શેરભંડોળ સાથેની રૂ. ૧૫૦૦ કરોડથી વધુ કાર્યકારી ભંડોળવાળી મલ્ટી સ્ટેટ - શીડ્યુલ બેંક બની છે. ગુજરાતની શહેરી સહકારી બેંકોમાં છેલ્લાં વર્ષોમાં જન્મેલી કટોકટી વચ્ચે એ અડીખમ ઊભી છે. અનાજના વેપારના ક્ષેત્રે પડેલાં કેટલાક વેપારીઓએ શાહુકારો અને રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા વેપારીઓની થતી નાની મોટી સતામણીમાંથી વેપારીઓને સહાયરૂપ થવા શરૂ કરાયેલ આ બેંકમાં ભલે "કોમર્શિયલ" વિશેષણ લાગુ હોય પણ આજે તો એના સ્થાપક શ્રી બળદેવભાઈ ડોસાભાઈ અને એમના સાથીઓએ એને પ્રથમ કક્ષાની અર્બન સહકારી બેંકમાં રૂપાંતરિત કરી નાખી છે. આરોગ્ય, શિક્ષણ, ધરતીકંપ - પૂર જેવી આફત સમયેની રાહત માટે એણે રૂ. ૨.૭૮ કરોડ ખર્ચ્યા છે. પોતાના મૃત્યુ પામેલા સભાસદોના કુટુંબને રૂ. ૧૦,૦૦૦ની સહાય આપે છે. આ અર્થમાં શ્રી બળદેવભાઈ એક નિષ્કલંક નિષ્ઠાવાન સહકારી કાર્યકર સાબિત થયા છે. વધુમાં એમણે એવા કાર્યકરો ઘડ્યા કે બેંકના સંચાલનમાં આજ સુધી કોઈ ખોટ ઊભી થઈ નથી.

નર્મદા યોજનાના અમલ માટે નિગમની રચના થઈ ત્યારે પણ એની સામે આવેલી મુસીબતની વેળાએ શ્રી બળદેવભાઈ ઢાલની જેમ ઊભા રહ્યા હતાં. નર્મદા અભિયાનની પ્રવૃત્તિઓમાં પણ એમનો મુખ્ય હાથ હતો. નર્મદા યોજના માટેની ડિપોઝીટ યોજના માટે પણ એમણે ઘણું કર્યું છે.

ગુજરાતમાં રાજ્ય સરકારે ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.આઈ.નો વિચાર અમલમાં મૂક્યો તો એમની નજર તુરત જ સાણંદમાં આવી સ્થાપવામાં ગઈ હતી. "સંકટ નિવારણ સોસાયટી" ઉપરાંત શ્રી બળદેવભાઈ ડોસાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ મારફત એમણે શિક્ષણ ક્ષેત્રે ઘણાં કાર્ય કર્યા છે. આ બધાની સાથોસાથ એમની ધાર્મિક ભાવના પણ એટલી જ પ્રબળ હતી.

મારે તો પુરવઠા મંત્રી તરીકે ૭૨-૭૩માં ઘણા પ્રસંગોએ અને ત્યાર પછી નર્મદા યોજનાના અનુસંધાનમાં શ્રી બળદેવભાઈ ડોસાભાઈને અનાજ મહાજનના કાર્યાલયમાં, એમના નિવાસ સ્થાને અને કાલુપુર બેંકમાં મળવાનું થયું છે. કોઈ પણ પ્રસંગે એમણે ક્યારેય જીવનવ્યવહારમાં કડવાશ આવવા દીધી નથી.

આજે ભૌતિક સમૃદ્ધિની ભયંકર સ્પર્ધા ચાલી રહી છે ત્યારે વેપારી બની ભરપૂર કમાણી કરવા છતાં અને વેપારીઓમાં મોવડીનું સ્થાન મળ્યા છતાં એમની સાદગી, સરળતા, પ્રામાણિકતા અને કર્તવ્ય પરાયણતા ઘણાને યાદ આવે એવી છે

વેપારી મહાજનો આ પરંપરા જાળવે તો નફાખોરીની નાલેશીને જરૂર ભૂલાવી શકે અને શ્રેષ્ઠી બની શકે.

❖ ❖ ❖

ગુજરાતની-ભારતની સહકારી પ્રવૃત્તિનો ઇતિહાસ લખાય ત્યારે જર્મનીના સહકારી ધિરાણ મંડળીઓના પ્રણેતા 'રેફીઝન' જેવા જ નિષ્ઠાવાન, પ્રતિબદ્ધ, પરગજુ, નિઃસ્વાર્થ સ્વ. શ્રી બળદેવભાઈની કામગીરી, વહીવટી કુશળતા અને સમર્પણભાવ સુવર્ણ અક્ષરે અંકિત થાય તો ભાવિ પેઢી તેમાંથી પ્રેરણા મેળવી પ્રતિબદ્ધ બની તેમણે કંડારેલ કેડીએ ચાલી પ્રવૃત્તિના વિકાસમાં તેમના પ્રાણ પૂરવા ઉત્સાહિત બની ધન્યતા અનુભવશે.

**– અંબુભાઈ પટેલ, ચેરમેન**



ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સના સમારોહમાં પુસ્તકનું વિમોચન કરતા કેન્દ્રના પૂર્વ નાણામંત્રી શ્રી નારાયણ દત્ત તિવારી સસ્મિત જોઈ રહ્યા છે, શ્રી માધવસિંહ સોલંકી, પૂર્વ મુખ્ય મંત્રી ગુજરાત અને શ્રી બળદેવભાઈ પટેલ, પ્રમુખ, વેપારી મહામંડળ, ગુજરાત

Symposium on : Emerging Industrial Recession - organized by Gujarat Chamber of Commerce and Industries on 25-08-1982. Shri Sanat Mehta, Finance Minister, Gujarat State delivered his keynote lecture. Shri Baldevbhai and Shri Arvind Narottam Lalbhai are seen on the Dias.



# ૨ સહકારી ભાવના અને માનવસેવાના ભેખધારી

– નીતિનભાઈ પટેલ
પૂર્વ નાણામંત્રી, ગુજરાત રાજ્ય

ગુજરાતના હજારો વેપારીઓ કાલુપુર કો.ઓ.બેંકના સહયોગથી પોતાનો ધંધો-વેપાર વિસ્તારી શક્યા છે તેનો ઘણો મોટો યશ બળદેવકાકાને જાય છે.

તેઓ માનતા હતા કે, "સમાજમાં શિક્ષણ ક્ષેત્રે અને આરોગ્ય ક્ષેત્રે દાન આપવું એ સમાજ માટે ખૂબ જ ઉપયોગી છે, કારણ આ બંને ક્ષેત્રો એવા છે કે સમાજને લાંબો સમય સુધી તેનો લાભ મળી શકે છે."

**જીવનનો શોખ - સંતોષ**

દરેક વ્યક્તિને પોતાના જીવનનો ઉદ્દેશ હોય છે. બળદેવકાકાનો ઉદ્દેશ માનવસેવાનો હતો. એમની સાથેના આશરે ૩૦ વર્ષના સંપર્ક દરમિયાન બળદેવકાકાને મેં જુદાજુદા સ્વરૂપે માનવસેવા કરતા જોયા છે. તેઓ જીવ્યા ત્યાં સુધી એમના જીવનમાંથી માનવસેવાની સરવાણી અવિરત વહ્યા કરી છે અને આજે જ્યારે જ્યારે અમારા ગામની હૉસ્પિટલ પાસેથી પસાર થઉં ત્યારે ત્યારે બળદેવકાકા અચૂક યાદ આવે છે. અરે, અમારું ગામ જ શું કામ ? ગુજરાતભરમાં જ્યારે જ્યારે આફત આવી પડી છે ત્યારે "સંકટ નિવારણ સમિતિ"ના નેજા હેઠળ રહીને બળદેવકાકાએ દરેક ઠેકાણે મદદ કરી છે. તેમણે કરેલા કાર્યો થકી તેઓ આજે પણ ગુજરાતમાં આપણી વચ્ચે જીવી રહ્યા હોય એવું લાગે છે.

**બળદેવભાઈ સાથેનો નાતો**

બળદેવભાઈના દીકરા બચુભાઈ અને મારા બાપુજી સ્વ. રતિલાલ મગનલાલને વેપારી સંબંધો હતા. આ સંબંધને કારણે મારા બાપુજી એમની ઑફિસ ખાસ જતા. એટલે ત્યારથી એમને બળદેવભાઈ સાથે પણ સંબંધ થયો. સમય જતાં આ સંબંધ સ્નેહીજનમાં પલટાયો. મને યાદ છે કે ગામ કડીમાં કડી તાલુકા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ બનાવ્યું હતું. એના દ્વારા "ભાગ્યોદય જનરલ હૉસ્પિટલ" બાંધવાની હતી. ટ્રસ્ટના બળદેવકાકા ચેરમેન હતા. હૉસ્પિટલ માટે ફાળો ઉઘરાવવા અમે બળદેવકાકાની અધ્યક્ષતામાં કડીમાં ડોંગરેજી મહારાજની સપ્તાહ બેસાડી હતી. આ વખતે મારી ઉંમર ૨૪ વર્ષની હતી. એ ઉંમરથી હું બળદેવકાકાને નજીકથી ઓળખતો થયો, પરંતુ આ હૉસ્પિટલના પ્રસંગે તેમના જીવનમાં મહત્ત્વના પાસાને હું સારી રીતે અનુભવી શક્યો અને હું પણ એ દિશામાં વિચારતો થયો. કડી ગામ પ્રત્યે એમને અનન્ય પ્રેમ હતો. તેઓ સાણંદના વતની હતા, પરંતુ કડીમાં આવે એટલે અમને થાય કે બળદેવકાકા અમારા છે. જોકે જેમજેમ તેમના વધારે સંપર્કમાં આવતો ગયો ત્યાર પછી મને સમજાયું કે બળદેવકાકા સાણંદ કે કડી માત્રના નહોતા, તેઓ આખા ગુજરાતના હતા. ૧૯૭૮માં ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ ત્યારે સંકટ નિવારણ સમિતિ દ્વારા બળદેવકાકાએ કડીમાં રાહતકામ કર્યું હતું. ત્યારે હું પણ એમાં જોડાયો હતો. એ દિવસોમાં બળદેવકાકા સાથે કામ કરવાની જે તક મળી હતી તે આજે પણ મને મારા જાહેર જીવનમાં ઉપયોગી થાય છે.

**મારી રાજકીય કારકિર્દીમાં બળદેવકાકાની સમાજસેવા**

૧૯૯૦માં હું ધારાસભ્ય થયો એ પછી અમારો સંપર્ક વધારે ગાઢ બન્યો હતો. હું એમ કહીશ કે મારી રાજકીય યાત્રા અને બળદેવકાકાની સમાજસેવાની યાત્રા સમાંતરે ચાલી હતી. હું સરકારમાં હતો ત્યારે ગુજરાતના ધાર્મિક, સામાજિક, આર્થિક, સંસ્થાકીય કોઈ પણ ક્ષેત્રનો પ્રશ્ન હોય તો બળદેવકાકા તરત જ મને યાદ કરતા અને હું પણ એ પ્રશ્નના ઉકેલ માટે મારાથી બનતા પ્રયત્નો કરતો. ૧૯૯૦ થી ૧૯૯૫ દરમિયાન તેમના મિત્ર હીરાલાલ ભગવતીના પ્રયાસોને લીધે ગુજરાતમાં ઘણે ઠેકાણે શૈક્ષણિક, આરોગ્ય સંસ્થાઓની શરૂઆત થઈ અને આજે પણ લોકોને તેને લાભ મળતો રહ્યો છે. શ્રી કેશુભાઈ પટેલની સરકારમાં હું આરોગ્ય મંત્રી હતો ત્યારે બળદેવકાકા કેન્સર સોસાયટીના સભ્ય હતા. ત્યારે પણ સરકાર દ્વારા આ સંસ્થાને શક્ય એટલી મદદ કરવાનો મેં પ્રયત્ન કર્યો હતો. બળદેવકાકા સાથે કામ કરતા ગુજરાતના બીજા શ્રેષ્ઠીઓ સાથે પણ મારે પરિચય થયો. લોકોને બળદેવકાકા જેવી વ્યક્તિ પર અતૂટ વિશ્વાસ હોવાથી એમના દરેક કાર્યમાં લોકો ઉત્સાહથી સાથ આપતા

હતા. બળદેવકાકામાં અનેક ગુણો હતા. કુશળ વહીવટદાર, મળતાવડો અને હસમુખો સ્વભાવ લોકોના મન જીતી લેતા હતા. એમનામાં જે આવડત હતી કે બધાને સાથે રાખીને કામ કરવું. એમાં મોટા વેપારી, નાના વેપારી, સરકાર કે સંસ્થા આ દરેકને સાથે રાખીને તેઓ સફળતાથી પોતાનું કામ કરતા હતા એ બાબત મને સ્પર્શી ગઈ હતી. એમનો આ ગુણ મારા રાજકીય જીવન તથા જાહેર જીવનમાં મને ખૂબ જ ઉપયોગી થયો છે. બધાને સાથે રાખીને કામ કરવું એટલું અઘરું હોય છે એ મને અનુભવે સમજાયું છે.

**સહકારી ભાવના**

બળદેવકાકાએ કરેલી સહકારી પ્રવૃત્તિઓ જોતા હું તો એમ કહું કે સહકારી ભાવના એમના લોહીમાં વણાયેલી હતી. તેઓ સમાજનું કોઈ પણ કાર્ય કરતા માત્ર હોદ્દા માટે કામ કર્યું હોય એવું બન્યું નથી. અમદાવાદ અને ગુજરાતના બીજા વેપારીઓને આર્થિક મદદ મળી રહે તે માટે તેમણે કાલુપુર કો.ઓ.બેંકની સ્થાપના કરી હતી. આજે કાલુપુર બેંક ટોચના સ્થાને છે એના પાયામાં બળદેવકાકાની વહીવટી સૂઝ, કામની આવડત અને વેપારીને મદદરૂપ થવાની ભાવના રહેલી છે. બળદેવકાકાએ પોતાની સહકારી ભાવનાને ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસ માટે અમલમાં મૂકી હતી. જેમકે કડીની "ભાગ્યોદય હૉસ્પિટલ" હોય કે પછી "કડી નાગરિક સહકારી બેંક" આ બંને સંસ્થાઓને સક્ષમ બનાવવા માટે બળદેવકાકાએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ગાંધીનગર તથા કડીમાં "કડી સર્વ વિદ્યાલય" જેવી શૈક્ષણિક સંસ્થા આજે વટવૃક્ષ સમાન વિકસી છે. આ સંસ્થાના વિકાસ માટે પણ બળદેવકાકાએ અંગત રસ લીધો હતો. તેઓ પોતાની અંગત આવક તથા કાલુપુર બેંકમાંથી શિક્ષણ અને આરોગ્યની સેવાઓને દાન આપતા હતા. તેઓ માનતા હતા કે "સમાજમાં શિક્ષણ ક્ષેત્રે અને આરોગ્યના ક્ષેત્રે દાન આપવું એ સમાજ માટે ખૂબ જ ઉપયોગી છે, કારણ કે આ બંને ક્ષેત્રો એવા છે કે સમાજને લાંબા સમય સુધી તેનો લાભ મળી શકે છે."

**મહાજન પરંપરા**

બળદેવકાકાના વખતમાં જે મહાજન પરંપરા હતી. તે અત્યારે ઓછી થતી જાય છે, પરંતુ મને લાગે છે કે એમણે જે પરંપરા ઊભી કરી હતી તે ચાલુ રહેવી જોઈએ. એમાં સમાજને બહુ મોટો લાભ છે. જો કે બળદેવકાકા તથા અન્ય શ્રેષ્ઠીઓએ સમાજને જે સંસ્થાઓ આપી, પ્રવૃત્તિઓ આપી તે ચાલુ રાખવાની અને તેને આગળ વધારવાની જવાબદારી આપણી એટલે કે સમાજની છે. મારા મતે તો બળદેવકાકા મહાજન પરંપરાના છેલ્લા સીમાચિન્હરૂપ ગણાય.

સમાજના વિધવિધ ક્ષેત્રોમાં જુદીજુદી સંસ્થાઓની પ્રવૃત્તિઓ દ્વારા બળદેવકાકા આજે પણ આપણને પ્રેરણા આપતા રહ્યા છે અને એમના કાર્યોમાં તે જીવંત રહ્યા છે. ગુજરાતની પ્રજા હરહંમેશ એમના લાડીલા સમાજનેતાને યાદ કરતી રહેશે એવી હું આશા રાખું છું.

❖ ❖ ❖

વેપાર એટલે અંગત લાભ, માત્ર નફા માટેની જ મથામણ - એવા સંકુચિત ખ્યાલમાંથી શ્રી બળદેવભાઈ ડોસાભાઈ ઉપર ઊઠી વિચારવાનું પસંદ કરતા. એમનાં શબ્દોમાં કહીએ તો "ભગવાને આપણને આપ્યું છે તો બીજાના માટે ઘસાવું જોઈએ ને."

નર્મદા યોજનાના અમલ માટે નિગમની રચના થઈ ત્યારે પણ એની સામે આવેલી મુસીબતની વેળાએ શ્રી બળદેવભાઈ ઢાલની જેમ ઊભા રહ્યા હતા. નર્મદા અભિયાનની પ્રવૃત્તિઓમાં પણ એમનો મુખ્ય હાથ હતો. નર્મદા યોજના માટેની ડિપોઝિટ યોજના માટે પણ એમણે ઘણું કર્યું છે.

— **સનત મહેતા,** પૂર્વ નાણાપ્રધાન, ગુજરાત




ચેમ્બરના સમારંભમાં મહાનુભાવો સાથે

ગુજરાત અનાજ વેપારી સંઘ, અમદાવાદના
રજતજયંતી મહોત્સવમાં પ્રવચન કરતા
શ્રી બળદેવભાઈ



# ૩ સમાજનો "ભાવતો માણસ"

**– શંકરલાલ ગુરુ**
ચેરમેન, ગુજરાત પૂર્વ ધારાસભ્ય, કાઉન્સિલ

બળદેવભાઈને ગુજરાતની દુષ્કાળ પીડિત પ્રજા "બળદેવ ડોસા"ના હુલામણા નામથી જાણતી હતી. દસ વર્ષ પહેલા કુદરતી આફતો વખતે બળદેવભાઈ - હીરાલાલ ભગવતીની જોડીને વહારે ધાતા મેં જોયા છે.

શ્રી બળદેવભાઈનો પહેલા સંપર્ક મારા પિતાજી સાથે થયો હતો. અમારી પેઢી પણ કાલુપુરમાં હતી. હું પેઢીએ જતો થયો એટલે બળદેવભાઈ સાથે પરિચય થયો, પરિચય વધતો ગયો. હું ધારાસભ્ય હતો. ત્યારે તેઓ ચેમ્બરના સભ્ય હતા. પછી પ્રમુખ થયા અને અમારો પરિચય સંબંધમાં પરિણમ્યો. એમની ઓળખાણ તો મારા માટે ગુણોની ખાણ બની રહી. આજે જ્યારે બળદેવભાઈને યાદ કરું છું ત્યારે એમના વ્યક્તિત્વની કેટકેટલી ઉપમાઓ આપીને એમને શ્રદ્ધાંજલિ આપી શકાય. બળદેવભાઈ નામ બોલાય અને આંખ સામે નેક વ્યક્તિત્વ, સંનિષ્ઠ કાર્યકર અને મિલનસાર સ્વભાવવાળી છબી તરી આવે છે. એમના સાંનિધ્યને લીધે મારા જીવન પર ઊંડી છાપ પડી હતી, તે આજે પણ અકબંધ છે. તેમણે મને રાજકીય વેપાર, સામાજિક કે શૈક્ષણિક દરેક ક્ષેત્રે સલાહ આપી માર્ગદર્શન આપ્યું હતું. હું તેમનો અનેક રીતે આભારી છું.

**"બળદેવ ડોસા"ના હુલામણા નામથી લોકપ્રિય**

બળદેવભાઈને ગુજરાતની દુષ્કાળ પીડિત પ્રજા "બળદેવ ડોસા"ના હુલામણા નામથી જાણતી હતી. દસ વર્ષ પહેલા કુદરતી આફતો વખતે બળદેવભાઈ-હીરાલાલ ભગવતીની જોડીની પ્રજાને વહારે ધાતા મેં જોયા છે. રાજકારણથી પર રહી માનવસેવાનો ભેખ ધારણ કરીને કામ કરતા બળદેવભાઈ પ્રજામાં પ્રિય અને માનવંતા હતા. કોઈ પણ પ્રકારના કામ માટે સત્યનિષ્ઠાના આગ્રહી અને મિલનસાર સ્વભાવવાળા બળદેવભાઈ લોકોમાં બહુ ઊંચી કક્ષાનું માન મેળવતા હતા. તેઓએ પક્ષીય રાજકારણથી અલગ રહીને સેવાના માધ્યમ દ્વારા જ પોતાના કાર્યો કર્યા છે. એમના મિલનસાર સ્વભાવને કારણે સમાજને તે "ભાવતો માણસ" હતો. પોતાના પરિચિતોમાં, સ્વજનોમાં કે અન્ય સંબંધોમાં કોઈનુંય આમંત્રણ આવતું તો મોટા ભાગે તો તેઓ પ્રસંગમાં હાજરી તો અચૂક આપે જ. પ્રસંગમાં ક્યારેક ન જવાય તો એ વ્યક્તિને પોતાનો સંદેશો જરૂર પાઠવતા. એટલે સમાજના દરેકને એવું લાગતું કે બળદેવભાઈ તો આપણા જ છે.

**શ્રેષ્ઠ વેપારી**

શ્રી બળદેવભાઈ સાથે મારે વેપારી સંબંધ તો ખરા જ. પછી સામાજિક સંબંધ પણ બંધાયો. વેપારી તરીકે તેઓને શ્રેષ્ઠ વેપારીનું બિરુદ આપવું જોઈએ. તેમણે સજ્જનતાનો વેપાર કરીને એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વેપારીમાં તેમણે મેક ટ્રેડ ફેરીનું સોનેરી સૂત્ર અપનાવીને શોષણમુક્ત વેપાર કરતા વેપારીઓને શીખવાડ્યું હતું. વેપાર ધંધામાં એમની સફળતાનું મૂળ કારણ એમની ઈમાનદારી હતી. વેપારી આલમમાં તેઓ એક માત્ર મહાજન હતા. બળદેવભાઈએ અનાજ બજારના વેપારીઓની પોતાની કોઠાસૂઝથી અનેક સગવડો કરી આપી છે. જેના કારણે અમદાવાદના વેપારીઓ આજે પણ આ શ્રેષ્ઠ વેપારીને ખૂબ જ પ્રેમથી યાદ કરે છે.

હું જ્યારે ધારાસભ્ય તરીકે ચૂંટાયો એ પછી બળદેવભાઈએ વેપારીઓને થતી મુશ્કેલીઓના નિવારણ માટે સરકારમાં મારી મારફત રજૂઆત કરાવતા હતા. હું ધારાસભ્ય હતો અને તેઓ ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સમાં સભ્ય હતા ત્યારે ગુજરાતમાં અનાજ માટે "આવશ્યક ચીજવસ્તુ ધારો" અમલમાં હતો. એ ધારો વેપારીઓ માટે પીડાદાયક હતો. આ પીડાદાયક કાયદાથી વેપારીઓને મુક્ત કરવા માટે એમણે રીતસર મુવમેન્ટ ચલાવી હતી. આ મુવમેન્ટમાં અરવિંદભાઈ સાહેબ પણ એમની સાથે હતા.

**માનવસેવા એ જ પ્રભુસેવા**

શ્રી બળદેવભાઈનો જીવનમંત્ર હતો - માનવસેવા એ જ પ્રભુસેવા. માનવ ઉપરાંત મૂંગા પશુઓની સેવા કરતા પણ

મેં એમને જોયા છે. બળદેવભાઈની સાથે એમના સેવાકાર્યમાં સાથ આપનાર એમના મિત્ર હીરાલાલ ભગવતીને પણ આજે યાદ કરવા જોઈએ એવું મને લાગે છે, કારણ કે બળદેવભાઈ અને હીરાલાલ ભગવતી તો એક સિક્કાની બે બાજુ જેવા હતા. એમની સાથે સેવા કાર્યનો લાભ મને પણ મળ્યો છે. મોરબીમાં જ્યારે ડેમ તૂટ્યો ત્યારે સંકટ નિવારણ સમિતિમાં હું કન્વીનર હતો. એ વખતે બળદેવભાઈના માર્ગદર્શન હેઠળ મેં ૧૯ દિવસ મોરબીમાં રહીને પૂરપીડિતોને મદદ કરી હતી. ત્યારનો એક પ્રસંગ મને યાદ આવે છે કે પૂર આવ્યું પછી હું તો મોરબી જતો રહ્યો, પરંતુ પાછળથી બળદેવભાઈએ એક ચિઠ્ઠી મારા પર મોકલાવી હતી એમાં લખ્યું હતું કે, ''માણસોની સાથે સાથે પશુઓના ઘાસચારાની વ્યવસ્થા પણ કરજો.'' એમને અમદાવાદના બીજા શ્રેષ્ઠીઓનો પણ સારો સહકાર સાંપડ્યો હતો. જેમ કે કસ્તુરભાઈ લાલભાઈ, અમૃતલાલ હરગોવિંદદાસ એ બધા અમદાવાદના મહાજનના શ્રેષ્ઠીઓ હતા. આ બધા લાંબો કોટ, ધોતી, માથા પર ટોપી પહેરતા હતા. અમદાવાદ તથા ગુજરાતને સંકટમાંથી બચાવવા માટે આ વ્યક્તિઓ હંમેશાં આગળ આવતી હતી.

**બેસ્ટ આર્બીટ્રેટર**

તેમની સાથે રહેવાની તેમનામાં રહેલો એક વિશિષ્ટ ગુણ મારા ધ્યાનમાં આવ્યો હતો. એમનો વિશિષ્ટ ગુણે એ હતો કે તેઓ બેસ્ટ આર્બીટ્રિટર હતા. તેઓ કોઈપણ બાબતને નિર્ણય સમજી વિચારીને અમલમાં મૂકતા હતા, પરંતુ તેમણે લીધેલા નિર્ણયને કોઈ ઉવેખી શકતું નહીં. જો કે નિર્ણય એવો હોય કે ક્યારેય કોઈને નુકસાન ન થાય એની બળદેવભાઈ પૂરેપૂરી કાળજી લેતા હતા.

જે વિદ્યાર્થીને કોઈ વ્યક્તિના જીવન વિશે પી.એચ.ડી.નો અભ્યાસ કરવો હોય તો તેણે બળદેવભાઈના જીવન પર અભ્યાસ કરવો જોઈએ. એ અભ્યાસ સંશોધન એ વિદ્યાર્થીને તો ઉપયોગી થશે જ પરંતુ સમાજના બહોળા વર્ગને એમાંથી પ્રેરણા પણ મળશે.

❖ ❖ ❖

અમદાવાદની એક મિલને કાલુપુર બેંકે મોટી રકમનું ધિરાણ કર્યું. આ જ મિલને મુ. શ્રી બળદેવભાઈની પેઢી તરફથી મોટી રકમના માલનું (કોટન વેચાણનું) વેચાણ કરેલું અને રકમ લેવાની બાકી હતી. એક દિવસે તે મિલના માલિકો મુ. શ્રી બળદેવભાઈને મળવા ગયા અને જણાવ્યું કે અમોને મિલમાં ઘણું મોટું નુકસાન થયું છે અને હવે અમો મિલ ચલાવી શકીએ તેમ નથી. અમારે તમારી પેઢીની બાકી રકમ ચૂકવવાની છે તેની સગવડ અમે કરી શક્યા છીએ, પરંતુ બેંકની બાકી રકમ અમો ચૂકવી શકીએ તેમ નથી. તો આપની બાકી રકમ આપ સ્વીકારી અમોને આભારી કરશો. તુરત જ મુ. શ્રી બળદેવભાઇ બોલી ઊઠ્યા કે, 'આવું કદાપિ ન ચાલે. તમે બેંકની રકમ પહેલા ભરપાઇ કરી દો અને ત્યાર બાદ જ રકમ વધે તે અમારી પેઢીને ચૂકવો.' સંસ્થા પ્રત્યે કેટલો ભાવ, સંસ્થાનું અહિત ન થાય તે માટે કેટલા સજાગ અને સતર્ક ! સ્વજવાબદારીનું આથી મોટું કયું ઉદાહરણ હોઈ શકે ?

**– અંબુભાઈ પટેલ, ચેરમેન**

# ૪ સંસારી સાધુ

– રજનીકાન્ત રસીકલાલ નગરી
પૂર્વ ઉપપ્રમુખ, ગુજરાત વેપારી મહામંડળ

નિયમના એ એવા આગ્રહી કે મને યાદ છે કે, જો ચેમ્બરમાં અમે કામ માટે બેઠા હોઈએ અને સાંજના છ વાગે તો હું કહું કે બળદેવકાકા તમે જાવ. તમારો જમવાનો સમય થઈ ગયો છે. તો તરત જ કહેતા કે ના, કામ પૂરું કર્યા સિવાય હું નહીં જાઉં. આમ, કામ માટે તેઓ ઘણી વાર ભૂખ્યા રહ્યા હશે.

મને સિગારેટ પીવાની આદત હતી. જો કે બળદેવભાઈ મારા વડીલ હોવાથી તેમની સામે સિગારેટ પિતા મને સંકોચ થતો હતો. એક વાર બજેટ બહાર પડ્યું, ત્યારે હું અને બળદેવભાઈ બજેટ વાંચતા હતા. મેં એમાં સિગારેટ પર કેટલો ટેક્સ સરકારે નાંખ્યો છે તે જોયું અને હું બોલ્યો કે, "સરકાર વર્ષે વર્ષે સિગારેટ પર શું કામ ટેક્ષ નાંખે છે ?" મારી વાત સાંભળીને બળદેવભાઈ બોલ્યા, તમે શું કામ દુઃખી થાવ છો ? સિગારેટ પીવો છો એટલે તમારે એના ટેક્સની ચિંતા કરવી પડે છે ને ? એ કહી તેમણે મારું સિગારેટનું આખું ખોખું જ ફેંકી દીધું અને ત્યારથી મારું એ વ્યસન છૂટી ગયું. હું સિગારેટ પીતો બંધ થયો તેનો સૌથી વધારે આનંદ મારી પત્નીને થયો હતો. તેણે તરત જ કહ્યું હતું કે, "બળદેવભાઈએ ખૂબ જ સારું કામ કર્યુ છે."

### શ્રી બળદેવભાઈ સાથેનો સંબંધ

ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સમાં બળદેવભાઈ પ્રમુખ હતા અને હું ઉપપ્રમુખ હતો. ત્યારે પહેલી જ વાર હું બળદેવભાઈને મળ્યો હતો. પછી તો ચેમ્બરના વહીવટ માટે અમારે અવારનવાર મળવાનું થવા લાગ્યું. હું જેમ જેમ એમને મળતો ગયો તેમ તેમ તેમના પ્રમુખપણા કરતાં તેમનું પ્રેમાળપણું મને સ્પર્શવા લાગ્યું. આ પ્રેમ તેઓ જીવ્યા ત્યાં સુધી મને મળતો રહ્યો હતો. બળદેવભાઈ સાથે ભલે મેં ચેમ્બરના વ્યવહારિક કાર્યો કર્યા, પરંતુ એમના જેવી વ્યક્તિ સાથે મને રહેવાનું મળ્યું એટલે હું મારી જાતને ધન્ય ગણું છું.

### મહાજન પરંપરાના મશાલચી

બળદેવભાઈ અનાજના વેપારીમાંથી મહાજન પરંપરાના અગ્રણી બન્યા હતા. એવું કહેવાનું મન થાય કે બળદેવભાઈ મહાજન પરંપરાના મશાલચી હતા. વેપારી વર્ગના નેતા તરીકે તેમણે હંમેશાં વેપારીઓનું હિત જોયું હતું. જ્યાં સુધી કોઈ પણ પ્રશ્નનું નિરાકરણ ન આવે ત્યાં સુધી તેઓ હિંમતથી લડતા અને પોતાનો પ્રયત્ન ચાલુ જ રાખતા.

ગુજરાત વેપારી મહામંડળ સંચાલિત સંકટ નિવારણ સોસાયટી દ્વારા હીરાલાલ ભગવતીની સાથે રહીને રાહતકાર્યો કરવામાં અગ્રેસર રહ્યા હતા. બળદેવભાઈ સામાજિક કે ધંધાકીય પ્રશ્નોથી ક્યારેય દુઃખી થયા નથી, પણ દુષ્કાળ પડે, પૂર આવે કે બીજી કોઈ કુદરતી આફત આવે તો તરત જ દુઃખી થઈ જતા હતા. તેમણે દેશમાં અને ગુજરાતમાં કરોડો રૂપિયાના રાહતકાર્યો કાર્યક્ષમ રીતે કર્યા હતા. જેને લોકો આજે પણ યાદ કરે છે. વેપારીઓને મદદ મળે તે માટે અમદાવાદમાં કાલુપુર કો.ઓ.બેંકની સ્થાપના કરી. બેંકની શરૂઆત થવાની નાના વેપારીઓને ઘણી રાહત મળી હતી. એ પછી અમદાવાદના કાપડ ઉદ્યોગના વેપારીઓને પણ તેમણે બેંકમાંથી નાણાકીય મદદ કરી હતી, એ વખતે હું પણ કાપડના વેપારમાં હતો. મને તેમણે અંગત રીતે મદદ કરી મારી મુશ્કેલીમાં પડખે રહ્યા હતા. જેમના માટે હું સદાય એમનો ઋણી રહીશ. એ વખતે કાપડ ઉદ્યોગનો કટોકટી કાળ ચાલતો હતો. હું તો કહીશ કે જો એ સમયે બળદેવભાઈએ આ ઉદ્યોગમાં વેપારીઓને ટેકો ન આપ્યો હોય તો અમદાવાદનો કાપડ ઉદ્યોગ ક્યારનોય નામશેષ બની ગયો હોત.

### સરળ વ્યક્તિત્વ

બળદેવભાઈ ચેમ્બરના પ્રમુખ હતા છતાં એમના વ્યક્તિત્વમાં ક્યાંય મોટાઈ, દંભ કે આડંબર મેં જોયા નથી. એમનું

વ્યક્તિત્વ એકદમ સરળ હતું. દરેક બાબતમાં પારદર્શકતા રાખે. વ્યવહારમાં એટલા જ ચોખ્ખા. ત્યારે વેપારીઓનું ડેલિગેશન લઈ અમે આરબ દેશમાં પણ ગયા હતા. રાત-દિવસ જોયા વગર સમાજમાં દોડતા મેં એમને જોયા છે. પણ કામનો જશ પોતે એકલો લે એવું મેં ક્યારેય જોયું નથી. ચેમ્બરનું કોઈ કામ હોય અને હું કહું કે આ કામ મને નહીં ફાવે તો તરત જ કહે, શું કામ ગભરાવો છો ? હું છું ને તમારી સાથે. એમ કહીને મને કામ કરવા માટે પ્રોત્સાહિત કરતા. સંકટ નિવારણ સોસાયટી દ્વારા જ્યાં કામ કરવા જવાનું થાય ત્યાં પોતાના અંગત વેપારના ભોગે પણ દોડી જતા હતા.

**સંસારી સાધુ**

તેમના જીવનનો નીચોડ કાઢીએ તો તે એક સંસારી સાધુ હતા. "સાધુ તો ચલતા ભલા"ની જેમ હંમેશાં કોઈને કોઈ કામ માટે બળદેવભાઈને વ્યસ્ત રહેતા જોયા છે. એમની પ્રામાણિકતા અને કામ પ્રત્યેની ગંભીરતા જ તેમને દરેક કાર્યોમાં સફળતા અપાવતી હતી. એમનું જીવન ગાંધીજીના ત્રણ વાંદરા જેવું હતું-કદી બૂરું બોલવું નહી. બૂરું સાંભળવું નહીં અને બૂરું જોવું નહીં. આ ત્રણેય બાબતો તેમણે જીવનમાં આત્મસાત કરી હતી. પરિવારમાં દરેકની અંગત રીતે કાળજી રાખતા હતા.

એમનું રોજિંદું જીવન એકદમ નિયમિત હતું. કોઈ જાતનું વ્યસન નહીં અને જૈન ધર્મનું ચુસ્ત રીતે પાલન કરતા હોવાથી એમની તંદુરસ્તી છેક સુધી જળવાઈ રહી હતી. નિયમના તો એવા આગ્રહી કે મને યાદ છે કે જો ચેમ્બરમાં અમે કામ માટે બેઠા હોઈએ અને સાંજના છ વાગે અને કહું કે તમારો જમવાનો સમય થઈ ગયો છે તો તરત જ કહેતા કે ના, કામ પૂરું કર્યા વગર હું નહીં જાઉં. બેંક માટે પણ ખૂબ સમય ફાળવતા હતા. પોતાનો ધંધો તો પોતાના દીકરાઓને સોંપી દીધો હોવાથી એમાંથી નિવૃત્ત થયા હતા, પરંતુ સમાજની બીજી અનેક પ્રવૃત્તિઓમાં એટલા પ્રવૃત્ત હતા કે જુવાનને પણ શરમાવે એટલું કામ કરતા. એમને મળવા આવનાર વ્યક્તિ ભલે કોઈ મોટો વેપારી હોય કે સામાન્ય માણસ એમના માટે તો બધા જ સરખા હતા. તેમના પર ભગવાનનો જ પ્રભાવ હતો. તેમના માટે તો "ઈશ્વર ઇચ્છા બલિયસી કૈવલમ" હતું. દરેક ધર્મના ઉત્સવમાં ખૂબ જ આનંદ-ઉત્સાહથી ભાગ લેતા હતા.

બળદેવભાઈ પોતે બહુ ભણી શક્યા નહોતા, પરંતુ સામાજિક લોકો શિક્ષણ મેળવી શકે તે માટે એમણે તેમના વતનમાં અને બીજે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી હતી.

બળદેવભાઈએ પોતાના જીવનકાર્ય થકી સમાજને એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. એમણે એમના જીવનકાળ દરમિયાન ચીંધેલો કોઈ પણ માર્ગ આજ સુધી ખોટો પુરવાર થયો નથી. એટલે જો આજે પણ સમાજ બળદેવભાઈએ બતાવેલા માર્ગ પર ચાલશે તો સમાજની પ્રગતિ થશે અને સમાજને એનો ફાયદો જ થવાનો છે.

**ખોટ સાલે છે**

બળદેવભાઈ જીવ્યા ત્યાં સુધી સતત એમના સાંનિધ્યમાં રહેવાની સોનેરી તક મને મળી હતી, પરંતુ આજે તેઓ જ્યારે આપણી વચ્ચે નથી ત્યારે તેમની ખોટ સાલે છે. આજે કપરા જીવનમાં કોઈક મૂંઝવણ કે સમસ્યા આવે એટલે મને બળદેવભાઈ અચૂક યાદ આવે છે. મને મનમાં તરત જ થાય કે જો આજે બળદેવભાઈ હોત તો મને મૂંઝવણમાંથી નીકળવાનો રસ્તો જરૂર સૂઝાડત. તેમના સદ્‌કાર્યો થકી તેઓ આપણી વચ્ચે હંમેશાં રહેવાના જ છે. તેમના કાર્યોની મહેંક અને સ્મૃતિ આપણને આપ્યા છે, જેને જાળવી રાખવાનું કામ આપણા સૌનું છે. એ જ એમના માટેની સાચી શ્રદ્ધાંજલિ ગણી શકાય.

**"ના તન રહે, ના ધન રહે, ના રહે ગામ કે ઠામ,**
**તુલસી જગ મેં જશ રહે, કર દે કિસીકા કામ."**

❖ ❖ ❖



ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સના પ્રમુખપદે વરાયા બાદ માનનીય પૂર્વ મુખ્યપ્રધાન શ્રી માધવસિંહજી સોલંકી સાથે શુભેચ્છા મુલાકાત

ગુજરાત વેપારી મહામંડળના સન્માનનીય પ્રમુખપદે વરાયા બાદ ગુજરાત ચેમ્બરના પ્રમુખ શ્રી બળદેવભાઈ સાહેબ વિદેશી વેપાર-ઉદ્યોગના ડેલિગેશનને સંબોધતા નજરે પડે છે



# ૫ પારદર્શક વહીવટનો પર્યાય

– બાબુભાઈ મણીલાલ મોદી
પૂર્વ પ્રમુખ, અમદાવાદ ગ્રેઈન મરચન્ટ એસોસિયેશન

શ્રી બળદેવભાઈનું નામ આવે એટલે એક સાથે અસંખ્ય સ્મરણો સ્મૃતિપટ પર તાજા થાય છે. મારા માટે બળદેવભાઈ એક વડીલ હતા. મારા મતે તો બળદેવકાકાની મારે ઓળખાણ કે પરિચય આપવો હોય તો જાણે "સૂરજને દીવો દેખાડવા જેવું છે." એક વેપારી તરીકે, સમાજસેવક તરીકે એટલા નિષ્ઠાવાન અને પ્રામાણિક હતા કે આજે પણ એમની પ્રામાણિકતા અને નિષ્ઠાની ઝલક એમણે શરૂ કરેલા કાર્યોમાં દેખાય છે. હું ત્યાં સુધી કહું છું કે જેમ લોકો અધ્યાત્મામાં પરાકાષ્ઠાએ પહોંચે છે તેવી જ રીતે બળદેવકાકા પોતાની નિષ્ઠામાં પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા. તેમના માટે જીવનમાં અલ્પવિરામ જેવો કોઈ શબ્દ જ નહોતો. સાણંદ એમના વતન માટે એમને અપાર પ્રેમ હતો. તેમના વતનમાં સામાજિક કે પારિવારીક પ્રસંગોમાં અમને પ્રેમથી યાદ કરીને બોલાવતા તે પણ મને યાદ છે. ૧૯૬૦ થી તેઓ જીવ્યા ત્યાં સુધીના અમારા હુંફાળા સંબંધોના સંસ્મરણો આજે વાગોળતા આનંદ થાય છે. મને લાગે છે કે તેમની સાથે રહેવાથી મારા જીવનમાં પણ જાણે-અજાણે સદ્ગુણોનો વિકાસ થયો છે એ માટે હું એમનો ઋણી છું. એમણે કરેલા કાર્યોની મીઠી સુંગધ હું આજે આપના સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરું છું.

### સરળ વ્યક્તિત્વ

તેમના વ્યક્તિત્વનો મોટામાં મોટા ગુણ એમની સરળતા અને સાદગી હતો. જેમ વૃક્ષ પર ફળ પાકે અને વૃક્ષ વધારે નમે (નમ્ર બને) બસ, બળદેવકાકા ઉંમરમાં, અનુભવમાં વટવૃક્ષ સમાન, પરંતુ સ્વભાવમાં એટલા નમ્ર. તેમનો સ્વભાવ ખૂબ જ સાલસ હતો. પોતે ધનાઢ્ય કુટુંબના હોવા છતાં એમના વર્તનમાં ક્યાંય મોટાઈ જોવા મળ્યા નથી. મિત્રો સાથે મિત્રભાવ, સ્વજનો સાથે અંગત ભાવથી અને સામાન્ય વ્યક્તિની સાથે પણ એકદમ આત્મીયતાથી તેઓને વ્યવહાર કરતા મેં જોયા છે.

### કોઠાસૂઝથી ભરપૂર વ્યક્તિત્વ

એક વેપારી તરીકે તેઓ ખૂબ જ સફળ રહ્યા હતા. તો વેપારીઓના નેતા તરીકે મોભી બનીને તેમણે હંમેશાં અમદાવાદના અનાજ બજારના વેપારીઓને માર્ગદર્શન અને હૂંફ આપ્યા હતા. સરકાર સાથેના અનાજ બજારના પ્રશ્નો બળદેવકાકાએ કેટલા ઝડપ અને સરળતાથી ઉકેલ્યા હતા તેના ઉદાહરણો આજે મારી આંખ સામે તરી આવે છે. તેઓના સરકાર સાથેના સારા સંબંધોની શરૂઆત ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય મંત્રી ડૉ. જીવરાજ મહેતાને કુદરતી આપત્તિ અંગેના ફાળામાં રૂ. ૧,૧૧,૦૦૦,૦૦ની થેલી અનાજ બજારના વેપારીઓ તરફથી અર્પણ કરી ત્યારથી થઈ હતી. તે તેઓએ જીવનપર્યંત નીભાવી હતી. અનાજ બજાર પર સરકારી તંત્રની આકરી ગૂંચ વારંવાર ઊભી થતી અને વેપારીઓને અનેક પ્રકારની કનડગત કરવામાં આવતી. કટોકટીવેળાએ વેપારીઓ ઘણી મુશ્કેલીમાં મૂકાયા હતા. સ્ટોકમાં કે હિસાબમાં સામાન્ય ભૂલ થાય તો પણ વેપારીઓને કાળા બજારીયા તરીકે જોવાતો હતો. એ સમયે ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ જશુભાઈ પટેલ સાથે તેમણે વારંવાર બેઠકો યોજી વેપારીઓની મુશ્કેલીઓની અસરકારક રજૂઆત કરી હતી અને વેપારીઓને આ અટપટા કાયદામાંથી મુક્તિ મળી હતી.

### કર્મયોગી

મેં હંમેશાં તેમને પ્રવૃત્તિમાં જ જોયા છે. ક્યારેય નવરા બેઠા કે ગપાટા મારતા જોયા નથી. હું તો એમ કહું કે એમના હાથમાં વેપારીઓનું કામ હોય અને હૈયામાં વેપારીઓનું હિત. પોતાની કોઠાસૂઝ અને અનુભવના આધારે એમને ખબર પડી જતી કે વેપારીઓને ક્યાં, કઈ અગવડ કે મુશ્કેલી પડે છે અને ભવિષ્યમાં પડવાની છે. કાલુપુર અનાજ બજારમાં વેપારીઓનો ધંધો વધવા લાગ્યો. લોકોને એ જગ્યા નાની પડવા લાગી. આથી તેમણે અને બીજા વડીલોએ અમદાવાદમાં નવી જગ્યાએ લઈ નવું બજાર ઊભું કરી આપવાનું વિચાર્યું. નવા બજારના બાંધકામ તથા અન્ય કાર્યોમાં સક્રિય યોગદાન તેમણે આપ્યું. આમ જનતા માટે પણ ઉપયોગી થવાનું ચિંતન તેઓ સતત કર્યા કરતા. વેપારીઓ માટે નવા બજારો ઊભા કરવાની સાથે

સાથે તેમણે લોકો માટે સાર્વજનિક દવાખાનું પણ શરૂ કરાવ્યું હતું. ભાલકીયા અનાજ બજારમાં આ દવાખાનું આજે પણ ચાલુ છે. વેપારીઓને વેપાર માટે આર્થિક મદદ મળી રહે એ ઉમદા હેતુથી પોતાના મિત્રોની મદદથી ૧૯૭૦માં કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંક લિ.ની સ્થાપના પણ કરી હતી.

### વેપારીને મહાજન બનતા શીખવાડ્યું

તેમણે અનાજ બજારના વેપારીઓને સમાજને મદદરૂપ થવાનો મહત્ત્વનો પાઠ શીખવાડ્યો છે. જેમ તેઓ વેપારીઓની પડખે હંમેશાં રહ્યા તેમ વેપારીઓએ પણ તેમના દરેક કાર્યોમાં સાથ સહકાર આપેલ છે. ગુજરાતમાં કે દેશમાં ક્યાંય પણ કુદરતી આફત આવે કે તરત જ તેઓ વેપારીઓને મદદ માટે હાકલ કરે અને વેપારીઓ છૂટા હાથે તેમને મદદ કરતા મેં જોયા છે. "વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે..." આ ભાવ બળદેવકાકામાં તો હતો જ પણ અમારા જેવા વેપારીઓને પણ પરપીડાની વેદનાને જાણતા, અનુભવતા શીખવ્યું.

### એમની પાસેથી મેં શું મેળવ્યું

તેમની સાથે વેપારી સંબંધોમાંથી કૌટુંબિક સંબંધો થયા. એક પિતાની જેમ હંમેશાં મારી પડખે ઊભા રહ્યા હતા. મારે ધંધાની કે પરિવારની કે બીજી કોઈ પણ મુશ્કેલી આવે, તેઓએ હંમેશાં મને મદદ કરી છે. તેમની પાસે હું નિરાશ, દુઃખી થઈને ગયો હોઉં ને ખુશ થતો આવ્યો છું. પ્રેમ, લાગણી અને હૂંફ એમની પાસેથી ભરપૂર મળ્યા છે. એમની સાથે રહેવાથી જીવનમાં મેં ઘણું મેળવ્યું છે.

❖ ❖ ❖

તેમના પ્રમુખપદ દરમિયાન ભાવનગરના સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તરફથી પર્યાવરણ અંગે એક સેમિનાર ભાવનગર ખાતે રાખ્યો હતો જેમાં દેશભરના અગ્રણી વૈજ્ઞાનિકોએ હાજરી આપી હતી. મજકુર સેમિનારમાં તેમને ગુજરાતની વેપારી આલમના અગ્રણી પ્રતિનિધિ તરીકે ચાવીરૂપ વ્યાખ્યાન આપવાનું હતું. ઉપરોક્ત સેમિનારમાં પર્યાવરણ અંગે તેમણે જે પ્રેરક ઉદ્‌બોધન કર્યું તે એટલું બધું અસરકારક હતું કે સેમિનાર પછી તેની નકલોની માગણી થતા તે બનાવીને દરેક ડેલિગેટને વહેંચવામાં આવી હતી.

**– ઈશ્વરલાલ કણીઆ**

# ૬ સારા પાડોશી

– ઠાકોરભાઈ અમીન
એડવોકેટ

બળદેવભાઈ અને રૂખીભાભી જેવા પડોશી મળ્યાનો આનંદ આજે પણ મારા જીવનમાં સતત ડોકાયા કરે છે.

વેપારીઓનો કોઈ પણ પ્રશ્ન હોય, હંમેશાં સમજૂતિથી નિરાકરણ આવે એવી એમની ભાવના રહેતી. પ્રશ્ન ગમે તેટલો ગંભીર હોય, બળદેવભાઈ હંમેશાં સ્વસ્થ રહીને જ તેના ઉકેલ માટેનો વિચાર કરતા હતા. તેમને ક્યારેય આક્રમણ કે ગુસ્સે થતા જોયા જ નથી.

આજના ઝડપી અને ભૌતિકવાદી યુગમાં આપણે કોઈને કહીએ, "કેમ છો ? બહુ દિવસે દેખાયા ? ઘેર કેમ આવતા નથી ?" આ ત્રણેય પ્રશ્નોનો જવાબ એક જ મળે કે "સમય જ ક્યાં મળે છે ?" પોતાના અંગત જીવન સિવાય સામાજિક વાતો કે કાર્યો માટે આજના લોકો પાસે સમય નથી રહ્યો. આવા સમયે મને બળદેવભાઈ યાદ આવે છે કારણ કે વર્ષો પહેલા સમાજમાં એક એવો વર્ગ હતો એમણે પોતાના સમયનું સમાજ માટે યોગદાન આપ્યું હતું. તેમાં બળદેવભાઈ અગ્રેસર હતા. તેમણે સંકટ નિવારણ સોસાયટીમાં, કાલુપુર કો.ઓ.બેંકમાં, પોતાના વતન સાણંદમાં, જુદીજુદી સંસ્થાઓમાં પોતાના સમયનું ભરપૂર યોગદાન આપ્યું હતું. દરેક કાર્યમાં એમની હાજરી હોય જ. બળદેવભાઈએ પોતાના જીવન થકી સમાજમાં એક ઉદાહરણ પૂરું પાડ્યું કે સમાજસેવા કરવી હોય તો માત્ર પૈસા કે નામ જ આવશ્યક નથી, પણ તેના માટે સૌથી વધારે મહત્ત્વનું છે સમયનું દાન.

**સારા પડોશી**

આપણે સારા પડોશી બની શકીએ, પરંતુ સારા પડોશી મેળવવાનું બધાને નસીબ નથી હોતું. જો કે આ બાબતમાં હું નસીબદાર રહ્યો છું. બળદેવભાઈ અને રૂખીભાભી જેવા પાડોશી મળવાનો આનંદ આજે પણ મારા જીવનમાં સતત ડોકાયા કરે છે. આપણે બધા અનુભવીએ છીએ કે સારા પડોશી આપણા જીવનમાં મદદરૂપ બનતા હોય છે. મારા જીવનમાં બળદેવભાઈ સૌ પ્રથમ એક સારા પડોશી બનીને આવ્યા હતા. એ નાતો આજે પણ તેમના દીકરાઓ સાથે એવો જ અકબંધ સચવાયો છે. બળદેવભાઈ અને હું સારા પડોશી મિત્ર તેવી જ રીતે રૂખીભાભી અને મારા પત્ની પણ બહેનપણીઓ. અમારા બંને કુટુંબોમાં એકબીજાને ત્યાં બેસવા-ઉઠવાનું બનતું. એ પછી મારા ભાઈ વિઠ્ઠલભાઈના સંપર્કમાં બળદેવભાઈ આવ્યા અને હું પણ કો.ઓ.બેંક ઑફ અમદાવાદમાં હતો એટલે એ રીતે અમે અમારા કામને કારણે વધારે પરિચયમાં આવ્યા.

**સદ્‌ગુણોનો મહાસાગર**

બળદેવભાઈ માટે એવું કહી શકાય કે તેઓ સદ્‌ગુણોનો મહાસાગર હતા. કેટકેટલા ગુણોથી ભરપૂર એમનું વ્યક્તિત્વ હતું. દરેક ક્ષેત્રના લોકોને એમના જુદા ગુણોનો અનુભવ થયો હશે. જો કે મને તો તેમના અનેક ગુણોનું સાંનિધ્ય સાંપડ્યું હતું, કારણ કે અમે પડોશી, પછી સહકારી ક્ષેત્રમાં સાથે કામ કર્યું. વળી, ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સમાં પણ અમે સાથે કામ કર્યું હતું. એટલે મને તો એમના વ્યક્તિત્વના અનેક પાસાઓને નજીકથી જાણવા મળ્યા હતા. તેઓ નિયમિતતાના આગ્રહી હતા. નિષ્ઠાથી કામ કરવામાં માનતા. સંબંધો જાળવવા અને વિકસાવવામાં તેમની આગવી કુનેહ હતી. કોઈને દુઃખ થાય એવું બોલવામાં માનતા જ નહીં. એકદમ શાંત અને સાદું જીવન જીવતા હતા. એમનામાં જેમ સામાજિક ભાવના હતી તેવી જ ધાર્મિક ભાવના પણ ઊંચી હતી. દરેક કામમાં ચોકસાઈ રાખતા હતા. સ્વભાવે ખૂબ જ નમ્ર હતા. હું તો કહીશ કે તેમના દરેક ગુણમાં એમની નમ્રતાનો ગુણ મોટામાં મોટો હતો.

**ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સના સંભારણા**

લગભગ ૧૯૭૫થી હું ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ સાથે સંકળાયેલો હતો. બળદેવભાઈ પણ શરૂઆતમાં ચેમ્બર સભ્ય હતા. પછી ૧૯૮૧-૮૨માં ચેમ્બર પ્રમુખ પણ તેઓ થયા હતા. ચેમ્બરમાં બળદેવભાઈ પ્રમુખ નહોતા ત્યારે પણ તત્કાલીન

પ્રમુખ તેમનું માર્ગદર્શન અચૂક લેતા. વેપારીઓનો કોઈ પણ પ્રશ્ન હોય હંમેશાં સમજૂતિથી નિરાકરણ આવે એવી ભાવના રહેતી. પ્રશ્ન ગમે તેટલો ગંભીર હોય, બળદેવભાઈ હંમેશાં સ્વસ્થ રહીને જ તેના ઉકેલ માટેનો વિચાર કરતા હતા. મેં તેમને ક્યારેય આક્રમક કે ગુસ્સે થતા જોયા જ નથી. ૧૯૯૨માં હું ચેમ્બરનો પ્રમુખ થયો ત્યારે પણ તેઓનું માર્ગદર્શન મને સતત મળ્યું હતું. આવા અદના આદમી માટે ગુજરાતે તો ગૌરવ લેવું જોઈએ.

વેપારીઓની મદદ માટે કાલુપુર કો.ઓ.બેંકની સ્થાપનાનો વિચાર પર બળદેવભાઈને જ આવ્યો હતો. આ વિચારબીજમાંથી બેંક આજે વિશાળ વૃક્ષ બની છે.

બળદેવભાઈ પોતે અમદાવાદમાં રહેતા હતા, પણ એમના હૈયે હંમેશાં એમનું માદરે વતન સાણંદમાં વસેલું હતું. વતનના વિકાસમાં, વતનની પ્રજાને મદદ કરવા માટે તેઓ હંમેશાં તત્પર રહેલા મેં જોયા છે. પોતાની જન્મભૂમિમાં કેળવણી ક્ષેત્રે વિકાસ થાય તે માટે ત્યાં શિક્ષણની નાની મોટી અનેક સંસ્થાઓની શરૂઆત કરી હતી. તો વતનની પ્રજાનું આરોગ્યની પણ અનેક પ્રવૃત્તિઓ કરી હતી. એ પ્રવૃત્તિઓ આજે પણ સારી રીતે ચાલી રહી છે. બળદેવભાઈના દીકરા બચુભાઈ એ કાર્યોનું સંચાલન કરી રહ્યા છે. બળદેવભાઈ સાથેના ઘણા ઘણા સ્મરણો આજે સ્મૃતિપટ પર તરી આવે છે, પરંતુ બધામાંથી તારણ કાઢીએ તો એક જ નીકળે કે બળદેવભાઈ એટલે નિષ્ઠાવાન, પરોપકારી, શાંત સ્વાભાવ, ચોકસાઈવાળા, નિયમિતતાના આગ્રહી, વ્યવહારકુશળ અને ઊંડી ધર્મભાવનાવાળા હતા.

❖ ❖ ❖



ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખ તરીકે ઔદ્યોગિક વસાહતની મુલાકાતે

# ૭ શ્રી બળદેવભાઈના સદ્કાર્યોની સુગંધ

**– ઈશ્વરલાલ નાનાભાઈ કણીઆ**
પૂર્વ સેક્રેટરી જનરલ, ગુજરાત વેપારી મહામંડળ

મુ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ સાથે મારે ગુજરાત ચેમ્બરના સેક્રેટરી જનરલ તરીકે વર્ષોથી સ્નેહસંબંધ હતો. તેમની ગતિશીલતા, માનવસેવા પ્રત્યેની નિરંતર લગન, પારદર્શક વ્યવહાર, ઊંડી કોઠાસૂઝ, પ્રામાણિકતા તથા ઉંચી કર્તવ્યનિષ્ઠા જેવા પ્રેરક જીવનના મૂલ્યોથી હું ખૂબ જ પ્રભાવિત થયો હતો. તેમની સાદાઈ, સમાધાનકારી વલણ અને પ્રભાવશાળી વ્યક્તિત્વને કારણે વેપારી આલમમાં તેમજ સમાજના વિવિધ વર્ગોમાં તેમના માટે ઊંચું માન અને આદર હંમેશાં રહેતા હતા. તેમના જીવનમાં તથા આચરણમાં જૈન ધર્મનો પ્રભાવ મહત્ત્વપૂર્ણ રહ્યો હતો અને તેથી જ તેઓ હંમેશાં માનવતાવાદી અભિગમ ધરાવતા હતા.

આંતરરાષ્ટ્રીય વેપારની વિશાળ તકોને ધ્યાનમાં લઈને તેમણે ગુજરાત વેપારી મહામંડળમાંથી પહેલીવાર પરદેશ વેપારી ડેલિગેશન મોકલવાનું નક્કી કર્યું અને મજકૂર ડેલિગેશન મીડલ ઈસ્ટમાં લઈ જવાનું નક્કી થયું હતું. વીસાની તે વખતે ખૂબ જ મુશ્કેલીઓ હોવા છતાં તેમના અડગ નિર્ણયને કારણે મુશ્કેલી પાર થઈ અને ચેમ્બરના ડેલિગેશનની મીડલ ઈસ્ટની મુલાકાત દરમિયાન ત્યાંની ચેમ્બરો તથા વેપારી આલમ વતી ભવ્ય આવકાર મળ્યો હતો. તેઓએ અંગ્રજીમાં સર્વ જગ્યાએ પ્રોત્સાહક ભાષણો કર્યા હતા. છેવટે નિકાસ વેપારના નોંધપાત્ર સોદાઓ પણ થયા હતા.

તેમના પ્રમુખપદ દરમિયાન ભાવનગરના સેન્ટ્રલ સોલ્ટ ઍન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તરફથી પર્યાવરણ અંગે એક સેમિનાર ખાતે રાખ્યો હતો, જેમાં દેશભરના અગ્રણી વૈજ્ઞાનિકોએ હાજરી આપી હતી. એ સેમિનારમાં તેમને ગુજરાતની વેપારી આલમના અગ્રણી પ્રતિનિધિ તરીકે ચાવીરૂપ વ્યાખ્યાન આપવાનું હતું. ઉપરોક્ત સેમિનારમાં પર્યાવરણ અંગે તેમણે જે પ્રેરક ઉદ્‌બોધન કર્યું તે એટલું બધું અસરકારક હતું કે સેમિનાર પછી તેની નકલોની માગણી થતાં તે બનાવીને દરેક ડેલિગેટને વહેંચવામાં આવી હતી.

સંકટ નિવારણ સોસાયટીમાં સ્વ. શ્રી કસ્તુરભાઈ લાલભાઈ તથા સ્વ. શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ સાથે રાહતકાર્યના વિતરણમાં સ્વ. શ્રી બળદેવભાઈ તથા સ્વ. શ્રી હીરાલાલભાઈએ ખભેખભા મિલાવીને હંમેશાં નિઃસ્વાર્થભાવે પ્રશંસનીય સેવાકાર્ય કર્યું છે. દુષ્કાળ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, કોમી તોફાનો, ભૂકંપ, અનાવૃષ્ટિ, મચ્છુ બંધ હોનારત, ઢોરોની સહાય વગેરે વિવિધ ક્ષેત્રે આ બેલડીએ જે રાહતકાર્યની અભૂતપૂર્વ કામગીરી બજાવી છે.

શ્રી બળદેવભાઈ તથા શ્રી હીરાભાઈએ વિચાર્યું હતું કે કોર્ટોમાં કેસોનો જબરજસ્ત ભરાવો હોઈ વેપાર-ધંધાના વિવાદો જો લવાદીને સોંપાય તો તેનો ઝડપથી ઉકેલ આવે. આને અનુલક્ષીને ચેમ્બરનું એક પ્રતિનિધિમંડળ ગુજરાત હાઈકોર્ટના માનનીય ચીફ જસ્ટીસશ્રીને મળ્યું હતું. તેઓએ ચેમ્બરની દરખાસ્તને આવકાર આપ્યો હતો ને જણાવ્યું હતું કે તેઓ જિલ્લાની દરેક કોર્ટોને કાગળ લખશે અને તેમના વિસ્તારના પડતર વેપારધંધાના વિવાદો ગુજરાત ચેમ્બરની લવાદી કમિટીને મોકલવા જણાવશે કે જેથી કોર્ટ ઉપર કેસોનું ભારણ ઓછું થાય. વિવાદી કેસોમાં શ્રી હીરાભાઈ તથા શ્રી બળદેવભાઈએ લવાદ તરીકે મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. એટલું જ નહીં પણ તેમણે આપેલા તટસ્થ ચુકાદાને બંને પક્ષોએ સહર્ષ સ્વીકાર્યા હતા. કમનસીબે ત્યાર પછીની ચેમ્બરની નેતાગીરીએ લવાદી પ્રથામાં પૂરતો રસ લીધો ન હતો અને તેને કારણે આ આવકારદાયક લવાદી પદ્ધતિ ગતિ પકડી શકી નહોતી.

તેઓ મહાજનોના મહાજન હતા એટલું જ નહીં પણ મહાજનપ્રથાના મોભી હતા અને નાના અને મધ્યમ કક્ષાના અનાજના તથા અન્ય ધંધાના વેપારીઓની સમસ્યા ઉકેલવા માટે હરહંમેશ તત્પર રહેતા હતા.

આ સંબંધે એક દાખલો જણાવું તો તે અસ્થાને નહીં ગણાય. વીસેક વર્ષ પહેલા જામનગરમાં એક નાનો માણસ રેંકડીમાં નાના જથ્થામાં લાયસન્સ વગર અનાજ વેચતો હતો. તેની સામે સિવિલ સપ્લાઇઝ ડિપાર્ટમેન્ટે દરોડો પાડીને તેનો માલ જપ્ત કર્યો અને તેની સામે કેસ કર્યો. આમ તે નાનો માણસ કામધંધા વગરનો થઈ ગયો અને કોર્ટોના ફેરા મારતો થઈ ગયો.

ત્યાંની અગ્રગણ્ય સંસ્થાઓ તરફથી ચેમ્બરને રજૂઆત તથા શ્રી બળદેવભાઈએ ખાસ રસ લઈને ગુજરાત સરકારમાં યોગ્ય કક્ષાએ અસરકારક રજૂઆત કરીને મજકૂર કેસ પાછો ખેંચાવ્યો ને જપ્ત થયેલ માલ તેને પાછો અપાવ્યો હતો.

ચેમ્બરનું ડેલિગેશન તેમના નેજા હેઠળ મધ્ય પૂર્વના આરબ દેશોની મુલાકાતે ગયું હતું ત્યારે શ્રી બળદેવભાઈ સાથે એક કમિટીના સભ્ય તથા હું દુબઈ શહેરમાં ફરવા નીકળ્યા હતા. ત્યારે બજારમાં એક સૂકા મેવાની દુકાનમાં ગયા હતા. ત્યારે એક કમિટીના સભ્યએ સૂકા મેવાના વિવિધ જાતના ચાર/પાંચ સેમ્પલોનો ટેસ્ટ કર્યો હતો. ત્યાર પછી ભાવ અંગે નહીં ફાવતા અમે નીચે ઉતરીને ચાલવા જતા હતા ત્યાં તે વેપારીએ સેમ્પલ ખાવા માટે ૩ દહેરામ આપવા જણાવ્યું હતું. કોઈ પણ જાતની રકઝક વગર તેમણે ખિસ્સામાંથી ૩ દહેરામ આપી દીધા હતા.

નાના વેપારીઓના તેઓ હંમેશાં હામી રહ્યા છે. બેંકોના રાષ્ટ્રીયકરણ બાદ જ્યારે નાના વેપારીઓને નાણાકીય સહાય મેળવવામાં અનેક મુશ્કેલીઓ પડવા લાગી એટલે કેટલાક વેપારના મહાજનોએ અમદાવાદ ખાતે કો-ઓપરેટિવ બેંકો શરૂ કરી હતી. તેમણે પણ કાલુપુર વિસ્તારના અનાજ, કરિયાણા તથા ઘી-તેલના વેપારીઓના સાથ સહકારથી કાલુપુર કો-ઓપરેટિવ બેંકની સ્થાપના કરી હતી. તેમના ગતિશીલ તથા દૂરંદેશી અભિગમને કારણે આ બેંક ખૂબ જ પ્રગતિ પામી છે.

શ્રી બળદેવભાઈની બહુમુખી પ્રતિભાની જેટલી પ્રશંસા કરીએ તેટલા વધારે રોમાંચિત થઈ જવાય એવી એમની જીવન જીવવાની કળા અને શૈલી હતી. ઝડપથી પલટાતી સમાજ રચનાના સંદર્ભમાં તેમના કુટુંબીજનો, સગાં-વહાલાં, સમસ્ત સમાજ અને આપણે સહુને તેમના અવસાનથી પડેલી ખોટ ક્યારેય પુરાશે નહીં. જેમ ગુલાબ ખરી પડે તો પણ તેની મહેંક માટીમાં જ રહે છે તેવી જ રીતે માનવી ચાલ્યો જાય છે, પરંતુ તેના સદકાર્યોની સ્મૃતિ હંમેશાં નજર સમક્ષ તાજી રહે છે. પ્રણામ છે એવા સ્વ. શ્રી બળદેવભાઈને કે જેના મૃત્યુ પછી પણ તેમના સદ્‌કાર્યોની સુગંધ મહેંકતી રહે છે.

આજે જ્યારે સંપત્તિ, સત્તા, પ્રતિષ્ઠા અને પ્રશંસા પાછળ આજના ભૌતિકવાદના જમાનામાં લોકો દોટ મૂકી રહ્યા છે ત્યારે ગાંધીજીના મૂલ્યોને જીવનમાં ઉતારીને સાદો, નિખાલસ, અભિમાનરહિત સ્વભાવ, લાગણી અને પ્રેમભર્યો જીવનવ્યવહાર વગેરે મહત્ત્વના જીવનમૂલ્યોને કારણે તેઓ સાચા માનવ બનવાને પંથે પૂરા આત્મવિશ્વાસથી હિંમતભેર પ્રયાણ કરી રહ્યા હતા એ એક ગર્વની બિના હતી. આમ, એક મહાન સમાજસેવકનું જીવન ધૂપસળીની જેમ મહેંકીને અનંતમાં ભળી ગયું, જેની સુવાસ અને પ્રેરણા હંમેશાં રહેશે.

❖ ❖ ❖

**કેળવણી વિષયક દાદાના વિચારો તેમના શબ્દોમાં જોઈએ.**

"આપણા દેશમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ કામગીરી બજાવે છે, પરંતુ મહાન સંસ્થાઓના ઘડવૈયા જૂજ હોય છે. આજે શિક્ષણકાર્યની અછત નથી, પરંતુ તે દિશામાં નવી શોધખોળ કરી નવો અભિગમ અને નવું દિશાસૂચન આપનાર બહુ ઓછા છે." "આજે વિદ્યાર્થીઓને જે કેળવણી આપવામાં આવે છે એમાં શારીરિક શ્રમની ઉપેક્ષા ગંભીર વિચારણા માગી લે છે. કોઈપણ કામ કરવામાં નાનમ નથી એ પ્રકારની ભાવના પાયામાંથી જ વિદ્યાર્થીઓને પ્રેરવામાં નહી આવે તો એમાંથી પુખ્ત ઉંમરમાં કેટલીક વિકૃતીઓ થવા સંભાવના છે. શારીરિક શ્રમ પ્રત્યે વિદ્યાર્થીને ભાવના જાગૃત થાય અને તેનામાં શ્રમના કામની નાનમ દૂર થાય તે માટે શાળાઓ-મહાશાળાઓમાં શ્રમશિબિરોની આવશ્યકતા ઉપર ખાસ ભાર મૂકવો જોઈએ."

**— માણેકલાલ મા. પટેલ**

પ્રમુખ, સર્વ વિદ્યાલય સંકુલ, કડી, ગાંધીનગર

# ૮ હું ને બળદેવભાઈ

– અરવિંદભાઈ જીવણલાલ સાહેબા
અમદાવાદ ગ્રેઈન મરચન્ટ ઍસોસિયેશન

મારા જીવનમાં બે વ્યક્તિ મારા માટે પ્રેરણારૂપ બન્યા છે - એક બળદેવભાઈ અને બીજા જે.આર.ડી. તાતા. આ બંને મહાનુભાવોના ફોટા મેં મારી ઑફિસમાં રાખ્યા છે. આજે પણ એમના જીવન કાર્યોમાંથી મને સતત પ્રેરણા મળતી રહે છે.

વેપારમાંથી મેળવેલો પૈસાનો અમુક હિસ્સો પરમાર્થ માટે વાપરવો જોઈએ. સમાજમાં જે સમૃદ્ધ લોકો છે, એમણે તકવંચિતો માટે વિચાર કરવો જોઈએ. આ મહત્ત્વનો પાઠ હું એમની પાસેથી શીખ્યો.

શ્રી બળદેવભાઈ સાથેના સ્મરણો તાજાં કરતા મન ભીનું થઈ રહ્યું છે. વીસ વર્ષના સંબંધો દરમિયાન તેમના બહુમુખી વ્યક્તિત્વનો મને લાભ મળ્યો હતો. બળદેવભાઈનું સ્મરણ થતાંની સાથે એક જ એક સુઘડ, સુરેખ અને વદન ઉપર સ્મિત હોય તેવું વ્યક્તિત્વ માનસપટ ઉપર ઉપસી આવે છે. તેઓ મિતભાષી પણ સાચું બોલનારા હતા. સાચું બોલવામાં ધ્યાન રાખતા કે સામી વ્યક્તિને કડવું ન લાગે. મુશ્કેલભર્યા પ્રસંગોમાં પણ તેમણે ગુસ્સે થતાં મેં ક્યારેય જોયા નથી. બળદેવભાઈ માનવીય સંબંધોની બરાબર માવજત કરતા તેથી સંબંધોમાં મીઠાશ જળવાઈ રહેતી. તેઓએ વ્યાપાર-વાણિજ્ય ક્ષેત્રે આદર્શ વેપારી તરીકે તથા સમાજ સેવાના ક્ષેત્રમાં સાચા સેવકની ભૂમિકા નિભાવી એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમની હીરાલાલ ભગવતી સાથેની મિત્રતાએ મિત્રતાના શ્રેષ્ઠ શિખરો સર કર્યા હતા. સહકારી બેંકોના ક્ષેત્રે પણ બળદેવભાઈનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. તેઓએ સમાજને, વેપારી વર્ગને સેવાઓ આપી છતાં પોતાના પરિવારજનો પ્રત્યેની ફરજ પણ બરાબર અદા કરી હતી. ગુજરાત સરકારના પ્રધાનો અને મુખ્ય મંત્રી પણ તેમને આદર અને માન આપતા હતા. તો સેવાકાર્યો માટેની સલાહ-સૂચનો લેતા હતા.

**મારા પ્રેરણા સ્રોત**

બળદેવભાઈને નામ માત્ર વેપારી વર્ગ માટે અત્યંત પ્રેમ હતો. તેઓ દરેક વેપારીને હૂંફ આપતા. એમની પાસે નિરાશ થઈને ગયેલી વ્યક્તિ ખુશ થઈને પાછી ફરતી. માણસને પોતાની મૂંઝવણનો ઉકેલ બળદેવભાઈ પાસેથી અચૂક મળી જતો. મારા જીવનમાં બે વ્યક્તિ મારા માટે પ્રેરણારૂપ બન્યા છે - એક બળદેવભાઈ અને બીજા જે.આર.ડી. તાતા. આ બંને મહાનુભાવોના ફોટા મેં મારી ઑફિસમાં રાખ્યા છે. સંકટ નિવારણ સોસાયટી મારફતે હું પહેલી વાર ગુજરાત ચેમ્બરમાં બળદેવભાઈને મળ્યો હતો. એમની સાથેની પહેલી જ મુલાકાતમાં કરકસરવાળા છતાં સારા વહીવટદાર તરીકેની તેમની છાપ મારા મન પર પડી હતી.

તેઓ સમય પાલનમાં બહુ ચોક્કસ હતા. મિટિંગમાં અથવા તેમને મળવા આવનાર વ્યક્તિને પૂરતો સમય ફાળવતા હતા, પણ ઓછા સમયમાં, એકાગ્રતાથી વ્યક્તિની વાત સાંભળી તેને આત્મીયતાપૂર્વક માર્ગદર્શન આપતા. લાંબી લાંબી ચર્ચાઓ કરવા કરતા જે તે બાબતે મુદ્દાસર, હેતુસર સાંભળવામાં અને કહેવામાં માનતા હતા. એમની ગ્રહણશક્તિ ખૂબ સારી હતી. બળદેવભાઈ સાથે નિકટતા આવ્યા પછી તેમની સાથે ઘરોબો બંધાયો હતો. એટલે તેઓ અને હીરાલાલ ભગવતી આ મિત્ર જોડી મારા ઘરે પણ આવતી થઈ હતી.

**સેવાનો સ્વાદ ચખાડ્યો**

૧૯૮૦માં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો હતો ત્યારે સંકટ નિવારણ સોસાયટીમાં અમે દાન આપીને સેવાકીય પ્રવૃત્તિમાં જોડાવાની શરૂઆત કરી. ૧૯૮૦ પછી કુદરતી આફત આવે અને સંકટ નિવારણ સોસાયટીમાં જે કાંઈ આપવાનું હોય તે આપીને હું છુટી જતો, પરંતુ બળદેવભાઈનું અસરગ્રસ્તો, ગરીબ, દીનદુઃખીયા પ્રત્યેનું સમર્પણ ધીરે ધીરે મારા મન પર પ્રભાવ પાડવા લાગ્યું. એમની સમાજ સેવાના રંગમાં મારું જીવન ભીંજાવા લાગ્યું હતું તેની મને ખબર પણ ન પડી. ૧૯૯૫માં બળદેવભાઈ સાથે એમની સેવાકીય પ્રવૃત્તિઓમાં તન-મન-ધનથી જોડાઈ ગયો.

બળદેવભાઈ અને હીરાભાઈ સાથેના સતત સંપર્ક, વિચારોના આદાન-પ્રદાનથી મને જીવનમાં કેટલાંક નવા પાઠ શીખવા મળ્યા, જે મારા માટે આનંદ અને સંતોષકારક સાબિત થયા. આપણા પછી પુત્રો અને બીજા દ્વારા જો વેપાર સારી રીતે ચાલી શકતો હોય તો વેપારમાંથી બચેલો સમય સમાજ માટે વાપરવો જોઈએ. વેપારમાંથી મેળવેલા પૈસાનો અમુક હિસ્સો પરમાર્થ માટે વાપરવો જોઈએ. આ મહત્ત્વનો પાઠ પણ હું એમની પાસેથી શીખ્યો.

દરેક સંસ્થા કે વ્યક્તિને જાણ હોવી જોઈએ કે પોતાની મર્યાદા શું છે ? આ બાબત પણ હું બળદેવભાઈ પાસેથી શીખ્યો છું. એક વાર મેં એમને પૂછ્યું કે, "તમે માત્ર સાણંદના લોકો માટે જ કેમ બધી પ્રવૃત્તિઓ કરો છો. આપણે સાથે મળીને બીજા ગામના લોકોને પણ મદદ ન કરી શકીએ ?" ત્યારે તેમણે કહેલું કે, "હું માત્ર સાણંદના લોકોની જ સેવા કરી શકું છું, એ મારી મર્યાદા છે અને મર્યાદામાં રહીને કામ કરીએ તો સારું અને અસરકારક કામ થાય." અને એ દિવસથી મેં પણ નક્કી કર્યું કે, હું પણ મારી મર્યાદામાં રહીને જ શ્રેષ્ઠ કામ કરીશ." અમે આજે સાણંદના પાંચસો કુટુંબોમાં દર મહિને વિના મૂલ્યે ચા મોકલીએ છીએ.

**વેપાર અને સેવાનો સુભગ સમન્વય**

બળદેવભાઈમાં શ્રેષ્ઠ વેપારી અને સાચા સમાજસેવકનો સમન્વય હતો. તેમણે વેપારમાં એવા ઊંચા ધોરણો પ્રસ્થાપિત કર્યા હતા જે બીજા માટે આદર્શરૂપ બન્યા. વેપારી નાણાકીય મુશ્કેલી ન ભોગવે માટે તેમણે કાલુપુર કો.ઓ. બેંકની સ્થાપના કરી. બેંકમાં વહીવટમાં પણ તેઓ ચોકસાઈ રાખતા. કાલુપુર કો.ઓ. બેંકનો વહીવટ સારી રીતે ચલાવવા માટે એમણે ઘણો ભોગ આપ્યો હતો. એમણે કાલુપુર બેંકની સ્થાપના કરી પછી ગામે ગામ સહકારી બેંકો ખુલવાની શરૂઆત થઈ હતી.

આટલું બધું કહેવા છતાં જો બળદેવભાઈ માટે એક જ વાક્યમાં કંઈ કહેવાનું હોય તો હું કહીશ કે, "બળદેવભાઈ સંત" જેવા હતા.

❖ ❖ ❖

ગાંધીજીના મૂલ્યોને જીવનમાં ઉતારીને સાદો, નિખાલસ, અભિમાનરહિત સ્વભાવ, લાગણી અને પ્રેમભર્યો જીવનવ્યવહાર વગેરે મહત્ત્વના જીવન મૂલ્યોને કારણે તેઓ સાચા માનવ બનવાને પંથે પૂરા આત્મવિશ્વાસથી હિંમતભેર પ્રયાણ કરી રહ્યા હતા. એક મહાન સમાજસેવકનું જીવન ધૂપસળીની જેમ મહેંકીને અનંતમાં ભળી ગયું, જેની સુવાસ અને પ્રેરણા હંમેશાં રહેશે.

**– ઈશ્વરલાલ કણીઆ**

# ૯ મને સેવાનો સ્વાદ ચખાડ્યો

– પિયુષભાઈ દેસાઈ
(વાઘ-બકરી ચા વાળા) અગ્રગણ્ય વેપારી અને સમાજસેવક

શ્રી બળદેવભાઈ પટેલ અને હું શરૂઆતમાં તો વેપારી મિત્રો હતા. અમારી વચ્ચે પરિચય વધતા અમારા પરસ્પરના સંબંધો વિકસ્યા. અમારા વિચારોની આપ-લે કરતા. વેપારીઓ તથા અમદાવાદની મહાજન પરંપરાની ચર્ચાઓ થતી. આ રીતે અમદાવાદના વેપારી વર્ગમાં અમારી એક અલગ ઓળખાણ ઊભી કરી હતી. બળદેવભાઈ જીવ્યા ત્યાં સુધી અમારી મિત્રતા અને સંબંધો એવા જ અકબંધ જળવાયા હતા.

### વેપાર સાથીમાંથી કર્મસાથી બન્યા

મારું મૂળ વતન અમદાવાદ એટલે હું તો અહીં જ સ્થાયી થયો અને વેપાર કર્યો, પરંતુ બળદેવભાઈ તો સાણંદના હતા. એમના વેપાર ધંધાના અર્થે તેઓ અમદાવાદ આવ્યા અને અહીં જ સ્થાયી થયા. સાણંદ જન્મભૂમિ અને અમદાવાદને બળદેવભાઈએ કર્મભૂમિ બનાવી. સમય જતા અમે વધારે નજીક આવ્યા. અમારા બંનેની જીવનપ્રણાલી અને વિચારપ્રણાલી સરખી જ હતી. એટલે મિત્રતા વધુ ગાઢ બની. જેમ સમદુઃખીયા ભેગા થઈને પોતાનું દુઃખ હળવું કરે એમ અમે ભેગા થઈને બીજાને સુખી કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. બળદેવભાઈ સાથે કામ કરવાનું મને ગમતું, કારણ કે એમની કામ કરવાની રીત જ એવી હતી. ક્યારેય કોઈને મનદુઃખ ન થાય એની કાળજી રાખતા હતા. તેઓ બધાની સાથે સાલુકાઈથી વર્તન કરતા. ગ્રેઈન મરચન્ટ એસોસિયેશન દ્વારા કે પછી સંકટ નિવારણ સોસાયટીમાં કાલુપુર કો.ઓ. બેંકમાં તથા સમાજની અન્ય સંસ્થાઓમાં એમની સાથે કામ કરવાની મને તક મળી હતી. આ દરેક સંસ્થા દ્વારા અમે લોકોપયોગી કામો કરતા રહ્યા.

અમદાવાદના અનાજ બજારના વેપારીઓને આર્થિક ટેકો મળે અને તેઓ શરાફીના વ્યાજમાંથી બહાર આવે એ માટે અમે કાલુપુર કો.ઓ.બેંકની સ્થાપના કરવાનો વિચાર કર્યો. વેપારીઓ સમક્ષ પણ આ વિચાર મૂક્યો. વેપારીઓ પર બળદેવભાઈનો એવો પ્રભાવ હતો કે તેમના વિચાર કે વાતને કોઈ નકારી શકતું નહીં, કારણ કે બધાને એમના પર વિશ્વાસ હતો. આમ અમારા કામમાં વેપારીઓ પૂરેપૂરો સાથ-સહકાર આપતા હતા. તો વળી, સામાજિક કામોમાં પણ આમ પ્રજાનો ભરપૂર સાથ અમને મળતો હતો. જેના લીધે જ અમે અમારું કામ સરળતાથી અને પરિણામલક્ષી કરી શકતા હતા.

કાલુપુર બેંક શરૂ કરવાનો મૂળ હેતુ વેપારીઓને નાણાકીય સહાય આપવાનો હતો, પરંતુ કોઈ પણ વ્યક્તિને ધિરાણ કરતા પહેલા બળદેવભાઈ અમુક બાબતોની ઝીણવટપૂર્વક તપાસ કરતા. તેમાં સામેવાળી વ્યક્તિ મદદને પાત્ર છે કે નહીં? ધિરાણ આપવાવાળી વ્યક્તિના નજીકના વર્તુળમાંથી એનો રિપોર્ટ મેળવતા અને પછી જ એને ધિરાણ આપતા હતા. કોઈ વ્યક્તિને હપ્તો ભરવામાં મુશ્કેલી હોય તો તેની પરિસ્થિતિ સમજીને તેની મુદત વધારી આપતા હતા. આ બધી કાળજી અને ચીવટને લીધે જ કાલુપુર બેંક આજે સફળતાના શિખરે પહોંચી છે.

બળદેવભાઈ વેપારી વર્ગનું હિત જોતા તેમ તેની સાથે સંકળાયેલા ગુમાસ્તા, વેતરા (મજૂરો) તથા ગરીબ પ્રજા માટે સતત ચિંતિત રહેતા હતા. અમદાવાદ ગ્રેઈન મરચન્ટ એસોસિયેશન દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે લાટ બજાર પાસે જમીન લઈને દવાખાનું બંધાવ્યું હતું. આ દવાખાનમાં કોઈ પણ જાતના જ્ઞાતિબાધ સિવાય લોકોને સારવાર આપવામાં આવતી હતી. દરેક દર્દીને રાહત દરે દવા આપવામાં આવતી. આજે પણ આ દવાખાનું ચાલુ છે અને એ વિસ્તારની પ્રજા તેનો લાભ લે છે.

### જૈન ધર્મ બરાબર પચાવ્યો હતો

બળદેવભાઈ પોતે પટેલ હતા, છતાં જૈન ધર્મ પાળતા. તેમણે જૈન ધર્મને બરાબર પચાવ્યો હતો. એમનું જીવન નિયમિત હતું તેના કારણે તેમની તંદુરસ્તી છેક સુધી જળવાઈ રહી હતી. તેઓને વાંચનનો શોખ હતો, એટલે હંમેશાં ધાર્મિક પુસ્તકો વાંચતા રહેતા. બળદેવભાઈએ ધર્મકાર્ય અને સમાજકાર્ય બંનેનો સમન્વય કરીને પોતાનું કામ કરવાની રીત અપનાવી હતી.

**વતન પરસ્ત**

બળદેવભાઈને વતન માટે પૂરો પ્રેમ હતો. પોતાના વતનનો વિકાસ અને પ્રગતિ માટે હંમેશાં પ્રયત્નશીલ રહેતા હતા. સાણંદમાં તેમણે લોકકલ્યાણની અનેક પ્રવૃત્તિઓની શરૂઆત કરી હતી. તેમાંય શિક્ષણ ક્ષેત્રે તેમણે ઊંડો રસ લઈ જુદી જુદી સંસ્થાઓ સ્થાપી હતી.

આજે બળદેવભાઈ આપણી વચ્ચે હયાત નથી, છતાં તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેમના સારા વિચારો અને જીવન દ્વારા સતત આપણને પ્રેરણા અને માર્ગદર્શન આપી રહ્યા છે.

❖ ❖ ❖

જે વિદ્યાર્થીને કોઈ વ્યક્તિના જીવન વિશે પી.એચ.ડી.નો અભ્યાસ કરવો હોય તો તેણે બળદેવભાઈના જીવન પર અભ્યાસ કરવો જોઈએ. એ અભ્યાસ સંશોધન એ વિદ્યાર્થીને તો ઉપયોગી થશે જ, પરંતુ સમાજના બહોળા વર્ગને એમાંથી પ્રેરણા પણ મળશે.

— **શંકરલાલ ગુરુ**

**૧૦**

# સૌજન્ય
# ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી બુલેટિન

**ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝના સપ્ટેમ્બર, ૧૯૮૨ના બુલેટિનના પાના નંબર ૧૩ પર પ્રકાશિત થયેલ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલની રજૂઆતના અવતરણો તેમના વિચારોના સમર્થનમાં વાચક સમક્ષ મૂકીએ છીએ.**

## ટ્રસ્ટના નાણાં બીજા હેતુ માટે વાપરવા છૂટ આપી શકાય નહીં

ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રી અમદાવાદના પ્રમુખ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલે ટ્રસ્ટ ઍક્ટમાં સુધારા સૂચવવા માટે ગુજરાત સરકાર તરફથી શ્રી દિવ્યકાંત નાણાવટીના અધ્યક્ષપદે નિમાયેલી સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી તેમજ લેખિત નિવેદન પાઠવ્યું હતું, જેમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે દાતાએ જે હેતુ માટે દાન કર્યું હોય તે મર્યાદાને વટાવીને પુરાતન સ્થળોના સમારકામ, જાળવણી કે અન્ય હેતુ માટે ટ્રસ્ટના નાણાં વાપરવાની છૂટ આપી શકાય નહીં અને દાતાની ઈચ્છાને માન ન આપતા તે નાણાં વિપરીત હેતુ માટે વાપરવા તે વિશ્વાસ ભંગ કરવા સમાન છે. આથી, દાતાની લાગણી ઉપરાંત પ્રજાની ધાર્મિક લાગણી દુભાવાનો સંભવ રહે છે અને બિનસાંપ્રદાયી રાજ્યમાં સરકારે ધાર્મિક બાબતોમાં દખલગીરી કરવી જોઈએ નહીં.

ટ્રસ્ટના નાણાં અન્ય હેતુઓ માટે વાપરવાની જોગવાઈ કરવાથી તો દાનનો પ્રવાહ અટકી જવા સંભાવના રહે છે. સરકાર ધાર્મિક હેતુ માટે કોઈ નાણાં ફાળવતી નથી અને સામાજિક હેતુ માટે કાર્ય કરવાની જવાબદારી રાજ્યની છે, આમ, ધાર્મિક હેતુ માટે મળેલા નાણાં સામાજિક કાર્ય માટે વાપરવા તે ન્યાય અને નૈતિક સિદ્ધાંતોનો છડેચોક ભંગ કરવા સમાન છે. જ્યારે ટ્રસ્ટના નાણાંનું રોકાણ સરકારની સૂચના મુજબ જ (કલમ ૩૫ મુજબ) કરવું પડે છે ત્યારે આડકતરી રીતે તે નાણાંનો ઉપયોગ દેશના વિકાસ કાર્યમાં થતો હોય છે તે બાબત લક્ષમાં લઈને સરકારે આ નાણાં ઉપર સીધી તરાપ પડે તેવી જોગવાઈ કરવી જોઈએ નહીં.

❖ ❖ ❖

નિખાલસ સ્વભાવ અને સાદગી એમના જીવનમાં હતી. તેઓ હંમેશાં કહેતા કે, "ઘસાઈને ઊજળા થાવ અને બીજાને ખપમાં લાગો." એમનું કામ જોઈને રવિશંકર મહારાજની સેવા યાદ આવે.

**– ડો. પંકજ એમ. શાહ**




વેપારી મહામંડળના પ્રમુખપદના કાર્યકાળ દરમિયાન યોજાયેલ કોલ એન્ડ પાવર (ગ્રાહક) કન્ઝયુમર્સ કોન્ફરન્સમાં શ્રી બળદેવભાઈ, પૂર્વ માનનીય મુખ્ય પ્રધાન શ્રી માધવસિંહ સોલંકી અને પૂર્વ કેન્દ્રીય ઊર્જામંત્રી શ્રી એ. બી. ગનીખાન ચૌધરી

ચેમ્બરમાં ભોજન સમયે મહેમાનોની મહેમાનગતિ કરતા બળદેવભાઈ. વડોદરાના ભૂતપૂર્વ રાજવી શ્રી સંગ્રામસિંહ ગાયકવાડના પરિવાર સાથે બળદેવભાઈનો પરિવાર દશ્યમાન થાય છે





ગુજરાત વેપારી મહામંડળના સમારોહમાં પધારેલ મહામહિમ રાજ્યપાલ શ્રીમતી શારદા મુખરજી સાથે બળદેવભાઈ, અરવિંદભાઈ નરોત્તમભાઈ વગેરે દૃશ્યમાન છે

ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાતે આવેલ વિદેશી પ્રતિનિધિમંડળના સભ્યો સાથે ચર્ચામાં વ્યસ્ત શ્રી બળદેવભાઈ પટેલ



વિભાગ-૬

# સન્માનપત્રો અને અન્ય માહિતી

## દાદાને મળેલા એવોર્ડ્ઝ, પુરસ્કાર તથા સ્મૃતિચિન્હો




નેશનલ યુનિટી ઍવોર્ડ




કાલુપુર બૅંક ગૌરવ પુરસ્કાર



ગુજરાત વેપારી મહામંડળ
ગોલ્ડન જ્યુબિલી મહોત્સવ

ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટયૂટ,
અમદાવાદ






ઈસ્ટ ઈન્ડિયા કોટન ઍસોસિયેશન,
ડાયમન્ડ જ્યુબિલી, મુંબઈ

અમદાવાદ ગ્રેઈન મરચન્ટ
અમૃત મહોત્સવ






અમદાવાદ મેનેજમેન્ટ ઍસોસિયેશન




નવનિર્માણ કો. ઓ. બેંક રજત
જયંતી મહોત્સવ, અમદાવાદ




નેશનલ ફેડરેશન ઑફ અર્બન
કો. ઓ. બેંક, મુંબઈ




મહારાષ્ટ્ર અર્બન કો. ઓ. બેંક
ફેડરેશન, મુંબઈ



ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખ

## શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલને

# સન્માનપત્ર

ભારતના માન્ચેસ્ટર ગણાતા અમદાવાદ શહેરની જીવન જરૂરિયાતની ચીજોના વેપારથી સતત પ્રવૃત્ત એવા કાળુપુર વિસ્તારમાંથી વેપારની શરૂઆત કરી ગુજરાતભરના વેપારીઓનું ગુજરાત વેપારી મહામંડળના સને ૧૯૮૨-૮૩ના વર્ષ માટે બિનહરીફ પ્રમુખપદે આપની વરણી થતાં અમો ગુજરાત અનાજ વેપારી સંઘના સભ્ય મહાજનો આપશ્રીનું સન્માન કરતાં અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યાં છીએ.

અનાજના વેપારી વર્ગની ન ભુલાય એવી સંનિષ્ઠ સેવાઓ આપે આપી છે તે બદલ આપ અભિનંદનને પાત્ર છો. ખાસ કરીને નાના અને મધ્યમકક્ષાના વેપારીઓના પ્રશ્નો પ્રત્યે આપે ખૂબ જ લક્ષ આપ્યું છે અને તે રીતે સમગ્ર અનાજના વેપારી વર્ગનો પ્રેમ સંપાદન કર્યો છે એ અલૌકિક બીના છે.

સામાન્ય માનવીની સેવા કરવાની ઉત્કૃષ્ટ ભાવના અને તેમને આર્થિક રીતે પણ મદદરૂપ થવા આપે જે કાળુપુર કોમર્શિયલ કો. ઓ. બેંક લિ. ના ચેરમેન પદે રહીને, અનન્ય સેવા બજાવી છે તે તો એકલા કાળુપુર વિસ્તારનાજ નહિ, પરંતુ ગુજરાત ભરના અનાજના વેપારીઓ માટે એક આદર્શરૂપ દાખલો બની રહ્યો છે અને તે બદલ આપ ખુબ જ ધન્યવાદને પાત્ર છો.

અનાજના વેપાર ઉપર નિયંત્રણો શરૂ થયાં ત્યારથી આજ દિન સુધી આપે સતત મન પરોવી ઘણાં આંટીઘુંટીવાળા પ્રશ્નો તેમજ અનાજના વેપારની સરળતા માટે જે અથાક શ્રમ ઉઠાવી ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારમાં જે જે આવેદનો અને રજુઆતો કરી છે તે સેવાઓને ગુજરાત અનાજ વેપારી સંઘના સભ્ય મહાજનો બીરદાવે છે.

માત્ર અનાજના વેપારી વર્ગની સેવા કરવા પાછળ આપે ધ્યાન કેન્દ્રિત કર્યું છે એટલુંજ નહિ પરંતુ અનેક સામાજિક સંસ્થાઓના અધ્યક્ષ પદે રહી સમાજસેવા કરવાનું આપે આપના જીવનમાં એક ધ્યેય બનાવ્યું છે.

આજની સદીમાં જ્યારે ધાર્મિક ભાવનાનો ધીમે ધીમે લોપ થતો જાય છે તેવે સમયે આપે ધાર્મિક ભાવના જાગૃત રહે અને આપણી આર્ય સંસ્કૃતિનો ધ્વજ હંમેશાં ફરકતો રહે એ સારૂ આપે અનેક ધાર્મિક સંસ્થાઓમાં ઉંડો રસ લીધો છે તે તો ભારતીય શાસ્ત્રોદ્ધાર સમિતિનો તથા આગમ અનુયોગના ટ્રસ્ટના પ્રમુખ પદે આપ બીરાજ્યા છો તે સાબીતી રૂપ છે.

આપનો ધર્મ પ્રત્યેનો ઉંડો અનુરાગ તથા તેની નિયમિત ઉપાસના આપના ધર્મના કલ્યાણકારી પ્રસારણની તન્મયતા આપના જીવનમાંથી સહેજે ઉપસી આવે છે.

સાદાઈ, સરળતા, સદાચાર, ભાષામાં મધુરતા, વિચારોમાં શુદ્ધતા અને વર્તનમાં નિરાભીમાનપણું એ આપના સદ્‌ગુણો છે.

સર્વ ધર્મ પ્રત્યેની સદ્‌ભાવના એ આપના જીવનની વિશિષ્ટતા છે.

આપે લક્ષ્મી પ્રાપ્ત કરી હોવા છતાં આપ નમ્ર છો આટલું જ નહિ પરંતુ લક્ષ્મીનો સન્માર્ગે દાન તથા સમાજ સેવામાં ન્યાયી અને ઉદાર સખાવતો આપી મહામુલી નામના મેળવી છે.

આપના વ્યક્તિત્વ અને સદ્‌ગુણો લઈને આપ અનેક ક્ષેત્રોમાં અધ્યક્ષ પદે રહ્યાં છો તે એક ગૌરવવંતી બીના છે.

આપે અમદાવાદ ગ્રેઈન મરચન્ટસ એસોસીએશન, ગુજરાત અનાજ વેપારી સંઘ, ઘી કાળુપુર કોમર્શીયલ કો. ઓ. બેંક લિ., ન્યુ ગ્રેઈન માર્કેટ ચેરીટેબલ ટ્રસ્ટ, કડી તાલુકા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ સ્થાને બીરાજી તેમજ અખિલ હિન્દ અનાજ વેપારી મહામંડળના ઉપાધ્યક્ષ તરીકે અને મીલ માલિક મંડળ સંચાલિત સંકટ નિવારણ સોસાયટીના સહમંત્રી તરીકે ઉત્તમ સંચાલન તથા અસ્ખલીત સેવાઓ આપી છે તે હકીકત જાણીતી છે.

ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખ તરીકે આપની બીન હરીફ વરણી થઈ છે તે જ આપની કુશાગ્ર બુદ્ધિ, પ્રશ્નોની ઉંડી સૂઝ, અને મિલનસારપણું બતાવી આપે છે.

પરમકૃપાળુ પરમાત્મા આપની પ્રાપ્ત કરેલી પદવીનું સંનિષ્ઠ અને નિઃસ્પૃહી ભાવે સંચાલન કરવાનું અને વેપારી વર્ગની ઉત્તમ સેવા બજાવવાને બળ આપે તેવી પ્રાર્થના સાથે આપ ઉત્તરોત્તર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરો એવી શુભેચ્છા પાઠવીને અમો આપનું સન્માન કરતાં અનેરો આનંદ અનુભવીએ છીએ.

**અમો છીએ ગુજરાત અનાજ વેપારી સંઘના ૮૪ સભ્ય મહાજનો**

**ફાગણ વદ અગીયારસ, રવિવાર; તા. ૨૧-૩-૮૨**

**અમદાવાદ**

**સંસ્થા : ગુજરાત અનાજ વૈપારીસંઘના ૮૪ સભ્ય મહાજનો**



# અભિવાદનપત્ર

## રા.શ્રી. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
## પ્રમુખ, ગજરાત વેપારી મહામંડળ

આપ ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખપદે ૧૯૮૧-૮૨ ના વર્ષ માટે બિનહરીફ અને બિનવિવાદી વ્યક્તિની હેસિયતે પસંદગી પામ્યા એ આપની બહુશ્રુત, બહુવિધ સેવા અને લોકપ્રિયતાની પ્રતીતિ કરો છે. ગુજરાતના અનાજના સર્વ મહાજનો આનું ગૌરવ અનુભવીએ છીએ અને આપની સેવાઓ બિરદાવી આપનું અભિવાદન કરાવનો લ્હાવો માણીએ છીએ.

આપની જીવનકેડી આપ જે સાત્ત્વિક ઢબે કંડારી રહ્યા છો એ નમૂનારૂપ છે અને અમે સૌ ખેડા જિલ્લા અનાજ વેપારી સંઘના સર્વ વ્યાપારી સદસ્યો માટે અનુકરણીય છે. આપનામાં ધંધાકીય આપસૂઝ, સજ્જતા અને દૂરગામી દ્રષ્ટિની સાથે સેવા, સર્વ સ્તરનાં સૌને સહાયરૂપ થવાની ઉત્કટ ઈચ્છા તથા ધર્મપરાયણતા જેવા વિરલ સદ્ગુણોનો સંગમ છે.

કાપડ અને એને આનુષાંગિક ઉદ્યોગથી દિનરાત જીવંત અને તેમાંયે કાલુપુર જેવા મધ્યમ અને ગરીબાઈની ન્યૂનતમ રેખા નીચે જીવન વ્યતીત કરતા વિસ્તારમાં આપે અનાજના વેપારની પા પા પગલી માંડી, હૈયા ઉકલત, વેપારવૃદ્ધિ સાથે માનવ કલ્યાણ સાધવાના અંતરના નાદને સંભાળતાં-જાળવતાં આપ એ ક્ષેત્રે ઊભાં ચડાણ ક્રમે ક્રમે સિદ્ધ કરતાં; સારાયે ગુજરાતના વેપારી મહામંડળના પ્રમુખપદને-એકીમતે યોગ્ય ઠર્યા; આપની યોગ્યતા હતી અને એ આપ પામ્યા; એથી ખેડા જિલ્લા અનાજ વેપારી સંઘના અમે સૌ વ્યાપારી મિત્રો ગૌરવ અનુભવીએ છીએ.

આપે વેપારક્ષેત્રે હાટડીવાળાથી માંડીને મધ્યમ અને લખપતિ વેપારીઓની સમસ્યાઓ સમજી-વિચારી; સમાયાનુસાર સંદર્ભિત સૌ સમક્ષ આપની લાક્ષાણિક, આગવી, સ્પષ્ટ અને બિનગ્રથિત ભાવે રજૂ કરી, સર્વને સંતોષ આપ્યો છે એ આપી અદ્વિતીય સિદ્ધિ છે અને અનેક કાનૂની અને સમયચક્રનાં વેપાર પરના નિયંત્રણ સમયના ઝંઝાવતભર્યા જીવનપંથ પર નિગાહ કરતાં અમારા મુખમાંથી સન્માનના સરોદો સહજ સરકે છે.

આપે વેપારમાં સહકારની ખુશબો સર્જી છે. કાળુપુર કોમર્શિયલ કો. ઓ. બેન્ક લિ. ના અધ્યક્ષપદે બિરાજી સૌના હિતનું જતન કરી, ગુજરાતભરના અનાજના વેપારીઓ સમક્ષ ઉદાત્ત ઉદાહરણ પૂરું પાડયું છે.

'સહકાર અને વેપાર' એ વિરોધાભાસી માન્યતાઓ વાસ્તવિક કે વ્યાવહારિક નથી એ આપના જીવનકાર્યદ્વારા સાબિત કર્યું એ આપની અપૂર્વ સિદ્ધિ છે.

આ સિદ્ધિ એ આપની ધર્મપરાયણતાની ફલશ્રુતિ છે એવી અમને પ્રતીતિ થઈ ચૂકી છે. ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મના આપ સાચા પૂજારી અને પુરસ્કર્તા છો. એ ક્ષેત્રે ભારતીય શાસ્ત્રોદ્ધાર સમિતિ તથા આગમ અનુયોગ ટ્રસ્ટનું આપનું પ્રમુખપદ એની સાક્ષી પૂરે છે. વ્યાપારી સજ્જતા, કુનેહ અને દૃષ્ટિમાં સહકાર જેવી સમાજવાદી વિચારધારાને વણી; એને ધર્મની જનોઈ પહેરાવી; આ રીતે ત્રિવેણીનું પાવિત્ર્ય આપના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ અને વ્યવસાયમાં અસ્ખલિત રીતે ગંગાના નીર સમું વહેતું રહ્યું છે.

આ સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરતાં આપે લક્ષ્મીનું ઉપાર્જન કર્યું છે પણ એ આપના જીવનની શાસનાધિકારીના સ્થાને બિરાજી શકી નથી એજ આપના નિરાળા જીવનનું પ્રશંસનીય પાસું છે. આપે સાદાઈને વસાવી છે; સરળતાને આજીવન સ્વીકારી છે, સદાચારને જીવનની પ્રત્યેક પળે વર્યો છે, સ્પષ્ટ વિચારસરણી અને એને અનુરૂપ આચાર તથા નિરાસક્તભાવે લક્ષ્મીનું સમર્પણ : આ પંચશીલ આપના જીવનનાં નિરાળાં અને માનનીય પાસાં છે.

આવા વિરલ અને અવ્યયી વ્યક્તિત્વ તથા પ્રસન્નતાસભર પ્રતિભાના પરિપાકરૂપે

આપ અમદાવાદ અનાજ વેપારી એસોશિયેશન, ગુજરાત અનાજ વેપારી સંઘ, કાલુપુર કોમર્શિયલ કો-ઓ. બેન્ક લિ., ન્યુ ગ્રેઈન માર્કેટ ચેરીટેબલ ટ્રસ્ટ, કડી તાલુકા પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, અખિલ હિન્દ વેપારી મહામંડળ, મિલ માલિક મંડળ સંચાલિત સંકટ નિવારણ સમિતિ જેવી વાણિજ્યિક, સમાજ તથા માનવની કલ્યાણકારી સંસ્થાઓમાં સર્વોચ્ચ પદ ધારણ કરી, દીપાવી, માનવતાનો સ્રોત અવિશ્રાન્ત વહેતો-ધબકતો રાખી રહ્યા છો. આવાં માનવીય કાર્યોનો આપનો સહયોગ યજ્ઞના પુણ્ય કરતાં પણ આંબી જાય એવો છે.

ગુજરાત વેપારી મહામંડળના સર્વોચ્ચ પદને આપ બિનહરીફ પસંદગી પામ્યા એનો અમને એવો અપૂર્વ આનંદ અને ઉલ્લાસ છે કે પુનઃ ઉક્તિ દોષ વહોરીને પણ આપને અમો ખેડા જિલ્લા અનાજ વેપારી સંઘના સભ્યો સન્માનીએ છીએ; આપનાં ભગવદપરાયણ કાર્યોને અનુસરવા પ્રયત્નશીલ રહેવા પ્રેરણા પામીએ છીએ.

આ પ્રસંગે અમે સર્વનિયંતાને પ્રાર્થીએ છીએ કે એ આવાં વિરલ કાર્યો કરવાને દીર્ઘ સમય સુધી આપને સમર્થ રાખે, આપનું જીવન નિરામયી બનાવે, અમને સૌને આપના જીવનમાંથી ધડો લેવા જેવી શક્તિ-મતિ અર્પે; અને આપને ઉત્તરોત્તર પ્રગતિનાં ઊભાં-ઊંચાં અને વિકટ ચડાણ સિદ્ધ કરવાને સર્વ રીતે સામર્થ્ય અર્પે.

અમારા ભાવોને શબ્દબધ્ધ કરતા આ અભિવાદનપત્રને ભેટ અર્પતા,

અમે છીએ આપના ગુણાનુરાગી, ખેડા જિલ્લા અનાજ વેપારી સંઘના સદસ્યો.



અનાજ બજારના અગ્રણી

## શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

ગુજરાત વેપારી મહામંડળના બીન હરીફ
પ્રમુખ ચૂંટાતા
ધી બારેજા રાઈસ મીલ ઓનર્સ એન્ડ મીલર્સ
એસોસીએશનના સભ્યો તરફથી

# સન્માનપત્ર

**સન્માનીય કર્મવીર**
**શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ,**

અમદાવાદની ભાગોળે આવેલા ગામ બારેજા રાઈસ મીલ ઓનર્સ એન્ડ મીલર્સ એસોસીએશન જેણે આપની સદ્‌ભાવના હૂંફ અને માર્ગદર્શન અનુભવ્યા છે તે આજે આપ ગુજરાત વેપારી મહામંડળ જેવી વેપારીઓની શ્રેષ્ઠ સંસ્થાના પ્રમુખપદે બિનહરીફ ચૂંટાતાં આપનું સન્માન કરતાં હર્ષ અને ગર્વ અનુભવે છે.

યાગઃ કર્મેશુ કૌશલમ્ ! એ વિધાન પ્રમાણે કર્મ એજ આપના માટે યોગ છે. અર્થશાસ્ત્રી માટે વ્યવસાય કે વેપાર કરતાં અને તે કરતાં કરતાં વેપારી આલમની અને સમાજની સેવાના ધ્યેય ને પણ ન ચુકવું તે આપના જીવનનો માર્ગદર્શક સિદ્ધાંત રહ્યો છે.

અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટ એસોસીએશનને આપે નેતૃત્વ પુરૂ પાડયું અને તે અનુભવના બળે આપ ગુજરાત અનાજ વેપારી સંઘના પણ પ્રમુખ બન્યા અને અનાજના વેપારી વર્ગના પ્રશ્નોને હલ કર્યા.

વેપારી વર્ગ માટે ધીરાણની સગવડતા રાષ્ટ્રીયકૃત બેંકોમાં સંકોચાતી ગઈ ત્યારે આપ આગવી સુઝ વાપરી અન્ય મહોદયોના સાથ સહકારથી કાલુપુર કોમર્શીયલ કો. ઓ. બેંક લીમીટેડની સ્થાપના કરી અને વેપારીઓ માટે ધિરાણનો પ્રશ્ન સરળ બનાવ્યો. આ બેંકનો ઝડપી વિકાસ અને પ્રગતિ આપની કાર્યક્ષમતા અને કુનેહદષ્ટિની સાક્ષી પુરે છે. અખિલ હિન્દ અનાજ વેપારી મહામંડળના ઉપાધ્યક્ષ તરીકેની કામગીરી કરી આપે આપના સેવા કાર્યને રાષ્ટ્રીય ફલક પર પહોંચાડયું છે.

ગુજરાતના જાહેરજીવનનું એ સદ્‌ભાગ્ય છે કે આજે આપની પ્રવૃત્તિઓ વેપાર ક્ષેત્રે કે વેપારી આલમના હિતો પુરતી સિમિત નથી રાખી. ભારતીય શસ્ત્રોદ્ધાર સમિતિ તથા આગમ અનુયોગ ટ્રસ્ટના પ્રમુખપદને આપે શોભાવ્યું છે તે આપની ધાર્મિક ભાવનાની જાગૃતતા બતાવે છે,

સરકારશ્રી વેપાર તથા ઉદ્યોગોમાં એક યા બીજા નિયમો મારફતે ઘણા અંકુશો મુકતી જાય છે. વેપારી વર્ગ કાયદાઓની આંટીઘૂંટીમાં ગળાડૂબ ફસાતો જાય છે. અને એક પ્રકારની મુંજવણ તથા અસલામતી અનુભવતો જાય છે. આવા સમયે વેપારીવર્ગની ટોચની સંગઠન સંસ્થા-ગુજરાત વેપારી મહામંડળ ના પ્રમુખપદે આપ બિનહરીફ ચૂંટાયેલ છો તે વેપારી વર્ગ માટે રાહત રૂપ છે. આપ મંડળને સરકાર અને વેપારીઓ વચ્ચેની એક કડી બનાવશો. અને અટપટા પ્રશ્નોને સમજી તેની રજુઆત કરી ઉકેલ લાવવામાં સફળ થશો તે બાબતે અમો નિશ્ચિત છીએ.

આપની કાર્યદક્ષતા, સાલસતા, સાદાઈ, સદાચારી-જીવન ભાષાનું માધુર્ય, નમ્રપણું, મક્કમ સ્વભાવ આપ જે સ્થાને વિરાજ્યા છો તેને દીપાવવામાં અને સફળ બનાવવામાં અવશ્ય સહાયરૂપ બનશે તેનો અમને વિશ્વાસછે.

સર્વશક્તિમાન ઈશ્વર, વેપારી આલમની સેવા કરવાની આપને વધુ તક, બળ, આગવી સુઝ અને સ્વાસ્થ્ય સાથે દીર્ઘાયુ બક્ષે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ.

ફરીથી આપનું સન્માન કરતાં બારેજા રાઈસ મીલ ઓનર્સ એન્ડ મીલર્સ એસોસીએશન આનંદ અનુભવે છે.

બારેજા
જિ. અમદાવાદ
તા. ૨૭-૬-૮૨

ભવદીય
અમો છીએ
**ધી બારેજા રાઈસ મીલ ઓનર્સ એન્ડ મીલર્સ એસોસીએશન**

**સંસ્થા : શ્રી બારેજા રાઈસમીલ ઑનર્સ ઍન્ડ મીલર્સ એસોસીએશન**

અનાજ બજારના અગ્રણી

## શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

ગુજરાત વેપારી મહામંડળના બીન હરીફ
પ્રમુખ ચૂંટાતા
ધી અમદાવાદ ગ્રેઈન મરચંટ્સ એસોસીએશન
તરફથી

# સન્માનપત્ર



અમદાવાદ શહેરના પુરાણા અને પ્રતિષ્ઠિત મહાજનોમાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવતાં ધી અમદાવાદ ગ્રેઈન મરચંટ્સ એસોસીએશનના સભ્યો આપશ્રીનું સન્માન કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

આ મહાજનની પરંપરાગત પ્રણાલિઓમાં આપે આપના પ્રમુખસ્થાન દરમિયાન આગવી છાપ ઉભી કરી સંનિષ્ઠ સેવાઓ બજાવી છે તેને આપની ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખ તરીકે બીન હરીફ વરણી થતાં આ સંન્માનપત્ર દ્વારા બીરદાવતાં ઘણી ખુશી ઉપજે છે.

અનાજના વેપાર ઉપર નિયંત્રણો શરૂ થયાં ત્યારથીજ આપે કાયદાઓની આંટીઘૂંટીઓમાંથી સરળતા મેળવવા કેન્દ્ર સરકાર તથા ગુજરાત રાજ્ય સરકાર સમક્ષ જે કુશાગ્ર બુદ્ધિથી પ્રશ્નોને સહજ બનાવ્યાં છે તેમાં આપનામાં રહેલ ઉંડી સુઝનું દર્શન થયું છે. અને તે બદલ વેપાર ચલાવતાં આ મહાજનના સભ્યો જેટલી પ્રશંસા કરે તેટલી ઓછી છે.

સમયને પારખીને ધંધાકીય ફેરફારો અપનાવવા તે આપની વિશિષ્ટતા છે.

પ્રમાણિકતા, સંચાલનની તીવ્ર શક્તિને કારણે આપે વેપારના ક્ષેત્રે ખુબ જ નામના મેળવી છે. એ બદલ આ મહાજનના સભ્યો ખૂબ ગૌરવ લે છે.

લક્ષ્મી પ્રાપ્ત કરવામાં આપે જે કુશાગ્ર બુદ્ધિ વાપરી છે તેનાથી પણ અધિક લક્ષ્મીને સન્માર્ગે વાપરવા, દાનનો પ્રવાહ જાળવવા અને યોગ્ય અને ન્યાયી સખાવતો આપવામાં જે ઉદાર વલણ દાખવ્યું છે તે ખૂબજ પ્રશંસાને પાત્ર છે.

સંપત્તિ સાથે ધાર્મિક વલણ, ધાર્મિક ઉપાસના તેમજ દયાળું સ્વભાવ હોવો એ દૂર્લભ હોવા છતા આપનામાં એ જોવા મળે છે એથી અમારી છાતી ગજ ગજ ફૂલે છે.

અનાજ વેપારમાં,વેપારના બીજા મહત્વના ક્ષેત્રોમાં તેમજ ઉદ્યોગોમાં રહેલી અનેક જાણીતી વ્યક્તિઓમાંથી પણ આપની ગુજરાત વેપારી મહામંડળમાં પ્રમુખ તરીકે બીન હરીફ વરણી થઈ છે. તે તો આ મહાજનના સભ્યો માટેજ નહિ પરંતુ ગુજરાતના સમગ્ર અનાજના વેપાર માટે ઐતિહાસિક બીના નીવડશે.

આપના સદ્‌ગુણો હર હંમેશ આપની પ્રવૃત્તિમાં સતત મદદરૂપ રહેશે તેની ખાત્રી સાથે અમે અનેરો આનંદ અનુભવી રહ્યા છીએ.

સમગ્ર ગુર્જરાતના અનાજના વેપારીઓના ગુજરાત અનાજ વેપારી સંઘનું સંચાલન આપના પ્રમુખપણા નીચે દેદિપ્યમાન બન્યું છે એનો અમને ગર્વ છે.

આપની વય, ધાર્મિક વલણ, સદ્‌ભાવના, દયાળુપણું તેમજ આપના જીવનમાં વસેલ વિવેકબુદ્ધિ આપનું વ્યક્તિત્વ જાળવી રાખવામાં અને વધુ ઉજવળ બનાવવામાં ખૂબજ મદદરૂપ નીવડશે અને તેને લઈને આ મહાજનને હરહંમેશ અમુલ્ય માર્ગદર્શન મળતું રહેશે એ નિર્વીવાદ છે.

પરમકુપાળ પરમાત્મા આપને વેપારના ક્ષેત્રે, ઉદ્યોગના ક્ષેત્રે સામાજિક સંસ્થાઓની આપની સેવાઓમાં ઉત્તરોતર યશ અપાવતાં રહે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

આપના નિર્મળ સ્વાસ્થ્ય અને દિર્ધાયુ સાથે યશસ્વી કારકિર્દીની અમો પ્રબળ ભાવના સેવીએ છીએ.

રામનવમી તા.: ૨-૪-૮૨ — અમે છીએ સર્વ મતાદાર ભાઈઓ
અમદાવાદ

**સંસ્થા : અમદાવાદ ગ્રેઈન મરચન્ટ્સ એસોસીએશન**



## ગરવી ગુજરાતના ગૌરવસમા, કુશળ વહીવટકર્તા
## પરમ ધર્મપ્રેમી, કેળવણીના રાહબર અને પ્રજાના હિતચિંતક
# શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલને
# સન્માન પત્ર

વેપાર, ઉદ્યોગ અને માનવકલ્યાણનાં ક્ષેત્રોમાં આગવી પ્રતિભા ધરાવનાર અને પ્રતિષ્ઠા મેળવનાર શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલને -

મનુષ્યજીવન દુર્લભ છે, પરંતુ એવા મૂલ્યવાન માનવજીવનનો આપે ઉત્કૃષ્ટ અને દૃષ્ટાંતરૂપ થાય તેવો સદુપયોગ કરીને અમને સહુને ઉત્તમજીવનનો જીવંત આદર્શ પૂરો પાડ્યો છે. વેપાર અને ઉદ્યોગમાં કાબેલ વહીવટી સૂઝ દાખવવાની સાથોસાથ સંયમી, નિયમિત, ધર્મપરાયણ જીવનનું અનોખું સંયોજન આપના જીવનમાં પ્રતિબિંબિત થાય છે.

અનાજ બજારના તો આપ સદૈવ માર્ગદર્શક રહ્યા છો અને અમદાવાદ અનાજ બજારના ગ્રેઈન મરચન્ટ એસોસિએશનમાં કારોબારીના સભ્ય તરીકે જોડાઈને આપે ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે અનાજના વેપારીઓનું સંગઠન સાધી એમના પ્રશ્નોને પ્રાણવાન વાચા આપી છે. ગુજરાતના તમામ વેપારી મહાજનોને એક કરીને એમની મુશ્કેલીઓ અંગે આપે દઢ અને મક્કમ અવાજે યથાસ્થાને નિર્ભીક રજૂઆત કરી છે. એટલું જ નહિ, પણ એમના એકએક પ્રશ્નોનો ઉકેલ મેળવી આપ્યો છે. ગુજરાત જિનિંગ મિલ કપાઉન્ડમાં ગ્રેઈન મરચન્ટસ્ મ્યુચ્યુઅલ બિલ્ડિંગ સોસાયટીની સ્થાપનામાં મહત્ત્વનું યોગદાન આપ્યું.

કાળુપુરમાં અમદાવાદ ગ્રેઈન મરચન્ટ એસોસિએશન દ્વારા સમાજને ઉપયોગી દવાખાનાનું આયોજન, જરૂરિયાતવાળા કુટુંબને આર્થિક સહાય અને દીનદુઃખી માણસોને અનાજ વગેરેની મદદ આપવાની લોકોપયોગી પ્રવૃત્તિ એ આપની પ્રેરણાનું ઉત્તમ પરિમાણ છે.

૧૯૭૫માં અમદાવાદની વધતી જતી વસ્તીની મુશ્કેલી અને વેપારીઓની જરૂરિયાતને લક્ષમાં લઈને ખોખરા મહેમદાવાદમાં ભાલકિયા મિલની જમીન પર અનાજબજાર શોપ્સ એન્ડ વેરહાઉસિંગ સોસાયટીની સ્થાપના કરીને અદ્યતન સુવિધા ધરાવતી માર્કેટ ઊભી કરીને તેમજ માતબર દાન આપીને લોકોપયોગી દવાખાનું શરૂ કરીને આપે આપના હૃદયની કરુણા અને અનુકંપાનો પરિચય આપ્યો.

ગુજરાતના સમર્થ મહાજન શ્રેષ્ઠીવર્ય કસ્તૂરભાઈ લાલભાઈ તેમજ ઉદારહૃદયી શ્રેષ્ઠી શ્રી અમૃતલાલ હરગોવનદાસ સાથે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિના સમયમાં રાહતકાર્ય પહોંચાડવા માટે અથાગ મદદ કરી છે. બિહાર અને ગુજરાતમાં દુષ્કાળ સમયે આપની કામગીરી આજે પણ યાદગાર બની રહી છે. ૧૯૬૭ થી સંકટરાહત સમિતિ અને એ પછી સંકટનિવારણ સોસાયટીમાં અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિના સમયમાં આપની સેવાઓ હજારો સંકટગ્રસ્ત લોકોના દર્દ દૂર કરનારી અને આંખોનાં આંસુ લૂછનારી બની રહી છે.

અદ્યતન અનાજબજારની સ્થાપનાની સાથોસાથ લાઈસન્સ પદ્ધતિ દાખલ કરવાના મુદ્દા પર સમગ્ર દેશના વેપારીઓના એક ફેડરેશનની રચના થઈ અને તેમાં અમદાવાદ ગ્રેઈન મરચન્ટ એસોસિએશનના પ્રતિનિધિ તરીકે ફેડરેશનના ઉપપ્રમુખ તરીકે આપે યશસ્વી કામગીરી બજાવી. ૧૯૮૨-૮૩ માં ગુજરાત વેપારી મહામંડળના ઉપપ્રમુખ તરીકે અને ૧૯૮૩-૮૪ માં એના પ્રમુખ તરીકે આપની સેવાઓ અવિસ્મરણીય રહેશે.

ધી કાલુપુર કૉમર્શિયલ કો. ઓ. બૅન્ક લિ. ના સ્થાપક ચેરમેન તરીકેની આપની સેવાકીય સિધ્ધિ ગુજરાતના બેન્કિંગ ઈતિહાસમાં આદરપાત્ર ગણાશે. ૨૫૦ સ્કવેર ફૂટ જગ્યામાં એક લાખના શેરભંડોળ સાથે શરૂ થયેલી આ બેન્કે આજે પોતાના ભવ્ય અને વિશાળ મકાન ઉપરાંત જુદી જુદી સત્તર શાખાઓમાં ૩૩૧ કરોડની ડિપોઝીટ ધરાવીને ગુજરાતમાં પ્રથમ નંબરે અને ભારતમાં છઠા નંબરે સ્થાન ધરાવે છે. આપની સમાજસેવા અને ગૌ સેવાની ગવાહી તો કડી અને સાણંદમાં આપની સમાજલક્ષી લોકકલ્યાણની બહુવિધ પ્રવૃત્તિમાં દૃષ્ટિગોચર થાય છે. ૧૨૫ પથારીની કડીની ભાગ્યોદય હૉસ્પિટલના સ્થાપક પ્રમુખ તરીકે આપની સેવા આજ સુધી અવિરત ચાલુ રહી છે. કડી સર્વવિદ્યાલય અને એના છાત્રાલયમાં આપે અભ્યાસ કર્યો હોવાથી એનું કેળવણીનું ઋણ ફેડવા માટે એના ઉપપ્રમુખ તરીકે આપ તન, મન અને ધનથી સેવાઓ આપો છો. કડી સર્વવિદ્યાલયનું પિસ્તાળીસ એકરનું કેમ્પસ અનેક સંસ્થાઓ અને છાત્રાલયો ધરાવે છે. અહીંના કાળુપુર કન્યાકેળવણી સંકુલમાં છાત્રાલય અને પ્રાથમિક સ્કૂલથી માંડીને આર્ટસ કૉલેજ તેમજ કમ્પ્યૂટર શિક્ષણ વિભાગ પણ ચાલે છે. કડીના આ બંને સંકુલોમાં સાડા સાત હજાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે અને હવે ગાંધીનગર કેમ્પસમાં કાળુપુર બૅન્ક ફાર્મસી કૉલેજ ત્રણ કરોડના ખર્ચે તમારા ચેરમેનપદે શરૂ કરવાની તૈયારી થઈ ચૂકી છે. આ વિરાટ પડકારોને ઝીલવા માટે આપ પૂર્ણપણે સમર્થ છો. પોણા બે કરોડના ખર્ચે એક હજાર પાનાનાં વીસ ગ્રંથો ધરાવતા ગુજરાતી વિશ્વકોશના ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે, આ મહાન વિદ્યાયજ્ઞમાં આપનો ફાળો કેમ ભૂલી શકાય ?

કડીની જેમ સાણંદ પણ આપની સેવાઓનું સદભાગી બન્યું છે. અન્નક્ષેત્ર, છાશ કેન્દ્ર, માનવરહાત કેન્દ્ર, આંખની હોસ્પિટલ તેમજ આઈ. ટી. આઈ. વગેરે ચાલે છે.

આપની આ જ્વલંત સિદ્ધિઓથી પણ વિશેષ આપનું જૈનધર્મમય જીવન છે. અત્યંત ધનાઢ્ય હોવા છતાં આપ સાધુજીવન ગાળી રહ્યા છો. અત્યંત પ્રવૃત્તિશીલ હોવા છતાં પરોપકારનાં કામોમાં સદાય અગ્રણી રહ્યા છો, આથી જ આપ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રેરણારૂપ બની રહ્યા છો.

આપના જેવી વ્યક્તિનું સન્માન કરતાં અમે ગૌરવ અનુભવીએ છીએ. અમારી સંસ્થાઓ આને મોટું સદ્ભાગ્ય માને છે અને આશા રાખીએ છીએ કે આપનું શેષજીવન કલ્યાણકારી, અધ્યાત્મપૂર્ણ અને નીરોગી રહે. આપને દીર્ઘાયુ પ્રાપ્ત થાય અને સમાજનાં વિવિધ ક્ષેત્રોને આપનાં શક્તિ, સામર્થ્ય અને ભાવનાનો વધુ ને વધુ લાભ મળતો રહે તેવી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

અમદાવાદ

૨૫ જુન ૧૯૯૫. અમો છીએ, આપના સદાના અનુરાગી,

**બંસીલાલ મહાસુખભાઈ પટેલ** : પ્રમુખ : ધી અમદાવાદ ગ્રેઈન મરચન્ટ એસોસિયેશન

**બાબુલાલ મણીલાલ મોદી** : ચેરમેન : ગ્રેઈન મરચન્ટસ મ્યુચ્યુઅલ બિલ્ડિંગ શૉપ્સ ઍન્ડ વેરહાઉસિંગ સો. લિ.

**મહેન્દ્રભાઈ મણીલાલ શાહ** : વાઈસ ચેરમેન : અનાજ બજાર કો-ઑપરેટીવ શૉપ્સ ઍન્ડ વેરહાઉસિંગ સો. લિ.



# સન્માન પત્ર

સન્માનનીય કર્તવ્યનિષ્ઠ,
શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
પ્રમુખશ્રી ગુજરાત વેપારી મહામંડળ

અમારા ગામની વેપાર તથા ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિના સૂત્રધારા એવા આપશ્રીની અનેકવિધ સેવાઓથી અમારા હૃદયમાં રહેલી આપ પ્રત્યેની સદ્‌ભાવની લાગણી આ નાનકડા પ્રતીકરૂપે સન્માનપત્ર દ્વારા વ્યક્ત કરીએ છીએ.

આપશ્રીએ સાધારણ વેપારી તરીકેની કારકીર્દીથી શરૂઆત કરી વેપારની અસાધારણ કુનેહ, સતત પ્રયત્ન, સાહસિકતા અન પ્રામાણિકતાને લીધે વેપાર, કમિશન એજન્ટ તથા અન્ય ઔદ્યોગિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી શક્યા છો.

ધનોપાર્જન એજ આપના જીવનનું એકમાત્ર ધ્યેય ન રહેતાં સમાજોપયોગી કાર્ય એ આપના જીવનનો મંત્ર બની ગયો છે. ગુજરાતના વિકાસનાં ઉત્તમકાર્યો કરવા છતાં પણ આપશ્રી જલકમલવૃત્‌ની માફક કીર્તિથી હમેશાં અલિપ્ત રહ્યા છો. 'જનસેવા એ પ્રભુસેવા, એ મંત્ર જીવનમાં ઉતારી આપશ્રીએ મહાનસૂત્રને જીવનમાં સાર્થક કર્યુ છે. આપશ્રીની ભાષામાં મધુરતા, વિચારોમાં શુદ્ધતા, વર્તનમાં સરળતા, નખશિખ પ્રામાણિકતા, વિકટ પ્રશ્નોના ઉકેલની હૈયાસૂઝ વગેરે ગુણો અન્ય કાર્યકર્તાઓને હમેશાં માર્ગદર્શક બની રહેશે એવું અમે હૃદયપૂર્વક માનીએ છીએ. આપશ્રી અજાતશત્રુ રહ્યા છો તેજ આપના જીવનનું સાફલ્ય છે.

ગુજરાત વેપારી મહામંડળ, ગુજરાત અનાજવેપારી સંઘ, ન્યૂ ગ્રેઈન માર્કેટ ચેરીટેબલ ટ્રસ્ટ, સંકટ નિવારણ સોસાયટી વગેરે જાહેર સંસ્થાઓ દ્વારા દરિદ્રનારાયણ અને દુઃખીઓની સેવા કરવા છતાં પણ આપશ્રીએ કદાપિ સત્તાલાલસા રાખી નથી તે નિષ્ઠાવાન કાર્યકરોને પ્રેરણારૂપ છે. ધી કાળુપુર કોમર્શિયલ કો. ઓ. બેંક લિ. અમદાવાદ તથા બાવળા શાખા દ્વારા બાવળાની સાહસિકતાને ઉત્તેજન તથા આર્થિક સગવડતા કરી આપી સંસ્થાકીય પ્રગતિનાં ઉત્તરોત્તર સોપાન સર કરવામાં આપશ્રીએ આપેલ અમૂલ્ય ફાળા માટે બાવળા ગામના નાગરિકો તથા વેપારી મંડળો આપશ્રીને અભિનંદન આપતાં ધન્યતા અનુભવે છે.

આપશ્રી સાણંદના વતની હોવા છતાં પણ અમારા બાવળા ગામને વતન જ માની સદાય અમારા હિતચિંતક, માર્ગદર્શક તથા સર્વાંગી પ્રગતિના અમારા પ્રાણરૂપ રહ્યા છો.

લક્ષ્મી, ધર્મ અને સમાજસેવાના ત્રિવેણી સંગમ સમાન આપશ્રીને પરમકૃપાળુ પરમાત્મા તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય બક્ષે તથા આપના સર્વ પ્રકારના મનોરથો ઈશ્વર પૂર્ણ કરે તેવી પ્રાર્થના કરીએ છીએ.

અમો છીએ

બાવળા — બાવળા ગામના નાગરિકો ગ્રેઈન મરચન્ટ્સ, કોટન મરચન્ટ્સ
તા. ૫-૪-૧૯૮૨ — તથા ઓઈલ મરચન્ટ્સ એસોસિયેશનના સભ્યો

સંસ્થા : બાવળા ગામના નાગરિકો, અનાજ/રૂ/તેલના વેપારીઓના એસોસીએશનો



ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખપદે વરણી થતાં

## શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલને.........

# સન્માનપત્ર

બહુગુણા આપશ્રીને સન્માનપત્ર અર્પણ કરતાં અમો અનેરો આનંદ અનુભવી રહ્યા છીએ.

લક્ષ્મી હોવા છતાં આપની સેવા કરવાની સંનિષ્ઠ ભાવના આપના વ્યકતત્વને વધુને વધુ ઉજ્વળ બનાવે છે.

દેવાધીદેવને પ્રિય એવા ધાર્મિક નિત્યકર્મને જીવનમાં વણી દઈને આપે જીવનને ધન્ય બનાવવા ઉપરાંત ધાર્મિક ક્ષેત્રે આપે ઉમદા સેવા બજાવવાના ઉત્તમ કોડ સેવ્યા છે.

વતનનું ઋણ અદા કરવા આપે આપના વતન સાણંદ તેમજ સાણંદ તાલુકામાં શૈક્ષણીક ક્ષેત્રે ઉદાર સખાવતો આપી અનેક સંસ્થાઓને બેઠી કરી છે. સાણંદમાં બહુજન માટે વિશાળ વાડી બંધાવી આપી છે કે જેની આવકમાંથી જનકલ્યાણના કાર્યોને વેગ મળી શકે. લાયન્સ કલબ, ભગિની સમાજ તથા નવર્નિમાણ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા અન્નક્ષેત્રે તેમજ છાશ કેન્દ્રનો પ્રબંધ કરી વિસ્તૃત રીતે સેવાથી આપ વંચિત રહ્યા નથી.

ભાષામાં મધુરતા, વિચારોમાં શુદ્ધતા અને વર્તનમાં સરળતા આપને હરેક કાર્યોમાં સૌનો પ્રેમ, યશ, અને સફળતા અપાવે છે.

ઈતર બાબતોમાં રસ લેતા આપ નિયમિતતાને વરેલા છો. શુભ કાર્યોમાં કર્તવ્યનિષ્ઠ, સંનિષ્ઠ ભાવના તેમજ નિરાભિમાનપણું આપની ઉત્તરોત્તર યશસ્વી અને ઝળહળતી કારકિર્દી પ્રાપ્ત થવાની નિશાનીરૂપ છે.

ડોસાભાઈ પરિવારની ઉન્નતિમાં આપ અગ્રેસર છો. ભ્રાતૃભાવ આપની રગેરંગમાં પ્રસરેલો છે. આપના સુપુત્રો શ્રી બચુભાઈ તથા શ્રી બકાભાઈમાં ધાર્મિક ભાવના અને સૌજન્યતા કેળવવામાં આપનો અમુલ્ય ફાળો છે. આપનાં ધર્મપત્નિ રૂક્ષ્મણીબહેન ખરેખર જ રૂક્ષ્મણીદેવી છે. તેમના ઉચ્ચ સંસ્કાર, વાત્સલ્યભાવ અને સુશીલતા આપના સત્કર્મોમાં સહભાગી છે.

સાદાઈ, સરળતા, સદાચાર અને સમાજ સેવા આપના જીવનમાં મુખ્ય ધ્યેય બન્યા છે. તે બદલ આપ અભિવાદન અને ધન્યવાદને પાત્ર છો.

ભારતીય શાસ્ત્રોદ્ધાર સમિતિના તથા આગમઅનુયોગ ટ્રસ્ટના પ્રમુખ પદે આપ બિરાજમાન છો તેજ બનાવે છે કે આપણી સનાતન સંસ્કૃતિ પ્રત્યે આપનો ઉંડો અનુરાગ છે એટલું જ નહિ પરંતુ તેના ઉપાસક રહી તેના કલ્યાણકારી પ્રસારણ માટે તન્મય છો.

ઈશ્વર આપને દિઘાર્યુ બક્ષે અને આપ ઉત્તરોત્તર પ્રગતિ અને ઉન્નતિના સોપાન સિદ્ધ કરો એવી અમારી અંતઃકરણપૂર્વકની શુભેચ્છા પાઠવીએ છીએ.

પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે આપે જે જે પદવીઓ પ્રાપ્ત કરી છે તેનું સંનિષ્ઠ ભાવે નિઃસ્પૃહી સંચાલન કરો અને આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરો એવી પ્રાર્થના છે.

ટેક આપના અનેક સદ્‌ગુણોમાંનો એક છે. સર્વધર્મ પ્રત્યેની સમભાવના, સામાન્ય માનવીના ઉત્કર્ષ માટે મદદરૂપ થવાની વૃત્તિ તેમજ ઈશ્વરથી ડરીને વ્યવસાયમાં ઓતપ્રોત રહેવાની આપની મહેચ્છા તથા ટેક પાળવાનું બળ ભગવાન બક્ષે એવી હાર્દિક શુભેચ્છા પાઠવતાં અમે હર્ષ અનુભવીએ છીએ.

લક્ષ્મી હોવા છતાં આપ નિરાભિમાની અને નમ્ર છો. ધન પ્રાપ્તિ સતત ઉભરાતી રહી છે પરંતુ તેનો સન્માર્ગે દાન અને સમાજ સેવામાં ન્યાયી અને ઉદાર સખાવતો આપના લક્ષ્યબિંદુ છે. ધંધાકીય પ્રવૃત્તિમાં ઓતપ્રોત છતાં સામાજીક ક્ષેત્રે અને વ્યવસાયમાં આપે ખૂબ રસ લીધો છે. આપના સદ્‌ગુણોને લઈને અનેક ક્ષેત્રો આપની સેવા ઈચ્છે છે. આજના આપના ગુજરાત વેપારી મહામંડળ, ગુજરાત અનાજ વેપારી સંઘ, ધી કાળુપુર કોમર્શીયલ કો. ઓ. બેંક લી., ન્યુ ગ્રેઈન મારકેટ ચેરીટેબલ ટ્રસ્ટ, સાર્વજનિક ટ્રસ્ટ સાણંદ, આગમ અનુયોગ ટ્રસ્ટ, ન્યુ ગ્રેઈન મારકેટ તથા કડી તાલુકા પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ સ્થાને તથા અખિલ હિંદ અનાજ વેપારી મહામંડળના ઉપાધ્યક્ષ તરીકેના હોદ્દાનું સંચાલન દાખલારૂપ બની રહ્યું છે. મિલમાલિક મંડળ સંચાલીત સંકટ નિવારણ સોસાયટીના સહમંત્રી તરીકેની અસ્ખલીત સેવાઓ સોનેરી અક્ષરે લખાશે. આવા એક મહામાનવ મહાનુભાવનુ સન્માન કરવાનું અમે સાણંદની વિવિધ સંસ્થાઓ અમારૂં અહોભાગ્ય સમજીએ છીએ.

ફાગણ વદ ૬ સોમવાર તા. ૧૫-૩-૮૨

સ્થળ :- સાણંદ

**ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશન**
**તમાકુ વહેપારી મહામંડળ**
**કાપડ મહાજન એસોશીએશન**
**કરીયાણા મરચન્ટ એસોશીએશન**
**સાણંદ નગર પંચાયત**
**અર્બન કો.ઓ.બેંક.લી.**
**લાયન્સ કલબ ઓફ સાણંદ**

**નવનિર્માણ કલબ**
**નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ**
**ટાઉન કલબ ઓફ સાણંદ**
**રેડક્રોસ સોસાયટી**
**યુથ હોસ્ટેલ એસોશીએશન**
**સાણંદ તાલુકા હોમગાર્ડઝ યુનિટ**
**નવસર્જન મિત્રમંડળ**

**મલ્ટી પરપઝ સોસાયટી**
**ખરીદ વેચાણ સંઘ સાણંદ**
**ભગીની સમાજ**
**સાણંદ તાલુકા ખેડૂત સમાજ**
**સ્થાનકવાસી જૈન સંઘ**
**જૈન યુવક મંડળ**
**જામલીયા યુવક મંડળ**

**સંસ્થા : ગુજરાતની વિવિધ ૨૧ સંસ્થાઓ દ્વારા**

આધ્યાત્મિક આંતરિક મંડળ, સાણંદ તરફથી

**શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ**

પ્રમુખશ્રી, ગુજરાત વેપારી મહામંડળને અર્પણ થયેલ

# સન્માન પત્ર

સુજ્ઞ શ્રેષ્ઠિવર્યશ્રી,

સાણંદના પનોતા, બહુગુણ સુપુત્રને સન્માનતા અને આ સન્માનપત્ર અર્પણ કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

સંપત્તિ અને સમૃધ્ધિ સાથે આપનામાં રહેલાં સાદાઈ, સદાચાર, સરળતા અને સમાજસેવાની સન્નિષ્ઠ અને ઉત્કૃષ્ટ ભાવનાના પરિપાક રૂપે થતી ઉદાર સખાવતો આપના વ્યકતીત્વને ખૂબજ ઉજ્જવળ બનાવી રહ્યાં છે.

વ્યવસાયિક જીવનમાં પણ ધાર્મિક નિત્યકર્મને અગ્રસ્થાન આપીને આપે અત્યંત પ્રવૃત્તિમય જીવનમાં પણ ધાર્મિક ક્રિયાઓ સહજ રીતે થઈ શકે છે તેનો સુંદર દાખલો પૂરો પાડયો છે. આપના ધર્મપત્ની શ્રી રૂક્ષ્મણીબહેન તેમના ધાર્મિક સંસ્કાર, વાત્સલ્યભાવ અને સુશીલતા દ્વારા આપની સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સહકાર આપી, સહભાગી બની રહ્યાં છે, એ ખૂબજ અનુકરણીય છે.

પોતાના વતન સાણંદનું ઋણ અદા કરવા સાણંદ અને સાણંદ તાલુકામાં સામાજિક અને કેળવણી ક્ષેત્રે ઉદાર સખાવતો આપી, આપે અનેક સંસ્થાઓને બેઠી કરી છે.

આધ્યામિક આંતરિક મંડળ સંચાલિત 'સાર્વજનિક ઔષધાલય'ના મકાન માટે જમીન તેમજ નાણાંકીય સહાય આપી તેના કાર્યને પ્રેરણા અને વેગ આપ્યાં છે.

નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા અન્નક્ષેત્ર તેમજ છાશકેન્દ્રનો પ્રબંધ કરીને સાણંદની જનતાને સારી સહાય કરી છે.

આપનાં ભાષામાધુર્ય, વિચારશુદ્ધિ અને સરળ વર્તન દ્વારા આપ આપના હરેક કાર્યમાં સૌનો પ્રેમ, સહકાર સંપાદન કરી, યશ અને સફળતા મેળવી શકયા છો.

ગુજરાત વેપારી મહામંડળ, ગુજરાત અનાજ વેપારી સંઘ, ધી કાળુપુર કોમર્શીયલ કો. ઓ. બેન્ક, ન્યુ ગ્રેઈન માર્કેટ ચેરીટેબલ ટ્રસ્ટ, નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ, આગમ અનુયોગ ટ્રસ્ટ, કડી તાલુકા પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, અખિલ હિંદ અનાજ વેપારી મહામંડળ તેમજ ગુજરાત સંકટ નિવારણ સોસાયટી વગેરે સંસ્થાઓના સંચાલનમાં આપનો ફાળો યશસ્વી બની રહ્યો છે.

આપના દ્વારા ગુજરાત અને ભારતની વધુને વધુ સેવા થતી રહે તે માટે સંપુર્ણ સ્વાસ્થ્યયુક્ત દીર્ધાયુષ્ય આપને મળે તેવી પ્રાર્થના સાથે ખૂબજ સન્માન અને સ્નેહ પૂર્વક આ સન્માન પત્ર આપશ્રીને અર્પણ કરીએ છીએ.

આપના ગુણાનુરાગી,

**આધ્યાત્મિક આંતરિક મંડળના સભ્યો વતી,**

**રતિલાલ પીતાંબરદાસ પટેલ**

પ્રમુખ

સ્થળ :- સાણંદ

તારીખ :- ૨૪-૧૦-૮૨

**સંસ્થા : આધ્યાત્મિક આંતરિક મંડળ, સાણંદ**

સન્માનપત્ર

## જૈન જાગૃતિ સેન્ટર - કર્ણાવતી
## જૈન સમાજના જ્યોતિર્ધર તરીકે

# સન્માનપત્ર

વિરલ ધર્મપ્રેમી અને અડગ કાર્યનિષ્ઠ **શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ**

જૈન ધર્મની મહાન ભાવનાઓને લક્ષમાં રાખીને શ્રી જૈન જાગૃતિ સેન્ટર - કર્ણાવતીએ જિનશાસનની ભ્રાતૃભાવ અને જનસેવાની ભાવનાના પ્રસાર અને પ્રચાર માટે એના સ્થાપનાકાળથી અવિરત પ્રયાસ કર્યો છે. જૈન ધર્મના આચાર અને વિચાર વિશે સમાજમાં જાગૃતિ આવે અને એના ધર્મ-સિધ્ધાંતોથી જીવનમાં શાંતિ અને સમતા જાગે તે માટે જૈન જાગૃતિ સેન્ટર કર્ણાવતી વિભિન્ન કાર્યક્રમો અને પ્રવચનો યોજે છે. જૈનોના ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચે એકતા અને સંગઠનની ભાવના જગાડવાનો આ સેન્ટરની પ્રવૃત્તિઓનો હેતુ છે. આ સેન્ટરે ઠંડા પાણીની પરબ, કોમ્પ્યુટરના વર્ગો કે વિવાહોત્સુક યુવક-યુવતીઓનો યુવામેળો યોજીને જનસમાજને વ્યાપક રીતે ઉપયોગી થવાનો આશય રાખ્યો છે. તે મુજબ આજે સમાજમાં પોતાના પ્રયત્ન અને પુરુષાર્થથી વિશિષ્ટ પ્રભાવ પાડનાર અને સેવાધર્મ બજાવતા જૈન સમાજના જ્યોતિર્ધરો સમી વ્યક્તિઓનું બહુમાન કરવામાં આવી રહ્યું છે.

આપને આ સન્માન-પત્ર આ સમારંભના પ્રમુખ આદરણીય શ્રી દીપચંદભાઈ ગાર્ડીને હસ્તે અર્પતાં અમે આનંદ અને હર્ષની લાગણી અનુભવીએ છીએ. માત્ર જૈન સમાજમાં જ નહીં, બલ્કે આપની આસપાસના સમગ્ર સમાજમાં આપની સુવાસ ફેલાયેલી છે. અડગ કાર્યનિષ્ઠા અને સતત ધ્યેયપ્રાપ્તિની મથામણ એ આપના જીવનમાંથી મળતો સંદેશ છે. પોતાની શક્તિનો માત્ર અંગત લાભ માટે ઉપયોગ કરવાને બદલે એને સાર્વત્રિક ક્ષેત્રોમાં પ્રસરાવી છે અને એ રીતે જૈનધર્મનાં અહિંસા, સમતા અને સત્યનિષ્ઠા જેવા ગુણોની જ્યોતિનો પ્રકાશ પાથર્યો છે.

આ તબક્કે, આપને અમે અંતઃકરણનાં અભિનંદન પાઠવીએ છીએ. જૈન સમાજની વધુ ને વધુ સેવામાં આપ નિમિત્ત બનો એવી અભ્યર્થના પ્રગટ કરીએ છીએ. આપની કારકિર્દી વધુ ને વધુ વિસ્તૃત, કીર્તિદાયક અને ગૌરવ વધારનારી બને એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

**રવિવાર, ૩૧ માર્ચ, '૮૫**
**સ્થળ : ટાગોર મેમોરિયલ હોલ**

મનુભાઈ મણિયાર
[મહામંત્રી]

શ્રી રજનીકાંત સંઘવી
[ચેરમેન]

**સંસ્થા : જૈન જાગૃતિ સેન્ટર, અમદાવાદ**

ॐ अर्हन्

॥ નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ ॥

# સન્માન  પત્ર

**શ્રીયુત બળદેવભાઈ ડોસાભાઈ** — **જન્મ તા. ૭-૨-૧૯૧૭**

**ધર્મપદ્મ વિભૂષણ,**

**શ્રીયુત બળદેવભાઈ ડોસાભાઈ પટેલ (બી.ડી. પટેલ કોટન કું.)**

આપશ્રીને આજે સન્માન-પત્ર અર્પણ કરતાં શ્રી સમસ્ત સ્થા. જૈન સંઘો આનંદ વિભોર બની રહ્યા છે, અને ધન્યતા અનુભવી રહ્યા છે. આપશ્રી ગુજરાત વહેપારી મહામંડળની કારોબારીમાં સન્ ૧૯૭૪માં ચુંટાઈ આવ્યા બાદ આપની કાર્ય કરવાની આગવી સુઝ, પ્રતિભાથી આપ ગુજરાત વહેપારી મહામંડળમાં ઉપ-પ્રમુખના હોદ્દાને સર્વ સંમતીથી પ્રાપ્ત કર્યા બાદ આપશ્રીની તા. ૨૪-૨-૮૨/૮૩ માટે પ્રમુખ તરીકેની વર્ણી થતા અમદાવાદના સમસ્ત સ્થા. જૈન સંઘો તથા જન સમાજ ગૌરવ અનુભવે છે. આપની સેવા કરવાની તત્પરતા, નમ્રતા, દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે અથાગ અને અખૂટ શ્રદ્ધા વિ. સદ્ગુણો સાથે જે ધાર્મિક, સામાજીક ક્ષેત્રે જે આગવું સ્થાન ધરાવો છો તે અસાધારણ સિદ્ધિ ગણી શકાય, તે માટે અભિનંદન અને ધન્યવાદને પાત્ર છો. વેપારને લગતા જુદા જુદા ક્ષેત્રોના પ્રશ્નો હલ કરવાની આગવી સૂઝને કારણે આપ ટૂંક સમયમાં જ ગુજરાત વહેપારી મહામંડળના પ્રમુખના ઉચ્ચ હોદ્દાને પામ્યા છો. તે માટે આપશ્રી અભિનંદનને પાત્ર છો. આપશ્રી વામનમાંથી સ્વબળે જ વિરાટ સ્વરૂપ બની, ધાર્મિક, સામાજીક, ધંધાકીય નાની - મોટી સંસ્થાઓ સાથે જોડાયેલા છો.

આજે કાલુપુર કોમરશીયલ કો-ઓ. બેંકમાં આપ આગવું સ્થાન ધરાવો છો, આપે ચેરમેનપદે રહી બેંકને આગવું સ્થાન અપાવ્યું છે. નાના-મોટા વહેપારીઓને ધંધાના ક્ષેત્રે આપ ઉપયોગી બન્યા છો. તે માટે અભિનંદન.

આપે જે ધરતીમાં જન્મ લીધો તે ધરતીને ધન્ય છે. આપના માતા તથા પૂ. પિતાજી ધર્મપ્રેમી **શ્રી ડોસાભાઈ**એ આપને ધર્મના સંસ્કાર રેડયા તથા આપના સુપુત્રો ધર્મપ્રેમી શ્રી **બચુભાઈ** તથા શ્રી **બકાભાઈ** તથા આપના ધર્મપત્ની **રૂક્ષ્મણીબેન**ને તથા ભાઈઓને ધન્ય છે કે આપના શુભ માર્ગની અનુમોદના કરી રહ્યા છે. આપ માનવ જન્મ પ્રાપ્ત કરીને કુટુંબ, સમાજ, ધર્મ અને ગુજરાત વહેપારી મહામંડળ તેમજ રાષ્ટ્ર પ્રત્યે જે ઉમદા કર્તવ્ય બજાવી રહ્યા છો તે જીવન જીવવાની સાર્થકતા બતાવે છે. જે કુટુંબે, સમાજે જૈન શાસનની સેવા કરવાની તક આપી છે, મળી છે તેનું યત્કિંચિત ઋણ ચૂકવવાની આપની ઉચ્ચ ભાવના વંદનને પાત્ર છે. અનેક કાર્યોમાં રોકાયા હોવા છતાંય દરરોજનો ધાર્મિક નિત્યક્રમ, રગેરગમાં, હાડહાડની મિજ્જાએ પ્રસરાયેલો જોઈ આપને અભિનંદન પાઠવીએ છીએ. તન-મન-ધનથી જૈન-જૈનેતર સમાજની સેવા કરી આપે આગવી અને અનોખી પ્રતિભા ઉભી કરી છે. આપે દાનનો પ્રવાહ વહેવડાવી ધર્મની ઉત્તમોત્તમ પ્રભાવના કરી, સંત-સતીજીઓની વૈયાવચ્ચ કરી ધર્મવીર બન્યા છો. દીન-દુઃખી કે બિમારને જોઈ આપનું અનુકમ્પાશીલ દિલ તેમને મદદ કરવા તત્પર બને છે અને સાદાઈ, સરળતા, નીરભિમાની બની સમાજના સહૃદયી બન્યા છો.

ઓછું બોલવું અને કામ વધારે કરવું એ સિદ્ધાંતને આપે જીવનમાં વણી લઈ આપ ગંભીર બન્યા છો. વિચાર, વાણી, વર્તનનો સુમેળ આપને દરેક કાર્યમાં સૌનો પ્રેમ, યશ અને સફળતા અપાવે છે. નાનામાં નાના માનવીની વાત આપ સાંભળો છો તે જ આપની નમ્રતાની નિશાની છે.

માંદરે વતન સાણંદમાં અનેક નાની-મોટી સંસ્થાઓમાં દાન આપી, છાશ કેન્દ્ર ચલાવી તેમજ શ્રી **બળદેવભાઈ ડોસાભાઈ** ટ્રસ્ટ વાડી બનાવી વતનનું ઋણ અદા કરી રહ્યા છો તે માટે અંતરના ધન્યવાદ.

આવા **હિરલા** અને **વિરલા**, આદર્શ અને સદ્ગુણોના ભંડાર, શક્તિ સંપન્ન, દાનેશ્વરી, પ્રભાવશાળી, નિરભિમાની, ગંભીર, સદાચારી, સેવાશીલ ઉદાર વ્યક્તિને પ્રાપ્ત કરીને સમસ્ત સ્થા. જૈન સંઘો, જૈન સમાજ ગૌરવ અનુભવે છે.

આપ દીર્ઘાયુષી બનો અને ગુજરાત વહેપારી મહામંડળના પ્રમુખના ઉચ્ચ હોદ્દાને ખૂબખૂબ દિપાવો, દરેક ક્ષેત્રે આપને સફળતા, અને વિજયની વરમાળા મળે એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ. આપ દિન-પ્રતિદિન ઉન્નતિ અને પ્રગતિ કરી સિદ્ધિના સોપાન સર કરો એજ શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

**શાસનના શરણે શુભ તમારૂં હો**

**કલ્યાણ તમારૂં હો, ભદ્ર તમે પામો**

**॥ शिवास्ते पन्थान ॥**

સન્માન સમારોહ દિન : સંવત ૨૦૩૮ના ફાગણ સુદ ૧૨ ને રવિવાર તા.૭-૩-૮૨ના રોજ બપોરના ૨-૩૦ કલાકે

સન્માન સ્થળ :-

**શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ**

ઘી કાંટા, નગરશેઠના વંડામાં, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

અમો છીએ આપના ગુણાનુરાગી

卐

**શ્રી સમસ્ત સ્થા. જૈન સંઘો**

અમદાવાદ.

**સંસ્થા : શ્રી સમસ્ત સ્થાનકવાસી જૈન સંઘો**

ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખપદે તથા જાણીતા સમાજ સેવક

## શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું

જાહેર સન્માન

# સન્માનપત્ર



**પરમ આદરણીય શ્રી. બળદેવભાઈ,**

જનકલ્યાણના કાર્યને જીવનકાર્ય તરીકે અપનાવી લોકજીવનને ઉન્નત બનાવવાની દિશામાં આપ સતત પુરુષાર્થરત રહ્યા છો. આપની એ નિષ્ઠા, ઊંડી સૂઝ અને કાર્યદક્ષતાથી પ્રેરાઈ સમાજની આગલા હરોળની પ્રતિષ્ઠિત સંસ્થાઓ આપનું નેતૃત્વ પ્રાપ્ત કરવા ઉત્સુક બને તેને પરમ ઉત્કર્ષનો પ્રસંગ લેખી શકાય. 'ગુજરાત વેપારી મહામંડળ' તથા 'ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી' જેવી અખિલ ગુજરાતની સંસ્થાઓના પ્રમુખપદે આપની વરણી થાય ત્યારે આપના ગુણાનુરાગી અમે સૌ અત્યંત પ્રસન્નતા અને ધન્યતાનો અનુભવ કરીએ છીએ. ચાર-પાંચ દાયકા જેટલા દીર્ઘકાળની સમાજલક્ષી આપની સેવાઓના ઋણભારમાંથી યત્કિંચિત્ મુક્ત થવાના શુભ હેતુથી આજના આ સમારંભનું આયોજન કરી આપનું જાહેર સન્માન કરતાં અમે ભારે ગૌરવ અનુભવીએ છીએ.

અમદાવાદ જિલ્લાના સાણંદ કસ્બામાં એક અલ્પસાધન પરિવારમાં આપનો જન્મ, સતત સંઘર્ષરત રહી સાધારણ વેપારી તરીકે કારકિર્દીની શરુઆત કરી. પુરુષાર્થ અને આવડતના કારણે સફળતાનાં સોપાનો સર કરતા આપ વિકાસના પંથે આગળ વધતા રહ્યા. સાહસિકતા, વહીવટી કુનેહ અને કર્મઠતાના બળે એક પ્રતિષ્ઠિત વેપારી તરીકેનો મોભો ટૂંકા ગાળામાંજ આપે પ્રાપ્ત કર્યો. તેમજ ક્રમશઃ જુદી જુદી વેપારી પ્રવૃત્તિઓને સાચો દોર આપવા જે જે મહત્વના સ્થાનો પ્રાપ્ત કર્યા છે તે આપની કાર્યકુશળતા, નિષ્ઠા, દીર્ઘદૃષ્ટિ અને દૂરંદેશીપણું બતાવી આપે છે. આના સંકલનમાં વેપારી ક્ષેત્રની સામાજીક સેવા આપવાની પ્રવૃત્તિઓમાં પણ આપે પાછી પાની કરી નથી તે સંકટ-નિવારણ સોસાયટી દ્વારા આપે કરેલા મહત્તમ સેવાઓની પ્રતિતિ પાડે છે. સામાજીક કાર્યો તેમજ ગરીબ અને મધ્યમ વર્ગની મુશ્કેલીઓને સાચા અર્થમાં સમજીને જે દાનનો પ્રવાહ જાળવી રાખ્યો છે તે આપની સેવાત્મક ઉર્મિઓનું પ્રતિબિંબ પાડે છે. આ વિશિષ્ઠતા માટે આપને હાર્દિક ધન્યવાદ પાઠવીએ છીએ.

પૂજ્ય માતા-પિતાના ધાર્મિક સંસ્કાર આપને વારસામાં પ્રાપ્ત થયા હતા. શ્રી સાથે સંસ્કારનો આમ સુમેળ થયો. લોકજીવનને સંસ્કારવામાં તથા પ્રજાનાં શીલ અને ચારિત્ર્યને વિશુદ્ધ રાખવામાં ધર્મ એ મહત્વનું પરિબળ છે એ તથ્યની પ્રતીતિ થતાં આપે એ દિશાનો પુરુષાર્થ આરંભ કર્યો. પ્રાચીન ભારતની ભવ્ય પરંપરાને પુનઃ અનુપ્રાણિત કરવા માટેનાં વિવિધ આયોજનોમાં આપે સક્રિય સાથ આપ્યો. પ્રજામાં ધર્માભિમુખતા અને ધર્માનુરાગ પ્રગટાવવાના હેતુથી ચલતાં અનુષ્ઠાનોનું આપે નેતૃત્વ ગ્રહણ કર્યું ; 'અખિલ ભારતીય શાસ્ત્રોદ્ધાર સમિતિ' તથા 'આગમ અનુયોગ ટ્રસ્ટ'ના પ્રમુખપદે રહી આપે એ દિશાના કાર્યને ગતિશીલ બનાવ્યું.

પીડિતો પ્રત્યેની સહાનુભૂતિ એ આપના વ્યક્તિત્વનો ઉમદા ગુણ માનવ કરુણાથી પ્રેરાઈ સમાજનાં દીન-હીન જનોને આપે આપ્તજન તરીકે સ્વીકાર્યાં છે. 'સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ'ના પ્રમુખપદે રહી 'અન્નક્ષેત્ર' તથા 'છાશકેન્દ્ર'નું આપે કુશળ સંચાલન કરેલ છે. 'ગુજરાત કેન્સર સોસાયટી'ના કોષાધ્યક્ષ તરીકેની આપની સેવાઓ કરુણાભાવની પ્રતીતિરૂપ છે. મીલ-માલિક મંડળ તથા વેપારી મહામંડળ સંચાલિત 'સંકટ નિવારણ સોસાયટી'ના મંત્રીપદે રહી દુષ્કાળ, અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિના કપરા કાળમાં પીડિતો માટેના સેવાકાર્યમાં આપનો ફાળો ગણનાપાત્ર રહ્યો છે. આ રીતે દરિદ્રનારાયણની સેવાના વ્રતધારી રહી લોકોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. આપના વ્યક્તિત્વનું આ પાસું આપના ઊંચા પ્રકારના શીલની પ્રતીતિ કરાવે છે.

શિક્ષણને પ્રજા-ઘડતરના પાયારૂપ માની આપે શૈક્ષણિક સંસ્થાઓના વિકાસમાં ઊંડો રસ દાખવ્યો છે. આ ક્ષેત્રે આપની ઉદાર સખાવતો એના પ્રમાણરૂપ છે. વેપાર તથા વાણિજ્યના ક્ષેત્રે આપનું આગવું પ્રદાન છે. 'ધી કાળુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ'ના સ્થાપક-પ્રમુખ તથા કર્ણધાર તરીકેની આપની સેવાઓ જાણીતી છે. આ બેંકને દૃઢમૂલ બનાવવામાં આપનો ફાળો મહત્વનો છે. એજ રીતે 'ગુજરાત અનાજ વેપારી સંઘ' 'ન્યુ ગ્રેઈન માર્કેટ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ', 'નવા અનાજ બજાર, અમદાવાદ' 'ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ફુડ ગ્રેઈન ડીલર્સ એસોસિએશન' આવી લબ્ધપ્રતિષ્ઠ સંસ્થાઓના પ્રમુખ-ઉપપ્રમુખપદે રહી તે સંસ્થાઓના વિકાસમાં આપે સહયોગ આપ્યો છે. આવાં અનેકવિધ મોભાનાં પદો પ્રાપ્ત કરવા છતાં તજ્જન્ય અહંકારથી આપ અલિપ્ત રહી શકયા છો-વ્યક્તિત્વનું આ વિલક્ષણ પાસું છે. સાદાઈ, પ્રમાણિકતા, ધ્યેયનિષ્ઠા, નિરાડંબરપણું તથા સેવકની વિનમ્રતાના ગુણો આપના વ્યક્તિત્વમાં છતા થાય છે એનું દર્શન ખૂબ સુખદ છે !

જનસેવા દ્વારા અર્જિત પુણ્યના બળથી આપનું પરિવાર-જીવન સુખમય રહ્યું છે. શ્રીમતી રૂક્ષ્મણીબહેન જેવાં ઉદાત્ત મહિલા સહધર્મચારિણીરૂપે ત્થા શ્રી. બચુભાઈ અને શ્રી. બકાભાઈ જેવા સમાજના અગ્રણીઓ સુપુત્રોરૂપે આપને સાંપડયા છે તે ગૌરવપ્રદ ઘટના છે. પરિવારજીવનનું આ મંગલ દર્શન છે.

અંતમાં અમે સૌ આપના સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ માટે ઈશને પ્રાર્થીએ છીએ. આપનું શેષ જીવન સુખ અને શાંતિપૂર્ણ રહે ત્થા તેનો વીનીયોગ સમાજકલ્યાણનાં કામોમાં યથાવત થતો રહે એજ અભિલાષા.

વિનીત

| | | |
|---|---|---|
| રવિવાર | ડાહ્યાલા એમ. વૈદ્ય | કુમુદચંદ્ર રાવલ |
| તા.૧૩-૨-૧૯૮૩ | મુખ્ય-ટ્રસ્ટી, સાબરકાંઠા ફાઉન્ડેશન (મુંબઈ) | પ્રમુખ, ઉ.સા.ઉચ્ચ કેળવણીમંડળ, ઈડર |

સ્થળ :- ઈડર આંજણા પાટીદાર એમ. કે. એમ. આર્ટસ એન્ડ પી.એન પટેલ કોમર્સ કોલેજ, ઈડર (જિ.સાબરકાંઠા)

**સંસ્થા : સાબરકાંઠા ફાઉન્ડેશન, મુંબઈ તથા ઈડર કેળવણીમંડળ**

**બહુમુખી પ્રતીભા સંપન્ન**

## શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

અમદાવાદ જીલ્લાના સાણંદ ગામમાં તા.૮-૨-૧૯૧૭ના રોજ અવની ઉપર અવતાર લઈ જયારે શિક્ષણનું ધારેણ ઊંચુ હતું ત્યારે સને ૧૯૩૪માં એસ.એસ.સી. સુધી અભ્યાસ કરી વ્યવસાયમાં જોડાયેલા.

મુરબ્બીશ્રી **બળદેવભાઈ** એ તેમનું કાર્યક્ષેત્ર માત્ર વેપારી પ્રવૃત્તિ પુરતું જ સીમીત ન રાખતાં સામાજીક અને સહકારી પ્રવૃત્તિઓમાં તેમની આગવી કુનેહ અને કુશળ વહીવટી શક્તિથી સમગ્ર ગુજરાત રાજ્યમાં સંનિષ્ઠ કાર્યકર તરીકે આગવી પ્રતિભા પ્રાપ્ત કરેલ છે.

વ્યવસાયે રૂ, સુતર અને યાંત્રિક તારના વહેપારી **શ્રી બળદેવભાઈ** એ સહકારી બેન્કીંગ ક્ષેત્રે ખુબ જ ખ્યાતનામ કામગીરી કરી ગુજરાતની નાગરિક સહકારી બેન્કમાં અગ્રેસર એવી **ધી કાળુપુર કોમર્શિયલ કો-ઓ. બેન્ક લી.** ની સ્થાપના કરી જે આજ દિન સુધી સતત ૨૩ વર્ષથી સફળ સુકાન સંભાળી સહકારી બેન્કીંગ વ્યવસાયમાં ચમકતા સિતારા સમાન છો.

મરબ્બીશ્રી **બળદેવભાઈ** અનેક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓમાં સક્રીય સેવા આપી માનવ સેવા - સાથે સમાજ સેવાના ઉમદા કાર્યો અતિ પ્રેરણાદાયી અને સન્માનનીય છે.

અમદાવાદ જીલ્લો આવી સંયુક્ત પ્રતીભા ધરાવતા અને મનના મક્કમ પરંતુ હૃદયના કોમળ એવા શ્રી બળદેવભાઈ અને તેમના કાર્યોનો ગૌરવ અનુભવે છે.

ગુજરાત વેપારી મહામંડળ - ફેડરેશન ઓફ ગુજરાત ફુડ ગ્રેઈન ડીલર એસોસીએશન- ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ફુડ ગ્રેઈન ડીલર એસોસીએશન જેવી અગ્રગણ્ય વેપારી મહાજનોમાં જુદા-જુદા હોદ્દા ઉપર લાંબા સમય સુધી સેવા આપી વહેપારી આલમના પ્રશ્નોના ઉકેલ માટે ફાળો આપેલ છે.

ગુજરાત સંકટ નિવારણ સોસાયટી, ગુજરાત કેન્સર સોસાયટી અગમ અનુયોગ ટ્રસ્ટ ભાગ્યોદય હોસ્પીટલ, કડી - વાત્રક જનરલ હોસ્પીટલ, ભગીની સમાજ સાણંદ, ન્યુ ગ્રેઈન માર્કેટ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટ-સાણંદ સાર્વજનિક રૂ ટ્રસ્ટ - સર્વોદય આંખની હોસ્પીટલ સાણંદ વગેરે **મુ. શ્રી બળદેવભાઈ**ના માનવસેવા અને જીવદયાના કાર્ય કરતી સંસ્થાઓ સમાજસેવા ઉમદા ઉદાહરણ છે.

આજે અમો **શ્રી બળદેવભાઈ**ની બહુમુખી પ્રતિભા વડે થતી ઉમદા કાર્યોની અનુમોદના કરીએ છીએ. અને તેઓશ્રી અને તેમના કાર્યોને સન્માનતા કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

પ્રભુ શ્રી બળદેવભાઈ ને આરોગ્યપ્રદ દીર્ઘાષ્યુ આપે અને તેમના કાર્યે સદા સમાજ માટે પથદર્શક બને તેવી રાષ્ટ્રના સર્જનહારને પ્રાર્થના સાથે હૃદયના સત્યાભાવથી સન્માન કરીઅ છીએ.

લિ.
અમો છીએ આપના
ઉત્તર ગુજરાત સહકારી રૂ વેચાણ સંઘ લિ. ના
ચેરમેન - વાઈસ ચેરમેન - ડિરેકટર સાહેબો
તથા સંઘ પરિવાર

**સંસ્થા : ઉત્તર ગુજરાત સહકારી રૂ વેચાણ સંઘ**

# બળદેવભાઈ ડોસાભાઈ પટેલે સ્થાપેલ તેમજ અન્ય સંસ્થાઓની માહિતી

| ક્રમ | સંસ્થાનું નામ | હોદ્દો | વર્ષ |
|---|---|---|---|
| ૧. | કાલુપુર કોમર્શિયલ કો-ઓ. બેંક લિ., અમદાવાદ | ચેરમેન | ૧૯૭૦ થી આજીવન |
| ૨. | અર્બન સિટી કો-ઓ. બેંક એસોસિયેશન | ઉપપ્રમુખ | ૧૯૮૫ થી આજીવન |
| ૩. | ધી અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટ એસોસિયેશન | ચેરમેન | ૧૯૬૨ થી ૧૯૮૬ |
| ૪. | ગુજરાત અનાજ વેપારી સંઘ | ચેરમેન | ૧૯૭૩ થી ૧૯૮૬ |
| ૫. | ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ (ગુજરાત વેપારી મહામંડળ) | ઉપપ્રમુખ | ૧૯૮૧-૮૨ |
| ૬. | ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ (ગુજરાત વેપારી મહામંડળ) | પ્રમુખ | ૧૯૮૨-૮૩ |
| ૭. | સંકટ નિવારણ સોસાયટી, અમદાવાદ | સેક્રેટરી | ૧૯૭૩ થી આજીવન |
| ૮. | ગુજરાત કેન્સર સોસાયટી | કોષાધ્યક્ષ | ૧૯૭૮ થી આજીવન |
| ૯. | સાબરકાંઠા આરોગ્ય મંડળ સંચાલિત જનરલ હૉસ્પિટલ, વાત્રક, જિ. સાબરકાંઠા | ચેરમેન | ૧૯૮૯-૯૦ |
| ૧૦. | ન્યુ ગ્રેઈન માર્કેટ શોપ્સ એન્ડ વેરહાઉસિંગ કો.-ઓપ. સોસાયટી | પ્રમુખ | |
| ૧૧. | સર્વવિદ્યાલય, કડી | ચેરમેન | ૧૯૯૪ થી ૧૯૯૭ |
| ૧૨. | ન્યુ ગ્રેઈન માર્કેટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ | ચેરમેન | ૧૯૭૨ થી ૧૯૮૬ |
| ૧૩. | અખિલ ભારતીય શાસ્ત્રો ઉદ્ધાર સમિતિ, અમદાવાદ | પ્રમુખ | ૧૯૭૫-૧૯૮૦ |
| ૧૪. | અગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ શાસ્ત્ર પ્રવૃત્તિ સંશોધન કાર્ય કરતી સંસ્થા | પ્રમુખ | ૧૯૭૭-૧૯૯૭ |
| ૧૫. | મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | ટ્રસ્ટી | ૧૯૮૭-૧૯૯૭ |
| ૧૬. | ગુજરાતી વિશ્વકોશ, અમદાવાદ | ટ્રસ્ટી | ૧૯૮૮-૧૯૯૬ |

# સાણંદમાં સ્થાપેલી સેવાકીય શૈક્ષણિક સંસ્થાઓ

| ક્રમ | સંસ્થાનું નામ | હોદ્દો | વર્ષ |
|---|---|---|---|
| ૧. | સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ<br>બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, કડવા પાટીદાર વાડી | ચેરમેન | ૧૯૮૩ થી આજીવન |
| ૨. | સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટ<br>● કે.એ.બી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ (આઈ.ટી.આઈ)<br>● સીવણ વર્ગ<br>● કોમ્પ્યૂટર કલાસીસ<br>● ભગિની સમાજ સાણંદ સંચાલિત જડીબેન ડોસાભાઈ ગોપાળદાસ સંસ્કાર કન્યા વિદ્યાલય, સાણંદ<br>● આર્ટસ ઍન્ડ કોમર્સ કૉલેજ<br>● ગર્લ્સ હૉસ્ટેલ - અમદાવાદ વગેરે | ચેરમેન | ૧૯૮૩ થી આજીવન |
| ૩. | નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ<br>● અન્નક્ષેત્ર<br>● બળદેવભાઈ ડોસાભાઈ પટેલ છાશ વિતરણ કેન્દ્ર<br>● સ્વ. રૂક્ષ્મણીબેન બળદેવભાઈ ડોસાભાઈ પટેલ માનવસેવા કેન્દ્ર | ચેરમેન | ૧૯૮૩ થી આજીવન |
| ૪. | આંતરિક આધ્યાત્મિક મંડળ<br>● આંતરિક આધ્યાત્મિક મંડળ સંચાલિત એમ.ડી. પટેલ સર્વોદય આંખની હૉસ્પિટલ, સાણંદ<br>● દાંતનું દવાખાનું તથા ઑર્થોપેડિક હૉસ્પિટલ<br>● રન્નાબેન બી. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ જનરલ હૉસ્પિટલ | ચેરમેન | ૧૯૮૩ થી આજીવન |

# બળદેવભાઈ ડોસાભાઈ પટેલે સ્થાપેલ તથા અન્ય સંસ્થાઓની માહિતી

## (૧) કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ.

સ્થાપના : સન ૧૯૭૦

મુખ્ય મથક : કાલુપુર ભવન, આશ્રમરોડ, અમદાવાદ

સ્થાપક પ્રમુખ : શેઠ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

હાલના પ્રમુખ : શ્રી અંબુભાઈ પટેલ

**ઉદ્દેશ અને કાર્યક્ષેત્ર :**

અમદાવાદ અનાજ બજારના વેપારીઓને પડતી બેંકિંગ સેવા માટે પડતી મુશ્કેલી હલ કરવા બેંકની સ્થાપના કરી, જેમાં બળદેવભાઈ, શ્રી અરવિંદભાઈ સાહેબા તથા મહેન્દ્ર ઓઝાએ નોંધપાત્ર ફાળો આપ્યો. બેંકની સ્થાપનાથી જ દૂરંદેશી રાખી બેંકના લક્ષ્યાંકો નક્કી થયા હતા. સમગ્ર વેપારી આલમ અને અમદાવાદ શહેર કાર્યક્ષત્ર રહ્યું, પરંતુ તેમની સેવા જિલ્લામાં પથરાયેલી છે અને મુબંઈમાં પણ શાખા કાર્યરત છે. કુલ ૨૨ શાખા અદ્યતન સુવિધા અને કોમ્પ્યૂટરની સગવડ સાથે કાર્યરત છે. શીડ્યુલ અર્બન બેંકનો દરજ્જો ૧૯૮૮માં પ્રાપ્ત થયો, જે અર્બન બેંકોમાં સૌપ્રથમ બેંક હતી. દરેક પ્રકારની બેંકિંગ સેવા આપતી આદર્શ બેંક જે નેશનાલાઇઝ્ડ બેંકની સ્પર્ધામાં સહેજ પણ પાછી પડે એમ નથી.

બેંકની સ્થાપનાથી જીવ્યા ત્યાં સુધી ૨૭ વર્ષ સુધી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ એના ચેરમેન રહ્યા.

## (૨) સાણંદમાં સ્થાપેલી સંસ્થાઓ

### (૧) સાણંદ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

### (અ) કે. એ. બી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ

માણસ પોતે સ્વયં પોતાનો ધંધો રોજગાર રળી શકે તે માટે વિદ્યાર્થીઓને ટેક્નિકલ શિક્ષણ આપતી સંસ્થા. અદ્યતન વર્કશોપ, પ્રયોગશાળા અને સ્ટાફથી સુસજ્જિત સંસ્થા જેમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને રોજગારી મેળવે છે. શિક્ષણનું સ્તર ઘણું જ ઊંચું હોવાથી અમદાવાદથી પણ વિદ્યાર્થીઓ સાણંદ ભણવા જાય છે.

### (બ) સીવણ વર્ગો

બહેનો પગભર થાય, સ્વમાનપૂર્વક જીવન જીવે તે માટે કન્યાઓ તથા મોટી ઉંમરની બહેનો તમામને શિક્ષણ આપતી સંસ્થા. અનેક બહેનો ખાસ કરીને વિધવાઓ અને ગરીબ વર્ગની બહેનો સીવણ ક્લાસમાં સીવણ-ભરતકામ શીખી પોતાના પગ પર ઊભા રહી કુટુંબનો સ્વમાનપૂર્વક નિભાવ કરી રહી છે.

### (ક) કોમ્પ્યૂટર કલાસીસ

સાણંદ અને આજુબાજુના વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે અમદાવાદ ન આવવું પડે તે માટે આ સગવડ ઊભી કરી. કોમ્પ્યૂટરનું જ્ઞાન આ જમાનામાં અત્યંત આવશ્યક હોઈ અસંખ્ય વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. અદ્યતન કોમ્પ્યૂટરો અને શિક્ષકોની સગવડ સાથે ચાલતી પ્રવૃત્તિ.

## (૬) આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ

**પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત**
**શ્રીમતી રમીલાબેન બચુભાઈ પટેલ આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ - સાણંદ**

સાણંદ અને એની આજુબાજુના વિસ્તારના વિદ્યાર્થીઓને કૉલેજ શિક્ષણની સુવિધા ન હતી. તે પૂરી કરવા માટે ટ્રસ્ટે આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજની સને ૨૦૦૫માં સ્થાપના કરી, જેને લઈને વિદ્યાર્થીઓ અમદાવાદને બદલે સાણંદમાં ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યા છે.

## (૩) નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત

- અન્નક્ષેત્ર
- બળદેવભાઈ ડોસાભાઈ પટેલ છાશ કેન્દ્ર
- સ્વ. રૂક્ષ્મણીબેન બળદેવભાઈ ડોસાભાઈ પટેલ માનવ સેવા કેન્દ્ર

સમાજના ગરીબ, આર્થિક રીતે નબળા, જરૂરિયાતમંદ લોકોને સહાયરૂપ થવાના મુખ્ય ઉદ્દેશથી શરૂ કરાયેલી પ્રવૃત્તિઓની આછી ઝલક નીચે મુજબ છે.

## (૪) સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત

**બળદેવભાઈ ડોસાભાઈ પટેલ કડવા પાટીદાર વાડી (કોમ્યુનિટી હૉલ)**

જન્મે પાટીદાર શ્રી બળદેવભાઈએ પાટીદાર જ્ઞાતિનું ઋણ ચૂકવતા હોય એમ સમાજ માટે કોમ્યુનિટી હૉલ - વાડીનું આયોજન કર્યું. ત્યાં સમાજની વિવિધ સાંસ્કૃતિક, ધાર્મિક પ્રવૃત્તિઓ જનહિતાર્થે થાય છે, લગ્નો વગેરે સામાજિક પ્રસંગો પણ યોજાય છે. સાણંદમાં લોકોને સુવિધાદાયક સગવડ રાહત દરે પૂરી પાડવામાં આવે છે.

## (૫) ગુજરાત વેપારી મહામંડળ (Gujarat Chember of Commerce and Industries)

સ્થાપના : સન ૧૯૪૯

મુખ્ય મથક : આશ્રમરોડ - અમદાવાદ ૩૮૦ ૦૦૯

સ્થાપક પ્રમુખ : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

હાલના પ્રમુખ : શ્રી પંકજભાઈ પટેલ

મુખ્ય ઉદ્દેશ :

(૧) દેશના આર્થિક સામાજિક વિકાસમાં સક્રિય સહયોગ.

(૨) વેપારી અને ઉદ્યોગપતિના પ્રશ્નો હલ કરવા તેમજ પ્રશ્નોની અસરકારક રજૂઆત જે તે સ્થાનોએ કરવી.

સન ૧૯૪૯માં શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ જેવા પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને સન્માનીય આગેવાનો દ્વારા સ્થપાયેલ સંસ્થાએ તેની અનેકવિધ સેવાઓથી દેશ અને દુનિયામાં નામના મળેવી છે. આર્થિક સંશોધન - સેમિનાર તેમજ વેપારી આલમને કાયદાકીય - સરકારી તંત્રની કાર્યવાહી વગેરે જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ અને કુદરતી

આપત્તિવેળા લોકોની સેવા કરવી અને સરકારને પણ આવા કપરા સંજોગોમાં સહાયભૂત થવાની ભવ્ય પરંપરા વેપારી મહામંડળ દ્વારા આજ સુધી ચાલુ રહી છે. સંસ્થાનું આશ્રમરોડ પર આલીશાન મકાન, અદ્યતન સભાગૃહ, બોર્ડરૂમ અને પુસ્તકાલય આવેલા છે. ચેમ્બર્સની રજૂઆતને ભારત સરકાર અને રાજ્ય સરકારે પણ યોગ્ય ધ્યાન આપવું પડે છે. ચેમ્બર્સનું પ્રતિનિધિત્વ દેશની વિવિધ સરકારી, અર્ધસરકારી એડવાઈઝરી ત્રીસેક જેટલી ઉચ્ચ કક્ષાની કમિટીમાં હોય છે. દેશની નીચેની સંસ્થાઓ જોડે ગુજરાત વેપારી મહામંડળ સંલગ્ન છે.

૧. ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ **(FICCI)**

૨. ઍસોસિયેશન ચેમ્બર્સ ઑફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ **(ASSOCHAM)**

૩. ઈન્ડિયન નેશનલ કમિટી ઑફ ઈન્ટરનેશનલ ચેમ્બર ઑફ કોમર્સ **(ICC - India)**

૪. ઑલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઑફ ઍમ્પ્લોયર્સ **(AIOE)**

૫. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ આરબીટ્રેશન **(ICA)**

બળદેવભાઈ ડોસાભાઈ પટેલ પણ આ સંસ્થામાં ૧૯૮૧માં ઉપપ્રમુખ અને ૧૯૮૨માં પ્રમુખપદે હતા. તેમના કાર્યકાળ દરમિયાન સંસ્થાની શાખ એમના પૂર્વ હોદ્દેદારોની માફક દેશ અને દુનિયામાં એમની સેવાથી ફેલાયેલી હતી.

### (૬) સંકટ નિવારણ સોસાયટી

સ્થાપના : સન ૧૯૭૩

મુખ્ય મથક : અમદાવાદ - કાર્યાલય, ગુજરાત વેપારી મહામંડળ

સ્થાપક પ્રમુખ : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ

માનદ મંત્રી : શ્રી હીરાલાલ ભગવતી

**પૂર્વ ભૂમિકા :**

પૂ. મહાત્મા ગાંધીજી તથા સરદાર વલ્લભભાઈ પટેલે સ્થાપેલ સંકટ નિવારણ ટ્રસ્ટ, ગુજરાત વેપારી મહામંડળ ફલડ રીલિફ ફંડ, ગુજરાત વેપારી મહામંડળ દુષ્કાળ રાહત સમિતિ આ ત્રણ સંસ્થાઓ મારફતે મહદ્ અંશે રાહત કાર્યો થતા હતા.

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની દૂરંદેશી અને કુશાગ્ર બુદ્ધિને પરિણામે એક વિચાર એમણે રજૂ કર્યો. જેમાં ગુજરાત અને ભારતભરમાં કુદરતી આપત્તિ સમયે આફતગ્રસ્તોને કાયમી ધોરણે રાહત મળી રહે તે માટે વેપારીઓ અને ઉદ્યોગપતિઓ તરફથી એક કુશળ વહીવટવાળી સંસ્થાની સ્થાપના કરવી અને સંકટ નિવારણ સોસાયટીની વિધિસર સ્થાપના થઈ. આ કાર્ય માટે પૂ. રવિશંકર મહારાજના આશીર્વાદ મળ્યાં. તેમના હાથ નીચે કસાયેલા કાર્યકર શ્રી હીરાલાલ ભગવતીને માનદ મંત્રી બનાવી વહીવટ સોંપ્યો. આ કાર્યમાં શરૂઆતથી જ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનો પણ નોંધપાત્ર ફાળો હતો. સંકટ નિવારણ સોસાયટીએ કરોડો રૂપિયા દાનમાં વેપારી આલમમાંથી મેળવી ૧૯૭૩થી ગુજરાત અને દેશમાં આવી પડેલા કુદરતી સંકટોમાં અસરગ્રસ્તોની સહાયે પહોંચી મદદ કરી છે. પ્રામાણિક, નિષ્ઠાવાન, કુશળ વહીવટકર્તાઓના હાથમાં વહીવટ હોવાને કારણે દરેક રૂપિયો લાભાર્થી માટે ખર્ચાયો એમ કહી શકાય. આવી ભવ્ય પરંપરા સોસાયટીએ શ્રી બળદેવભાઈ પટેલના કાર્યકાળ સુધી જાળવી રાખી.

### (૭) ગુજરાત કેન્સર સોસાયટી

નામ : ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ

સ્થાપના : સન ૧૯૬૦

કાર્યરત : ૧૯૬૪ - ૬૫

મુખ્ય મથક : સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી અદ્યતન કેન્સર હૉસ્પિટલ

મુખ્ય હોદ્દેદારો : પ્રેસિડેન્ટ : નામદાર રાજ્યપાલ શ્રી ગુજરાત રાજ્ય **(Ex. Official)**

પ્રથમ એક્ઝિક્યૂટિવ ચેરમેન : શ્રી જયકૃષ્ણ હરીવલ્લભ પટેલ

હાલના એક્ઝિક્યૂટિવ ચેરમેન : શ્રી અરવિંદ નરોત્તમ લાલભાઈ

**સંસ્થાનો હેતુ અને ઉદ્દેશ :**

રાહત દરે જનતાને કેન્સરના રોગની સારવાર કરવામાં આવે છે. જેમાં ઑપરેશન, દવા, લેબ ટેસ્ટિંગ, એક્સ-રે, સોનોગ્રાફી, કેમોથેરપી વગેરે દરેક પ્રકારની અદ્યતન સારવાર કરવામાં આવે છે.

**સંસ્થામાં બળદેવભાઈનું પ્રદાન :**

સન ૧૯૭૮ થી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ સંસ્થાના કોષાધ્યક્ષ તરીકે રહ્યા હતા અને તેમને સંસ્થાને માતબર દાન આપી અદ્યતન સારવાર મળી રહે તેવી નમૂનારૂપ હૉસ્પિટલ માટે મહત્ત્વનું યોગદાન આપ્યું. ૧૯૯૭માં તેઓ ઉપાધ્યક્ષ પદે હતા.

**(૮) સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**

**કડી - ઉત્તર ગુજરાત અને ગાંધીનગર સંકુલ**

સ્થાપના : સન ૧૯૧૯

પ્રથમ પ્રમુખ : શેઠ મફતલાલ ગગલદાસ

હાલના પ્રમુખ : શ્રી માણેકલાલ મ. પટેલ

**મુખ્ય ઉદ્દેશ :**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના આઝાદીની ચળવળના સંક્રાંતિ કાળમાં આદર્શ શિક્ષણના ધ્યેય સાથે થઈ હતી. એના આદર્શ વહીવટ અને કર્મઠ કેળવણીકારોના સહયોગથી ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થામાં આજે ગણના થાય છે. કડી અને ગાંધીનગર કેમ્પસમાં પ્રાથમિક શાળાથી કૉલેજ, સ્નાતક-અનુસ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોથી પ્રવૃત્તિમય વિદ્યા સંકુલમાં અત્યારે ૩૬,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. ગુજરાતની પ્રથમ સેલ્ફ ફાયનાન્સ ફાર્મસી કૉલેજ, જેમાં ઍડમિશન કેપિટલ ફી લીધા વગર મેરિટથી જ આપવામાં આવે છે.

**બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું યોગદાન :**

સંસ્થામાં ભણ્યા, છાત્રાલયમાં રહ્યા અને જ્યારે સમય આવ્યો ત્યારે સંસ્થાની સેવા કરી ઋણ ચૂકવ્યું. ૧૯૮૯થી સંસ્થાના ઉપપ્રમુખ અને ગાંધીનગર સંકુલમાં ચેરમેન તરીકે સેવા આપી સંસ્થાનું નામ રોશન કર્યું.

વિભાગ-૭

# શ્રદ્ધાંજલિ




કર્મયોગી જીવનની છેલ્લી ક્ષણોમાં પ્રવૃત્ત શ્રી બળદેવભાઈ આ સમારંભમાં સ્વામી સચ્ચિદાનંદજીના સાંનિધ્યમાં પ્રવચન કર્યા બાદ સ્ટેજ પર જ બ્રહ્મલીન થયા હતા.



સમાધિમય શ્રી બળદેવભાઈ



▲ દાદાની સ્મશાનયાત્રા

સ્મશાનયાત્રામાં અને દાદાના અંતિમ દર્શન કરવા ઊમટેલી માનવમેદની સાણંદમાં લોકો મકાનના છાપરે-ધાબેથી દર્શન કરી રહ્યાં છે-લોકોનો અપ્રતિમ પ્રેમ ▼






દાદાને શ્રદ્ધાંજલિ આપતાં તમામ વર્ગના લોકો



દાદાના અવસાન બાદ અત્યેષ્ઠ ક્રિયા કરતા પુત્રો શ્રી બચુભાઈ તથા શ્રી બકાભાઈ



શોકાતુર પરિવાર



દાદાના પાર્થિવ દેહને ચિતા પર લઈ જઈ રહેલા પુત્રો - બચુભાઈ અને બકાભાઈ

# શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના અવસાન નિમિત્તે આવેલા અસંખ્ય શોક-સંદેશાઓ અને ઠરાવોમાંથી કેટલાક અવતરણો

## શોકસંદેશ

આપના પિતાજીના સ્વર્ગવાસના સમાચાર મળ્યા. જાણી દુઃખ થયું. તેઓ જાહેર જીવનમાં સહકારી ક્ષેત્રે શુદ્ધતાની આગવી મહેંક પ્રસરાવતા ગયા છે.

જીવનમાં પિતાની વિદાય અસહ્ય બની રહેતી હોય છે. પરમાત્મા આપને પિતાજીનાં સંસ્કારવારસાનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની શક્તિ આપે.

વેદનાની આ પળે, પરસ્પરની હૂંફ, પ્રભુની કૃપા અને પિતાનું પુણ્ય-સ્મરણ આપને તેમજ પરિવારને આઘાત સહન કરવાની શક્તિ આપે, એ જ પ્રાર્થના.

પરિવારના સહુના દુઃખનો સહભાગી,

**નરેન્દ્ર મોદી**
દિનદયાલ ભવન,
ખાનપુર, કર્ણાવતી ૩૮૦ ૦૦૧

શ્રી બળદેવભાઈના અવસાનના સમાચાર હું બહારગામ હોવાથી મને મોડા મળ્યા જે જાણી મને ખૂબ જ દુઃખ થયું છે. મેં એક મારો સારો મિત્ર ગુમાવ્યો અને સમાજે એક સંનિષ્ઠ સેવક ગુમાવ્યાનો રંજ છે. ઈશ્વર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે અને આપને તથા એમના અન્ય કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની ઈશ્વર શક્તિ આપે એવી મારી હાર્દિક પ્રાર્થના.

દીપચંદ એસ. ગાર્ડી

પૂજ્ય પિતાશ્રીના દુઃખદ સમાચાર જાણ્યા. તેઓ ખૂબ સજ્જન એવા ધાર્મિક - દયાળુ પુરુષ હતા. તેમના જવાથી જૈન સમાજને મોટી ખોટ પડી છે.

તેમના આત્માને શાંતિ મળે એ જ દેવને નમ્ર પ્રાર્થના છે. સર્વે પરિવારને ધર્મ લાભ કહેશો.

**- આચાર્ય પદ્મસાગર સૂરિજી**

**જયરામભાઈ એ. પટેલ** ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિ.
ચેરમેન

આપના પૂજ્ય પિતાશ્રી અને રાજ્યમાં વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે પ્રામાણિકપણે વ્યવસાય કરી ભારે મોટી સફળતા મેળવેલ એવા કાલુપુર કોમર્શિયલ કો-ઓપ. બેંકના આદ્યસ્થાપક પ્રમુખ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ કે જેઓ સતત કાર્યરત અવસ્થા વચ્ચે અમદાવાદની સહાકારી બેંકના ઉદ્‌ઘાટન સેમિનારમાં પોતાનું વક્તવ્ય પૂરું કર્યા બાદ હાર્ટએટેકના હુમલાને પરિણામે થયેલ દુઃખદ અવસાનના સમાચાર જાણી ભારે મોટા આઘાત સાથે દુઃખની લાગણી અનુભવી.

સહકારી જગતના આગેવાન એવા શ્રી બળદેવભાઈના નિધનથી સહકારી જગત તો રાંક બન્યું છે, પરંતુ રાજ્યે એક શ્રેષ્ઠ મહાજન ગુમાવ્યો છે. તેઓશ્રીના એક નિકટના સાથીદાર તરીકે હું અને ગુજરાત રાજ્ય સહકારી બેંકના ચેરમેન દરજ્જે આપ સૌને ઊંડાણપૂર્વક દિલસોજી વ્યક્ત કરી સ્વર્ગસ્થના આત્માને ચિરસ્થાયી શાંતિ મળે તે માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

**બાબુભાઈ મેઘજી શાહ**

મંત્રી,
નાણાં અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,
ગુજરાત સરકાર

આપના પિતાશ્રી બળદેવભાઈ પટેલના અચાનક અવસાનના સમાચાર જાણીને ખૂબ જ ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવું છું. સ્વર્ગસ્થ શ્રી પટેલ નિષ્ઠાવાન સહકારી પ્રવૃત્તિના આગેવાન હતા. અનેક શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ હતા. સહકારી ક્ષેત્રે અને શૈક્ષણિક ક્ષેત્રે તેમનું યોગદાન હંમેશને માટે ચિરઃ સ્મરણીય રહેશે. સ્વર્ગસ્થશ્રીના અવસાનથી જાહેર જીવનમાં અને તેમાંય ખાસ કરીને સહકારી પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં ન પુરાય તેવી ગુજરાતને ખોટ પડી છે.

**બી. કે. મહેતા**
રિટાયર્ડ જજ, ગુજરાત હાઈકોર્ટ

શ્રી બળદેવભાઈ સાથેનો મારો પરિચય ૧૯૮૦-૮૧માં સ્વ.પૂ. સ્વામીશ્રી ચિન્મયાનંદજીનાં ગીતા જ્ઞાન યજ્ઞના સમારોહના પ્રસંગે થયો હતો. શ્રી બળદેવભાઈ તે સમારોહના મુખ્ય મહેમાન હતા. ત્યારથી શરૂ થયેલો પરિચય સતત ૧૮ વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. તેઓશ્રીનો પ્રેમાળ, વ્યવહારદક્ષ તથા દીર્ઘદૃષ્ટિવાળો સ્વભાવનો વધુ ને વધુ પરિચય આ સમય દરમિયાન મને થતો રહ્યો.

શ્રી બળદેવભાઈ વ્યક્તિ મટીને સંસ્થા બની ગયા હતા. તેમની સાદાઈ, નિરાભિમાનપણું તથા કાર્યનિષ્ઠાના ગુણોથી તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. આવા સદ્‌પુરુષની ચિર વિદાયથી આપણું સામાજિક, વ્યવસાયી તથા ધાર્મિક જીવન વધુ રંક થયું છે. તેઓશ્રીની ખોટ ગુજરાતના અનેક ક્ષેત્રોમાં હવે પછીના વર્ષોમાં વધુ ને વધુ ચાલશે અને તેમનું સ્થાન તેમની જેટલી અસરકારક રીતે લઈ શકે તેવી સમર્થ વ્યક્તિ મળવી મુશ્કેલ છે.

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ચેરમેન, કાલુપુર કોમ.કો.ઓ.બેંક લિ.ના ચેરમેન અને ગુજરાત, સેવાભાવી અગ્રણી શેઠ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, તા. ૧૨-૦૭-૯૭ના રોજ હૃદયરોગના હુમલાના કારણે આકસ્મિક સ્વર્ગવાસી બન્યા છે. સાદું જીવન અને ઉચ્ચ જીવન કાર્યશૈલી એમનો જીવનમંત્ર હતો. તેઓશ્રી અનેકવિધ ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજિક અને આરોગ્ય વિષયક સંસ્થાઓના પ્રણેતા અને પ્રેરણાદાયી રહ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર કેમ્પની સર્વે શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત આઈ.એમ.જે. હાઈસ્કૂલ બલોલ અને નવીન સર્વ વિદ્યાલય, વડનગરની શાળામાં શોક સભા ભરીને મૌન પ્રાર્થના કરવામાં આવી અને સદ્‌ગતને શોકાંજલિ સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને સદ્‌ગતના માનમાં બધી સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. સદ્‌ગતની પ્રેરણાથી સર્વ વિદ્યાલય કેમ્પ, કડી દ્વારા અતિવૃષ્ટિ રાહત ફંડ સમિતિ બનાવવામાં આવી હતી અને તે દ્વારા એકત્ર થયેલ રૂ. ૧,૭૫,૦૦૦,૦૦ જેટલો રાહત ફાળો જે તે સ્થળે જઈને અસરગ્રસ્તોને રૂબરૂમાં આપવામાં આવનાર છે.

**- મંત્રી**

**કાદરી હાજી ઐયુબમીયાં જમાલમીયાં**
ચેરમેન

**મુસ્તુફા આર. દિવાન**
સેક્રટરી

આપશ્રીના પિતાશ્રી બળદેવભાઈ પટેલના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી સંસ્થાના મેનેજિંગ કમિટીના સભ્યો, ચેરમેન તથા સ્ટાફના સભ્યો ઊંડા દુઃખની લાગણી અનુભવે છે.

તેઓ દાનવીર, સમાજસેવક અને ધર્મપ્રેમી હતા. તેમજ સહકારી બેંકિંગ ક્ષેત્રના અગ્રણી હતા.

શ્રી વાઘેશ્વરી ક્રેડિટ સહકારી મંડળી લિ., ધોળકા
ચેરમેન, મેનેજિંગ કમિટી સભ્યો તથા સ્ટાફ

**હીરાલાલ હ. ભગવતી**
ચેરમેન, અમદાવાદ સિટી કો-ઓપરેટિવ બેન્ક્સ ઍસોસિયેશન

સ્વ. શ્રી બળદેવભાઈએ ઍસોસિયેશનની સ્થાપનામાં સક્રિય રસ લીધો હતો તથા ઍસોસિયેશનના ઉપપ્રમુખ તરીકે તેમની સેવાઓ ઉપલબ્ધ હતી. તેમની કોઠાસૂઝ તથા દીર્ઘદૃષ્ટિનો લાભ ઍસોસિયેશનને અવારનવાર મળતો હતો. અમદાવાદની નાગરિક સહકારી બેંકોને નડતી મુશ્કેલીઓની જરૂર પડે ત્યારે યોગ્ય સ્તરે અસરકારક રજૂઆત કરવામાં સ્વ. શ્રી બળદેવભાઈનું માર્ગદર્શન ખૂબ જ ઉપયોગી હતું. નાગરિક સહકારી બેંકોની મુશ્કેલીઓનું નિરાકરણ કરવા તેઓ સદા પ્રયત્નશીલ રહેતા હતા તથા સહકારી બેંકિંગ પ્રવૃત્તિમાં અગ્રણી તરીકે તેઓએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

**સંવેગ એ. લાલભાઈ**

પ્રમુખ

આપના પરમ પૂજ્ય પિતાશ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું તા. ૧૨-૦૭-૯૭ના રોજ થયેલ દુઃખદ અવસાન અંગે ગુજરાત ચેમ્બરની કારોબારી સમિતિએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરતો જે શોક ઠરાવ કર્યો છે તે આ સાથે મોકલું છું.

**શોક-પ્રસ્તાવ**

ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝના ભૂતપૂર્વ પ્રમુખ, સંકટ નિવારણ સોસાયટીના સેક્રેટરી, કાલુપુર કો.ઓ. બેંક લિ.ના ચેરમેન, ગુજરાત અનાજ વેપારી સંઘ તથા ન્યુ ગ્રેઈન માર્કેટ ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ, અખિલ હિંદ વેપારી મહામંડળના ઉપાધ્યક્ષ, ગુજરાત કેન્સર સોસાયટીના ટ્રેઝરર તેમજ અનેક વેપાર-ઉદ્યોગ, સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના અચાનક દુઃખદ અવસાનથી ચેમ્બરની આ સભા ઘેરા દુઃખની ઊંડી લાગણી વ્યક્ત કરે છે.

આ સભા આ શોક ઠરાવ સ્વર્ગસ્થના સુપુત્ર શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલને મોકલી આપવાની પ્રમુખશ્રીને સત્તા આપે છે.

**ગુજરાત કેન્સર સોસાયટી (જી.સી.એસ.) ઍન્ડ**
**ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (જી.સી.આર.આઈ.)**
**એમ.પી. શાહ કેન્સર હૉસ્પિટલ**

ગુજરાત કેન્સર સોસાયટીના વડીલ અને શુભેચ્છક શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું તારીખ ૧૨-૦૭-૯૭ના રોજ સવારે ૧૦:૩૦ વાગે એક સમારંભમાં પૂજ્યશ્રી સચ્ચિદાનંદજી મહારાજના સાંનિધ્યમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. શ્રી બળદેવભાઈ ગુજરાત કેન્સર સોસાયટીમાં લાંબા વખતથી ખજાનચી તરીકે અને છેલ્લા એક વર્ષથી આ સંસ્થાના ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપતા હતા. શ્રી બળદેવભાઈને ગુજરાત કેન્સર સોસાયટી અને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વિકાસમાં ખૂબ ઊંડો રસ હોઈ આ બંને સંસ્થાઓને પોતાની સમજી અવારનવાર સંસ્થાના વિકાસ માટે સૂચનો આપતા હતા.

આપણી સંસ્થામાં બ્રેઈન ટ્યુમર સર્જરીનો વિકાસ થાય તે માટે કાલુપુર કોમર્શિયલ બેંક તરફથી રૂ. ૨૫ લાખનું દાન અપાવવા માટે તેમનો બહુ મોટો ફાળો છે. સર્વ ગુણ સંપન્ન તેવા શ્રી બળદેવભાઈ ધાર્મિક, સામાજિક, શિક્ષણ અને તબીબી ક્ષેત્રની સંસ્થાઓ સાથે જોડાયેલા હતા અને દરેક સંસ્થામાં એક મૂક કાર્યકર તરીકે સેવા આપતા હતા.

ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાત કેન્સર સોસાયટીના પરિવારના સભ્યોની આ સભા શ્રી બળદેવભાઈના દેહવિલયથી ઘેરો શોક અનુભવે છે.

| | | |
|---|---|---|
| **(ડૉ. દેવેન્દ્ર પટેલ)** | **(જયકૃષ્ણ હરિવલ્લભદાસ)** | **(હીરાલાલ ભગવતી)** |
| નિયામક | પ્રમુખ | જનરલ સેક્રેટરી |

**સંકટ નિવારણ સોસાયટી, ગુજરાત**

(ગુજરાત વેપારી મહામંડળ, આત્મા, અમદાવાદ વેપારી મહાજનો

તથા ઔદ્યોગિક સંસ્થાઓ સંચાલિત)

**પ્રમુખ :** અરવિંદભાઈ નરોત્તમભાઈ લાલભાઈ

**માનદ મંત્રી :** હીરાલાલ હરીલાલ ભગવતી

સંકટ નિવારણ સોસાયટીના માનવંતા માનદ મંત્રી શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના અચાનક દુઃખદ અવસાનથી સંકટ નિવારણ સોસાયટી, ગુજરાતના સભ્યો ઘેરા દુઃખની લાગણી અનુભવે છે.

સંકટ નિવારણ સોસાયટી, ગુજરાતમાં માનદ મંત્રી તરીકે રહી સોસાયટીના દરેક કાર્યોમાં શરૂઆતથી ખૂબ જ રસ લેતા તેને પ્રાણવાન બનાવવામાં તથા રાહતનાં કાર્યો કરવામાં ગુજરાતમાં સોસાયટી મોખરાનું સ્થાન લઈ જનહિતનાં કાર્યો કરે તે માટે અથાગ પરિશ્રમ લઈ તન, મન અને ધનથી સહાય કરતા, તેમના અચાનક સ્વર્ગવાસથી સોસાયટીને ન પૂરાય તેવી ખોટ પડી છે.

આ સભા આ શોકઠરાવ સ્વ.ના સુપુત્ર શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલને મોકલી આપવાની માનદ મંત્રીશ્રીને સત્તા આપે છે.

**ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ**

ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, અમદાવાદના બોર્ડ ઑફ ડિરેક્ટર્સના સભ્યો તથા શાખા સલાહકાર સમિતિના સભ્યો તથા કર્મચારી પરિવારની આ સભા બેંકના આદ્યસ્થાપક અને બેંકની સ્થાપના સમયથી સતત ૨૭ વર્ષ સુધી બેંકના અધ્યક્ષ સ્થાને રહી અવિરતપણે સેવા આપનાર અને છેક અંતિમ શ્વાસ સુધી માનવ સેવાના કાર્યો કરનાર અને અર્બન બેંકિંગ ઉદ્યોગના અગ્રણી બેંકના ચેરમેનશ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના તા. ૧૨-૦૭-૯૭ના રોજ થયેલ દુઃખદ અવસાન અંગે ખૂબ જ દુઃખ અને ઊંડા આઘાતની લાગણી અનુભવે છે.

તેમનો પ્રેમાળ, વાત્સલ્યપરાયણ, મિલનસાર, માયાળુ અને પરગજુ તથા કર્તવ્યપરાયણ સ્વભાવ તેમજ સેવાના ઉચ્ચ આદર્શ અને તેમના સુકૃત્યોને યાદ કરી સદ્‌ગતના અવસાન અંગે કાલુપુર બેંકનો આ સમસ્ત પરિવાર દિવંગતના આત્માને હૃદયપૂર્વકની ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે.

કાલુપુર બેંકના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ અને કર્મચારી પરિવાર

**ધી અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટસ ઍસોસિયેશન**

**ધી અમદાવાદ ગ્રેઈન મર્ચન્ટ ઍસોસિયેશનના** માજી પ્રમુખ તથા અમારા અનાજ બજારના ભિષ્મ પિતા સમાન અને સૌના વડીલ તથા કાલુપુર બેંકના આદ્યસ્થાપક અને સતત ૨૭ વર્ષ સુધી બેંકના ચેરમેન તરીકે સેવા આપનાર **સ્વ. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ**ના ૮૧ વર્ષની વયે અવસાન થવાથી અમોને ખૂબ જ આઘાત લાગ્યો છે. આજે પણ અમારા બજારનો આધારસ્તંભ તૂટી પડ્યો છે તેવી લાગણી અનુભવીએ છીએ. તેઓશ્રીએ અમારા ઍસોસિયેશન અને અનાજ બજાર ઉપર કરેલ ઉપકાર અને સિંચેલ સંસ્કારોને યાદ કરી અનાજ બજાર વતી તેઓશ્રીના આત્માને ચિરઃ શાંતિ મળે તેવી શ્રદ્ધાંજલિ આપવાનો નમ્ર પ્રયાસ કરીએ છીએ.

આવા તો અનેક માનવ સેવાના કાર્યો તેમણે કર્યાં છે અને અનાજ બજારના વેપારીઓને યથા સમયે યથા યોગ્ય મદદ કરી છે. આજે અમોને તેમની કદીય ન પૂરી શકાય તેવી જ મોટી ખોટ પડી છે.

# સ્વર્ગસ્થ ધર્મશ્રેષ્ઠી, સૌજન્યમૂર્તિ આદરણીય પૂજ્ય બા, શ્રીમતી રૂક્ષ્મણીબેન બળદેવભાઈ ડોસાભાઈ પટેલને અંતરની ભાવભરી શ્રદ્ધાંજલિ

ધર્મપ્રેમી, પ્રેમાળ પ્રતિભાશાળી રૂક્ષ્મણીબેનનો જન્મ તા. ૧૭-૦૮-૧૯૧૭ના રોજ ધર્માનુરાગી ડાહ્યાભાઈ શંકરભાઈના ઘેર માતા રેવાબેનની કુક્ષીએ સાણંદ મુકામે થયો હતો. સદ્‌ગુણો અને ઉચ્ચ સંસ્કારોનો વારસો માતા-પિતા પરિવાર તરફથી તથા પોતાના પુણ્યોદયે પ્રશંસનીય મળ્યો હતો.

**સગપણથી જોડાયા :**

રૂક્ષ્મણીબેનની ૪ વર્ષની ઉંમર હતી ત્યારે તેમના પિતાશ્રીએ ધર્માનુરાગી, ખાનદાન કુટુંબ, ઉચ્ચ સંસ્કારી એવા ડોસાભાઈ ગોપાળભાઈના સુપુત્ર ધર્મપ્રેમી શ્રી બળદેવભાઈ સાથે સગપણ થયું. અભ્યાસ ચાર ચોપડીનો કરેલો, પરંતુ ભણતર ઓછું હોવા છતાંય વિનય, વિવેક, લજ્જા, મર્યાદાના વિશેષ સદ્‌ગુણો સૌને જોવા મળ્યા. સને ૧૯૩૪ના મહા મહિનામાં લગ્નગ્રંથિથી જોડાયા. શ્વસુરગૃહે આવ્યા બાદ પિતાતુલ્ય સસરા પૂ. ડોસાભાઈનું નિયમિત સાદાઈ-સરળતા ભરેલું જીવન જોઈ તેમના જીવનમાં સાદાઈ, સરળતા, નમ્રતાના વિશેષ ગુણો ખીલ્યા હતા. પિતાના ઉચ્ચ આદર્શો શ્રી બળદેવભાઈમાં પણ ઉતર્યા છે. અને પતિના પગલે પગલે ચાલીને રૂક્ષ્મણીબેને પિયર પક્ષે અને શ્વસુર પક્ષે સૌના હૈયામાં સ્થાન મેળવ્યું હતું. તેમના લગ્નજીવન બાદ તેમની કુક્ષીએ પુત્ર બચુભાઈ તથા બકાભાઈ તેમજ પુત્રી અનુબેન, ભાનુબેનનો જન્મ થયો. માત-પિતાના સંસ્કારોનો વારસો તેમના પુત્ર-પુત્રીમાં ઉતર્યો છે. પૂ. રૂક્ષ્મણીબા પરિવારના દીવાદાંડીસમા બનીને અનેકના ઉપકારી બન્યા છે.

**નાની ઉંમરમાં બ્રહ્મચર્યવ્રત :**

રૂક્ષ્મણીબાની ૪૬ વર્ષની ઉંમરે સજોડે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારી જીવનમાં ધર્મના ચાર ચાર ચાંદ લગાવ્યા. ધાર્મિક ભાવના, સાધુ-સંતો વૈયાવચ્ચ, ગોચરીપાણીનો સારો લાભ લેતા હતા. આયંબીલ તપ વગેરે તપસ્યા પણ સારી કરતા હતા. એક નાનકડા બીજમાંથી વિશાળ વટવૃક્ષ ફુલે-ફાલે છે તે પૂ. દાદા તથા પૂ. રૂક્ષ્મણીબાની પ્રેરક જીવનગાથા છે. પુરુષાર્થ અને વ્યવહારિક તેજસ્વીતાને કારણે જીવનમાં સરળતા-વિશાળતાના સદ્‌ગુણોને વિકસાવી 'યોગા કર્મસુ કૌશલમ્' એ ગીતાનો માત્ર આત્મસાત્ કર્યો. તેઓ સુખી પરિવારમાં હોવા છતાંય નાનામાં નાની વ્યક્તિ પ્રત્યે તેમના હૃદયમાં ખૂબ જ હમદર્દી હતી. પછી ભલેને ફાર્મ ઉપર કામ કરતી વ્યક્તિ કે ભલે હોય ડ્રાઈવર કે કોઈ પણ નાની વ્યક્તિ પ્રત્યે તેમના જીવનમાં ખૂબ જ લાગણી - ઉદારવૃત્તિ હતી અને એટલે જ સૌના હૈયામાં તેમનું સ્થાન હતું. તેમનું ઉચ્ચ જીવન, મધુર વ્યક્તિત્વ, પ્રેમાળ સ્વભાવ, ઊંડી વ્યવહારુ બુદ્ધિ સૌને માટે આદર્શરૂપ હતા. અનેક તડકાં-છાંયડા વચ્ચે ભૂલેલાના દીવાદાંડીસમા હતા. નામી-અનામી અનેકના ઉપકારી હતા. તેમના પતિએ મર્હમના નામથી અનેક સંસ્થાઓને માનવ ઉપયોગી પ્રવૃત્તિઓ માટે દાનનો પ્રવાહ વહાવ્યો છે. તેમના પુત્રવધૂ અ.સૌ. રમીલાબેન તથા અ.સૌ. ઉર્વશીબેન તથા પૌત્ર-પૌત્રી તથા તેમના સુપુત્રોએ વડલાસમા રૂક્ષ્મણીબાની ખૂબ પ્રશંસનીય સેવા કરી પરિવારની નામને ઉજમાળ બનાવ્યું. જેઠાણી શાંતાબેન, દેરાણી કાંતાબેને પણ ધર્મમાં સાથે રહી સુંદર ધર્મ બજાવ્યો.

**પતિના પગલે પગલે :**

તેમના જીવનનો મંત્ર હતો-જ્યાં રામ ત્યાં સીતા તે મુજબ અનેક માનવ ઉપયોગી પરમાર્થના કાર્યો હોય, દુષ્કાળનાં કાર્યો હોય, સમાજના, બેંકના કાર્યો હોય તેમાં મર્હૂમની ખૂબ જ મીઠી હૂંફ પૂ. દાદા બળદેવભાઈને રહેતી. બળદેવભાઈ અનેક નાની મોટી સામાજિક સંસ્થાઓમાં શ્રેષ્ઠી પુરુષ તરીકે આગળ આવ્યા છે, તેમાં મર્હૂમનો ફાળો હતો. અમારા સંઘના ટ્રસ્ટી છે. તેઓ હિરલા અને વિરાંગના સમા કર્તવ્ય પરાયણ હતા. તેઓ તા. ૩૦-૧૦-૧૯૯૧ આસો વદ ૮ને બુધવાર રાતના ૭૪ વર્ષની જૈફ ઉંમરે વિશાળ પરિવાર સાથે પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં જીવનમાં થયેલી ભૂલોની ક્ષમાપના કરતા કરતા સર્વ જીવોને ખમાવતા ખમાવતા વિશાળ પરિવારની વચ્ચેથી શ્રી મહાસુખભાઈ ડોસાભાઈ પરિવાર, શ્રી ચીમનલાલ ડોસાભાઈ પરિવાર, વિશાળ પરિવારને છોડીને સદૈવ માટે વસમી વિદાય લીધી. પતિએ એક આદર્શ ગૃહિણી ગુમાવ્યા છે. પુત્રોએ, પુત્રીઓએ, પુત્રવધૂઓએ સંસ્કારી માતા ગુમાવ્યા છે. પરિવારે એક વડીલને ગુમાવ્યા છે. પૌત્ર-પૌત્રીઓએ મમ્મીથી પણ અધિક પ્રેમ આપનાર પૂ. બાને ગુમાવ્યા છે. સગાં-સ્નેહીજનોએ સરળ નમ્ર ગુણવાનને ગુમાવ્યા છે. જમાઈઓએ સગી માતા ગુમાવી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેઓશ્રીના આત્માને પરમશાંતિ અર્પે તેવી અંતરની પ્રાર્થના સહ અંતરની ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. તેમના સપરિવાર ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ અર્પે એજ અંતરની સદ્‌ભાવના.


લિ.

શ્રી સ્થા.જૈન સંઘ - નારણપુરા

તા. ૦૩-૧૧-૧૯૯૧, રવિવાર

Date : 13-7-97. SUNDAY AHMEDABAD Sandesh

# ગુજરાતના જાહેર જીવનના અગ્રણી બળદેવભાઈ ડોસાભાઈ પટેલની ચિરવિદાય



અમદાવાદ, શનિવાર

ગુજરાતના જાહેર જીવનના અગ્રણી અનેકવિધ બેંકિંગ સંસ્થાઓ અને વેપારી સંસ્થાઓના ચેરમેન, સાણંદમાં શૈક્ષણિક, સામાજિક અને માવતાલક્ષી સંસ્થાઓના સ્થાપક તથા ધાર્મિક સંસ્થાઓના અગ્રણી શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલનું ૮૧ વર્ષની વયે આજે દુઃખદ અવસાન થયું. સાણંદમાં અનાજના નાના વેપારી તરીકે કામગીરીનો પ્રારંભ કરનારા શ્રી બળદેવભાઈ ડોસાભાઈ મહેનતું સ્વભાવ, ઊંડી સૂઝ અને અપ્રતિમ કાર્યશક્તિના બળે કોટન યાર્ન અને માનવસર્જિત ફેબ્રિકસના અગ્રણી ઉદ્યોગપતિ બન્યા. નાના વેપારીઓને ક્રેડિટ ફેસીલીટી અને બેંકીંગ સર્વિસની મુશ્કેલીઓ જોઈને એમણે ૧૯૭૦માં કાળુપુર કોમર્શિયલ કો. ઓ. બેંકની સ્થાપના કરી અને જીવનના છેલ્લા શ્વાસ સુધી એના અધ્યક્ષ તરીકે કાર્યક્ષમ વહીવટ સંભાળીને બેંકને પ્રગતિના શિખરે પહોંચાડી. ગુજરાત વેપારી મહામંડળ, ગુજરાત અનાજ વેપારી સંઘ, ન્યુ ગ્રેઈન માર્કેટ ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ તેમજ અખિલ હિન્દ વેપારી મહામંડળના ઉપાધ્યક્ષ તરીકે એમણે બજાવેલી સેવાઓ ચિરસ્મરણીય છે.

પોતાના માદરે વતન સાણંદના સાર્વજનિક ટ્રસ્ટના ચેરમેન તરીકે ગામડાંઓની ગરીબ પ્રજાને સહાય પહોંચાડી, નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ, સાણંદ દ્વારા છાશ કેન્દ્રો અને જરૂરિયાતવાળાઓને અનાજ વિતરણનું કાર્ય કર્યું, રન્નાબેન બી. બળદેવભાઈ ડોસાભાઈ જનરલ હૉસ્પિટલ તથા સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન તરીકે નેત્રયજ્ઞો અને આંખની હૉસ્પિટલ તથા સાણંદ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન તરીકે શૈક્ષણિક સંસ્થાઓની સાથોસાથ ગ્રામવિસ્તારના લોકો માટે ટેકનિકલ એજ્યુકેશનની સુવિધા ઊભી કરી. આગમઅનુયોગ ટ્રસ્ટના ચેરમેન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ધર્મગ્રંથો અને અનસાઈકલોપીડીયા જેવા વિરાટ કાર્યોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. ગાંધીનગરની કાળુપુર કો. ઓ. બેંક ફાર્મસી કૉલેજના ચેરમેન તરીકે સંસ્થાના વિકાસમાં ઊંડો રસ લીધો અને હવે મેનેજમેન્ટ કૉલેજ સ્થાપવા માટે પ્રવૃત્તિશીલ હતા.

સંકટ નિવારણ સમિતિના મંત્રી, ગુજરાત કેન્સર સોસાયટીના ટ્રેઝરર, કડી તાલુકા આરોગ્ય મંડળના ચેરમેન અને બીજી અનેક સંસ્થાઓમાં મહત્ત્વનું યોગદાન કરનાર શ્રી બળદેવભાઈ ડોસાભાઈની વેપાર, બેંકીંગ, માનવતા, શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રે કરેલી સેવાઓ હંમેશાં યાદ કરાશે. અડગ કાર્યનિષ્ઠ, ધ્યેય પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ, ઊંડી ધર્મશ્રદ્ધા, સૌજન્યશીલ વ્યવહાર, કુશળ વહીવટી સૂઝ, વગેરેને કારણે તેઓએ ગુજરાતમાં આગવું સ્થાન મેળવ્યું હતું. તેઓશ્રીની સ્મશાનયાત્રા સામેવાર તા. ૧૪-૭-૯૭ના રોજ સવારે સાણંદ મુકામે રન્નાબેન બળદેવભાઈ ડોસાભાઈ પટેલ જનરલ હૉસ્પિટલના કેમ્પસ ખાતે રાખવામાં આવી છે.

સ્ટાન્ડર્ડ કો. ઓ. બેંકના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રમુખ તરીકે આર્શીવચન પૂરું કર્યા બાદ શ્રી બળદેવભાઈને સ્ટેજ પર જ બેચેની લાગતાં અને હૃદયરોગનો હુમલો થતાં તેમને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં તેમને દેહત્યાગ કર્યો હતો.

ભાજપાનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી કેશુભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખશ્રી વજુભાઈ વાળા તથા વિપક્ષનાં નેતાશ્રી સુરેશભાઈ મહેતાએ સહકારી અગ્રણીશ્રી બળદેવભાઈ ડોસાભાઈએ રાજયમાં સહકારી ક્ષેત્રે જીવનભર ખૂબ સારી સેવાઓ આપી તથા સમાજનાં દરેક ક્ષેત્રમાં તેમનાં સત્કર્મોની સુવાસ ફેલાયેલી રહેશે.

# બળદેવભાઈ ડોસાભાઈ પટેલનો દેહ પંચમહાભૂતોમાં વિલીન

સાણંદના પનોતા પુત્ર, કાળુપુર કો. ઓ. બેંકના ચેરમેન, ગુજરાતી વહેપારી મહામંડળના પ્રમુખ અનેક વિધ સામાજીક, સેવાભાવી સંસ્થાઓના શીરમોર એવા શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલની ભવ્ય સ્મશાનયાત્રા તેમના નારણપુરા ખાતેના નિવાસસ્થાનેથી સવારે ૮-૩૦ કલાકે નીકળી બાવળા થઈ સાણંદ તાલુકામાં પ્રવેશી ત્યારે તાલુકાના ડરણ, લોદકીયાળ, મોડાસર, પીપણ, વિ. ગામના અગ્રણીઓએ તેમની ગામોગામપુષ્પાંજલી આપી હતી. સાણંદ શહેરમાં સ્મશાનયાત્રા પ્રવેશતાં જ દર્શનાર્થીઓએ ભારે ઘસારો કર્યો હતો. સ્વ. રી સ્મશાનયાત્રા સ્થા. જૈનવાડીથી નીકળી શહેરના હોળીચકલાં, લોખંડબજાર, દાણાબજાર થઈ પટેલવાડી પહોંચી હતી. સ્વ. ની સ્મશાનયાત્રામાં હજારો અગ્રણીઓ સહિત શહેરની પ્રજા ઉમટી પડી હતી. ઠેર ઠેર સ્વ. બળદેવભાઈને અગ્રણીઓએ આંખે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

સ્વ.ની ચીતાને સ્વ.ના પુત્રો શ્રી બચુભાઈ તથા શ્રી બકાભાઈ તથા સ્વ.ના પ્રપૌત્રએ સાણંદ-વિરમગામહાઈવે ઉપર સ્વ. શ્રી બળદેવભાઈ પટેલે ખૂબ જ મહેન તથા મૂર્તિમંત કરેલ રન્નાબેન બી. બળદેવભાઈ પટેલ જનરલ હૉસ્પિટલના પટાંગણમાં વૈદિક શ્લોકો તથા સિક્યુરીટી ગાર્ડની હવામાં ગોળીબાર સાથે સલામઆપી ચંદનની ચીતામાં શ્રી બળદેવભાઈના દેહ પંચમહાભૂતોમાં વિલીન થયો ત્યારે હાજર રહેલ હજારોની જનમેદની શ્રી બળદેવભાઈ પટેલ અમર રહોના નારાથી ગગન ગજાવી મૂક્યું હતું. સ્વ.ને શ્રદ્ધાંજલી અર્પવા અમદાવાદના મેયર વાધવા, નીરમા કેમીકલના શ્રી કે.કે. પટેલ; શ્રી હીરાલાલ ભગવતી, હિપોલીનના શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ, કાલુપુર કોમર્શીયલ બેંકના મેનેજીંગ ડીરેકટર શ્રી ગોપાલભાઈ શીવદાસ, વાઈસ ચેરમેનશ્રી જશભાઈ ડાહ્યાભાઈ તથા સાણંદ નગરપાલિકાના પ્રમુખશ્રી કાન્તાબેન પટેલ તથા વિરમગામસાણંદ મતવિસ્તારના ધારાસભ્ય શ્રી અમરસીંહ આર. સોલંકી કોંગ્રેસ અગ્રણી શ્રી જયંતીભાઈ મચ્છર વી. ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્વ. ના માનમાં એક શ્રદ્ધાંજલી સભા આગામી ગુરુવાર તા. ૧૭ જુલાઈના રોજ સાંજે ૮/૩૦ કલાકે અત્રેના ગાંધીચોક ખાતે રાખવામાં આવેલ છે. સ્વનું સ્મારક રન્નાબેન બી. બળદેવભાઈ પટેલ જનરલ હૉસ્પિટલના પટાંગણમાં ઊભું કરવામાં આવનાર છે.

# સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ પટેલની પ્રતિમા અનાવરણ સમારંભમાં મહાનુભાવોએ કરેલા પ્રવચનોના અંશ

**શ્રી લાલકૃષ્ણ અડવાણીજી**
**ગૃહમંત્રી - ભારત સરકાર**

સુરેન્દ્રભાઈને મુજે જબ બળદેવભાઈ કે બારે મેં બતાયા ઓર કહા કી સાણંદ કે નિવાસી થે ઔર જીસ પ્રકાર કી કલ્પના એક આદર્શ મહાજન સે કી જા સકતી હૈ કી જીવન મેં, અગર વ્યાપાર કે માધ્યમ સે કુછ અર્જિત કીયા તો ઉસકા સમાજ કે લીયે સદ્ઉપયોગ કૈસા હો, અલગ અલગ ક્ષેત્રમેં, અનેક સંસ્થાઓમેં, એક સામાજિક ભૂમિકા કે સાથ જીવન બિતાનેવાલે ઓર ઉન્હોંને કહા કી એક પ્રકાર સે મૈંને અપને જીવનમેં પ્રેરણા લી હૈ તો ઉનસે લી હૈ. મૈને કહા મેરે લીયે તો સૌભાગ્ય કી બાત હોગી કી ઐસે વ્યક્તિ કી પ્રતિમા કા અનાવરણ કરને કા અવસર મિલ રહા હૈ, ક્યું કી હરેક સ્થાન પર ઉનકા મહત્ત્વ હોતા હૈ, બાકી સ્થાનો પર શાયદ પરિચિત નહીં હોગા, લેકિન ઉસ સ્થાન કે લીયે ઉસને અગર કુછ આદર્શ બનાયે હૈ અપને વ્યવહાર સે ઓર વહાંકે સાણંદ કે લોગ ઉનકી પ્રતિમા કા અનાવરણ કરના ચાહતે હૈ તો મૈં ચલ કર કે કહતાં હું તો મેરે લીયે સૌભાગ્ય કી બાત હૈ. વો ચાહે કહેંગે કી ગૃહમંત્રી આ ગયે આજ ગૃહમંત્રી હું, પ્રભુને એક જવાબદારી દી હૈ જીસકો મેં અપને ઢંગસે નિભા રહા હું. આજ મૈં ગુજરાત કા પ્રતિનિધિ હું ઔર ઉસ નાતે અગર ઈસ પ્રકાર કે કાર્યક્રમ કે લીયે આપ મુજે બુલાતે હૈં તો મૈં અપના સૌભાગ્ય માનતા હું. મૈં જરૂર વહાં પર ચલુંગા ઔર ચલકર કે લોગો સે મિલુંગા. અલબત્તા આજ મૈને ઉન્હેં કહા કી મૈં ચલકર કે ઔર સ્વ. બળદેવભાઈ કે પ્રતિ અપની શ્રદ્ધાંજલિ અર્પિત કરતે હુએ ઔર મૈં આપસે આજ્ઞા ચાહુંગા. મૈં ચાહુંગા કી જા કર એક બાર ઉસ કાર્યક્રમમેં ભી ભાગ લું.

"સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ" જૈસે લોગ હૈં કે જો અગર કુછ અર્જિત કરતે હૈં તો વો સમાજ કે લીયે સમર્પિત કરને કો તૈયાર હોતે હૈ, ઈસ પ્રકાર કે શ્રેષ્ઠ માનવ કે પ્રતિ મૈં શ્રદ્ધાંજલિ અર્પિત કરને આયા હું. યહાં પર મેં આપ સબ કો ખાસ કરકે ઉનકે પરિવાર કે લોગોં કો ઔર ઉન સબકો બહોત બહોત બધાઈ દેતા હું કી ઉનકે પરિવાર મેં એક વ્યક્તિ હુએ જીનકો લોગોને "અજાતશત્રુ" કરકે જાના, "અજાતશત્રુ," મહાભારત સે શબ્દ આયા હૈ. યુધિષ્ઠર કે લીયે કહતે થે કી અજાતશત્રુ થે, જીસકા કોઈ શત્રુ નહીં સબ મિત્ર હૈ, તો એસે વ્યક્તિ જીનકો "અજાતશત્રુ" કહકે કહાં લોગોને "મહા માનવ" શબ્દ કા પ્રયોગ કીયા. મુજે યે સૌભાગ્ય પ્રાપ્ત નહીં હુઆ કી મૈં ઉનકે દર્શન કરું. લેકીન આપ સબકે દર્શન કરકે ઔર આપ સબ કે દ્વારા જીસ પ્રકાર કી શ્રદ્ધા ઔર આસ્થા ઉનકે પ્રતિ પ્રગટ કી ગઈ હૈ, ઉસકો દેખ કરકે મેં અનુમાન લગા રહા હું કે કૈસે, "મહા-પુરુષ" હોંગે. ઉસકે પ્રતિ એક બાર પુનઃ મેં શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હું.



શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલની પ્રતિમાની સાણંદ ખાતેના અનાવરણ સમારોહમાં ભારતના પૂર્વ નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રી શ્રી લાલકૃષ્ણ અડવાણીજી સાથે શ્રી બચુભાઈ બળદેવભાઈ, શ્રી બકાભાઈ બળદેવભાઈ, શ્રી હીરાલાલ ભગવતી, શ્રી અશોક ભટ્ટ (આરોગ્યમંત્રીશ્રી), શ્રી કરસનભાઈ પટેલ (નિરમા), શ્રી પરેશ બચુભાઈ, શ્રીમતી આનંદીબેન પટેલ (શિક્ષણમંત્રી), ડૉ. ભરત ગરીવાલા (અર્થશાસ્ત્રી), શ્રી રતિલાલ વર્મા (સંસદ સભ્ય) અને શ્રી કાંતિભાઈ રામ (પૂર્વ ધારાસભ્ય)

**ડૉ. શાંતિભાઈ પટેલ,** ભૂતપૂર્વ પ્રમુખ, જિલ્લા પંચાયત, અમદાવાદ

ભાઈશ્રી બળદેવભાઈના જીવનમાંથી આપણે એટલું જ શીખીએ કે કંઈ ધન છે, મૂડી છે, મિલકત છે એ આપણી નથી, એનું કારણ છે કે માણસ જ્યારે આ જગતમાંથી વિદાય લે છે ને ત્યારે કશુંયે તેની પાસે હોતું નથી. આ જે કાંઈ પણ આપણી મિલકત છે અને આપણે જે કંઈ છીએ એ મુસાફર છે. આપણે જે રહીએ છીએ એ ધર્મશાળા છે. એમ સમજીને ચાલીશું તો હું માનું છું કે એમાંથી જે કંઈ સંતોષ મળશે, પૈસા આપી દેવાનું ઘણા બધા કરે છે પણ આપીને દુઃખી થતાં હોય છે કે અરર આટલા પૈસા મારે આપવા પડ્યા અને આપીને જ્યાં આનંદ મેળવે, જે સંતોષ થાય એ જ સાચું દાન છે. એ રીતે આપણે બળદેવભાઈને યાદ કરીએ. સમયના અભાવે વધુ નહીં કહેતા સૌનો આભાર.

**કાંતિભાઈ રામ,** પૂર્વ ધારાસભ્ય, વિરમગામ

સાક્ષાત હનુમાન દાદા માટે એમ કહેવાય છે કે જગતમાં એક જ જન્મ્યા જેણે રામજીને ઋણી રાખ્યા. અત્યારના વર્તમાન યુગની અંદર એક બળદેવદાદા એવા જેમનું આ પૃથ્વી પર અવતરણ થયું અને એમણે સમાજજનો માટે એંશી વર્ષો સુધી એવું જે રેડ્યું જેના કારણે સમાજને ઋણી બનાવ્યા છે. એક જ એવા જન્મ્યા હનુમાન દાદાની માફક કે જેણે સારીએ જિંદગી સુધી સમાજની સેવા કરી અને જેમ હનુમંત દાદાએ રામ આગળ કાંઈ માંગ્યુ નહીં એમ સમાજ પાસે કશાયે વળતર વગર એમણે એંશી વર્ષ સુધી ઉત્તમ સેવા કરી.

સહકારી ક્ષેત્રમાં નવી કંપનીઓમાં અને સંસ્થાઓમાં કલ્પી ન શકાય તેવો ચીલો એ પાડ્યો કે તમે સંસ્થાઓમાં કમાવો પણ સંસ્થાઓનો વિકાસ કરતા કરતા સારાયે સમાજનું તમે કલ્યાણ કરો. એમાંથી રૂપિયાના ભાગ પાડી અને લોકોના હિતમાં વાપરો આવા નવા સિદ્ધાંતનો એક આદર્શ સારાયે ગુજરાતમાં કરવાની ખાતર એમણે શિક્ષણ ક્ષેત્રની અંદર કડીની શાળાની અંદર લાખોના દાન કર્યા. ગાંધીનગરની અંદર એમણે એકાવન લાખ રૂપિયા બેંકમાંથી આપ્યા અને બીજાના પાંસઠ કરોડ મેળવી એક સુંદર મઝાની એવી શિક્ષણની સંસ્થા એમણે છેલ્લા શ્વાસ સુધીમાં એવી સારી ઊભી કરી. માંડલ પાસે ધર્મશાળા ઉભી કરી આવી કેટલીય શિક્ષણની સંસ્થા ઊભી કરી અને શિક્ષણના ક્ષેત્રમાં એમણે સોનાનો ઇતિહાસ સર્જ્યો.

આ બધાની સાથે-સાથે એમણે જીવદયાનું કામ કર્યું. માનવીય હીરાલાલ ભગવતી સાહેબ સાથે બળદેવ દાદાએ ઊભા રહી પરમ પૂજ્ય ડોંગરેજી મહારાજની કથા કરી અને આ મહાનુભવોએ એક કરોડ રૂપિયા ભેગા કર્યા. ત્રણ ત્રણ દુષ્કાળના લાગલગાટ ઓળા ઉતર્યા ત્યારે છેક કચ્છની ધરતીથી માંડી અને વિરમગામ તાલુકાના ધંધુકાથી માંડી લાખ-લાખ ઢોરો તેમણે ત્રણ ત્રણ વરસ સુધી જીવાડ્યા અને જીવદયાના આશીર્વાદ લીધા. તેની સાથે જ્યારે અતિવૃષ્ટિ થઈ ત્યારે માનનીય શ્રી હીરાલાલ ભગવતી સાહેબની સાથે પોતે આ અતિવૃષ્ટિની અંદર જેટલા ઘર પડ્યા એટલા જ્યાં ઉરાસ પડતા ગાયો અને ઘર ઊભા કર્યાં.

જ્યારે દાદાની સ્મશાનયાત્રા નીકળી, માણસનું અંતઃકાળે સરવૈયું નીકળે છે કે એ જીવન કેવું જીવ્યા એનું અંતઃકાળે ખબર પડે છે. અમદાવાદથી બાવળાથી સાણંદ સુધી હજારો માણસોએ સ્મશાનયાત્રામાં જોડાઈ પોતાના ભાવભર્યા નેતાને શ્રદ્ધાંજલિ આપી. આ અભૂતપૂર્વ સ્મશાનયાત્રાના આથમે બેઠેલું એક ટોળું મેં જોયું અને એ ટોળાની અંદર જેને પૂરા કપડાં નહતા એવી ગરીબ સ્ત્રીઓ પણ હતી. એમને મેં અમારો અનાજ આપનાર, વસ્ત્રો આપનાર, અમને જીવાડનાર, અમને ઘર આપનાર આવો અમારો આત્મા એવા બળદેવદાદા જતા રહ્યા, એવા સાચા નોંધારા તો અમે આજ થયા છીએ.




સાણંદમાં શ્રી બળદેવભાઈ દ્વારા સ્થપાયેલ ટ્રસ્ટ તથા વાડી જે માર્ગ ઉપર છે તે માર્ગને સાણંદ નગરપાલિકાએ "શ્રી બળદેવભાઈ ડોસાભાઈ માર્ગ" નામાભિધાન કરી તેમની સ્મૃતિને કાયમી સ્વરૂપ આપ્યું. તેના નામકરણની તક્તિને લોકાર્પણ કરતા નિરમાના ચેરમેન શ્રી કરસનભાઈ પટેલ, સાથે દેખાય છે શ્રી બચુભાઈ બળદેવભાઈ, શ્રી અંબુભાઈ પટેલ (નિરમા) તથા શ્રી નીતિન પટેલ (પૂર્વ નાણામંત્રી)

KADI SARVA VISHWAVIDYALAYA
CENTRAL LIBRARY
GANDHINAGAR, Sec-15
GANDHINAGAR




શ્રી બળદેવભાઈની પ્રતિમાનું સ્થાપન

